
# મહર્ષિ દયાનંદ સરસ્વતી

સ્વામી સચ્ચિદાનંદ

વિતરક

ગૂર્જર સાહિત્ય ભવન

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧




કિંમત રૂ. 70 પહેલી આવૃત્તિ : માર્ચ 2011

**MAHARSHI DAYANAND SARASWATI**
by Swami Sachchidanand
Published by Gurjar Prakashan, Ahmedabad.

© સ્વામી સચ્ચિદાનંદ

પૃષ્ઠસંખ્યા : 16+164

ISBN : 978-81-8461-470-1

નકલ : 6000

■ પ્રકાશક : ઉલ્લાસ મનુભાઈ શાહ **ગૂર્જર** પ્રકાશન 202, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-380 006. ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com ■ ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય 201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-380 006. ફોન : 26564279 ■ મુદ્રક : અજય ઑફસેટ સી/12, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004

## અર્પણ

ભડવીર અને દાનવીર
શ્રી ભગવતીપ્રસાદ રાવ (ખંભાત)ને
સપ્રેમ

સ્વામી સચ્ચિદાનંદ

## સ્વામી સચ્ચિદાનંદનાં પુસ્તકો

| | |
|---|---|
| (1) ભારતીય દર્શનો | 65 |
| (2) શિવતત્ત્વનિર્દેશ | 40 |
| (3) પ્રવચનમંગલ | 60 |
| (4) આપણે અને સમાજ | 70 |
| (5) સંસાર-રામાયણ* (E) | 200 |
| (6) શ્રીકૃષ્ણલીલારહસ્ય* | 115 |
| (7) વિદેશયાત્રાના પ્રેરક પ્રસંગો (H) | 70 |
| (8) વેદાન્ત-સમીક્ષા* | 90 |
| (9) મારા અનુભવો* (H)(E) | 100 |
| (10) ધર્મ | 45 |
| (11) ચાલો, અભિગમ બદલીએ* | 65 |
| (12) ગીતા અને આપણા પ્રશ્નો (H)(E) | 70 |
| (13) અધોગતિનું મૂળ : વર્ણવ્યવસ્થા (H)(E) | 120 |
| (14) શું ઈશ્વર અવતાર લે છે ? | 25 |
| (15) નવા વિચારો* | 75 |
| (16) નવી દૃષ્ટિ | 75 |
| (17) પૃથ્વી-પ્રદક્ષિણા* | 100 |
| (18) ભારતીય યુદ્ધોનો સંક્ષિપ્ત ઇતિહાસ | 110 |
| (19) નવી આશા | 75 |
| (20) હવે તો જાગીએ | 60 |
| (21) હિમાલયના હીંડોળે (H) | 40 |
| (22) નવી દિશા (H)(E) | 55 |
| (23) આપણે અને પશ્ચિમ | 140 |
| (24) ભારતમાં અંગ્રેજોનાં યુદ્ધો | 65 |
| (25) પ્રશ્નોના મૂળમાં | 75 |
| (26) ઇજિપ્ત-ઇસ્રાઈલની ઝાંખી | 50 |
| (27) ટાન્ઝાનિયામાં 17 દિવસ | 60 |
| (28) મારી બાયપાસ સર્જરી | 20 |
| (29) યુરોપની અટારીએથી | 50 |
| (30) દક્ષિણ આફ્રિકાની ઊડતી મુલાકાત | 50 |
| (31) રાષ્ટ્રના સળગતા પ્રશ્નો | 60 |
| (32) ચીન – મારી નજરે | 70 |
| (33) સંપૂર્ણ અહિંસા શક્ય નથી (H) | 15 |
| (34) ઉપસંહાર | 55 |
| (35) અગવડોમાં આરાધના | 20 |
| (36) પશ્ચિમ થઈને રશિયા | 125 |
| (37) યુદ્ધ અને યુદ્ધનેતા (H) | 45 |
| (38) નર-નારીના સંબંધો, લગ્નસંસ્થા તથા આવેગો અને લાગણીઓ | 120 |
| (39) મારા ઉપકારકો | 45 |
| (40) ચિંતનકણિકાઓ | 60 |
| (41) પૂર્વમાં નવું પશ્ચિમ | 90 |
| (42) આફ્રિકા-પ્રવાસનાં સંસ્મરણો | 40 |
| (43) આપણી દુર્બળતાઓ | 35 |
| (44) શ્રીલંકાની સફરે | 60 |
| (45) દક્ષિણ-પૂર્વનો પ્રવાસ | 75 |
| (46) ત્યાગ-સમીક્ષા | 15 |
| (47) માનવ-સંબંધો | 45 |
| (48) રાષ્ટ્રીય તીર્થ આંદામાન | 55 |
| (49) ટર્કી અને ઇજિપ્ત | 75 |
| (50) સ્થાપત્ય અને શૌર્યની ભૂમિ રાજસ્થાન | 80 |
| (51) ફરી પાછા પૂર્વમાં | 70 |
| (52) ગુરુ નહિ, માર્ગદર્શક | 3 |
| (53) સિક્કિમ અને ભુતાન | 50 |
| (54) ભર્તૃહરિનાં બે શતકો | 100 |
| (55) પૂર્વ-યુરોપનો પ્રવાસ | 90 |
| (56) મોરિશિયસ અને દુબઈનો પ્રવાસ | 50 |
| (57) ચાણક્યની રાજનીતિ (ચાણક્ય-સુધાસાર સહિત) | 200 |
| (58) મારા પૂર્વાશ્રમનાં સંસ્મરણો | 60 |
| (59) લેહ, લદ્દાખ, કારગિલ, કાશ્મીર | 35 |
| (60) હિમાલયનાં ચાર ધામ | 35 |
| (61) વાસ્તવિકતા | 80 |
| (62) કાન્હડદેપ્રબંધ-સાર | 35 |
| (63) બોધગયામાં નેત્રશ્રાદ્ધ | 50 |
| (64) મહાભારતની જીવનકથાઓ | 120 |
| (65) તામિલનાડુની યાત્રા | 50 |
| (66) પૌરાણિક કથાઓ | 110 |
| (67) જૂનાગઢનો આઝાદીજંગ | 40 |
| (68) ‘મહાભારત’નું ચિંતન | 160 |
| (69) ‘રામાયણ’નું ચિંતન | 100 |
| (70) સિક્ખ (શીખ) ધર્મના પક્ષમાં | 70 |
| (71) શિવાજીની શૌર્યગાથા | 100 |
| (72) શહીદોની ક્રાંતિગાથાઓ | 100 |
| (73) મહર્ષિ દયાનંદ સરસ્વતી | 70 |

### અંગ્રેજી પુસ્તકો

| | |
|---|---|
| (1) Geeta and Our Problems | 100 |
| (2) My Experiences | 225 |
| (3) The Epic of Life | 400 |
| (4) New Approach | 100 |
| (5) Caste System | 150 |
| (6) Reality | 180 |

### હિન્દી પુસ્તકો

| | |
|---|---|
| (1) गीता और हमारे प्रश्न | 100 |
| (2) मेरे अनुभव | 150 |
| (3) विदेशयात्रा के प्रेरक प्रसंग | 70 |
| (4) नयी आशा | 125 |
| (5) अध:पात की जड़ वर्णव्यवस्था | 200 |
| (6) हिमालय के प्रांगण में | 50 |
| (7) संपूर्ण अहिंसा संभव नहीं | 20 |
| (8) युद्ध और युद्धनेता | 70 |

### સચ્ચિદાનંદસેવા-આશ્રમો

**ભક્તિનિકેતન આશ્રમ**
પો.બૉ. નં. ૧૯, દંતાલી ૩૮૮૪૫૦
(તા. પેટલાદ)
ફોન : ૦૨૬૯૭-૨૫૨૪૮૦

**સ્વામી સચ્ચિદાનંદ મિશન ટ્રસ્ટ**
૩૧૫, શ્રેયસ ડાયમંડ સેન્ટર,
દીવાનજી જ્વેલર્સની ઉપર,
મીની હીરાબજાર, વરાછા રોડ, સુરત
ફોન : ૦૯૮૨૫૧-૨૧૭૧૯

**સાધનાશ્રમ**
કોબા-૩૮૨૦૦૯ (જિ. ગાંધીનગર)
ફોન : ૦૭૯-૨૩૨૭૬૨૨૬

**વૃદ્ધાશ્રમ**
પાટણ રોડ, ઊંઝા-૩૮૪૧૭૦
(જિ. મહેસાણા)
ફોન : ૦૨૭૬૭-૨૫૪૪૮૩

* આ પુસ્તકો પુરસ્કૃત થયેલાં છે.
(H) આ પુસ્તકોના હિન્દી અનુવાદ પ્રાપ્ય છે. (E) આ પુસ્તકોના અંગ્રેજી અનુવાદ પ્રાપ્ય છે.
પૂ. સ્વામીજીનાં ૧૭૦૦ જેટલાં પ્રવચનો તથા એમનાં બધાં પુસ્તકો વગેરે ઘેરબેઠાં સાંભળવાં-વાંચવાં હોય તો નીચેની વેબસાઇટનો ઉપયોગ કરો. વેબસાઇટ ફ્રી છે અને ડાઉનલોડ કરી શકાશે.
વેબસાઈટ : www.sachchidanandji.org

# નિવેદન

હું આર્યસમાજી નથી તોપણ મારા જીવન ઉપર સ્વામી દયાનંદજી તથા આર્યસમાજના ઘણા ઉપકારો છે. મને પ્રાથમિક જીવનમાં આ બન્ને તત્ત્વો મળ્યાં અને હચમચાવી નાખ્યો, ત્યારે મારી ઉંમર ૧૯-૨૦ વર્ષની હતી. સાંસારિક આઘાતથી હું ધર્મ અને અધ્યાત્મ તરફ વળ્યો હતો, ક્યાંય સમાધાન થતું ન હતું. બહુ અશાંત અને વ્યગ્ર રહેતો હતો. તેવામાં એક આર્યસમાજી વૃદ્ધનો ભેટો થયો. તેમણે મને 'સત્યાર્થપ્રકાશ' વાંચવા આપ્યો, ગ્રંથ ગમી ગયો. જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ બદલાતો ગયો. યુક્તિયુક્ત વિચારોની એટલી પ્રબળતા હતી કે તે મારા ઉપર છવાઈ ગઈ હતી. પછી તો પેલા વૃદ્ધ પુરુષના ત્યાં હું સંધ્યા કરવા અને હવન કરવા પણ જવા લાગ્યો. મને ખૂબ આનંદ અને શાંતિ અનુભવાવા લાગી. આ વિચારોની પ્રબળતાએ મને સાંસારિક આકર્ષણોથી મુક્ત કરી દીધો. મને વૈરાગ્ય ચઢવા લાગ્યો અને અંતે મેં ૨૧ વર્ષની ઉંમરે માત્ર મોક્ષ મેળવવા માટે ગૃહત્યાગ કરી દીધો. (વાંચો : 'મારા અનુભવો'.) ગુરુની શોધમાં ઘણું રખડ્યો ત્યારે મારા ઉપર બીજા પણ એક મહાપુરુષનો પ્રભાવ હતો. તે હતા રામકૃષ્ણ પરમહંસ દેવ. તેમનું એક વાક્ય મારા કાળજામાં કોરાઈ ગયું હતું. "કાંચન-કામિનીનો ત્યાગી હોય તે જ ગુરુ થઈ શકે, તે જ મોક્ષ અપાવી શકે." હું રખડતો-ભટકતો, ટિચાતો, ટિપાતો છેક કલકત્તા બેલૂર મઠ પહોંચ્યો પણ બહુ સારો અનુભવ ન થયો. પાછો ફર્યો. પ્રયાગરાજના કુંભમેળામાં પહોંચ્યો. રોજ ગુરુની શોધમાં આ છેડેથી પેલા છેડા સુધી ભટક્યા કરું પણ ક્યાંય ગુરુ દેખાય નહિ. શિષ્ય થવાનાં લોભ-પ્રલોભનો-આકર્ષણો તો ઘણાં હતાં પણ સ્વામી દયાનંદજીના



વિચારોથી હું બચતો રહ્યો. અંતે કાશી પહોંચીને સંસ્કૃત ભણવાનું શરૂ કર્યું. ત્યારે મારી ઉંમર ૨૩ વર્ષની હતી. લગભગ ૧૧ વર્ષ સુધી કાશીમાં રહ્યો. પરંપરાથી હું શાંકર પરંપરામાં દીક્ષિત થયો હતો. કારણ કે મારે કાંચન-કામિનીના ત્યાગી ગુરુ જોઈતા હતા જે મને ફીરોજપુરમાં સ્વામી મુક્તાનંદજીના રૂપમાં મળ્યા. તેઓ શાંકર પરંપરાના સંન્યાસી હતા.

કાશીમાં મેં શાંકર વેદાન્તમાં આચાર્યની પદવી પ્રાપ્ત કરી. જેમજેમ હું ઉપરના ગ્રંથો ભણતો ભણાવતો ગયો તેમ તેમ મને શાંકર વેદાન્ત વધુ ને વધુ અસ્વીકૃત થતું ગયું. મેં સમાધાન માટે ઘણા વિદ્વાનો, પંડિતો, સ્વામીજીઓ સાથે ચર્ચા કરી પણ સમાધાન ન થયું. સ્વામીજીનો ત્રૈતવાદ અથવા કહો કે બીજા વૈષ્ણવ આચાર્યોનો દ્વૈત-વિશિષ્ટ દ્વૈત વગેરે વાદો વધુ ઠીક લાગ્યા. હું ભક્તિમાર્ગી બન્યો. વૃન્દાવનમાં સ્વામી માત્રાનંદજીના પ્રભાવથી હું કૃષ્ણભક્તિ તરફ વળ્યો. પણ મારો કૃષ્ણ ઐતિહાસિક કે પૌરાણિક નહિ પણ વ્યાપક પરમાત્મા જ હતો અને આજે પણ છે. આમ પરિવર્તન થતું રહ્યું. તેવામાં મહાત્મા ગાંધીજી મળ્યા. તેમના વિચારોના પ્રભાવથી સર્વધર્મસહિષ્ણુતા આવી. જ્યારે હું સ્વામી દયાનંદજીના વિચારોથી રંગાયેલો હતો ત્યારે "હું જ સાચો છું." તેવું મારામાં પ્રબળ ઝનૂન રહેતું. લોકો સાથે ચર્ચા કરતો અને લડી પડતો. અળખો પણ થતો. ગાંધીજીના વિચારોથી એ ઝનૂન ઊતરી ગયું ! સત્ય અને અસત્ય બધા જ પંથો-સંપ્રદાયોમાં છે. તેમાંથી જે ગ્રાહ્ય હોય તે ગ્રહણ કરવું, બાકીની ઉપેક્ષા કરવી. લડવું-ઝઘડવું નહિ. ધર્મ શ્રદ્ધા સાથે જોડાયેલી વસ્તુ છે. અને શ્રદ્ધા હૃદય સાથે જોડાયેલી હોય છે. બને ત્યાં સુધી કોઈની શ્રદ્ધાને આઘાત પહોંચાડવો નહિ. શ્રદ્ધા શતપ્રતિશત બુદ્ધિગમ્ય નથી હોતી. કારણ કે તે મસ્તિષ્કની વસ્તુ નથી, હૃદયની વસ્તુ છે. પ્રેમ અને શ્રદ્ધા હૃદયમાંથી પ્રગટ્યાં હોય છે. કોઈના હૃદયને ઠેસ પહોંચે તેવું ન કરવું જોઈએ. આવું મને ગાંધીજી અને સંતોના સાહિત્યથી સમજાયું. તેથી સર્વધર્મસહિષ્ણુતા રાખવી હિતાવહ લાગી. શાસ્ત્રાર્થો અને કટુચર્ચાઓ બંધ થઈ. તોપણ હું અંધશ્રદ્ધાનો તો વિરોધી રહ્યો જ. આજે પણ છું. પણ શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે ભેદ કરવો બહુ કઠિન છે. ગાંધીજીની એવી વ્યાખ્યા મને ગમી કે જે શ્રદ્ધાથી લોકોને, સમાજને, રાષ્ટ્રને હાનિ

ન થતી હોય તેવી શ્રદ્ધા અંધશ્રદ્ધા હોય તોપણ તેને છંછેડવી નહિ. હાનિ કરે તો જ વિરોધ કરવો. ગીતાએ પણ કહ્યું છે "ન બુદ્ધિભેદં જનયેદજ્ઞાનં, મેષયેત્ સર્વકર્માણિ વિદ્વાન્ યુક્તઃ સમાચરન્."

અર્થાત્ અલ્પજ્ઞાનીઓનો બુદ્ધિભેદ ન કરવો જોઈએ. પણ તેની શ્રદ્ધાને દઢ કરવા વિદ્વાને પણ તેવું આચરણ કરવું વગેરે.

રાષ્ટ્રીય રીતે વિચારીએ તો આ બહુધર્મી દેશ માટે એકબીજાને સહન કરવા – સ્વીકારવા જરૂરી છે. આ રીતે ગાંધીજીના પ્રભાવથી સહિષ્ણુભાવ આવ્યો. જોકે ૧૯૬૨ના ચીન સાથેના યુદ્ધ પછી તેમની અહિંસાનીતિ સાથે મતભેદ થયો અને મેં "અહિંસા પરમો ધર્મઃ"ની જગ્યાએ "વીરતા પરમો ધર્મઃ" સૂત્ર આપ્યું. જે લોકોને ગમ્યું છે. આ તો મારી સ્પષ્ટતા થઈ. હવે હું માનવતાવાદી થયો છું. માનવતા એ જ મોટો ધર્મ છે અને બાકીનાં કર્મકાંડો કે બીજા રીતિરિવાજો જેના જે હોય તે ભલેને પાળે. તે બધાની સાથે માનવતા આવે એટલે બસ.

હવે મૂળ વાત ઉપર આવું. ૧૮૫૭નો બળવો દબાઈ ચૂક્યો હતો. ભારતમાં ફરીથી અંગ્રેજોની સત્તા સ્થાપિત થઈ ચૂકી હતી. મહારાણી વિક્ટોરિયાએ ઢંઢેરો પિટાવીને જાહેર કર્યું હતું કે સરકાર કોઈના પણ ધર્મમાં કશી દખલ કરશે નહિ. સૌ પોતપોતાના ધર્મોનું પાલન કરી શકશે વગેરે. પ્રજા શાંત થઈ ગઈ હતી ત્યારે ધર્મ અને સમાજની ભારે વિકૃતિ થઈ હતી અને તેના કારણે થતી દુર્દશાથી આ દેશના મનીષીઓ હચમચી ઊઠ્યા હતા. મુખ્ય કારણ અંગ્રેજો, અંગ્રેજીનો સંપર્ક અને વિલાયત જવું હતું. બુદ્ધિશાળી બંગાળીઓમાં સર્વપ્રથમ રાજા રામમોહન રાય, કેશવચંદ્ર સેન, વિજયકૃષ્ણ ગોસ્વામી જેવા અનેક ભડવીરોને વિચારતા કરી દીધા હતા. તેમણે 'બ્રહ્મોસમાજ'ની સ્થાપના કરી. જેમાં એકબ્રહ્મ, એકજાતિનો વિચાર મુખ્ય હતો. ઉપનિષદો અને બાઈબલને વધુ મહત્ત્વ અપાયું હતું. આવો જ બીજો 'પ્રાર્થનાસમાજ' પણ થયો હતો. જેનું ક્ષેત્ર પૂના-મુંબઈ-ગુજરાત-પંજાબ વગેરે હતું. એવું લાગે છે કે જ્યાં જ્યાં અંગ્રેજો વસતા હતા ત્યાં ત્યાં આવી જાગૃતિ પહેલી આવી. આ બન્ને સમાજો એકેશ્વરવાદી અને પ્રાર્થનાવાદી હતા. પણ તેમની પહોંચ માત્ર શિક્ષિત બૌદ્ધિકો સુધી જ હતી. સામાન્ય પ્રજા તો હતી ત્યાં ને ત્યાં જ હતી !



બૌદ્ધિકોનો ધર્મ પ્રભાવશાળી નથી હોતો. કારણ કે તેમાં શ્રદ્ધાની પ્રધાનતા નથી હોતી. બુદ્ધિની પ્રધાનતા હોય છે.

એ જ સમયમાં સ્વામી દયાનંદજી પ્રગટ્યા. તેમણે સામાન્ય પ્રજામાંથી શરૂઆત કરી. કુંભમેળામાં જવું, પાખંડખંડિની પતાકા ફરકાવવી અને આખો દિવસ પાખંડનું ખંડન કરવું. આવું ખુલ્લું ખંડન પેલા બન્ને સમાજો કરતા નહિ. ખુલ્લેઆમ થનારા ખંડનથી પ્રજા હચમચી ઊઠી. વિરોધ થાય તે સ્વાભાવિક છે. પ્રચંડ વિરોધ વચ્ચે પણ સ્વામીજી હંમેશાં અડીખમ રહ્યા.

સ્વામીજી બધા અનર્થોની જડ મૂર્તિપૂજાને માનતા હતા. તેથી જ્યાં જાય ત્યાં સર્વપ્રથમ મૂર્તિપૂજાના ખંડનનો જ વિષય હોય. ત્યારે વેદો લગભગ લુપ્ત થઈ ગયા હતા. સ્વામીજીએ જર્મનીથી પંડિત મેક્સમ્યૂલરનાં વેદભાષ્યોને મંગાવ્યાં હતાં. ખરેખર તો પં. મેક્સમ્યૂલરને પ્રથમ આધુનિક વેદોદ્ધારકનું બિરુદ મળવું જોઈએ. હિન્દુ પ્રજાએ તેનો આભાર માનવો જોઈએ. તેણે અપાર કષ્ટો ભોગવીને વેદોનું પુનર્મુદ્રણ કરાવ્યું હતું. તેમના ભાષ્ય વિશે મતભેદ હોઈ શકે પણ તેમણે વેદો પાછળ જે તપસ્યા કરી હતી તેની ઉપેક્ષા ન કરી શકાય. મેં જુદાં જુદાં વેદભાષ્યો વાંચ્યાં છે. તેમાં સૌથી પ્રભાવશાળી મેક્સમ્યૂલરનું ભાષ્ય લાગ્યું છે. કશા જ પૂર્વગ્રહ વિના તેમણે મૂળને વધુમાં વધુ ન્યાય આપવાનો પ્રયત્ન કર્યો છે તેવું મને લાગ્યું છે. તેમણે કોઈ સત્યનો દાવો નથી કર્યો. વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથમાં તે સમયમાં આર્યોની જીવનશૈલી અને માન્યતાઓનું ચિત્રણ કર્યું છે. આપણે તેમની બધી વાતો સાથે સંમત ન પણ થઈએ તોપણ તપસ્યા અને તટસ્થતા સ્વીકારવી જોઈએ.

સ્વામીજી છેલ્લી ઘડી સુધી ઝંઝાવાતી ભ્રમણ કરતા રહ્યા. રાજસ્થાનમાં રાજા-મહારાજાઓને પકડવા પાછળ તેમનો આશય સ્પષ્ટ હતો કે રાજાઓ ધારે તો આ પ્રચાર વધુ વેગવાળો થઈ શકે.

ત્યારે હિન્દુ ધર્મ પ્રત્યે શિક્ષિતોમાં અરુચિ પેદા થઈ હતી. લોકો ખ્રિસ્તી કે મુસ્લિમ થઈ જતા. આ પ્રવાહને સ્વામીજીએ રોકી દીધો. અને નિરાશ લોકોને કહ્યું કે "તમે માનો છો તેવો હિન્દુ ધર્મ નથી, તેનું આર્યરૂપ દબાવી દેવાયું છે. જો પ્રજા વેદો તરફ અને ઋષિઓ તરફ વળે તો હિન્દુ

ધર્મ – આર્યધર્મ મહાન બની શકે છે.'' લોકો વિચારતા થઈ ગયા અને ધર્માંતરણ કરતા અટકી ગયા. સ્વામીજી અને આર્યસમાજનું આ બહુ મોટું પ્રદાન કહી શકાય એટલું જ નહિ, જે ધર્માંતરણ કરેલા લોકો પાછા ફરવા માગે તેમને પાછા સ્વીકારી લેવાની પણ તેમણે જ વ્યવસ્થા કરી. જોકે બેટીવ્યવહારની કઠિનાઈથી પાછા ફરનારાઓને જે આત્મીયતા મળવી જોઈએ તે ન મળી તેથી કેટલાક ફરી પાછા ચાલ્યા ગયા તેવું પણ બન્યું.

સ્વામીજીએ કર્મથી વર્ણવ્યવસ્થા સ્વીકારી હતી. હિન્દુ પ્રજાની અનેક કમજોરીઓમાં વર્ણવ્યવસ્થા સૌથી મોટી કમજોરી છે. આ વ્યવસ્થા પ્રમાણે કોઈ જન્મથી જ પૂજ્ય બની જાય અને કોઈ જન્મથી જ અસ્પૃશ્ય બની જાય. આ મહા અન્યાયકારી અને અનર્થકારી વ્યવસ્થાને સ્વામીજીએ જન્મથી નહિ પણ કર્મથી માન્ય કરી. અર્થાત્ વ્યક્તિ જન્મથી નહિ કર્મથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર વગેરે થાય છે. આ વ્યવસ્થાને કારણે ઘણા લોકોને ભારે સંતોષ થયો. લોકો કહેવા લાગ્યા કે ''મેં જન્મસે તો નાઈ હું પર કર્મસે બ્રાહ્મણ હું'' આ રીતે લોકોને ઉપરના વર્ણમાં જવાની તક આપી જેથી ધર્માંતરણ અટકી ગયું.

સ્વામીજીના દેવ થયા પછી આર્યસમાજે જે સૌથી મોટી ક્રાન્તિ કરીને જગ્યા-જગ્યાએ ડી.એ.બી. કૉલેજોની હારમાળા રચી દઈને કરી. અનેક ગુરુકુળો બનાવ્યાં, અનેક કન્યાશિક્ષણસંસ્થાઓ બનાવી આ રીતે શિક્ષણના ક્ષેત્રમાં આર્યસમાજે બહુ મોટું કાઠું કાઢ્યું અને સુઘડ શિક્ષણ પ્રદાન કર્યું. ભારતની આઝાદીની હિંસા-અહિંસા બન્ને પાંખોમાં અનેક કાર્યકર્તાઓ આર્યસમાજે આપ્યા. આજે પણ અનેક સંસ્થાઓ આ કામ કરી રહી છે.

એવું કહેવાય છે કે જો સ્વામીજી અને આર્યસમાજ ન થયા હોત તો કદાચ ભારત-પાકિસ્તાનની વિભાજનરેખા લાહોર-અમૃતસર વચ્ચે નહિ પણ છેક દિલ્લી આગળ નિર્ધારિત થાત. કારણ કે બહુ ઝડપથી આ ભાગમાં મુસ્લિમીકરણ થઈ રહ્યું હતું, તે અટકી ગયું.

આમ સ્વામીજીના ધર્મસુધારથી સમાજ તથા રાજકીય ક્ષેત્રે પણ ઘણો સુધાર થયો. આર્યસમાજીઓ છૂતાછૂત નથી માનતા. તે કશી



આભડછેટ વિના સાથે બેસીને જમી શકે છે અને બેટીવ્યવહારમાં પણ તેવી જ ઉદારતા ધરાવે છે. રાજકીય ક્ષેત્રમાં પણ સારા સારા કાર્યકર્તાઓ અને રાજનેતાઓ આવ્યા છે.

દાર્શનિક ક્ષેત્રમાં વેદાન્તને નવીન વેદાન્તી કહીને તેનો અસ્વીકાર કર્યો છે. જગત્ મિથ્યા નથી તેમજ જીવ એ શિવ નથી. જગત્ સત્ય છે. ઈશ્વરની કૃતિ છે અને જીવ અનાદિ અનંત તત્ત્વ છે. તે કદી પણ શિવ ન હતો, ન છે, ન થવાનો. જીવ એ જીવ જ છે. તે મહાન થઈ શકે છે પણ ઈશ્વર ન થઈ શકે. ઈશ્વર એ ઈશ્વર જ છે. તે એક જ છે. અને નિરાકાર જ છે તેથી તેની મૂર્તિ કે મંદિરની જરૂર નથી. આ રીતે આર્યસમાજ પાસે કોઈ ભવ્ય મંદિરો નથી. નિરાકારવાદી ઇસ્લામ પાસે જેવી ભવ્ય મસ્જિદો છે, નિરાકારવાદી શીખો પાસે જેવાં ભવ્ય ગુરુદ્વારા છે તેવું કોઈ ભવ્ય ધર્મસ્થાન આર્યસમાજ પાસે નથી. એટલું જ નહિ પણ ઇસ્લામમાં મુસ્લિમોને જે શ્રદ્ધા મસ્જિદો પ્રત્યે છે કે નિરાકારવાદી શીખોને ગુરુદ્વારા પ્રત્યે છે તેવી કોઈ જગ્યા નથી.

હૉલ જેવાં કે ઘર જેવાં આર્યસમાજનાં મંદિરો પ્રત્યે એટલી બધી તીવ્ર શ્રદ્ધા-ભક્તિ દેખાતી નથી. એટલું જ નહિ સામાન્ય ધર્મસ્થાનોમાં જેમ રહેવા-જમવા વગેરેની વ્યવસ્થા હોય છે તેવી વ્યવસ્થા દેખાતી નથી તેથી મંદિરની ઉપયોગિતા માત્ર હવન કે સંધ્યાવંદન કરવા પૂરતી જ સીમિત થઈ જાય છે. આ દૃષ્ટિએ બીજા ઘણા પાસેથી ઘણું ઘણું શીખવા જેવું ખરું.

સ્વામીજીનું મૃત્યુ ઝેર આપવાથી થયું કે બીમારીથી થયું તેમાં વિવાદ છે. વિવાદ તો રહેવાના જ. પણ તેમણે ભયંકર પીડામાં પણ છેક છેલ્લા શ્વાસ સુધી જે સહનશક્તિ, ક્ષમા, અને ઈશ્વરનિષ્ઠા બતાવી તે સૌના માટે પ્રેરણાદાયી છે.

સ્વામીજીની સૌથી મોટી પ્રેરણા તો એ જ કે તેમણે પોતાના પૂર્વાશ્રમને કશું સ્થાન ન આપ્યું. પ્રાયઃ સાધુસમાજમાં હવે એવું દેખાવા લાગ્યું છે કે કોઈ સમર્થ પુરુષ પોતાની માલ-મિલકત તથા શિષ્યસમુદાય વગેરે બધું જ પોતાનાં પૂર્વાશ્રમી સગાં-સંબંધીઓને સોંપી દેતા હોય છે. કોઈ પોતાના પુત્રને ગાદી સોંપે, કોઈ ભત્રીજા કે ભત્રીજીને સોંપે અને

પછી 'યાવચ્ચંદ્ર દિવાકરૌ' બધાં લીલાલહેર કરતાં થઈ જાય. આ રીતે વ્યક્તિપૂજા અને પછી વંશપૂજાનો દોષ લાગી જાય. સ્વામીજી આ બન્ને દોષોથી બચ્યા અને બીજાંને બચાવ્યા.

તેમની વિદ્વત્તા અમાપ હતી. વ્યાકરણના જોરે તેમણે વેદોના દેવપરક મનાતા મંત્રોને બ્રહ્મપરક સિદ્ધ કર્યા. કારણ કે તેમનો હેતુ વેદમાંથી એકેશ્વરવાદ સિદ્ધ કરવાનો હતો. ત્યારે પંડિતો વેદો ભણતા જ નહિ તેથી તેમની સામે ટકી શકતા નહિ. જોકે પાછળથી અનેક લોકો વેદોનું અધ્યયન કરતા થયા અને પોતાને ગમતાં પ્રમાણો પણ મેળવ્યાં.

હવે શાસ્ત્રાર્થો લગભગ બંધ પડી ગયા છે. કારણ કે જરૂર જણાતી નથી. પણ ત્યારે ગામેગામ શાસ્ત્રાર્થો થતા. આ હિન્દુ પ્રજાની ઉદારતા અને વિશાળતા જ કહેવાય કે તે ચર્ચા કરવાની છૂટ આપે છે. પણ મારી દૃષ્ટિએ શાસ્ત્રાર્થોથી ભાગ્યે જ સત્ય શોધાતું હોય છે. લોકોના પૂર્વગ્રહો પ્રબળ હોય છે. બન્ને તરફ પક્ષો અને પક્ષકારો બની જતા હોય છે. પ્રબળ તર્કશક્તિવાળા જીતી જતા હોય છે. લોકો પરાજયને સ્વીકારી કે પચાવી શકતા નથી તેથી ઝઘડા અને મારામારી પણ થઈ જતી હોય છે. શાસ્ત્રાર્થ વિના પણ સત્યનો પ્રચાર થઈ શકતો હોય છે. ગાંધીજીએ, બુદ્ધે, મહાવીરે કોઈની સાથે પ્રચંડ શાસ્ત્રાર્થ કર્યો હોય તેવું સાંભળ્યું નથી છતાં તેમના વિચારોને માનનારો – સ્વીકારનારો બહુ મોટો વર્ગ દેખાય છે. હા, જો પૂરેપૂરી નિખાલસતાથી શાસ્ત્રચર્ચા થાય – જીતવા કે હારવાની મડાગાંઠ ન હોય તો જરૂર સારાં પરિણામ આવે ખરાં.

પ્રસ્તુત પુસ્તક લખવામાં મેં શ્રી દયાળ મુનિજી, ડૉ. ભવાનીલાલ ભારતીય, શ્રી દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય વગેરે અનેક મહાનુભાવોનાં લખેલાં પુસ્તકોનો સહારો લીધો છે. આ બધા મહાનુભાવો પ્રત્યે હાર્દિક આભાર વ્યક્ત કરું છું. આમાં જાણતાં-અજાણતાં કદાચ મારી કોઈ ત્રુટી રહી ગઈ હોય તો ક્ષમા માગું છું. અને વાચકોને નિવેદન કરું છું કે જો તેઓ ત્રુટી પ્રત્યે મારું ધ્યાન દોરશે તો હું તેમનો આભારી થઈશ. યોગ્ય હશે તો નવા સંસ્કરણમાં સુધારવા પ્રયત્ન કરીશ.

પ્રો. પ્રફુલ્લભાઈ મહેતા તથા શ્રી વિનાયકરાવ નાયકનો આભાર માનું છું કે તેમણે સમય આપીને ભાષાની જોડણી, પ્રૂફ વગેરે સુધાર્યાં છે.



પ્રો. ચિમનલાલ ત્રિવેદીનો આભાર.

ગૂર્જર પ્રકાશનવાળા શ્રી મનુભાઈ શાહને તો ભુલાય જ નહિ. મારાં પુસ્તકોને પ્રાયોરિટી આપીને તેઓ છાપે છે તથા સસ્તા ભાવે લોકો સુધી પહોંચાડે છે તેમનો ખૂબ ખૂબ આભાર.

અંતમાં પરમકૃપાળુ પરમાત્માને લાખ લાખ વંદન. તેની કૃપા અને પ્રેરણાથી જ આ લખી શકાયું છે.

આશા છે કે આ પુસ્તક સ્વામી દયાનંદજીને તથા આર્યસમાજને સમજવામાં કાંઈક ઉપયોગી થશે. આપણા સૌનું લક્ષ્ય હિન્દુ પ્રજાની જાગૃતિ તથા એકતા વધે તે છે. આ પુસ્તક તેમાં અલ્પમાત્રામાં પણ યોગદાન કરશે તો હું ધન્ય થઈશ. આભાર.

શ્રી ભક્તિનિકેતન આશ્રમ, દંતાલી, – સ્વામી સચ્ચિદાનંદ
પો. બો. નં. ૧૯, પેટલાદ-૩૮૮૪૫૦ ૧૨-૧-૨૦૧૧
જિ. આણંદ (ફોન : ૦૨૬૯૭-૨૫૨૪૮૦)

બધાં પુસ્તકો તથા પ્રવચનોનો લાભ લેવા માટે વેબસાઇટ
www.sachchidanandji.org

## અનુક્રમ


૧. મૂળશંકરનું બાળપણ .................. ૧
૨. વૈરાગ્ય અને વળાંક ................... ૮
૩. દયાનંદ સરસ્વતીનો સાધનાકાળ .........૧૬
૪. યોગીની શોધમાં ....................૨૪
૫. નર્મદાતટે અમરકંટક .................૩૨
૬. મથુરામાં વિદ્યાધ્યયન અને વિદાય ........૩૭
૭. ભ્રમણ અને સુધાર ..................૪૩
૮. નિરાશા જ નિરાશા ..................૫૮
૯. પ્રચારકાર્ય શરૂ ....................૬૩
૧૦. ગંગાકિનારે પ્રચાર ...................૭૫
૧૧. કાશી-શાસ્ત્રાર્થ ......................૮૩
૧૨. ધાર્મિક સંઘર્ષની શરૂઆત .............૮૯
૧૩. ગુજરાત તરફ ...................૧૦૫
૧૪. મહારાષ્ટ્ર – ગુજરાત – મધ્યપ્રદેશ પ્રતિ ...૧૧૨
૧૫. યુ.પી.માં ભ્રમણ ...................૧૨૩
૧૬. પંજાબનો પ્રવાસ ...................૧૨૮
૧૭. યુ.પી.નો પ્રવાસ ...................૧૩૬
૧૮. ધર્મપ્રચારભ્રમણ ...................૧૪૬
૧૯. અંતિમ વિદાય ....................૧૫૪


**મહર્ષિ દયાનંદ સરસ્વતી**

·


સ્વામી સચ્ચિદાનંદ

# ૧. મૂળશંકરનું બાળપણ

તે દિવસે શિવરાત્રીનો ઉત્સવ હતો. ઉત્સવો ચાર પ્રકારના હોય છે : (૧) ધાર્મિક (૨) રાજકીય (૩) સામાજિક અને (૪) લૌકિક. આ ચારે ઉત્સવોના મૂળમાં મુખ્યતઃ બે તત્ત્વો કામ કરતાં હોય છે : એક તો શ્રદ્ધા અને બીજી લાગણીઓ. જો આ બેમાંથી એક પણ તત્ત્વ ન હોય તો ઉત્સવો ઊજવાય નહિ અને કદાચ ઊજવાય તો તે ફિક્કા ઊજવાય. શ્રદ્ધા અને લાગણીઓ હૃદયના ધર્મો છે. તે તર્કોને સહન કરી શકતા નથી, કારણ કે તર્કો બુદ્ધિનો ધર્મ છે. જીવનને શત પ્રતિશત તાર્કિક બનાવી શકાય નહિ. કોઈ બનાવવા માગે તો જીવન પ્રથમ શુષ્ક થઈ જાય અને પછી કર્કશ થઈ જાય. લાગણી ચીકણી હોય છે. તે જીવનને શુષ્ક કે કર્કશ બનાવતી અટકાવે છે. આમ જુઓ તો મોટા ભાગની ભક્તિગાથા કે પ્રેમગાથાઓ શ્રદ્ધા અને લાગણીઓની જ હોય છે. કોરા તાર્કિકોની ગાથા હોતી નથી, કદાચ હોય તો તે શુષ્ક કે કર્કશ હોય છે. તર્કોથી શાસ્ત્રાર્થ તો થાય, શાસ્ત્રાર્થમાં એકબીજાને જીતી શકાય પણ તે જીત વાક્જીત હોય, બુદ્ધિજીત હોય. તર્કોથી કોઈનું હૃદય ન જીતી શકાય. હૃદય તો માત્ર હૃદયથી જ જીતી શકાય. હૃદયની જીતમાં હાર કોઈની નથી હોતી. બલકે એમ કહો કે હારનારો જીતી જતો હોય છે. તર્કજીત કે શસ્ત્રજીતમાં હારનારો અપમાનિત થતો હોય છે. પ્રગટ નહિ તો અપ્રગટ રીતે પણ તેના મનમાં પરાજયની ભારે વેદના રહેલી હોય છે. અને તે તક મળે તો બદલો લેવાની તાકમાં રહેતો હોય છે. જ્યારે શ્રદ્ધા કે લાગણીના ક્ષેત્રમાં હારનારો સમર્પિત થઈ જતો હોય છે. સમર્પિત તે જ થઈ શકે જે પોતે જ પોતાનું અસ્તિત્વ મિટાવી દે. જીરો થઈ જાય. આ જીરો જ પછી હીરો થઈ જતો હોય છે. સમર્પિત વ્યક્તિને પ્રત્યાર્પણનું મહાફળ પ્રાપ્ત થતું હોય છે.

પછી તે પરમાત્મા હોય કે પ્રેમી હોય. જીવાત્મા, પરમાત્મામાં પ્રત્યાર્પિત થઈ જાય તો પરમાત્મા જીવાત્મામાં પ્રત્યાર્પિત થઈ જાય. પત્ની, પતિમાં પ્રત્યાર્પિત થઈ જાય તો પતિ પત્નીમાં પ્રત્યાર્પિત થઈ જાય. આમ સમર્પણ અને પ્રત્યાર્પણથી દામ્પત્ય બનતું અને જામતું હોય છે. જો સમર્પણ જ ન હોય અને પ્રત્યાર્પણ પણ ન હોય તો દામ્પત્ય જામે જ નહિ. તર્કોના જોરે દામ્પત્ય જમાવી ન શકાય. આવું જ ગુરુ-શિષ્યનું પણ છે. શિવરાત્રી ધર્મ-ઉત્સવ પણ છે અને લોકોત્સવ પણ છે. પંડિતો શાસ્ત્ર પ્રમાણે ધાર્મિક રીતે પૂજન-અર્ચન-ઉપવાસ વગેરે કરીને ઊજવતા હોય છે તો સામાન્ય પ્રજા મેળા ભરીને, નાચીકૂદીને ઊજવતી હોય છે. ધાર્મિક ઉત્સવોથી ધર્મની પારદર્શિતા કે અપારદર્શિતા જણાતી હોય છે.

રાજકીય ઉત્સવોનું મૂળ રાષ્ટ્રભક્તિમાં હોય છે. ૧૫મી ઑગસ્ટ કે ૨૬મી જાન્યુઆરી જેવા દિવસોમાં થનારા ઉત્સવો રાષ્ટ્રીય ઉત્સવો કહી શકાય. તે દિવસોમાં પ્રજાનો જોમ-જુસ્સો માપી શકાય. જો જોમ-જુસ્સા વિના જ માત્ર ચીલાચાલુ રીતે જ તે ઊજવાય, પ્રજા કે પ્રજાના અમુક વર્ગોને રસ જ ન હોય તો સમજવું કે પ્રજામાં રાષ્ટ્રપ્રેમ ઓછો છે.

**સામાજિક ઉત્સવો**

સમાજમાં ઉત્સાહ લાવનારા, સમાજમાં એકતા લાવનારા આ સામાજિક ઉત્સવો છે. જેમ કે હોળી-ધૂળેટી, દિવાળી, નવું વર્ષ વગેરે.

**લૌકિક ઉત્સવો**

આવા ઉત્સવોને ધર્મ કે શાસ્ત્રના આધારની જરૂર નથી હોતી. તે લોકોના દ્વારા સ્વયંભૂ હોય છે. હજારો લોકો ઊમટી પડતાં હોય છે. તેમાં ષ્ટિ-અનિષ્ટ બન્ને સંકળાયેલાં હોય છે. ખાસ કરીને લોકમેળાઓ લોકોત્સવ હોય છે. માનો કે તરણેતરનો મેળો, જુવાનિયાઓ ભાતીગળ છત્રીઓ લઈને મેળો મહાલવા ઊમટી પડતા હોય છે. આ લોકોત્સવ છે અને તે આનંદ-પ્રમોદ માટે હોય છે.

જેના જીવનમાં કોઈ ઉત્સવ જ નથી હોતો તે નીરસ થઈ જતો હોય છે. નીરસતા જીવનમાં ખાલીપણું લાવે છે. તેથી ડિપ્રેશન થઈ શકે છે. નાચવું, કૂદવું, ગાવું પણ જીવન માટે જરૂરી છે.

હા, તો તે દિવસે શિવરાત્રીનું પર્વ હતું. હિન્દુ ધર્મમાં મોટાં પર્વોમાં



શિવરાત્રી પણ એક મહત્ત્વનું પર્વ ગણાય છે. હિન્દુ ધર્મની ત્રણ મુખ્ય ધારાઓ : (૧) શૈવ, (૨) વૈષ્ણવ અને (૩) શાક્ત. શૈવધારામાં ઇષ્ટદેવ ભગવાન શિવ છે. શિવનાં બે રૂપ છે. ૧. વૈદિક અને ૨. પૌરાણિક. વૈદિક રૂપમાં શિવ નિરંજન નિરાકાર છે. તે સચરાચર વ્યાપી એક અખંડ છે. જ્યારે પૌરાણિક ધારામાં શિવને પાર્વતી નામની પત્ની અને ગણેશ તથા કાર્તિકેય નામના પુત્રો છે. નિરંજન નિરાકારની કોઈ કથા જ ન હોય. કથાનું મૂળ તો સ્ત્રી છે. સ્ત્રી વિના કથા કેવી ? એટલે વૈદિક શિવની કોઈ કથા નથી. હા, તત્ત્વચર્ચા હોય, પણ તે કથા ન કહેવાય. દર્શન કહેવાય. દર્શન લોકભોગ્ય ન હોય માત્ર દાર્શનિકો માટે જ હોય, કથા લોકભોગ્ય હોય, આબાલવૃદ્ધ સૌ કોઈ તેને માણી શકે.

શિવજીની પાર વિનાની કથાઓ, જેમાં શિવ-પાર્વતીની પ્રણયકથાઓ, શૌર્યકથાઓ, કોપકથાઓ, દયાકથાઓ, જ્ઞાનકથાઓ, કામકથાઓ વગેરે વગેરે. જીવનના તમામેતમામ ક્ષેત્રોની કથાઓ શિવજીથી શરૂ થાય છે. પહેલાં શિવ-પાર્વતીનાં લગ્નગીતો સ્ત્રીઓ ગાતી. પાર્વતી રિસાય અને શિવજી મનાવે આવીબધી અનેક કથાઓ લોકગીતોમાં લોકકવિઓએ વણી લીધેલી ઘરઘરમાં સાંભળવા મળતી હતી. પેલા નિરંજન-નિરાકાર બ્રહ્મની એક પણ કથા નથી. પાત્રો વિના કથાનું મંચન ન થાય. નિરંજન-નિરાકાર પાસે કોઈ પાત્રો જ નથી. તે એકાકી છે – માત્ર એકાકી. એકાકીની શી કથા હોય ?!

આવી અસંખ્ય કથાઓ લોકમાનસમાં પુરાણીઓ દ્વારા લોકકવિઓ દ્વારા, કલાકારો દ્વારા નાટકો ભજવીને કે અન્ય રીતે ફેલાવેલી હોય છે. આમાંથી લોકોની લોકમાન્યતા બનતી હોય છે. તે સાચીયે હોય અને ખોટીયે હોય, તે લાભદાયી પણ હોય અને હાનિકારક પણ હોય. સમય સમય ઉપર તેને સુધારવી જરૂરી થઈ જતી હોય છે.

તમે માનો કે ન માનો પૌરાણિકતા વિનાના ઉત્સવોમાં બહુ દમ હોતો નથી. કારણ કે તેમાં શ્રદ્ધાનું પૂર ઊમડતું નથી. ડાકોર – અંબાજી – તિરુપતિ – શબરીમલાઈ વગેરેમાં જે ભીડનાં પૂર જોવા મળે છે તે નિરંજન-નિરાકારના મેળામાં જોવા નહિ મળે. આનો અર્થ એવો નહિ કરવાનો કે પેલાં બધાં મૂર્ખાં છે અને આ બધાં જ્ઞાનીઓ છે. માનવીય ગુણ-દોષ, દુર્બળતા-પ્રબળતા બન્ને પક્ષોમાં હોય જ છે. પણ પેલાં ટોળાંનું પ્રેરકબળ તર્કવિહીન શ્રદ્ધા છે. આમે

શ્રદ્ધા અને પ્રેમ તો તર્કાતીત જ હોય છે. જો તેમાં દલીલો આવે તો કડવાશ અને ખટાશ પણ આવે તો ઉમળકો ઓછો થઈ જાય. પૂર્ણિમાના ચંદ્રને જોઈને સમુદ્રમાં જે ઉછાળ આવે છે તે ન આવે, ઉછાળા વિનાનો પ્રેમ ન હોય અને કદાચ હોય તો તે વ્યાપાર હોય. લાગણીહીન વ્યક્તિઓ પ્રેમ આપી શકતી નથી અને પામી શકતી પણ નથી. ભલે તે વીતરાગી જ કેમ ન હોય.

પૂર્વે કહ્યું તેમ તે દિવસે શિવરાત્રી હતી. નવરાત્રી અને શિવરાત્રી એમ બે રાત્રીપર્વો હિન્દુ ધર્મમાં છે. એકમાં શક્તિની આરાધના અને બીજામાં શિવની આરાધના. શક્તિને રીઝવવા નવરાત્રીસાધના કરવી પડે. પણ શિવ તો એક જ રાત્રીમાં પ્રસન્ન થઈ જાય એટલે તો તેને ભોળાનાથ કહેવાય છે. શિવભક્તો શિવને 'ભોળા' નામનું હુલામણું સંબોધન કરે છે.

એવી માન્યતા પ્રવર્તે છે કે શિવ જ્ઞાન-વૈરાગ્યના દેવ છે. જ્યારે વિષ્ણુ ઐશ્વર્યના દેવ છે. જે ઠાઠમાઠ – ઐશ્વર્ય વગેરે વૈષ્ણવ મંદિરોમાં જોવા મળશે તે શિવમંદિરમાં જોવા નહિ મળે. ઓછામાં ઓછી (પાણી-બીલીપત્રો-ભસ્મ) અને સસ્તામાં સસ્તી સામગ્રીથી શિવભક્તિ – પૂજા કરી શકાય છે. ત્યાં બાળભોગ – રાજભોગ કે શયનઆરતી નથી હોતી. કદાચ એટલે જ બ્રાહ્મણો વધુ શિવભક્તો હોય છે. જે જ્ઞાન-વૈરાગ્યનો સાધક હોય તે જ બ્રાહ્મણ કહેવાય. જ્ઞાન-વૈરાગ્યના ક્ષેત્રમાં સર્વાધિક પ્રદાન બ્રાહ્મણોનું જ રહ્યું છે. આ તત્ત્વો સહજ રીતે બ્રાહ્મણોમાં વણાઈ ગયેલાં હોય છે.

સૌરાષ્ટ્રનાં અનેક રજવાડાંઓમાંનું એક રજવાડું જેનું નામ મોરબી રાજ્ય. કચ્છની ખાડી અને રણની કાંધમાં આવેલું આ રાજ્ય ભક્તિભાવથી તરબોળ રહે. તેનું એક મધ્યમ કક્ષાનું ગામ ટંકારા. ટંકારામાં કેટલાક બ્રાહ્મણોનાં ઘર વસે. બ્રાહ્મણો પોતાને સૌથી ઊંચા અને પવિત્ર માને. ઊંચાઈ, નીચાઈ વિનાની હોતી નથી. અને પવિત્રતા, આભડછેટ વિનાની હોતી નથી. એવરેસ્ટની ઊંચાઈ બતાવવા બાજુમાં નીચા પર્વતો મૂકવા પડે. અને ગંગાજીની પવિત્રતા બતાવવા થોડી કર્મનાશા નદીઓ કે પછી ગટરો બતાવવી પડે. પણ આ થોપેલી ઊંચાઈ સર્વમાન્ય થઈ ગઈ હતી. ઊતરતા લોકો પણ બ્રાહ્મણોને ઊંચા માને અને તેમનું માન રાખે. બ્રહ્મભોજન, દાન-દક્ષિણા બધું જ બ્રાહ્મણો તરફ વળી જાય. કોઈ વાઘરીભોજન ન કરાવે. ઊંચાઈ અને પવિત્રતાના માપમાં તે આવતા નહિ હોય. ધર્મે વર્ણલક્ષી ગજ આપેલો, ગુણલક્ષી નહિ !



ટંકારામાં એક બ્રાહ્મણ પરિવાર. સ્ટેટના પોલીસ વિભાગમાં કરસનજી નોકરી કરે. દુર્વાસાનો અવતાર પણ મહાન શિવભક્ત. ઘરમાં કોઈ તેમની સામે એક અક્ષરે બોલવાની હિંમત ન કરી શકે. બહુ રુઆબદાર વડીલો ધાક તો જમાવી શકે છે પણ પ્રેમ નથી જમાવી શકતા. પ્રેમ જમાવવા માટે કોમળતા જોઈએ. પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ વડીલે આખા ઘરનાં બધાં માણસોને શિવરાત્રીનું વ્રત કરવાનો હુકમ આપેલો. એટલે બધાંએ વ્રત રાખેલું. એક નાનો બાળક, નામ તેનું મૂળશંકર. તેણે પણ વ્રત રાખેલું અને શિવની પૌરાણિક કથાઓ સાંભળી સાંભળીને શિવનાં દર્શન કરવાની તાલાવેલી જાગેલી. બાલ્યકાળ ગ્રાહકકાળ હોય છે. અર્થાત્ તમે જે આપો, જેવું આપો તે બધું બાળક ગ્રહણ કરી લે. ખરા-ખોટાનો વિવેક ન હોય એટલે આ કાળને સાચવવો જરૂરી હોય છે. જેમ નાના છોડને વાડ કરીને બકરાં વગેરેથી સાચવવો પડે છે તેમ નાનાં બાળકોને પણ બકરાં જેવા માણસોથી સાચવવાં જોઈએ. પછી જ્યારે છોડ મોટો થઈ જાય ત્યારે હવે વાડની જરૂર ન રહે, તેને કાઢી નાખવાની, પણ હવે ઊંટોથી સાચવવું પડે. કારણ કે ઊંટોની લાંબી ગરદન વૃક્ષની ડાળીઓ સુધી પહોંચી જતી હોય છે. બકરાં અને ઊંટથી સચવાય તે જ છોડવા અને વૃક્ષો ફળી-ફૂલી શકતા હોય છે. તમારી ચારે તરફ બકરાં અને ઊંટ જેવા કેટલાય માણસો ફરતા હોય છે. ઓળખી શકો તો ઓળખી લો.

મૂળશંકરની પ્રચંડ તાલાવેલી. આજે તો ભગવાન શિવનાં જરૂર દર્શન થશે. નિરાકારનાં દર્શન ન હોય, અલ્લાનાં દર્શન ન હોય, બહુ બહુ તો અસ્તિત્વનો અનુભવ હોય પણ સાકારનાં તો દર્શન હોય. દર્શનકથાઓ વાંચી જુઓ. ભલે તે મિથ હોય તેથી શું ? પણ તે વૃત્તિઓનું અને દિશાનું તો નિર્માણ કરી શકે છે ને ? બધાંની બાલ્યાવસ્થા ચકા-ચકીની કથાથી શરૂ થતી હોય છે. દાદીમાની સામે કોઈ બાળક દલીલ કરતું નથી કે, ''આવું તો હોતું હશે ?''

વ્રત રાખવાના કારણે આખા દિવસનો ભૂખ્યો બાળક મૂળશંકર ગામના શિવાલયમાં આવીને સૌની સાથે બેસી ગયો, ''ૐ નમઃ શિવાય''નો મંત્રજાપ અને

ત્રિદલં ત્રિગુણાકારે ત્રિનેત્રં ત્રયાયુધમ્ ।
ત્રિજન્મ પાપસંહાર મેક બિલ્વં શિવાર્પણમ્ ॥

બોલી બોલીને તે શિવલિંગ ઉપર બીલીપત્ર ચઢાવતો રહ્યો. શ્રદ્ધાની

પ્રબળતા બાલ્યકાળમાં હોય છે. અને તેની ન્યૂનતા વૃદ્ધકાળમાં થઈ જતી હોય છે, બાલ્યકાળમાં દલીલો નથી હોતી. વૃદ્ધાવસ્થાએ પહોંચતાં પહોંચતાં દલીલોનો થોકડો ભેગો થઈ જાય છે. એટલે ધ્રુવ-પ્રહ્લાદને ભગવાન મળ્યા. કોઈ વૃદ્ધને ભગવાન મળ્યા હોય તેવી કથા ભાગ્યે જ જાણવા મળશે.

કુદરત નિયમની પાક્કી હોય છે. તે પોતાના નિયમમાં ખાસ બાંધછોડ થવા દેતી નથી. જે લોકો કુદરતવિરોધી જીવન જીવે છે તેને કુદરત હરાવી દેતી હોય છે. બધા સાથે બાથ ભિડાય પણ કુદરત સાથે બાથ ન ભિડાય. તે પ્રકૃતિ છે. પુરાણોમાં તેને શક્તિ કહી છે. તે જ કાળી-મહાકાળી-નવદુર્ગા છે. તેના શરણે રહેવાય. તો તે જતન કરે. નહિ તો મહિષાસુર જેવી દશા કરે.

રાત જામતી ગઈ. થોડા જ સમયમાં શિવાલયમાં આવેલા બધા જ ભક્તોની આંખો ઘેરાવા લાગી અને ટપોટપ ઊંઘવા લાગ્યા. આવેગોમાં સૌથી પ્રચંડ આવેગ નિદ્રાનો છે. તેને લાંબો સમય રોકી ન શકાય. ગમેતેમ જોર કરો તોપણ ઝોકું ખવડાવી જ દે. જેને યથોચિત ઊંઘતાં આવડે છે તેને જ યથોચિત જાગતાં આવડે છે. કુદરતવિરોધી ઉજાગરા કરનારા થાકી જતા હોય છે. તે જીવન પણ ખોઈ બેસતા હોય છે. કારણ કે તેમનો દિવસ ઉત્સાહહીન થઈ જતો હોય છે. ભરપૂર નિદ્રા ઉત્સાહ આપે છે.

બધા તો સૂઈ ગયા, પણ પેલો બાળક હજી જાગતો હતો. તેને શિવદર્શનની તીવ્ર તાલાવેલી હતી. હમણાં શિવ પ્રગટ થશે. હમણાં મને દર્શન દેશે. તેવી તીવ્ર ઉત્કંઠા તેને જગાડી રહી હતી. તીવ્ર ઉત્કંઠા વિના સાધના સફળ ન થાય. તીવ્ર ઉત્કંઠા જ વિક્ષેપો અને વિઘ્નો સામે અડગ રખાવતી હોય છે. ઢીલા-પોચા લોકોની સાધના વચ્ચે જ મરી જતી હોય છે.

ચારે તરફ સન્નાટો છવાઈ ગયો હતો. બધાં નસકોરાં વગાડતાં હતાં. માત્ર એક બાળક જ અપલક શિવજીને જોઈ રહ્યો હતો. હમણાં શિવ પ્રગટ થશે. તેવી દૃઢ શ્રદ્ધાથી તે જાગી રહ્યો હતો. તેવામાં એક નાનું ઉંદરડું ક્યાંકથી આવી પહોંચ્યું, શિવલિંગ ઉપર ચઢીને ઉપર ચઢાવેલા ચોખા ખાવા લાગ્યું. વિસ્ફારિત નેત્રોથી બાળક જોતો જ રહી ગયો. ''અરે ! આ શું ? આવા શિવ હોય ! જે મહાપ્રલય કરે અને હજારો રાક્ષસોનો નાશ કરે તે આ નાના ઉંદરડાને દૂર કરી શકતા નથી ! ના ના, આ શિવ નથી. મારે તો સાચા શિવનાં



દર્શન કરવાં છે.'' બાળકની શ્રદ્ધા ઊઠી ગઈ. ને તરત જ ઊભો થઈ ગયો. ડરતાં ડરતાં પિતાજીને જગાડ્યા. ઉંદરડું બતાવ્યું અને આ શિવ નથી તેમ પણ કહ્યું, પણ પિતાજીએ બાળકને ધમકાવ્યો. ''તને ખબર ન પડે, તું શું જાણે'' કહીને ચૂપ કરી દીધો. બાળક ઘરે આવ્યો. માતાને જગાડી ખાવાનું માગ્યું. વ્રત તોડી દીધું. પથારીમાં સૂઈ ગયો. પણ ઊંઘ ન આવે. આ શિવ નથી તો પછી સાચો શિવ કોણ હશે ?

૨૪-૧૨-૧૦

## ૨. વૈરાગ્ય અને વળાંક

પ્રત્યેક વ્યક્તિના જીવનમાં અથવા સ્વભાવમાં એક ગુણ અથવા એક દુર્ગુણની પ્રધાનતા હોય છે. જેના આધારે તેના વ્યક્તિત્વનું નિર્માણ થતું હોય છે. માનો કે કોઈના જીવનમાં દયા-કરુણાની પ્રધાનતા હોય તો કોઈના જીવનમાં ઉદારતા, સજ્જનતાની પ્રધાનતા હોય તો વળી કેટલાક લોકોના જીવનમાં કામુકતા કે ક્રોધની પ્રધાનતા હોય, કોઈના જીવનમાં અભિમાન કે ઈર્ષ્યાવૃત્તિ વગેરેની પ્રધાનતા હોય છે. તો માણસ તેવો બને છે. આ પ્રધાનતા ક્યાંથી આવે છે તે કહેવું કઠિન છે પણ અમેરિકામાં એક સાયન્સ મ્યુઝિયમ જોતાં જોતાં મેં બાર ફૂટ ઊંચું મસ્તિષ્ક જોયું હતું. તેમાં વિસ્તારથી ઇલેક્ટ્રોનિક પદ્ધતિથી બધું સમજાવ્યું હતું કે મગજમાં કયા ભાગમાં શું ક્રિયા થાય છે. માનો કે કોઈ વ્યક્તિ અતિશય કામી છે તો તેમાં કામક્ષેત્રમાં ધારીઓ બતાવી હતી. અને સમજાવ્યું હતું કે અહીં જેને વધારે અને લાંબી લાંબી ધારીઓ હોય તે મહાકામી થઈ જાય છે. આવું જ ક્રોધ, લોભ, ઈર્ષ્યા વગેરેનું પણ હતું. આવું જ સદ્ગુણોનું પણ ક્ષેત્ર બતાવ્યું હતું. દયાની ધારીઓ વધારે હોય તો વ્યક્તિ દયાળુ બને, ઉદારતાની ધારીઓ વધારે હોય તો વ્યક્તિ ઉદાર બને. પણ ફરી પાછો એક મહત્ત્વનો પ્રશ્ન એ થાય કે આ ધારીઓ નાનીમોટી કેમ થઈ હશે ? કોઈ નિશ્ચિત જવાબ નથી. આપણે હિન્દુઓ કહીએ કે પૂર્વના કર્મે આવું થતું હોય છે. તો ફરી પાછો પ્રશ્ન એ થાય કે માનો કે તમે પૂર્વના પુણ્યના કારણે દયાળુ કે ઉદાર બન્યા. પણ તમે અતિક્રૂર કે અતિવિષયી કેમ બન્યા ? તે પણ જો પૂર્વનાં કર્મોથી જ થયા હોવ તો પછી એનું એ જ વાવતા રહો અને એનું એ જ લણતા રહો જેવું થાય.' અર્થાત્ પાછા ક્રૂર કર્મો કરો અને ફરી પાછા એવા જ બનતા રહો. પણ આવી ધારીઓ તો પશુઓને



પણ હોય છે. બધી ઘોડીઓ કે ગાયોના સ્વભાવ એકસરખા નથી હોતા. કદાચ આનુવંશિકતા કાંઈક કારણ ભજવતી હોય. જે હોય તે, પણ આવું છે ખરું. કદાચ ભવિષ્યમાં વૈજ્ઞાનિકો આવી ધારીઓનું પ્રત્યારોપણ કરીને વ્યક્તિને સમૂળગો બદલી નાખશે. કાંઈ કહેવાય નહિ પણ અત્યારે તો આપણે એક ગુણનો વિચાર કરવાનો છે. તે છે : ''વૈરાગ્ય.''

વૈરાગ્ય એટલે સાંસારિક સુખો પ્રત્યે અરુચિ જગાડનારો ગુણ. જીવન એક ઢાળ છે. સૌ કોઈ આ ઢાળમાં સાંસારિક સુખો પામવા માટે નીચી તરફ દોડી રહ્યાં છે. તેમાં કોઈને દોડાવવાં નથી પડતાં. આપોઆપ દોડી જવાય છે. તેવી વૃત્તિ ન થાય, તો નીચે દોડવાનું અટકી શકે. તો જ ઉપર ચઢવાનું શક્ય બની શકે. આવા ગુણને વૈરાગ્ય કહેવાય છે. જે સુખ માટે સામાન્ય લોકો ન કરવાનું કરે છે અને તે સુખ સામે ચાલીને આવે તોપણ જે માણસ ત્યાગી દે છે અથવા લાત મારી દે છે તે વૈરાગ્ય છે. આવો ગુણ બધામાં નથી હોતા. કોઈ વીરલામાં જ હોય છે. આ ગુણ વ્યક્તિને સંસારત્યાગી બનાવી શકે છે. આવા ગુણ વિના જ જે સંસારત્યાગ કરે તે સાચા ત્યાગી થઈ શકતા નથી. તેમાં તેમનો દોષ નથી. કારણ કે તેમનામાં વૈરાગ્ય જ નહોતો. તે તો પરિસ્થિતિવશ ત્યાગી થયા છે. તે ઘૃણાને પાત્ર નથી, દયાને પાત્ર છે.

આ વૈરાગ્ય અને બીજા ગુણો પણ સ્થાયી ભાવ ધરાવતા નથી. તેમાં ચઢ-ઊતર થતી રહે છે. નષ્ટ પણ થઈ શકે છે. આવું જ દોષોમાં પણ છે. કામ-ક્રોધના આવેગો સ્થાયી નથી હોતા. ચઢ-ઊતર થયા કરે છે. એમ વૈરાગ્ય પણ એક વાર ચઢ્યો એટલે કાયમ-કાયમ જીવનભર ચઢેલો જ રહેશે તેવું માની લેવું નહિ. સમય-સમય ઉપર તેમાં ચઢ-ઊતર થયા કરતી રહે છે. વૈરાગ્યનો સર્વોત્તમ કાળ ૧૬થી ૨૫ વર્ષનો છે. વૃદ્ધાવસ્થામાં વૈરાગ્ય ન થાય. વિચાર થાય અને શમી જાય. ભાગ્યે જ તેને કાર્યરૂપ અપાય. વિચારમાં ડહાપણ હોય, ગણતરી હોય, પોતાની અપેક્ષાઓ હોય. વૈરાગ્યમાં આવું કશું ન હોય.

વૈરાગ્ય ત્રણ રીતે થતો હોય છે : માર્મિક આઘાતથી, દુઃખોથી અને એક પક્ષીય સત્સંગથી.

મર્માઘાત હૃદયનો જ હોય. જેમ ભર્તૃહરિને પિંગલાની બેવફાઈનો આઘાત લાગ્યો અને તેને સ્ત્રીજાતિ પ્રત્યે નફરત થઈ ગઈ. સંસારત્યાગ કરી

દીધો. રાજામાંથી યોગી થઈ ગયા ! તુલસીદાસ અને સુરદાસ જેવા પણ આવા જ આઘાતથી સંસારત્યાગી થઈ ગયા. આ મર્માઘાત છે.

ઘણાં દુઃખો સહન કરવાનાં થાય તોપણ જીવન ઉપર વૈરાગ્ય થઈ જાય. કારણ કે સંસારમાં ક્યાંય સુખનો છાંટોય નથી. ખરું સુખ તો માત્ર પરલોકમાં જ રહેલું છે. તેવી હૈયાધારણ મળતી રહે તો વ્યક્તિ સંસારત્યાગી થઈ શકે છે.

અથવા એકપક્ષીય રીતે સંસારની નિંદા અને પરલોકની પ્રશંસા સાંભળ સાંભળ કરતો હોય તોપણ લાંબા ગાળે તેનામાં વૈરાગ્યવૃત્તિ જાગી શકે છે.

ગમે તે રીતે વૈરાગ્ય થયો હોય પણ તે કાયમ ટકતો નથી તેને ટકાવવો પડે છે. સહજ વૈરાગ્ય સહજ ટકે છે. જેમ તમે જમીન ઉપર ચાલો છો તેમ પણ જો તમારે ઊંચે દોરડા ઉપર ચાલવું હોય તો વાંસડાનું સંતુલન રાખવું પડે. વાંસડો છોડી દો તો પડી જવાય. આમ ચઢેલો વૈરાગ્ય ઊતરી જાય તો પડી જવાય. એટલા માટે વૈરાગી સંસ્થાઓ વૈરાગ્ય ટકાવવા માટે કઠોર-કડક નિયમો બાંધતી હોય છે. જેમ કે સ્ત્રીનાં મોઢાં ન જોવાં, તેનો સ્પર્શ ન કરવો, તેની સાથે વાર્તાલાપ ન કરવો. તેની છાયા પણ ન લેવી વગેરે વગેરે. આ નિયમોનું કડક રીતે પાલન કરવાથી વૈરાગી શારીરિક રીતે સાંસારિક સુખોથી બચી શકે છે પણ જો તેને મોકો મળે તો તે ભોગવી લેવાનું ચૂકતો નથી. કારણ કે ભોગ સહજ છે. ત્યાગ સહજ નથી હોતો. કરવો પડે છે. જેને સાચો વૈરાગ્ય હોય છે તે સ્ત્રીઓની વચ્ચે રહીને પણ ત્યાગી રહી શકે છે, પણ તે સતત લાંબા સમય સુધી નહિ. આવી જ રીતે ધનના ઢગલા ઉપર બેસીને પણ નિઃસ્પૃહ ધનત્યાગી રહી શકે છે. આ જ ખરો ત્યાગી છે. કઠોર નિયમોથી થયેલો ત્યાગ જેલના કેદીઓ જેવો છે. અંદર તો ઇચ્છા છે પણ તકો નથી, મેળ પડતો નથી આવી સ્થિતિ કહેવાય. કડક નિયમોના દ્વારા સહજ સુખેચ્છા અને ભોગવૃત્તિને રોકવા કે અવરોધવાનું કામ કરવામાં આવે છે. આવો અવરોધ પ્રતિષ્ઠિત થઈને પૂજાય છે. (સહજ જીવન પૂજાતું નથી !) તેથી વૈરાગ્ય ઊતરી ગયા પછી પણ વૈરાગ્યભાવ બતાવવો પડે છે. અહીંથી દંભ શરૂ થાય છે. પશુ-પક્ષીઓ દંભ કરતાં નથી. કારણ કે તેમનો સંયમ પૂજાતો નથી અને અસંયમ નિંદાતો નથી. તેમનું કુદરતસહજ જીવન માન્ય રહે છે. મોટો પ્રશ્ન જીવનની માન્યતા, સ્વીકૃતિ-અસ્વીકૃતિનો રહે છે. માણસ



અસ્વીકૃત જીવન જીવી શકતો નથી. કદાચ જીવે તો ઘણા પ્રશ્નો ઊભા થાય છે.

૧૬ વર્ષની ઉંમરે શિવરાત્રીની રાત્રે મૂળશંકરની શ્રદ્ધાને આઘાત લાગ્યો. ''આ સાચા શિવ નથી.'' શ્રદ્ધા અને પ્રેમ બન્ને આઘાત લગાડતાં હોય છે. અતિશ્રદ્ધા અને અતિપ્રેમ વધુ પડતાં સંવેદનશીલ હોય છે. તેમને ક્યારે આઘાત લાગી જાય તે કહેવાય નહિ. અતિશય પ્રેમી લોકો જ આત્મહત્યા કરતાં હોય છે. સામાન્ય પ્રેમીઓ આત્મહત્યા નથી કરતાં કારણ કે તેમને બહુ આઘાત લાગતો નથી. ''તું નહિ તો તારી બહેન કે તારો ભાઈ'' જેવું ગણિત હોય છે. આવી જ રીતે અતિશય શ્રદ્ધાળુઓ કદાચિત નાસ્તિક કે પછી વિમુખ થઈ જતા હોય છે. સામાન્ય શ્રદ્ધાળુઓ નાસ્તિક નથી થતા હોતા. કારણ કે તેમને આઘાત નથી લાગતો હોતો.

મૂળશંકરે પૂજા છોડી, વ્રત તોડ્યું અને સૂઈ ગયો. પણ નિદ્રા ન આવી. વિચારોનો વંટોળિયો તેને કેમે કરીને ઊંઘવા દેતો ન હતો. વિચાર ''શિવ નથી'' તેવો ન હતો પણ ''આ શિવ ન કહેવાય'' એવો હતો. મૂળ તત્ત્વ પ્રત્યે નકાર ન હતો પણ માની લીધેલા તત્ત્વ (શિવ) પ્રત્યે હતો. વિચારવંટોળિયાએ મૂળશંકરને ભારે અશાંતિ ઊભી કરી પ્રસૂતિ ભાગ્યે જ શાંતિપૂર્વક થતી હોય છે. સત્ય પણ જ્યારે પ્રસૂત થતું હોય છે ત્યારે તે પણ ઘણી અશાંતિ જગાડીને પછી થતું હોય છે. શાંતિથી જીવનારને ભાગ્યે જ સત્ય મળતું હોય છે. વલોણામાંથી માખણ નીકળે પણ વલોણાને શાંતિ ન હોય. દહીંને શાંતિથી ગોળીમાં પડ્યું રાખો તો માખણ ન નીકળે. જેના જીવનમાં મંદરાચલનું વલોણું વલોવાયું જ નથી તેને માખણ ન મળે. માખણ કોઈ વૃક્ષ નીચે કે ગુફામાં કે બાંકડે બેસવા માત્રથી ન મળે. આ ભ્રાન્તિ છે. માખણ તો વલોવવાથી જ મળે અને વલોણું આઘાત-પ્રત્યાઘાત વિનાનું હોતું નથી. જેનું જીવન સુખ-દુઃખ, શાંતિ-અશાંતિ, આઘાત-પ્રત્યાઘાતમાં વલોવાયું નથી હોતું તેને વળી જ્ઞાન કેવું ? જ્ઞાન અનુભવોથી આવતું હોય છે. ચમત્કારોથી કે શક્તિપાતથી નહિ.

**પ્રથમ આઘાત**

જીવનનો સૌથી મોટો આઘાત પ્રિયજનનું મૃત્યુ છે. સૌને પ્રિય-અપ્રિય હોય જ છે. પ્રિય-અપ્રિયથી મુક્ત કોઈ નથી. ભગવાનને પણ પોતાનો ભક્ત પ્રિય હોય છે. અને રાક્ષસો અપ્રિય હોય છે. એટલે તો રાક્ષસોનો સંહાર કરે

છે. પ્રિયાપ્રિયથી મુક્ત થવાથી વ્યવહારલોપ થઈ જવાય. ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા થઈ જાય. એટલે પ્રિય-અપ્રિય ભાવમાં દોષ નથી. દોષ તો ત્યારે થાય છે કે જ્યારે પ્રિયમાં અપ્રિય અને અપ્રિયમાં પ્રિય ભાવ કરવા લાગે. વિષમાં પ્રિયતા અને અમૃતમાં અપ્રિયતા કરવી એ દોષ છે. જે વિનાશકારી થઈ જાય છે શાસ્ત્રનું કામ વિવેક જગાડવાનું છે જેથી સત્-અસત્‌ની ખબર પડતી રહે.

જીવનપ્રવાહનું વલોણું ફર્યું. મૂળશંકરની ૧૪ વર્ષની બહેનને કોલેરા થયો. ત્યારે કોલેરાની કોઈ દવા શોધાઈ ન હતી. સૌ ભેગાં થઈ ગયાં. મૂળશંકર પણ નાની બહેન પાસે પહોંચી ગયા. મરતા માણસને જોવો અને મરેલા માણસને જોવો. પરણતા માણસને જોવો અને પછી ચિતામાં બળતા માણસને જોવો. જીવનસરિતાના બે કિનારા છે. મરતી વખતે ડચકાં ખાતાં, આંખો ફાટી જતાં, જીભ નીકળી જતાં, કંઠ રૂંધાઈ જતાં, કફ ભરાઈ જતાં, લાચારીથી ટગર ટગર જોઈ રહેતા માણસને જોઈને ભલભલાને જીવનની અસલિયત દેખાઈ આવે. ''મારી પણ આવી જ દશા થશે ?'' માણસ વિચારતો થઈ જાય. વિચારમાંથી વૈરાગ્ય થાય, પણ થોડા જ સમયમાં સંસારનો રંગ પાછો હતો તેવો ને તેવો લાગવા માંડે. જેને લોકો માયાનો રંગ કહે છે.

મૂળશંકર તરફડતી અને ઊલટીઓ કરતી પોતાની પ્રિય બહેનને જોઈ રહ્યા. તે બહુ દુઃખી થઈ. ઘણી પીડા પછી મુશ્કેલીથી પ્રાણ નીકળ્યા. હવે બહેન રહી ન હતી. પ્રિયજનનું મૃત્યુ થઈ ગયું હતું. ચારે તરફ રોકકળ થવા લાગી. મૂળશંકરની આંખમાં આંસુ ન હતાં. તે સ્તબ્ધ થઈને ભાવહીન ઊભા રહ્યા. આવા પ્રસંગે ખરેખર તો જે નથી રોતો તે જ વધારે રડે છે. ફરક એટલો હોય છે કે બીજાની આંખો રડે છે. જેને સૌ જુએ છે અને ન રડનારનું હૃદય રડે છે જેને કોઈ જોતું નથી ! સાંસારિક રિવાજોમાં ઘણી વાર તો દેખાવ પૂરતું પણ બધું થતું હોય છે. બહેનની ચિતા જોઈ, અગ્નિમાં ભડભડ બળતી બહેનની દેહયષ્ટિ જોઈ. જોતજોતામાં બધું ખાખ થઈ ગયું ! બધા ઊતરેલા ચહેરે પાછા ફર્યા. મૂળશંકરનો વિચારવંટોળિયો વધુ પ્રબળ બન્યો. શું આવું જ જીવન છે ? મારું પણ આવું થઈ શકે છે.

ફરી પાછો ઘરમાં બીજો પ્રસંગ બન્યો. મૂળશંકરને કાકા હતા. પિતા દુર્વાસા તો કાકા વશિષ્ઠ હતા. સારા વિદ્વાન અને પ્રેમાળ સ્વભાવના હતા.



માયાળુ સ્વભાવ પરમેશ્વરનું મોટું પ્રદાન કહેવાય. લાગણીહીનતા કરતાં તો પ્રાણહીનતા સારી. લાગણીહીન ત્યાગી-વીતરાગીઓનાં ટોળાંમાં રહેવું કે ફરવું તેના કરતાં મડદાંના ટોળામાં રહેવું સારું. કાકા બહુ જ લાગણીશીલ હતા. પ્રત્યેક ઘરમાં ઓછામાં ઓછું એકાદ તો લાગણીશીલ માણસ હોય જ છે. જે સૌની ચિંતા કરે છે. જે સૌના માટે જીવ બાળે છે. જેનો જીવ કોઈની પીડાને જોઈને પણ બળતો નથી તે સંત ન હોય. કદાચ માણસ પણ ન હોય. ભૂલેચૂકે આવા લાગણીહીનને ભગવાન ન માની લેતા, નહિ તો પૂરી પ્રજા લાગણીહીન થઈ જશે. શ્રીકૃષ્ણ લાગણીનો સાગર છે. પ્રેમ એ જ લાગણી છે. શ્રીકૃષ્ણ પ્રેમાવતાર છે. પ્રેમ સંહારક નથી, પ્રેમવર્ધક છે.

થોડા દિવસ થયા હશે કે સમાચાર મળ્યા કે કાકા છેલ્લી ઘડીઓ ગણી રહ્યા છે. બધાં ભેગાં થઈ ગયાં. મૂળશંકર કાકાના ઓશીકા આગળ બેસી ગયો. તે પ્રિય કાકાની વિદાય જોઈ શકતો નહોતો. બધાં ગમગીન હતાં. કોલેરા સંક્રામક રોગ મનાય છે. જોતજોતામાં આખા ગામમાં રોગ ફેલાઈ જાય. કોઈ નજીક ન જાય, બધાં દૂર જ રહે. પણ મૂળશંકરે કશી પરવા ન કરી, તેણે કાકાના હાથમાં પોતાનો હાથ આપ્યો. અશક્ત કાકાએ જોરથી તે પકડી લીધો. દબાવવા લાગ્યા. પ્રિયથી છૂટવું ગમતું નહોતું. પણ કાળ આગળ સૌ લાચાર હતા. કાકાની આંખો આંસુઓથી ઊભરાઈ ઊઠી. તે કશું બોલી શકતા ન હતા. માત્ર લાગણીથી ટગર ટગર જોઈ રહ્યા હતા. થોડી જ ક્ષણોમાં કાકાની આંખો ઉઘાડી જ રહી ગઈ. ફરી બંધ ન થઈ. હવે પલક મારવાની ક્રિયા સમાપ્ત થઈ ગઈ હતી. કારણ કે કાકા વિદાય થઈ ચૂક્યા હતા. પાર્થિવ શરીર સિવાય હવે કશું ન હતું. સૌકોઈ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યાં. આ વખતે મૂળશંકર પણ પોકે ને પોકે રડી પડ્યો. તેનું રડવું કેમે કરીને અટકતું ન હતું. બાંધ તૂટી ગયો હતો. પિતા કરસનજીએ તેને છાતી સાથે દબાવ્યો અને માંડ છાનો રાખ્યો.

ફરી પાછી સ્મશાનયાત્રા, ચિતા, અગ્નિદાહ અને બળતું શરીર અને છેવટે રાખ જોવાની થઈ. શું આ જ જીવનનો અંજામ ! મૂળશંકરનો વંટોળિયો વધુ મોટો થઈ ગયો.

પિતા કરસનજી શૈવ બ્રાહ્મણ હતા. ઘરમાં શિવપુરાણ અવારનવાર વંચાતું. તેમાં મૃત્યુ પછી શિવભક્તો કૈલાસધામમાં જાય તેની વાતો આવતી.

ત્યાં મૃત્યુ નથી, રોગ નથી, દુઃખ નથી. માત્ર સુખ જ સુખ છે. તેવું મૂળશંકરે કેટલીયે વાર વાંચેલું અને સાંભળેલું. હવે તો બસ ત્યાં જ કૈલાસધામમાં જ જવું છે. અહીં તો દુઃખ જ દુઃખ, પીડા જ પીડા છે. કબીરે લખ્યું, ''રહેના નહિ દેશ બિરાના હૈ'' પણ કાંઈ બધા તો કૈલાસધામમાં ન જાય, તેના માટે તપસ્યા-સાધના કરવી પડે. ગૃહસ્થાશ્રમમાં – ઘરમાં તો થઈ ન શકે. તો હવે કરવું શું ?

સમય પસાર થતો હતો અને મૂળશંકરનો વંટોળિયો મોટો અને ઊંચો થતો હતો. ક્યાંય શાંતિ ન હતી. મોક્ષ, મોક્ષ ને મોક્ષ. બાકી બધું વ્યર્થ છે. પુત્રની ઉંમર હવે ૨૦ વર્ષની થઈ હતી. માતા-પિતાએ તેનાં લક્ષણો વૈરાગી જેવાં જોયાં. ચિંતા થઈ, ક્યાંય સંન્યાસી ન થઈ જાય ! એકનો એક દીકરો હોય અને સંન્યાસી થઈ જાય તો કુળનું નખ્ખોદ જાય. કોને ગમે ? અતિ આકૃષ્ટ થયેલી સ્ત્રીઓ શ્રાપ આપે છે, ''તારું નખ્ખોદ જજો'' નખ્ખોદ જવું એ કેટલું દુઃખદાયી હશે. સૌને વંશવેલો વધારવામાં, ચાલુ રાખવામાં રસ હોય છે. ભગવાન કોઈનું નખ્ખોદ ન કાઢે. વ્યક્તિને પોતાના વંશમાં પોતાનું અસ્તિત્વ સચવાયેલું અનુભવાય છે, આજકાલ કેટલાક ધનલોભી સાધુઓ કોઈના એકના એક દીકરાને સાધુ બનાવી દે છે જેથી તેની સંપત્તિ પોતાને મળી જાય. આ કૃત્ય નિંદનીય જ કહેવાય. મૂળશંકરને બીજા બે ભાઈઓ તથા બે બહેનો હતી. જેમાંથી એક બહેનનું મૃત્યુ કોલેરાથી થઈ ગયું હતું. તે વાત આગળ આવી ગઈ. બાકીના બન્ને ભાઈઓનું અવસાન પણ થઈ ગયેલું. મૂળશંકર જ જીવિત રહેલા, જે સંન્યાસી થઈ ગયા ! એટલે કોઈ વારસદાર રહ્યું ન હતું. તેથી તેમની બીજી બહેન પ્રેમબાઈ જે ગોંડલ નજીકના ગુંદાળા ગામે મંગળજી લીલાધર રાવલને પરણાવેલી તેણે ટંકારા આવીને વારસો સંભાળેલો. તેમના વારસદારો લાંબો સમય સુધી ટંકારામાં રહેલા.

મૂળશંકરને ૨૧મું વર્ષ ચાલી રહ્યું હતું. ત્યારે બ્રાહ્મણોમાં જે કાંઈ સંસ્કૃતનું અધ્યયન વગેરે થતું હતું તે તેમણે કરેલું. હવે એક માત્ર પુત્ર રહી ગયો હોવાથી અને તેની ઉંમર થઈ ગઈ હોવાથી પિતાએ પોતાનો વંશવેલો ચાલુ રાખવા માટે તેનાં લગ્ન કરવાનું નક્કી કર્યું. કરસનજી ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ હતા. સામવેદી ત્રિવેદી હતા. સુખીસંપન્ન હતા તેથી ચારે તરફથી કન્યાઓના પ્રસ્તાવ આવવા લાગ્યા. લગ્નની માત્ર શારીરિક ઉંમર જ નથી



હોતી. માનસિક ઉંમર પણ હોય છે. કેટલાક લોકોની શારીરિક ઉંમર થતાં પહેલાં જ માનસિક ઉંમર થઈ જતી હોય છે. તો કેટલાંકની લગ્ન પછી પણ માનસિક ઉંમર થતી નથી હોતી. માનસિક ઉંમર થયા વિના જ જો કોઈને પરણાવી દેવાય તો તે લગ્ન જામે નહિ. લગ્ન તનથી નહિ મનથી જામતું હોય છે. મૂળશંકર માનસિક રીતે લગ્ન કરવા તૈયાર ન હતા. તેથી ગમે તેમ સમજાવીને એક વર્ષ માટે લગ્ન રોકાવી દીધાં. પણ વર્ષને પૂરું થતાં કેટલી વાર ! અંતે કન્યાપક્ષવાળાએ આગ્રહ કર્યો, ઉતાવળ કરી. દીકરી મોટી થઈ ગઈ છે તેવી ચિંતા બતાવી. ત્યારે ઉંમર વિતાવેલી કન્યાને લોકો ચિંતાથી જોતા. પછી તેને ઠેકાણે પાડવી મુશ્કેલ થઈ જતું. કરસનજી બે તરફ ખેંચાવા લાગ્યા, મૂળશંકર હજી સમય આગળ ધકેલે છે તો દીકરીવાળા તરત જ લગ્ન કરાવવા માગે છે. મૂળશંકરે કાશીમાં ભણવા જવા પ્રાર્થના કરી. પિતા તો તૈયાર થયા પણ માતાજી તૈયાર ન થયાં. માતાજી પુત્રનાં વૈરાગી લક્ષણોથી ચિંતિત હતાં. કાશી જઈને ક્યાંક સંન્યાસી ન થઈ જાય. હવે તો આ એક જ આધાર રહ્યો છે. તેને ખોઈ નાખવો નથી.

કરસનજીને જમીનજાગીર સારી હતી. હવે તે બધું સંભાળે તેવો એક માત્ર પુત્ર આ જ બચ્યો હતો. તેથી તેમને કાશી મોકલવાનું બંધ રાખવામાં આવ્યું, પણ નજીકમાં જ એક સંસ્કૃતના વિદ્વાન હતા તેમની પાસે અધ્યયન નિમિત્તે મોકલવાનું ચાલુ કર્યું. વાતવાતમાં પેલા પંડિતજી આગળ મૂળશંકરે એક દિવસ કહી દીધું કે, ''મારે લગ્ન કરવાં નથી. મારા પિતા જબરદસ્તીથી મને પરણાવે છે'' વગેરે. આ વાત કરસનજી પાસે પહોંચી. તેમણે જોયું કે છોકરો હાથમાંથી છટકી જાય તેના પહેલાં તેનાં લગ્ન કરી નાખવાં જોઈએ. લગ્નની તડામાર તૈયારી ચાલવા લાગી. હવે શું કરવું ? લગ્ન કરીને ઘાંચીની ઘાણીની માફક ગોળ ગોળ ફર્યા કરવું ? જેમ બધા ફરે છે અથવા ગૃહત્યાગ કરીને જન્મમરણના ચક્કરમાંથી મુક્ત થઈને પરમમોક્ષ મેળવવો ? મોક્ષ જ ખરું લક્ષ્ય છે. આ ઘાણી તો હજારો જન્મોથી ફરતી જ આવે છે. કોઈએ કશું તેલ કાઢ્યું નથી. મોક્ષ જ ખરું લક્ષ્ય છે. પણ આ બધાં જબરદસ્તી બંધનમાં નાખે છે. હવે શું કરવું ? ''ચલ ઉડ જા રે પંછી...''

ગૃહત્યાગ.

૨૪-૧૨-૧૦

# ૩. દયાનંદ સરસ્વતીનો સાધનાકાળ

મુખ્યતઃ ચાર કારણોથી વ્યક્તિ ગૃહત્યાગ કરતી હોય છે : (૧) આબરૂ બચાવવા, (૨) પ્રાણ બચાવવા, (૩) પારિવારિક અસંતોષથી અને (૪) આત્મકલ્યાણ અથવા પરલોક સુધારવા.

**૧. આબરૂ**

આબરૂદાર નિશ્ચિંત ન હોય. વાળી ન શકાય તેવું દેવું થઈ જવાથી, સામાજિક કલંક લાગવાથી, ધાર્મિક દોષારોપણ થવાથી કે આવાં જ બીજાં કારણોથી કોઈ વાર વ્યક્તિની આબરૂને હાનિ પહોંચતી હોય છે. કેટલીક વાર આવી આબરૂ સાચી હોય છે તો કેટલીક વાર ખોટી પણ હોય છે. પણ મોટા અને ઊંચા ગણાતા માણસો આબરૂથી જીવતા હોય છે. તેમની આબરૂને ધક્કો પહોંચે તેવી કોઈ ઘટના ઘટી જાય તો હવે લોકોને મોઢું શું બતાવવું તેવા ભયથી વ્યક્તિ કાં તો આત્મહત્યા કરી બેસતી હોય છે અથવા ગૃહત્યાગ કરી દેતી હોય છે.

**૨. પ્રાણ બચાવવા**

જેની પાછળ દુશ્મનો પડ્યા હોય, ગુંડા હોય, પોતાનાથી પહોંચી શકાતું ન હોય તો તેવી સ્થિતિમાં વ્યક્તિ હારીને ગૃહત્યાગ કરી દેતી હોય છે અને જ્યાં સુરક્ષિત જગ્યા હોય ત્યાં ચાલી જતી હોય છે. જેમકે પયગંબરે મક્કાથી મદીના હિજરત કરી.

**૩. પારિવારિક અસંતોષ**

પરિવારમાં કલહ થાય. સાથે રહી ન શકાય તેટલી હદે કલહ વધી જાય, કોઈ ઉપાય જ ન રહે ત્યારે વ્યક્તિ ગૃહત્યાગ કરી દેતી હોય છે. જેમ કે શ્રીકૃષ્ણે દ્વારિકાનો ત્યાગ કર્યો હતો.

**૪. આત્મકલ્યાણ સુધારવા**

કેટલાક લોકોને આત્મકલ્યાણ અથવા પરલોક સુધારવાની તીવ્ર તાલાવેલી હોય અને સાંસારિક જીવન તેમાં બાધક અનુભવાતું હોય તો તેવા માણસો ગૃહત્યાગ કરી દેતા હોય છે. જેમકે બુદ્ધ – મહાવીર વગેરે.

આ સિવાય પણ બીજાં કારણો હોઈ શકે છે, પણ આપણે તો ચોથા કારણ ઉપર જ થોડો વિચાર કરવાનો છે.

મૂળશંકરને લાગ્યું કે પિતાશ્રી કરસનજી હવે જલદીથી જલદી તેમને પરણાવી દેશે. ત્યારે વર-કન્યાનો કોઈ અવાજ ન હતો, તેમની રુચિ કે અરુચિનો પ્રશ્ન પણ ન હતો. માતા-પિતા, ખાસ કરીને પિતા જેના હાથમાં હાથ મેળવી દે તેની સાથે લગ્ન થઈ જતું. અને તે જીવનભરનું બંધન થઈ જતું. લગ્નજીવનના બંધન પછી વ્યક્તિ એક સીમિત ક્ષેત્રમાં બંધાઈ જતી. તેનો વિસ્તરવાનો કે કોઈ સાહસ કરવાનો ચાન્સ રહેતો નહિ, મૂળશંકરને મોક્ષ જોઈતો હતો અને મોક્ષ તો સંસારીને ન મળે. સંસારત્યાગીને જ મળે. પણ ઘરવાળાં સંસાર ત્યાગવા દે તેવાં નહોતાં. તે તો જબરદસ્તી સંસારમાં નાખવા માગતાં હતાં. સંસાર એટલે સ્ત્રી તેવી માન્યતા હતી. સ્ત્રીથી બચે તે જ સંસારથી બચ્યો કહેવાય. જૈનોમાં એક વાત સારી છે. સંસાર ત્યાગનાર દીકરા-દીકરીઓને તેમનાં માતા-પિતા પરિવારવાળાં જ વાજતે-ગાજતે ધૂમધામથી દીક્ષા અપાવે છે. એટલે કોઈને ભાગવું પડતું નથી પણ હિન્દુઓમાં જૈનો જેવું ગૃહત્યાગનું ગૌરવ નથી. કેટલીક વાર તો બાવા થઈ જનારને થોડી હલકી દૃષ્ટિથી પણ જોવાય છે. માતા-પિતાની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. તે વાત સાચી, પણ જેમાં પુત્રનો જીવનહેતુ જ માર્યો જતો હોય તેવી આજ્ઞાનું પાલન કરવાનો આગ્રહ ન હોય. હોય તો તે દુરાગ્રહ કહેવાય. અને હવે મૂળશંકર ૨૧ વર્ષ વિતાવી ચૂક્યા હતા. હવે તેને પોતે પોતાના નિર્ણયો કરવાનો અધિકાર હતો. જો અત્યારે આ ઘડીએ નિર્ણય કરવામાં ચૂકી જવાય તો જીવનભર પસ્તાવું પડે, તેથી તેમણે પાકો નિર્ણય કર્યો કે ''મારે ગૃહત્યાગ કરી દેવો.''

અંતે ૧૮૪૬ના ઉનાળાની સાંજે તેમણે ટંકારા અને પોતાનું ઘર છોડી દીધું અને પગપાળા નીકળી પડ્યા. ક્યાં જવું છે તેની કશી ખબર નથી પણ કોઈ યોગી ગુરુ મળે તો યોગ શીખીને સાચા શિવનાં દર્શન કરી જીવન સફળ કરવું છે. વૈરાગ્ય પણ ઐશ્વર્ય છે. ઐશ્વર્યમાં શક્તિ હોય. તીવ્ર વૈરાગ્યની ધૂનમાં

મૂળશંકર ધસમસ ધસમસ ધસી રહ્યા છે. હજી તેમના શરીર ઉપર ઘરનાં જ કપડાં વગેરે છે. ત્યાં તો રસ્તામાં થોડાક ભિક્ષુઓ મળી ગયા. ભારતદેશ સાધુ-સંન્યાસી, સંતોનો દેશ છે. પણ સાથે સાથે બાવા, ભિક્ષુઓ, મદારીઓનો પણ દેશ છે. બધા એકરૂપમાં હોવાથી ઓળખવા કઠિન થઈ જાય છે. ભિક્ષુકોએ જોયું કે એક યુવાન છોકરો ધસમસતો જઈ રહ્યો છે. તેમણે પૂછ્યું કે, ''ક્યાં જાય છે ?'' ''મોક્ષ મેળવવા.'' ''તે મોક્ષ તો ત્યાગથી મળે, આવાં વસ્ત્રાભૂષણો પહેરવાથી મોક્ષ ન મળે.'' મૂળશંકરને વાત સાચી લાગી, તેમણે સોનાની વીંટી વગેરે આભૂષણો ઉતારી આપ્યાં. હવે નિર્ભય થઈ ગયા. સતત ચાલીને ચાર ગાઉ દૂર કોઈ ગામમાં રાત્રી પડી જવાથી નિવાસ કર્યો. કહેવાય છે કે ત્યાં ગામની ભાગોળે હનુમાનજીનું મંદિર હતું. ગામેગામ બંધાયેલાં આવાં નાનાં-મોટાં અસંખ્ય મંદિરો કેટલાય મૂળશંકરોને આશ્રય આપતાં હશે. મંદિરમાં કોઈ પૂજારી ન હતો તેથી જમવાની તો વાત જ ક્યાં રહી ? રોજ ઘી-દૂધનાં વાળુ કરનારને આજે સૂકો રોટલોય જોવાયે ન હતો, પણ વૈરાગ્યનું ઐશ્વર્ય હોય તો આવાં કષ્ટો વ્યક્તિ હસતાં હસતાં સહન કરી શકે. નહિ તો ''હેંડ મારા ભાઈ ઘરે પાછા.'' કરતા ઘેરે આવી જાય !

બીજા દિવસે ઓળખીતા માણસો દ્વારા પકડાઈ ન જવાય એ ભયથી તેમણે મુખ્ય રસ્તો છોડી દીધો અને ગામડાનો વાંકોચૂંકો આડોઅવળો રસ્તો પકડ્યો. ખબર પડી કે તેમને શોધવા પાછળ ઘોડા આવી રહ્યા છે. મૂળશંકર આખો દિવસ ચાલ ચાલ કરતા રહ્યા. પંદર ગાઉ ચાલી નાખ્યું ! અને સાંજે રાણીમાંના હનુમાન મંદિરમાં પહોંચ્યા. આ મંદિર 'લુણસરિયા' ગામની નદીના કાંઠે આવેલું છે. શું ખાધું, તે તો ભગવાન જાણે.

### સાયલા

સૌરાષ્ટ્રમાં ઘણાં સતી-સંતો ભક્તોની જગ્યાઓ છે. આમાંની ઘણીખરી અતિથિ-અભ્યાગત, સાધુ-સંતોને રોટલો-ઓટલો આપી સેવા કરે છે. આમાંની એક જગ્યા એટલે લાલજી ભગતનું સાયલા. ત્યારે લાલજી ભગત હયાત હતા. તેમની સારી પ્રસિદ્ધિ હતી. લોકો તેમને સિદ્ધપુરુષ માનતા અને સિદ્ધિની વાતો ચાલતી રહેતી. મૂળશંકર સાયલા પહોંચી ગયા. અહીં તો રહેવા-જમવાની બધી વ્યવસ્થા હતી. અહીં જુદી જુદી કક્ષાના ઘણા સાધુ-સંતો રહેતા હતા. મૂળશંકર તેમાં ભળી ગયો. બન્યું એવું કે મૂળશંકર રાત્રે ભજન સાધના કરવા



માટે એક દૂરના વૃક્ષ નીચે બેઠો હતો, સૌ કોઈ સૂઈ ગયા હતા તેવામાં વૃક્ષ ઉપરથી ઘૂઘવાટા કરતો અવાજ આવ્યો. જરૂર ભૂત હશે તેમ માનીને મૂળશંકર નજીકના મંદિરમાં ચાલ્યા ગયા. ભૂતના વિચાર-સંસ્કાર સૌને બાળપણથી હોય છે. અને ઓછાવત્તા અંશે જીવનભર રહે છે. ત્યારે મૂળશંકરના જીવનની શરૂઆત જ હતી. વિચારો અને સિદ્ધાંતો રાતોરાત આવી જતા નથી, વર્ષોના અનુભવ પછી બધું આવતું હોય છે.

### શુદ્ધચૈતન્ય

એવું લાગે છે કે સાયલામાં મૂળશંકર ઘણા દિવસ રહ્યા હતા. ત્યાં તેમને એક બ્રહ્મચારીજી મળ્યા. તેમણે મૂળશંકરને દીક્ષા લેવા સમજાવ્યા. દીક્ષા તો લેવી જ હતી, તેથી મૂળશંકરે પેલા બ્રહ્મચારીજી પાસેથી બ્રહ્મચારીની દીક્ષા લીધી. નામ રાખ્યું શુદ્ધચૈતન્ય. વસ્ત્રો થયાં ભગવાં, હવે થયા પૂરેપૂરા સાધુ, બાવા, સંન્યાસપદ્ધતિમાં સંન્યાસ લેતાં પહેલાં થોડા વર્ષો માટે બ્રહ્મચારી બનાવાય છે. કદાચ વિચાર બદલાય તો તે પાછો ઘરે જઈ શકે છે. પણ નૈષ્ઠિક બ્રહ્મચારીની દીક્ષા લીધેલી વ્યક્તિ પાછી ન જઈ શકે. હવે આપણે આપણા નાયકને શુદ્ધચૈતન્ય કહીશું.

સાયલામાં લાલજી મંદિરમાં ભક્તિમાર્ગી પ્રણાલી પ્રમાણે ભજનકીર્તન, રાસ-ગરબા, નામસ્મરણ, આરતીપૂજા વગેરે થતું રહેતું. થોડા દિવસ રોકાઈને શુદ્ધચૈતન્ય વિદાય થઈ ગયા.

### કોઠગાંગડ

શુદ્ધચૈતન્ય ફરતા-રમતા અમદાવાદ પાસેના કોઠગાંગડ પહોંચી ગયા. અહીં એક વૈરાગી બાવાઓની જમાત આવેલી. ત્યારે ઘણી જમાતો ફર્યા કરતી અને ગામો તથા કસબાઓમાં દબાણથી ધન વસૂલતી. લોકો સાધુ-સંત, બાવા-ભિખારીઓમાં કશો ભેદ કરી શકતા નહિ. બધાને સાધુ-સંત જ સમજતા. કોઠગાંગડનાં રાણી હતાં, જે જમાતના પ્રભાવમાં આવી ગયેલાં. શુદ્ધચૈતન્ય કોઠગાંગડમાં લગભગ ત્રણ મહિના સુધી રહ્યા હતા. ખબર નહિ ગામલોકોએ તેમની સ્મૃતિમાં કશું રાખ્યું છે કે નહિ ?

### સિદ્ધપુર

દિવાળી વીતી ચૂકી હતી અને કારતક પૂનમ આવી રહી હતી. આ પૂનમે સિદ્ધપુરમાં બહુ મોટો મેળો ભરાય છે. ધાર્મિક મેળો હોવાથી ઘણા

સાધુ-સંતો પણ આવે તે સ્વાભાવિક છે. તેમાં કોઈ યોગી મળી રહેશે. જે શુદ્ધચૈતન્યને યોગ શિખવાડીને જીવન સફળ કરાવશે તેવી આશા સાથે શુદ્ધચૈતન્ય સિદ્ધપુર પહોંચી ગયા.

અહાહાહાહા ! ચારે તરફ માણસ જ માણસ ! સરસ્વતીની રેતમાં દૂર દૂર સુધી માનવમહેરાણ ઊમટ્યો હતો. મળવાની જગ્યાને મેળો કહેવાય. માણસ મળવા માગે છે. કોઈ ઈશ્વરને, કોઈ ગુરુને, કોઈ સંતને, કોઈ મિત્રને, કોઈ પતિ-પત્ની કે પરિવારને. સૌ કોઈ મળવા માગે છે. એકાકી માણસ બિચારો છે. અનાથ છે. દુઃખી છે. પણ મેળ મળે તો જ મળાય, મેળ મળવો જ મુશ્કેલ છે. જો મેળ મળી જાય તો બેડો પાર થઈ જાય. શુદ્ધચૈતન્ય યોગનો મેળ શોધી રહ્યા છે. જે પરમાત્મા સાથે મેળ કરાવી દે પણ તેને મળી ગયો પાડોશના ગામનો પરિચિત એક વૈરાગી રામાનંદી સાધુ. તે મૂળશંકરને ઓળખી ગયો. મૂળશંકરે શુદ્ધચૈતન્ય સુધીની બધી વાત કહી દીધી.

વૈરાગી તો ઊપડ્યો ટંકારા અને કરસનજીને બધી વાત કરી દીધી. પોતાનો પુત્ર બાવાના વેશમાં સિદ્ધપુરમાં ફરી રહ્યો છે તેવું જાણીને પિતાને ક્રોધ અને આનંદ બન્ને થયાં. ઘોડેસવારો તૈયાર થયા અને બધા ચાલ્યા સિદ્ધપુર તરફ.

આ બાજુ શુદ્ધચૈતન્ય સિદ્ધપુરમાં નીલકંઠ મહાદેવના મંદિરમાં રહેવા લાગ્યા હતા. અને ફરી ફરીને સત્સંગચર્ચા કરતા હતા.

પિતા કરસનજી સિદ્ધપુર પહોંચી ગયા. પણ આવડા માનવમહેરામણમાં પુત્રને શોધવો ક્યાં ? તે રોજ શોધવા નીકળી પડે. આખો દિવસ ફરે અને શોધે પણ ક્યાંય મૂળશંકર ન મળે. નિરાશ થઈ રહ્યા હતા તેવામાં એક દિવસ જોયું તો મૂળશંકરને ભગવાં વસ્ત્રધારી થઈને સાધુ-સંતો અને પંડિતોની વચ્ચે બેસીને ધર્મચર્ચા કરતાં જોયો, જીવમાં જીવ આવી ગયો. પિતા ક્રોધી હતા પણ પુત્રપ્રેમી પણ હતા. ઘણી વાર ક્રોધ અને પ્રેમને મેળ પડી જતો હોય છે. શુદ્ધચૈતન્યને જોતાં જ પિતાજીનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. વડીલોને કોણ સમજાવે કે ગુસ્સો કરવાથી બાળકો કે ઘરનાં માણસો વશમાં નથી થતાં. વશીકરણ મંત્ર તો નમ્રતા-સરળતા અને પ્રેમ છે. શુદ્ધચૈતન્યે પિતાજીના પગ પકડ્યા. ક્ષમા માગી પણ પિતાજીએ તો ભગવાં વસ્ત્રો ફાડી નાખ્યાં. કમંડળ તોડી નાખ્યું અને પોલીસ ચોરને પકડે તેમ પકડીને પોતાના ઉતારે લઈ ગયા.



સાથે લાવેલા ચાર સિપાહીઓની ચોકી બેસાડી પુત્રને નજરકેદ કરી લીધો.

**ફરી ભાગ્યા**

બે દિવસ અને બે રાત નજરકેદમાં રહ્યા. સ્વમાની વ્યક્તિને જોર-જુલમ કે દબાણથી વશ ન કરી શકાય. ત્રીજી રાત્રે ત્રીજા પહોરે જ્યારે બધા ઘસઘસાટ ઊંઘતા હતા ત્યારે શુદ્ધચૈતન્ય હાથમાં લોટો લઈને પહેરેલે કપડે ચૂપચાપ ભાગ્યો. દોડ્યો, દોડ્યો તે ઊભો જ ન રહ્યો. દૂર એક વૃક્ષ ઉપર ચઢીને પાસેના મંદિરની ઉપરની બખોલમાં સંતાઈ ગયો.

સિપાહીઓ જાગ્યા અને મૂળશંકરની પથારી ખાલી જોઈ તો ચિંતામાં પડ્યા. કરસનજીએ બધાને ધમકાવ્યા અને ઘોડા પલાણી પાછળ પડ્યા. પેલા મંદિરે પણ આવ્યા પણ પૂજારી કશું જાણતો ન હતો. મંદિરની બખોલમાં સંતાયેલા શુદ્ધચૈતન્ય અધ્ધરશ્વાસે બધું જોઈ રહ્યા હતા. કરસનજી નિરાશ થઈને પાછા ફર્યા. જો ક્રોધની જગ્યાએ વહાલથી – ક્ષમાથી તેમણે કામ લીધું હોત તો કદાચ નિરાશ ન થવું પડત.

મંદિરની બખોલમાં પંદર કલાક સુધી ચૂપચાપ બેસી રહ્યા પછી રાત્રે ધીરે રહીને નીચે ઊતર્યા અને ભૂખ્યા ને ભૂખ્યા ચાલવા લાગ્યા. ચાલ ચાલ કરતાં એક ગામ આવ્યું. ફરી પાછા કોઈ મંદિરના પ્રાંગણમાં સૂઈ ગયા. કોણ પૂછે કે તું ભૂખ્યો છે કે જમ્યો છે ? જે લોકો સાધુ થવાના પ્રથમ દિવસથી જ ગાદી ઉપર બેસે છે અને રોજ લાડવા ઝાપટે છે તે કદી પાકા સાધુ થઈ શકતા નથી. પાકા થવા માટે તો આવી ઠોકરો ખાવી જોઈએ. ભૂખ-તરસ માન-અપમાન-તિરસ્કાર વગેરે વેઠવાં જોઈએ.

શુદ્ધચૈતન્યનું ભ્રમણ ચાલુ હતું. અકિંચન ઉઘાડા પગે આ ગામ ને પેલું ગામ ફરતાં ફરતાં તેઓ વડોદરા પહોંચ્યા. વડોદરા ત્યારે સંસ્કારી નગરી ગણાતી. મહારાષ્ટ્રના ગાયકવાડ વંશીય રાજા હોવાથી ઘણા મહારાષ્ટ્રીય પંડિતો, વિદ્વાનો અહીં વસતા. વિદ્વાનોના વસવાટથી નગર, વિદ્યાનગર બનતું હોય છે. શુદ્ધચૈતન્યને અહીં ઘણા વિદ્વાનો અને સંન્યાસીઓનો સત્સંગ થયો. ચૈતન્યમઠમાં રહીને તેમણે અદ્વૈત વેદાંતનો સત્સંગ કર્યો. તે કાંઈક અંશમાં વેદાન્તી થઈ ગયા. અદ્વૈત સંન્યાસીઓ ધર્મ કરતાં દર્શનનો પ્રચાર વધુ કરતા હોય છે. દર્શન એટલે અદ્વૈતદર્શન. ''અહંબ્રહ્માસ્મિ''. વડોદરામાં તેમને સચ્ચિદાનંદ સ્વામી મળ્યા. યોગ વિશે જિજ્ઞાસા હોવાથી સચ્ચિદાનંદજીએ

શુદ્ધચૈતન્યને ચાણોદમાં જવા અને ત્યાં ભેળા થનારા અનેક સંન્યાસીઓને મળવા આગ્રહ કર્યો.

**ચાણોદ**

શુદ્ધચૈતન્ય તો પહોંચી ગયા ચાણોદ. ચાણોદ નર્મદા કિનારાનું એક પવિત્ર તીર્થધામ છે. તેની પાસે કરનાળીમાં ઘણા સાધુ-સંન્યાસીઓ ત્યારે રહેતા હતા. સંવત ૧૯૦૪ના ચૈત્ર માસમાં શુદ્ધચૈતન્ય ચાણોદ-કરનાળી પહોંચી ગયા અને વેદાંતગ્રંથોનું અધ્યયન કરવા લાગ્યા, ત્યાં પરમાનંદ પરમહંસ નામના મહાત્મા પાસેથી શંકર વેદાંતનું અધ્યયન કર્યું.

**શુદ્ધચૈતન્ય થયા દયાનંદ**

હવે શુદ્ધચૈતન્યને સંન્યાસદીક્ષા લેવાની ઇચ્છા થઈ. પોતે બ્રહ્મચારી હોવાથી જાતે રસોઈ બનાવવી પડતી. સંન્યાસી ભિક્ષાથી નિર્વાહ કરતા તેથી રસોઈ કરવાની માથાકૂટ ન રહેતી.

ચિદાશ્રમ સ્વામીને દીક્ષા માટે કહ્યું પણ તેમણે સ્વીકાર ન કર્યો. એવામાં દક્ષિણના શૃંગેરીમઠથી એક સંન્યાસી આવ્યા. નામ હતું પૂર્ણાનંદજી. તેઓ દ્વારકાની યાત્રાએ નીકળ્યા હતા. તેમનો ભેટો થઈ ગયો. પંડિતજી મહારાષ્ટ્રિયન બ્રાહ્મણ હોવાથી ગુજરાતી બ્રાહ્મણને દીક્ષા આપે નહિ માટે કોઈ ગુજરાતી સ્વામી પાસે દીક્ષા લેવા જણાવ્યું. આમ કરવાનું કારણ જાણવા જેવું છે.

સંન્યાસમાં દશ નામ છે : ૧. ગિરિ, ૨. પુરી, ૩. ભારતી, ૪. વન, ૫. પર્વત, ૬. અરણ્ય, ૭. સાગર, ૮. સરસ્વતી, ૯. તીર્થ અને ૧૦. આશ્રમ. આ બધાની વ્યાખ્યા સમજવા જેવી છે પણ અત્યારે નહિ કરીએ. પહેલાં માત્ર બ્રાહ્મણને જ સંન્યાસ લેવાનો અધિકાર હતો પણ પછી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એમ ત્રૈવર્ણિક સંન્યાસ શરૂ થયો. પાછળથી શૂદ્રોને પણ સ્થાન મળ્યું. પણ આમ કરવા જતાં સંન્યાસીઓના બે ભાગ થઈ ગયા : ૧. દંડી અને ૨. પરમહંસ.

દંડી સંન્યાસી માત્ર બ્રાહ્મણો જ થઈ શકે છે, જે હવે ક્ષીણપ્રાયઃ થઈ ગયા છે. દંડીસ્વામીઓમાં સાડાત્રણ નામો હોય છે : ૧. તીર્થ, ૨. સરસ્વતી, ૩. આશ્રમ અને અડધો ભારતી. બાકીનાં સાડા છ નામો પરમહંસોમાં હોય છે. બ્રાહ્મણ હોવાથી દંડીઓ પોતાને પરમહંસો કરતાં ઊંચા માને છે.



દંડીઓમાં ફરી પાછા બે ભેદ હોય છે. પંચદ્રવિડ અને પંચગૌડ. કેરળ, તમિળ, તેલુગુ, કર્ણાટક અને મહારાષ્ટ્રના બ્રાહ્મણોને પંચદ્રવિડ કહેવાય છે અને આસામ, બંગાળ, ઉડિસા, મિથિલા, અવધ વગેરેને પાંચ ગૌડ કહેવાય છે. પંચદ્રવિડો પોતાને પંચગૌડો કરતાં ઊંચા માને છે. તેથી બન્ને પરસ્પરમાં દીક્ષા આપતા નથી. ગુજરાત-સૌરાષ્ટ્રને પણ પાછળથી પંચદ્રવિડમાં સમાવી લેવાથી ગુજરાતી બ્રાહ્મણો પણ પંચદ્રવિડ ગણાવા લાગ્યા છે.

સ્વામી પૂર્ણાનંદજીનું સમાધાન થવાથી અંતે તેમણે શુદ્ધચૈતન્યને સંન્યાસદીક્ષા આપી નામ રાખ્યું 'દયાનંદ સરસ્વતી'.

જેમ વર-કન્યાનાં પણ કુળ-જ્ઞાતિ-ગોત્ર વગેરે જોવાનાં હોય છે તેમ તે સમયમાં સંન્યાસી થવા માટે આવી કેટલીક બાબતો જોવાતી હતી. હવે સ્વામી દયાનંદ સરસ્વતીજી દંડધારી થયા. પણ દંડનાં લાંબાં કર્મકાંડો કરવાં પડતાં હોવાથી પૂર્ણાનંદજીની આજ્ઞા લઈને તેમણે દંડને નર્મદાજીમાં વિસર્જિત કરી દીધો. દંડવિસર્જન કર્યા પછી તે પરમહંસ થઈ ગયા. દંડી માત્ર બ્રાહ્મણના જ ઘરની ભિક્ષા ગ્રહણ કરે, જ્યારે પરમહંસ ત્રણે વર્ણની. (હવે સૌની) ભિક્ષા ગ્રહણ કરે. દીક્ષા આપીને સ્વામી પૂર્ણાનંદ સરસ્વતી તો દ્વારકા ચાલ્યા ગયા. દયાનંદજી ચાણોદ રહી ગયા અને યોગાભ્યાસ તથા અધ્યયન કરવા લાગ્યા.

વ્યાસ આશ્રમના સ્વામી યોગાનંદજી પાસેથી તેમણે યોગ શીખવા માંડ્યો.

શિનોરમાં ચિત્ત પાવન બ્રાહ્મણ કૃષ્ણશાસ્ત્રી પાસેથી વ્યાકરણનું અધ્યયન કર્યું.

ચાણોદમાં ૧૯૦૬માં તેમણે સ્વામી જ્વાલાનંદજી તથા સ્વામી શિવાનંદજી પાસેથી રાજયોગનો અભ્યાસ કર્યો.

ચાણોદથી અમદાવાદ અને અમદાવાદથી આબુ પર્વત ઉપર સ્વામી ભવાનીગિરિ પાસે યોગાભ્યાસ કર્યો. આ વખતે સંવત ૧૯૦૯ ચાલતો હતો. આ સાધનાકાળ હતો.

૨૫-૧૨-૧૦

# ૪. યોગીની શોધમાં

જે ભમતો નથી તે પામતો નથી અને જે ભટકતો નથી તેની ભ્રાન્તિ ટળતી નથી. જે સાધુએ હિમાલય જોયો નથી કે હિમાલયમાં ભ્રમણ કર્યું નથી તે અધૂરો છે. હિમાલયની અનેક ખૂબીઓ છે પણ તેમાં સૌથી મોટી ખૂબી પર્વતોની ઊંચાઈઓ જેવી જ નિવાસીઓની ઊંચાઈ છે. ત્યાં દરિદ્રતા છે. અરે ઘોર દરિદ્રતા છે. તોપણ માણસ તો ઊંચો જ છે. કારણ કે તે દરિદ્રતામાં પણ પૂરો પ્રામાણિક અને નિખાલસ છે. લુચ્ચા તવંગરો કરતાં, સાચો દરિદ્ર ઊંચો જ છે. હિમાલયવાસીઓમાં માનવસહજ ઘણા દોષો છે જ. તેની ના નહિ પણ તેની સચ્ચાઈ, નિખાલસતા અને સજ્જનતા આપણું માથું નમાવે તેવાં હોય છે. સમૃદ્ધિની ઊંચાઈની સાથે લુચ્ચાઈ પણ તેટલી જ ઊંચી હોય ને તેવી સમૃદ્ધિ કરતાં દરિદ્રતા સારી. પગપાળા ભ્રમણ કરનારાઓને સૌથી વધુ સહાયક દરિદ્રો જ થતા હોય છે.

સ્વામી દયાનંદ સરસ્વતી જેમને હવે માત્ર સ્વામીજી જ કહીશું. તે ભ્રમણ કરતા કરતા હરદ્વાર પહોંચી ગયા. ત્યારે હરદ્વારમાં સંવત ૧૯૧૧નો કુંભમેળો ભરાયો હતો. કુંભમેળાનો લાંબો અને જૂનો ઇતિહાસ છે. પણ અત્યારે તેની ચર્ચા નહિ કરીએ. હરદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાશિક એમ ચાર સ્થળોએ દર ત્રીજા વર્ષે કુંભમેળો ભરાય છે. હવે અર્ધકુંભી પણ ભરાવા લાગી છે. આ ચારે તીર્થધામોમાં હજારો નહિ લાખ્ખો હવે તો કરોડોની સંખ્યામાં યાત્રાળુઓ ઊમટી પડે છે. વિશ્વમાં આટલો મોટો ધાર્મિક મેળો ક્યાંય ભરાતો નથી. મુખ્યતઃ આ સાધુઓનો મેળો કહેવાય છે. સેંકડો સંપ્રદાયના સાધુ-સંતો ઊમટી પડે છે અને લગભગ એક મહિના સુધી મેળો ચાલતો રહે છે. વિશ્વમાં કદાચ આપણે હિન્દુઓ જ છીએ જે નહાવાથી પુણ્ય માનીએ છીએ.



આપણાં બધાં તીર્થો સ્નાનના મહિમાથી પ્રસિદ્ધ છે. કુંભમેળામાં નિર્ધારિત તિથિઓએ સ્નાન થતું હોય છે. બસ આ સ્નાનનો જ મહિમા છે. કેટલીક વાર ભીડની ધક્કાધક્કીમાં સેંકડો માણસો કચડાઈને મરી ગયાની દુર્ઘટનાઓ પણ ઘટી છે. એમ તો એક વાર તૈમૂરે આખા કુંભમેળાને કાપી નાખ્યો હતો. આવું બધુંઘણું જોડાયેલું છે આ મેળા સાથે.

સ્વામીજીને બે અપેક્ષાઓ હતી. કોઈ યોગી મળે અને મોક્ષ અપાવે. જે કુંભમેળામાં હજારો સાધુઓ આવતા હોય તેમાં થોડાક તો સાચા યોગીઓ આવતા જ હશે. પણ તેને શોધવા જોઈએ. બસ આ શોધવાનું જ કામ કહો કે સાધના કહો, સ્વામીજી કરતા હતા.

એક બહુ મહત્ત્વનો પ્રશ્ન એ છે કે યોગી કોને કહેવો ? સામાન્ય લોકોમાં તો ચમત્કારો બતાવે, પાણી ઉપર ચાલે, હવામાં ઊડે, અનેક રૂપો ધારણ કરે, હવામાંથી વસ્તુઓ કાઢી આપે. કોઈને ધનવાન બનાવી દે. કોઈને ભિખારી બનાવી દે. આવું બધું કરે તેને યોગી કહેવાય. આમાંનું એક પણ શક્ય નથી. કદાચ કોઈ કરે તો તે હાથચાલાકી જ હોય. તેમાં ભરમાવા જેવું નથી. ગીતાનો યોગી આવો નથી. તે કર્મયોગી, જ્ઞાનયોગી કે ભક્તિયોગી હોય તોપણ માનવસહજ જીવન જ જીવતો હોય છે. તેની ભૂમિકા ઊંચી હોય તે બરાબર પણ તે કાંઈ ચમત્કાર ન કરતો ફરે. ખુદ કૃષ્ણે મહાભારતમાં ક્યાં કોઈ ચમત્કાર કર્યો છે ! કર્મ કર્યાં છે. યોગ અને યોગીઓના નામે ચમત્કારોની રચાયેલી કથાઓ પ્રજાને લાભ નહિ હાનિ જ પહોંચાડે છે. તેનાથી બચવું જોઈએ. બચાવવું જોઈએ.

સ્વામીજીએ હરદ્વારનો કુંભમેળો કર્યો. તેઓ દૂર ચંડીના પહાડ તરફ જંગલોમાં ચાલ્યા જતા અને એકાંતમાં હરિસ્મરણ કરતા. જેને માન-પ્રતિષ્ઠા અને ધનની અપેક્ષા ન હોય તે જ દૂર એકાંતમાં રહીને એકાકી સાધના કરી શકે. ધનભૂખ્યા કે માનભૂખ્યા ટોળા વિના રહી ન શકે. ટોળું જોઈને કોઈની આધ્યાત્મિકતાનું માપ કાઢી ન શકાય. ભૂલથાપ ખાઈ જવાય. સંતોનાં ટોળાં ન હોય, સંત તો વીરલા જ હોય. સ્વામીજી એકાકી વીરલા ભ્રમણ કરી રહ્યા હતા.

હરદ્વાર પછી હૃષીકેશ થઈને સ્વામીજી ટીહરી ગયા ત્યારે સંવત ૨૦૧૧ ચાલતો હતો. સ્વામીજીની સાથે એક બ્રહ્મચારી અને બે સાધુઓ હતા.

ઘણાંને ખબર નથી કે ગુજરાત સિવાય ભારતના બીજા ભાગોમાં માંસાહાર સામાન્ય છે. કેટલીક જગ્યાએ તો બ્રાહ્મણો પણ માંસાહારી હોય છે. અહીં ટીહરીમાં એક દિવસ એક બ્રાહ્મણ સ્વામીજીને જમવાનું આમંત્રણ આપી ગયો. સમય થતાં ત્રણે સાધુઓ પેલા બ્રાહ્મણના ત્યાં પહોંચ્યા. જોયું તો બકરો કપાયેલો હતો અને જ્યાંત્યાં માંસ પડ્યું હતું. મહારાજ પાછા વળી ગયા. બ્રાહ્મણે આગ્રહ કર્યો કે આ બધું આપના માટે જ બનાવાયું છે. મહારાજે બ્રાહ્મણને સમજાવ્યો કે હું ચુસ્ત શાકાહારી છું અને મારાથી તો માંસ જોયું પણ જતું નથી !

ભારતમાં હિન્દુ ધર્મની પેટાશાખાઓ ઘણી છે. તેમાં એક તંત્રમાર્ગની શાખા પણ છે. તાંત્રિકોમાં બે ભેદ છે : ૧. દક્ષિણમાર્ગી અને ૨. વામમાર્ગી. દક્ષિણમાર્ગી કાલીની ઉપાસના ફળ-ફૂલ-દૂધ-દહીં-ઘી વગેરે શુદ્ધ દ્રવ્યોથી કરે છે, તો વામમાર્ગીઓ એ જ કાલીમાતાની પૂજા મદ્ય-માંસ-મીન-મૈથુન અને મુદ્રા વગેરે પાંચ મકારથી કરતા હોય છે. આ પાંચ મકારોના સેવનથી મોક્ષ પ્રાપ્ત થાય છે તેવું તે લોકો માને છે. અહીં પ્રવાસમાં મહારાજને તાંત્રિકોનો પણ અનુભવ થયો. આ પણ વિચિત્રતા જ કહેવાય કે મોક્ષ માટે એક તરફ કડક બ્રહ્મચર્યની અનિવાર્યતા અને કઠોર તપસ્વીજીવન જીવવાની પદ્ધતિ છે તો બીજી તરફ બધા જ ભોગો બેફામ ભોગવવાની અને તે પણ કોઈ પણ સ્ત્રીના ભેદભાવ વિના. આવી અસંખ્ય પદ્ધતિઓ મોક્ષ માટે ચાલી રહી છે. મહારાજે આ બધું જોયું. ભ્રમણ કરનારને દુનિયાનું વાસ્તવિક ચિત્ર દેખાય છે.

ટીહરીથી મહારાજ અલકનંદા નદીના તટ પર વસેલા શ્રીનગર આવ્યા. અહીંના કેદારનાથ મંદિરમાં વાસ કર્યો. અહીં ગંગાગિરિ નામના એક સારા સંત મળ્યા. ભ્રમણમાં ઘણી વાર કલ્પી ન શકાય તેવા સંત મળી રહેતા હોય છે. તો કેટલીક વાર કલ્પી ન શકાય તેવા દુર્જન પણ મળી રહેતા હોય છે ! કેદારઘાટમાં મહારાજ બે મહિના સુધી રહ્યા.

કેદારનાથથી રુદ્રપ્રયાગ અને પછી અગસ્ત્યઆશ્રમ આવ્યા. હિમાલયમાં નાનીમોટી નદીઓ ઘણી છે. પ્રત્યેક બે નદીના સંગમને પ્રયાગ માનવામાં આવે છે. અહીં પાંચ પ્રયાગ આવેલા છે. જેની વિગત આ પ્રમાણે છે : મોટા ભાગનાં આપણાં તીર્થો જળાધારિત છે. જળ હોય ત્યાં તીર્થ થઈ જાય, પછી મહારાજ



ગુપ્તકાશી, ગૌરીકુંડ, ભીમગુફા અને ત્રિજુગીનારાયણની દુર્ગમ ચઢાઈ ચઢીને પાછા કેદારઘાટ આવી ગયા. જેનામાં શરીરની શક્તિ હોય તથા પુષ્કળ સમય હોય તેમણે આ બધાં સ્નાનોની યાત્રા કરવા જેવી ખરી, ઈશ્વરકૃપાથી આમાંનાં ઘણાંખરાં તીર્થો મને જોવા મળ્યાં છે. હવે તો બધી જગ્યાએ બસોની અવરજવર થઈ ગઈ છે.

મહારાજની આંખો હંમેશાં કોઈ યોગીને શોધતી રહેતી, પણ મોટા ભાગે તે શોધ અધૂરી રહેતી, કારણ કે યોગીઓ વિશેની આપણી કલ્પનાઓ કલ્પનાઓ જ છે. હિમાલયની ગુફાઓમાં હજારો વર્ષોના યોગીઓ તપ તપે છે. તેમના ઉપર ઊધઈનો રાફડો થઈ ગયો છે ! વગેરે વાતોમાં હજી પણ ઘણા લોકો ભોળવાય છે. આવું કોઈ ત્યાં રહેતું નથી. યોગીને શોધવા કરતાં સંત-સજ્જનને શોધવા સારા. કદાચ તે તમારી નજીક જ મળી રહે. પણ હા, તેમના ઉપર હિમાલયનું લેબલ ન હોય. વધુ પડતાં લેબલો વધુ પડતા આડંબરની જ નિશાની કહેવાય.

ઠંડી શરૂ થઈ ગઈ હતી, મહારાજને યોગીની શોધમાં તૃપ્તિ થઈ ન હતી. તે હજી પણ શોધ ચાલુ રાખવા માગતા હતા. પણ સાથેના સાધુઓને ઠંડી સહન ન થઈ તેથી છૂટા પડી ગયા. હવે મહારાજ એકાકી રહી ગયા. હિંમત હાર્યા વિના ધીરજ રાખીને હિમાલયનાં દુર્ગમ ક્ષેત્રોમાં તેમણે શોધ આદરી.

મહારાજ ઊંચા શિખર ઉપર આવેલા તુંગનાથના મંદિરે ચઢી ગયા. બહુ થોડા જ યાત્રીઓ અહીં જાય છે. સીધું ચઢાણ હોવાથી યાત્રીઓ હિંમત હારી જાય છે. હિમાલયની આટલી ઊંચાઈએ પણ પંડ્યા-પૂજારીઓની કામલીલા ચાલુ હતી. તે જોઈને મહારાજ નીચે ઊતરી ગયા. કામલીલા વિનાનું કોઈ ક્ષેત્ર ભાગ્યે જ જોવા મળશે. જેને કામમુક્ત ક્ષેત્ર જોવું હોય તેણે શૂન્ય સ્થાનમાં જવું. કામના દુરાચારને તો રોકવો જોઈએ પણ કામના સદાચારને સ્વીકારીને જ ભ્રમણ કરી શકાય. આ ઋષિમાર્ગ કહેવાય. જો કામાચાર માત્રથી ઘૃણા કરતા થઈ જશો તો તમારું મન ઘૃણાથી ભરાઈ જશે. તમને ક્યાંય કોઈ સારું માણસ જોવા નહિ મળે. જેને તમે સારું માનો છો તે પણ પડદો નથી ખસતો ત્યાં સુધી જ સારું છે. રામની માફક કામ પણ વિશ્વવ્યાપી છે ! કણકણમાં, અણુઅણુમાં તે સર્વવ્યાપક છે. તેને સ્વીકારીને ચાલશો અને

જીવશો તો જ ઓછી ઘૃણાથી જીવી શકશો. પશુ-પક્ષીઓ ઘૃણા વિના જીવન જીવે છે. કારણ કે તેમના ત્યાં કાલ્પનિક પવિત્રતાનો માપદંડ નથી.

એક મોટા મઠમાં એક મોટા મહંત મળ્યા. તેમને શિષ્યની જરૂર હતી. મહારાજ પ્રત્યે તે આકર્ષાયા, પણ મહારાજ ન આકર્ષાયા. દયાનંદ ધનશોધી ન હતા, યોગશોધી હતા. તેઓ પ્રણામ કરીને ચાલી નીકળ્યા. આ તો લાલચ કહેવાય. લાલચથી મુક્ત થયો હોય તે જ સત્યજ્ઞાનને શોધી શકે. સત્યનું મોઢું સુવર્ણપાત્રથી ઢંકાયેલું બનાવ્યું છે.

મહારાજ જોશીમઠ પહોંચ્યા. અહીં આદ્ય શંકરાચાર્યજીની પીઠ છે. થોડો નિવાસ કરીને સીધા બદરીનાથ પહોંચી ગયા. ત્યારે સંવત ૧૯૧૨નો કારતક માસ ચાલતો હતો. તે સમયે હિમપ્રપાતથી દ્વાર બંધ થઈ જાય છે. મંદિરના અધિકારીને રાવલજી કહેવાય છે. ઘણાને ખબર નહિ હોય પણ તે આદ્ય શંકરાચાર્યના વંશજ નાંબુદ્રીવાદ બ્રાહ્મણ હોય છે. તેમને રાજા જેવું માન મળે છે અને મંદિરની આવક ઉપર તેમનો અધિકાર રહેતો હતો. રાવલજીએ મહારાજને સમજાવ્યું કે, ''હવે એવો કોઈ યોગી અહીં નથી, જે છે તે પુસ્તકોમાં છે. ધરતી ઉપર નથી. હવે શોધવાનું બંધ કરો.'' પણ મહારાજ માન્યા નહિ. થોડું સમજાવવા માત્રથી સમજી જાય તેને પ્રબળ દઢતા ન કહેવાય. મહારાજે યોગીની શોધ ચાલુ રાખી. જ્યાં લોકોનો વસવાટ થતો નથી તેવાં દૂરદૂરનાં ઊંચાં હિમશિખરો ઉપર – તળેટીઓમાં તેમણે ભ્રમણ ચાલુ રાખ્યું.

એક વાર અલકનંદા નદીના કિનારે ચાલતાં ચાલતાં માણા ગામ દેખાયું. હિમાલયમાં નદીના પ્રવાહ સાથે ચાલતા રહેવું એ જ કુદરતી માર્ગ હોય છે. વસ્તીની આબાદી નદીકિનારે વસતી હોય છે. માણા ગામને પડતું મૂકીને તેમણે બાજુમાંથી જંગલ તરફનો રસ્તો પકડ્યો. આ માણા ગામ આજે પણ બદરીનાથની યાત્રા કરનારાને બદરીનાથથી થોડે દૂર તિબેટ-ચીનની સીમા ઉપર જોવા મળે છે. અહીંથી પાંડવોએ સ્વર્ગારોહણ કરેલું તેવી માન્યતા છે.

ચારે તરફ બરફ જ બરફ ! બરફ ઉપર થઈને મહારાજે ચાલવા માંડ્યું. બરફ ઉપર ચાલવા માટે વિશેષ પ્રકારના બૂટ પહેરવા પડે છે. જો તે ન પહેરો તો થોડી જ વારમાં પગનાં આંગળાં કાળાં પડી જાય અને પછી તેને કપાવી નાખવાં પડે. આને હિમદંશ કહેવાય છે. ક્યાંય કશો રસ્તો દેખાતો ન હતો. ભૂખ અને તરસની તો વાત જ શી કરવી ? એક બરફનો ટુકડો ખાધો પણ



કાંઈ જ નહિ. બરફથી તો કાંઈ પેટ ભરાય ? અંતે તેમણે ઠરી ગયેલી અલકનંદાને પાર કરવાનો નિર્ણય કર્યો. મહારાજ નદીમાં ઊતર્યા. અંદર બરફની કરચો ભાલા જેવી પગમાં પેસી જાય. પગમાં ચીરા પડ્યા. શરીર શૂન્ય થવા લાગ્યું. મરણ નજીક જ આવી પહોંચ્યું. યોગી તો ન મળ્યા પણ મરણ મળ્યું હોય તેવું લાગવા માંડ્યું. પગને વધુ ઠરતા બચાવવા શરીર ઉપરનાં કપડાં કાઢીને પગ ઉપર વીંટાળવા માટે હિંમત કરીને જેમતેમ કરીને નદીને પેલે પાર પહોંચી ગયા. અને શૂન્ય થયેલા પગો ઉપર કપડાં વીંટી લીધાં. પશ્ચિમના ગોરા લોકો આવાં ક્ષેત્રોમાં ઘણાં સાહસી કાર્યો કરતા હોય છે. પણ તે પહેલેથી બધો વિચાર કરીને વૈજ્ઞાનિક રીતે બધી તૈયારી કરીને પછી કરતા હોય છે. જેથી વિઘ્નો અને વિપરીત પરિસ્થિતિને પાર પાડી શકતા હોય છે. અહીં તો કશી જ તૈયારી ન હતી. કશું આયોજન પણ ન હતું. બસ ઇચ્છા થઈ એટલે નીકળી પડ્યા, યોગીની શોધમાં !

મહારાજ નિરાશ થઈને એક હિમશિલા ઉપર બેસી પડ્યા. ચારે તરફ નજર કરી કે કોઈ મદદ કરે, પણ તદ્દન નિર્જન પ્રદેશ હોવાથી ક્યાંય ચકલુંય દેખાતું ન હતું. જીવનમાં સાહસ જરૂરી છે પણ દુઃસાહસ નહિ. સાહસમાં સમજણ પણ હોય છે. દુઃસાહસમાં સમજણ હોતી નથી. હવે ક્યાં જવું ? નથી તો આગળ જવાતું કે નથી પાછળ જવાતું. અહીં કારમી ઠંડીમાં જ ઠરીને ઠીકરું થઈ જવાનું એવું નક્કી થયું.

એવામાં દૂર બે પર્વતીય માણસો દેખાયા, કાંઈક આશા બંધાણી. લ્યો ભગવાને મદદ મોકલી. જેણે મુસીબત જ જોઈ નથી તેને મદદની કિંમત ન હોય, પેલા બન્ને મહારાજ પાસે પહોંચી ગયા. પ્રણામ કરીને સમાચાર પૂછ્યા. તેમણે મહારાજને પોતાને ઘેર આવવા આગ્રહ કર્યો. જ્યાં કુદરતી વિઘ્નો અને આપત્તિઓ ઘણી હોય છે ત્યાં મદદ કરનારાં માણસો પણ ઘણાં હોય છે. ભલેને ગરીબ હોય પણ પરગજુ હોય છે. ઘણી રકઝક પછી પણ મહારાજ તેમના ઘરે જવા તૈયાર ન થયા. કદાચ તેનું કારણ તેમનો માંસાહાર હોય. આ ભાગમાં બૌદ્ધ પ્રજા વધુ રહે છે. જે પ્રચુર માંસાહારી હોય છે. ઘરનો એકાદ માણસ શિકાર કરવા રોજ જાય, નાનુંમોટું એકાદ જંગલી પશુ મારે અને લઈ આવે. ઘર આગળના એક થાંભલા આગળ તેને લટકાવે અને પછી રોજ જરૂર પ્રમાણે કાપી કાપીને ઉપયોગ કરે, પ્રચંડ ઠંડી હોવાથી દિવસો

સુધી પેલું પશુ બગડે નહિ. જ્યારે પૂરું થઈ જાય ત્યારે ફરી પાછો શિકાર કરવા નીકળી પડે. આ તેમનો નિત્યક્રમ હોય છે. પેલા બન્ને પહાડી માણસો ચાલ્યા ગયા. પછી વિચાર આવ્યો કે સાથે ગયો હોત તો સારું હતું. પણ તે તો દૂર અદશ્ય થઈ ગયા હતા.

ઘણી વાર પડી રહેવાથી થોડી વિશ્રાન્તિ થઈ. અંતે પાછા માણા ગામ તરફ આવીને રાત પડતાં પડતાં બદરીનાથ પહોંચી ગયા. રાતના આઠ વાગી ચૂક્યા હતા. રાવલજી મહારાજની પ્રતીક્ષા કરતા હતા. મહારાજને જોઈને બધા પ્રસન્ન થયા. માનો કે મૃત્યુના મુખમાંથી પાછા ફર્યા હોય ! રાવલજીએ મહારાજને ભોજન કરાવ્યું અને પછી સૂઈ ગયા.

બીજા દિવસે ફરી પાછી યાત્રા શરૂ કરી. હવે મહારાજને રામપુર જવાનું હતું. ત્યારે બસો ચાલતી નહિ. પગદંડીઓ ઉપર પગપાળા માણસોની તથા ખચ્ચરોની અવરજવર રહેતી. ત્યારે યાત્રાળુઓની સંખ્યા બહુ જ ઓછી રહેતી. તેમાં પણ હવે તો શિયાળો ચાલતો હતો. રસ્તામાં એક યોગી મળ્યા પણ તે લોકયોગી અર્થાત્ લોકમાં પ્રસિદ્ધ યોગી, કેટલાક લોકો પોતાની આવી પ્રસિદ્ધિ પોતાની મેળે જ કરતા હોય છે. બાકી ખરેખર તે યોગી હોતા નથી, પણ આ માણસ સારો હતો. ત્યાંથી વિદાય થઈને ચિલકાઘાટી પાર કરી રામપુર પહોંચ્યા. રામપુરથી સિક્ખ પંથના તીર્થ તરફ પણ જવાય છે. અહીં ગુરુદ્વારા અને બધી વ્યવસ્થા છે.

રામપુરમાં રામગિરિ સ્વામી મળ્યા. બહુ પવિત્ર પુરુષ લાગ્યા પણ યોગમાં બહુ નિષ્ણાત ન દેખાયા. રાત રોકાયા. સત્સંગ-ચર્ચા કરી. ફરી નીકળી પડ્યા. હવે મહારાજ પૂર્ણ નિરાશ થઈ ગયા હતા. ‘‘કાં તો કોઈ યોગી છે જ નહિ કાં પછી મને મળતા નથી.’’ એમ માનીને તેઓ ઉત્તરાખંડ, હિમાલયથી ઊતરવા લાગ્યા. તેમની નિરાશા એટલી બધી પ્રબળ થઈ ગઈ કે દેહત્યાગ કરી દેવાનો વિચાર કરવા લાગ્યા. અપેક્ષાઓ તીવ્ર હોય અને મહા પ્રયત્ને પણ પૂરી થતી ન હોય તો નિરાશા જ હાથમાં આવે. એટલે માણસે શક્ય અપેક્ષાઓ જ કરવી હિતાવહ છે. અશક્ય કે સામર્થ્ય બહારની અપેક્ષાઓ પૂરી ન થાય. નિરાશા થાય અને તેમાંથી ડિપ્રેશનનો રોગ થઈ જાય. ડિપ્રેશન વ્યક્તિને આત્મહત્યા તરફ ખેંચી લઈ જાય. મહારાજે નક્કી કર્યું કે આવા જીવન કરતાં તો મરી જવું સારું. આત્મહત્યાના વિચારો આવવા લાગ્યા. લક્ષ્ય



જ માણસને જિવાડતું હોય છે. અશક્ય લક્ષ્ય નિરાશ કરતું હોય છે. અને લક્ષ્યહીનતા તો જીવનને મડદું જ બનાવી દેતી હોય છે. મહારાજ પાસે લક્ષ્યહીનતા ન હતી, પણ અશક્ય લક્ષ્ય હતું. ‘‘યોગી જોઈએ, યોગી જોઈએ. મારો ધારેલો યોગી જોઈએ.’’ પણ તે લાવવો ક્યાંથી ? મહારાજ ઘણો સમય ડિપ્રેશનમાં રહ્યા. લોકો ભોગી થવા ફાંફાં મારતા રહે છે પણ ભોગો મળતા નથી અને નિરાશ થઈ જાય છે. જ્યારે આ યુવાન યોગી થવા ફાંફાં મારી રહ્યો છે પણ યોગી મળતા નથી. બન્ને તરફ નિરાશા જ નિરાશા થઈ રહી છે.

મહારાજ પાસે થોડાંક પુસ્તકો હતાં તેમાં હઠયોગ પ્રદીપિકા પણ હતી, મહારાજ હઠયોગથી પ્રભાવિત હતા અને હઠયોગીને શોધતા હતા. હઠયોગીઓ જુદી જુદી અનેક શરીરક્રિયાઓ કરી છ ચક્રોનું ભેદન કરી પરમ પદ પ્રાપ્ત કરતા હોય છે તેવી ધારણા હતી.

એક દિવસ એવું બન્યું કે મહારાજ ગંગાતટ ઉપર હતા અને પ્રવાહમાં એક મડદું તણાતું તણાતું નીકળ્યું. મહારાજ ગંગામાં કૂદી પડ્યા. તરતા તરતા મડદા પાસે પહોંચી ગયા અને મડદાને જેમતેમ કરીને કિનારે લઈ આવ્યા, પછી ચાકુથી મડદાને ચીરવા માંડ્યું. સામે હઠયોગ પ્રદીપિકા રાખી, તેમાં બતાવેલાં ચક્રો, કુંડલી વગેરે શોધવા લાગ્યા ! ઘણી તપાસ કરી પણ કશું ન મળ્યું. તેથી સ્પષ્ટ થઈ ગયું કે આવાં ચક્રો કે કુંડલી વગેરે શરીરમાં નથી. મહારાજે મડદું પાછું વહાવી દીધું. તેની સાથે જ હઠયોગ પ્રદીપિકા પણ વહાવી દીધી. આ ચુડેલે મને ઊંધા રવાડે ચઢાવી દીધો. જીવનને ખોટા માર્ગે ભટકતું કરી દીધું. તેને વિદાય કરો.

સારી વ્યક્તિઓ પણ ગુમરાહ થતી હોય છે. ગુમરાહ થવું એ કાંઈ દોષ નથી, પણ જાણ્યા પછી પણ તેને પકડી રાખવું એ દોષ છે. પકડવું સરળ છે પણ આ ખોટું છે તેવું જાણ્યા પછી તેને છોડી દેવું કઠિન છે. પરાક્રમ જોઈએ. મહારાજ પરાક્રમી જ કહેવાય, વૈચારિક અને સૈદ્ધાંતિક ભૂલોને સુધારવી એ પરાક્રમથી જ થઈ શકે. નમાલા માણસો જાણવા છતાં પણ ચૂપ બેસી રહે છે. સુધારી ન શકે. કારણ કે પરાક્રમ નથી. મહારાજને લાગ્યું કે, હાશ હળવા થઈ ગયા. ભૂલ સુધરી ને ભાર ગયો.

૨૫-૧૨-૧૦

# ૫. નર્મદાતટે અમરકંટક

ભાર ઊતરે તો હળવાશ આવે. જવાબદારીભર્યું જીવન ભાર વિનાનું નથી હોતું. શક્તિથી ઓછો ભાર હોય તો પરસેવો ન છૂટે પણ શક્તિ ઉપરનો ભાર હોય તો પરસેવો છૂટી જાય. સૌની શક્તિ સરખી હોતી નથી, તેમજ સૌનો ભાર પણ સરખો હોતો નથી. જે સૌથી વધુ ભાર ઉપાડે છે તે શક્તિશાળી છે. જે બીજાનો પણ ભાર ઉપાડે છે તે સંત છે. જે પોતાનો ભાર બીજા પાસે ઉપડાવે છે તે લાચાર-પામર હોવો જોઈએ કે પછી લુચ્ચો હોવો જોઈએ. જે લોકો ભાર ઉપાડતા જ નથી તે મસ્તરામ નથી. બેજવાબદાર છે. પણ જીવનમાં કેટલીક વાર માણસ મિથ્યાભાર ઉપાડતો ફરે છે. અને ખોટી રીતે દબાઈ મરે છે. આ મિથ્યાભારમાંથી છૂટવું તે જ્ઞાન છે, તે સાચી સમજણ છે અને તેથી જ હળવાશ અનુભવાય.

મહારાજને હઠયોગ પ્રદીપિકાએ મિથ્યાભાર ઉપડાવ્યો હતો. તેના ભારથી તે દબાતા રહેતા હતા પણ ગંગામાં તણાતું મડદું મળ્યું તેનું પોસ્ટમોર્ટમ કર્યું અને જોયું કે આમાં તો કોઈ કુંડલી પણ નથી અને ચક્કરો પણ નથી. આ ચક્કરોએ મને ચક્કરમાં નાખી દીધો હતો. અને ભટકાવે છે. મહારાજે તત્કાળ નિર્ણય કર્યો અને હઠયોગ પ્રદીપિકાને ફાડીને ટુકડેટુકડા કરી નાખી ગંગા-પ્રવાહમાં વહાવી દીધા. હાશ, હવે હળવાશ થઈ.

પણ ત્યારે હવે કરવું શું ? લક્ષ્ય તો ચાલ્યું ગયું. ખરું કે ખોટું પણ કામે તો લગાડતું હતું. હવે તો કશું કામ જ ન રહ્યું.

વિરાગી સાધુ જીવનમાં ઇચ્છા હોય કે ન હોય તેને ફરતું રહેવું પડે છે. જ્યારે સાધુ કોઈ મઠ-મંદિર કે આશ્રમમાં કે પછી કુટિયા બનાવીને સ્થિર થાય છે પછી ભ્રમણ અટકી જાય છે. સ્થિર થયેલી વ્યક્તિ જો લક્ષ્યહીન



હોય તો મડદા જેવું કે પછી પ્રવાહજીવન જીવતો થઈ જાય છે. તેનામાં તરવરાટ રહેતો નથી. મહારાજ પાસે કોઈ મઠ-મંદિર કે આશ્રમ ન હતો તેથી ભમતા રહેવું અનિવાર્ય હતું.

હવે મહારાજે હિમાલયથી નીચે ઊતરીને ગંગાકિનારે ભ્રમણ કરવું શરૂ કર્યું. (સં. ૧૯૧૨ ચૈત્ર) ફરુખાબાદ, શૃંગીરામપુર, કાનપુર, મીરજાપુર અને છેવટે વિંધ્યાચલ પહોંચ્યા. તમે મંદિર કે મૂર્તિપૂજામાં માનો કે ન માનો, ભ્રમણ કરતી વખતે ઊતરવાનો આશરો તો કોઈ ને કોઈ મંદિર જ થતું હોય છે ! આપણાં મંદિરો અને ધાર્મિક જગ્યાઓનું એક મોટું જમાપાસું પણ છે કે તે જે આવે તેને આશરો આપે છે. ટુકડો આપે છે. મહારાજ વિંધ્યાચલમાં અશોલજીના મંદિરમાં એક માસ રહ્યા.

### કાશી

પછી ફરતા ફરતા મહારાજ કાશી પહોંચ્યા. કાશી વિદ્યાની નગરી, પંડિતો, મહાપંડિતો અને મહા-મહોપાધ્યાયોની નગરી. પણ રહેવું ક્યાં ? રહેવાની જે સગવડ નાનાં ગામોમાં સાધુઓને મળે તે મોટાં શહેરોમાં ન મળે. ગામડાંમાં તો મંદિરના ઓટલે પણ પડ્યા રહેવાય. શહેરોમાં ઓટલા ન હોય. કદાચ રોટલા હોય પણ મહારાજ હાર્યા નહિ. તેમણે ગંગાકિનારે એક ગુફા શોધી કાઢી. ઋષિમુનિઓ ગુફામાં જ રહેતા ને ! પછી પર્ણકુટિઓ બનાવી. ગુફાને બારી-બારણાં ન હોય. જેને બારણાંની જરૂર ન હોય તે જ ગુફામાં રહી શકે. બાર દિવસ સુધી મહારાજ આ ગુફામાં રહ્યા. પછી છોડીને ચાલતા થયા.

### ચુનાર

કાશીથી મહારાજ ચુનાર ગયા. દુર્ગાકુંડ ઉપર દસ દિવસ રહ્યા. અહીંથી તેમણે અન્નાહારનો ત્યાગ કરી માત્ર દુગ્ધાહાર કરવાનું શરૂ કર્યું. આ પ્રદેશમાં ખાસ કરીને તીર્થક્ષેત્રોમાં પંડ્યા વગેરે ભાંગનું સેવન કરતા હોય છે. મહારાજ પણ ભાંગ પીતા થઈ ગયા ! કયો દોષ ક્યારે આવીને વળગશે તે કહેવાય નહિ. તેમાં પણ વ્યસનદોષ તો બહુ જબરો હોય. એક વાર વળગે તો પછી છૂટવાનું નામ જ ન લે. પણ મહારાજનું મનોબળ પ્રબળ હતું. બહુ જલદી તેમણે ભાંગનો ત્યાગ કરી દીધો. વ્યસન કરતાં પણ વ્યસનીઓથી છૂટવું બહુ કઠિન હોય છે. વ્યસનીઓનો સંગ ન હોય તો વ્યસનથી છૂટવું સરળ થઈ

જાય.

**નર્મદા તરફ**

હવે તો ભ્રમણ જ જીવન બની ગયું હતું. ગંગાકિનારેથી મહારાજ નર્મદાકિનારે પહોંચી ગયા, જો આ બધાં તીર્થો ન હોત તો આપણે ભ્રમણ ક્યાં કરત ? તીર્થોનો ત્યાગ નહિ, તીર્થોમાં ઘૂસી આવેલા દોષોનો ત્યાગ કરવો જોઈએ. શ્રદ્ધાળુ યાત્રીઓ પ્રાચીનકાળથી નર્મદા પરિક્રમા કરતા ફરે છે. ૨-૩ વર્ષ સુધી ચાલ-ચાલ કરો ત્યારે નર્મદા પરિક્રમા પૂરી થાય. પરિક્રમામાં રહેવા-જમવાની ઠેકઠેકાણે સારી સગવડો હોય છે. શ્રદ્ધાનું ક્ષેત્ર લુખ્ખું નથી હોતું. ભોજનના ભંડાર ભર્યા પડ્યા હોય. કોઈ આવો અને ખાવ. ફરે તેને ખબર પડે. હા, કોઈ વાર ફક્કંફક્કા પણ થઈ જાય તો જ મજા આવે ને !

મહારાજે નર્મદાકિનારે વિચરવા માંડ્યું. તમારું રહેવું, જમવું, ઊતરવું વગેરે બધું જ પૂર્વનિશ્ચિત હોય તો આધ્યાત્મિક અનુભવો ન થાય. જે લોકો માત્ર ઈશ્વરભરોસે નીકળી પડતા હોય છે તે અનુભવોનો ભંડાર ભરીને પાછા વળતા હોય છે.

ત્યારે અને આજે પણ નર્મદાના કિનારે આદિવાસી ભીલ લોકોની વસ્તી વધારે. શિકાર અને લૂંટફાટ ઉપર જીવન જીવતી આ પ્રજા ઘોર દરિદ્ર પછાત અને અશિક્ષિત રહેતી, (હવે તો વાતાવરણ બદલાયું છે.) પરિક્રમાવાસીઓને તે લૂંટી લેતા. અમરકંટકના વનમાં તો પહેરેલાં કપડાં પણ પડાવી લે. યાત્રાળુ આપી દે, વન પાર કરો અને ભદ્રસમાજ આવે એટલે યાત્રાળુને બધું મળી રહે.

મહારાજ તો ચાલતા ચાલતા ઘોર વનમાં પહોંચી ગયા. બોરડીનું જંગલ આવ્યું. ચાલો ત્યારે બોરાં ખાઈ લો. અહીં બીજું છે પણ શું ? ક્યાંય કોઈ માણસ ન દેખાય. નાની નાની કેડીઓ ઘણી પણ કઈ કેડી ક્યાં જાય છે તેની કશી ખબર નહિ. હવે તો કેડીઓ પણ બંધ થઈ ગઈ.

અહીં કોઈ માણસ તો જોવા ન મળ્યું પણ એક મોટું રીંછ જોવા મળ્યું. ઓચિંતાનું વનમાંથી નીકળી આવ્યું. મહારાજ અને રીંછ બન્ને એકબીજાને જોઈને નવાઈ પામ્યાં. આ કોણ ? આ કોણ ? રીંછ બે પગે ઊભું થઈ ગયું. તે પ્રહાર કરે તેના પહેલાં જ મહારાજે જોરથી પોતાનો ડંડો જમીન ઉપર પછાડ્યો, તેના અવાજથી રીંછ દોડીને જંગલમાં ચાલ્યું ગયું. પ્રવાસીએ બને



ત્યાં સુધી કોઈ નાનુંમોટું શસ્ત્ર જરૂર સાથે રાખવું જોઈએ. સમય ઉપર કામ આવે. કામ આવ્યું જ. ડંડો ન હોત તો કદાચ રીંછને નહિ મહારાજને ભાગવું પડ્યું હોત !

આદિવાસીઓ દોડી આવ્યા અને હવે આગળ ન વધવા સમજાવ્યું, કારણ કે આગળ ઘણાં જંગલી જાનવરો રહેતાં હતાં. લોકોના સમજાવવા છતાં મહારાજ સમજ્યા નહિ, તેમણે આગળ પ્રવાસ ચાલુ જ રાખ્યો. આગળ વન વધુ ને વધુ ગાઢ થતું ગયું. ક્યાંક ગોઠણિયે પડીને તો ક્યાંક ઊંધા પડીને તો ક્યાંક પેટના દ્વારા રેંગીને રસ્તો કરવો પડ્યો. આખું શરીર છોલાઈ ગયું. કાંટાના ઘા વાગવાથી લોહી નીકળવા લાગ્યું પણ અંતે જેમતેમ કરીને વનમાંથી બહાર નીકળ્યા. હિમાલયમાં બરફના જંગલમાંથી અને અહીં રેવાતટે કાંટાના જંગલમાંથી બહાર નીકળવું પડ્યું. આ સામે ચાલીને બોલાવેલાં કષ્ટો કહેવાય. સુખી માણસ શા માટે વગર જોઈતાં આવાં દુખો બોલાવે ! પણ આવાં દુઃખો એ જીવનની તપસ્યાનો એક મહત્ત્વનો ભાગ બનવાનો છે. કારણ કે આમાંથી જ જીવન ઘડાવાનું છે. વિચારો રિફાઈન થવાના છે અને દૃષ્ટિ સ્પષ્ટ થવાની છે.

બહાર તો નીકળ્યા પણ હજી વિકટતાનો અંત આવ્યો નહોતો. ચારે તરફ વિકરાળ પર્વતોની વચ્ચેથી પસાર થતાં તેમને છાણના પોદરા દેખાયા. જરૂર આગળ માણસો રહેતાં હશે તેવી આશા બંધાણી. થાકેલા લોહીલુહાણ હોવા છતાં આગળ વધ્યા તો થોડાં ઝૂંપડાં દેખાયાં. દીવા ટમટમ થઈ રહ્યા હતા. ૨-૫ ઝૂંપડાંમાં લંગોટીભેર અર્ધનગ્ન હાલતમાં વનવાસી લોકો દેખાતા હતા. હવે અત્યારે રાત્રે તેમને વિક્ષેપ કરવો ઠીક નહિ તેવું માનીને નજીકના એક મોટા વૃક્ષ નીચે લંબી તાણી. ખાવાપીવાનું તો રામ રામ. જ્યારે હજારો મોટા મોટા મહંતો અને આચાર્યો ચાંદીના છત્રીપલંગ ઉપર પોઢી રહ્યા હતા ત્યારે ભારતના ભવિષ્યનો ઉદ્ધારક દયાનંદ ધૂળમાં લેટી રહ્યો હતો ! અજવાળિયાનો ચંદ્ર દૂર આકાશમાં મરક મરક વંદી રહ્યો હતો. ચાલો હજારો નહિ તો કાંઈ નહિ એકાદ ચંદ્ર તો વંદન કરનારો નીકળ્યો !

સવાર થયું અને વનવાસીઓનું એક મોટું ટોળું ગાતું-વગાડતું નીકળ્યું. તેમાં સ્ત્રી-પુરુષો અને બાળકો પણ હતાં. થોડીક બકરીઓ પણ હતી. કદાચ કોઈ ધાર્મિક અનુષ્ઠાનમાં જતાં હશે. મહારાજને જોઈને સૌને નવાઈ લાગી.

આ કોણ ? અહીં ક્યાંથી, થોડી પ્રશ્નચર્ચા થઈ. અંતે બધાએ કાંઈક ખાવાનો આગ્રહ કર્યો પણ સ્વામીજીનું મન ન માન્યું. બધાં માંસાહારી હતાં અને ખબર નહિ શું ખવડાવે ! છેવટે દૂધ લઈ આવ્યા, મહારાજે ગઈકાલથી કશું ખાધું નહોતું. દૂધ અમૃત થઈ ગયું. ગટગટાવી ગયા.

પાછા ચાલવા માંડ્યું. આમ કરતાં કરતાં અંતે અમરકંટક પહોંચી ગયા. અહીંથી નર્મદાજીનો ઉદ્ગમ થાય છે. હજારો હિન્દુઓ પ્રતિવર્ષ અહીં યાત્રા કરવા આવે છે, અહીં ઘણા આશ્રમો તથા મંદિરો છે. કુદરતી વાતાવરણ અતિ રમણીય અને સ્વચ્છ છે. સાધના કરનારા ઘણા સાધકો અહીં આજે પણ સાધના કરે છે. સાધુ-સંતો-ભક્તોને રહેવા-જમવાની કોઈ તકલીફ નથી. મહારાજ રહી ગયા.

૨૫-૧૨-૧૦

# ૬. મથુરામાં વિદ્યાધ્યયન અને વિદાય

જીવનમાં ઘણું શોધવાનું છે, ઘણું ગુમાવવાનું પણ છે. જે શોધે છે તે પામે છે જે નથી શોધતા તે ગુમાવે છે. સર્વપ્રથમ તો જીવન જ ગુમાવે છે પણ સૌની શોધ એકસમાન નથી હોતી. કોઈ ધન શોધે છે. કોઈ તન શોધે છે. કોઈ પદ શોધે છે તો કોઈ પ્રતિષ્ઠા શોધે છે. આ બધામાં જ્ઞાન અને ઈશ્વરને શોધનારા પણ થોડાક હોય જ છે. ઈશ્વરને શોધવા ગૃહત્યાગ કરીને હિમાલય જવું જાણીતી વાત છે. બધું જ ઘરે બેઠાં બેઠાં ન મળી જાય. જેને ઘરબેઠાં બધું મળી જાય તેને ભાગ્યશાળી કહેવાય. વગર શોધ્યે વગર મહેનતે મળે તે જ ભાગ્ય. જોકે મફતપ્રાપ્તિની બહુ કિંમત ન થાય.

દયાનંદજી પહેલાં સાચા શિવની શોધમાં ઘરમાંથી નીકળી પડ્યા. પછી યોગીની શોધમાં નીકળ્યા. હજી નથી તો કોઈ યોગી મળ્યો કે નથી શિવ મળ્યા. હવે ગુરુની શોધ કરવા લાગ્યા. ગુરુના ચાર પ્રકાર છે : (૧) કાનગુરુ, (૨) કંઠીગુરુ, (૩) મંત્રગુરુ અને (૪) જ્ઞાનગુરુ. આમાં ચોથા જ ખરા અને મહત્ત્વના છે. પણ જ્ઞાનગુરુ હજી મળ્યા નથી. તાલાવેલી ઘણી હોવાથી શોધ ચાલે છે. જ્ઞાન શબ્દનો લોકો દુરુપયોગ કરે છે. કોઈ વ્યક્તિ ગુરુપદે બેસીને સેંકડો હજારોને રટેલું જ્ઞાન. જેને પોપટિયું જ્ઞાન જ કહેવાય, તે આપે તો તેને જ્ઞાન ન કહેવાય. જ્યાં જથ્થાબંધ શિષ્ય-દીક્ષાઓ થતી હોય ત્યાં આવું પોપટિયું જ્ઞાન કે મંત્ર દ્વારા દીક્ષા અપાતી હોય છે. આવી દીક્ષાઓને અને જ્ઞાનને કશી લેવાદેવા નથી હોતી. ઊલટાનું આવી દીક્ષાઓથી અજ્ઞાન વધતું હોય છે. હિન્દુ પ્રજાને આવા જથ્થાબંધ દીક્ષાવાદે અંધકારમાં ધકેલ્યો છે. સ્વામીજીને તો સાચું જ્ઞાન જોઈતું હતું. જીવનની સાચી દિશા જોઈતી હતી. હવે તેવા ગુરુની શોધમાં ફરવા લાગ્યા. તેવામાં તેમને જાણ થઈ કે મથુરામાં એક

પ્રજ્ઞાચક્ષુ દંડીસ્વામી વિરજાનંદજી રહે છે. તે મહાજ્ઞાની છે. મહારાજ તો પહોંચી ગયા વિરજાનંદજી પાસે. તે બધી વાતો પછી કરીશું. પહેલાં વિરજાનંદજી વિશે થોડું જાણીએ.

પંજાબમાં વ્યાસ નદીના કિનારે ગંગાપુર નામનું ગામ છે. ત્યાં નારાયણદત્ત નામના સારસ્વત બ્રાહ્મણ રહે. તે ભારદ્વાજ ગોત્રીય અને શારદ જાતિના હતા. તેમના ત્યાં વિરજાનંદજીનો જન્મ થયો હતો. ત્રણ વર્ષની નાની ઉંમરમાં જ તેમને માતા નીકળ્યાં જેમાં બંને આંખો ચાલી ગઈ. ત્યારે આ રોગ અસાધ્ય ગણાતો હતો. ગામેગામ ઘરેઘર માતાના રોગીઓના ખાટલા રહેતા. ''માતા પધાર્યાં છે'' તેવું માનીને કશી દવા ન થાય. કેટલાંક મરી જાય, કેટલાંક આંધળાં થાય. જે જીવે તેને કાયમી રીતે માતાનાં ચાઠાં પડી જાય. તે રોગના નિવારણ માટે આપણે શીતળામાતાની પૂજા-બાધા વગેરે કરતા હતા. જુદા જુદા રોગોને દૂર કરનારી જુદી જુદી દેવીઓ પૂજાતી હતી. જે હજી પણ પૂજાય છે.

પશ્ચિમના લોકોનો અભિગમ વિજ્ઞાન તરફ વળ્યો. એમણે આ રોગની રસી શોધી કાઢી. નાનાં બાળકોને હાથનાં બાવડાં ઉપર રસીના બે દાગ જરૂર હોય તે રસી મુકાવ્યાનાં હોય છે. જેને આ રસી મૂકી હોય તેને માતા ન નીકળે. આ રસી વિશ્વવ્યાપી બની ગઈ, હવે તો આ રોગ જડમૂળથી નાબૂદ થઈ ગયો છે. પશ્ચિમના વૈજ્ઞાનિક અભિગમનું આ પરિણામ કહી શકાય.

વિરજાનંદ ત્રણ વર્ષની ઉંમરમાં જ આંધળા થઈ ગયા. અને ૧૧મા વર્ષે માતા-પિતાનું અવસાન થઈ ગયું. હવે તે અનાથ થઈ ગયા. થોડો સમય મોટા ભાઈના ત્યાં રહ્યા, પણ ભાઈ અને ભાભીએ આંધળો સમજીને અને માથે પડેલો માનીને એવો ત્રાસ આપ્યો કે તેમને ગૃહત્યાગ કરી દેવો પડ્યો. આ લાચાર પરિસ્થિતિવશ થયેલો ગૃહત્યાગ કહેવાય. રખડતા ભટકતા, ઠોકરો ખાતા ખાતા હૃષીકેશ પહોંચ્યા. આવાં અનાથ અને લાચાર બાળકો જાય તો ક્યાં જાય ? તીર્થો, આશ્રમો અને મઠોમાં કદાચ જગ્યા મળે નહિ તો ભીખ માગે. હૃષીકેશમાં ત્રણ વર્ષ સુધી કેડ જેટલા પાણીમાં ગંગાજીમાં ઊભા રહીને ગાયત્રીનું અનુષ્ઠાન કર્યું. ગાયત્રી મહામંત્ર છે. કદી નિષ્ફળ ન જાય. હવે તે ૧૮ વર્ષના થઈ ગયા હતા. અંતઃપ્રેરણાથી તેમણે હૃષીકેશ છોડી દીધું અને હરદ્વાર આવ્યા. અહીં સ્વામી પૂર્ણાનંદ સરસ્વતી પાસેથી સંન્યાસદીક્ષા ગ્રહણ



કરી, દીક્ષા ગ્રહણ ન કરે તો બીજું શું કરે ? જીવનની બધી તકો તો અપ્રાપ્ય થઈ ગઈ હતી. તકોથી જીવન વિકસતું હોય છે. બધાને તકો મળતી નથી. તેથી ક્ષમતા હોવા છતાં પણ વિકસી શકતા નથી. ઘણી પ્રતિભાઓ એટલા માટે પાછળ રહી ગઈ કારણ કે તક જ ન મળી.

સંન્યાસી થયા પછી પણ વિરજાનંદ અધ્યયન કરતા રહ્યા. ઈશ્વરીય એવી વ્યવસ્થા છે કે કાંઈક લઈ લે તો બીજું કાંઈક આપી દે. આંખો લઈ લીધી પણ પ્રચંડ મેધા અને સ્મરણશક્તિ આપી દીધી. વિરજાનંદજી ત્યારે વિદ્યાર્થીઓને 'સિદ્ધાંતકૌમુદી' ભણાવતા. હરદ્વાર કનખલથી મહારાજ કાશી આવ્યા. કાશીમાં એક વર્ષ સુધી રહ્યા. અહીં તેમણે મનોરમા-શેખર-ન્યાય-મીમાંસા અને વેદાન્તના ગ્રંથોનું અધ્યયન કર્યું. હવે મહારાજ બાવીસ વર્ષના થઈ ગયા હતા.

કાશીથી ગયા જવા નીકળ્યા. રસ્તામાં ચોરોએ લૂંટી લેવા પ્રયત્ન કર્યો પણ એક સરદારજીએ બચાવવાથી બચી ગયા. ચોરો પ્રજ્ઞાચક્ષુને પણ નથી છોડતા. મહારાજ ગયામાં ઘણો સમય રહ્યા અને વેદાંત ભણ્યા અને ભણાવ્યું. ત્યાંથી સોરોં ગયા. અહીં એવું બન્યું કે એક વાર તેઓ ગંગાજીમાં ઊભા ઊભા સ્નાન કરતી વખતે પોતાના મધુર કંઠથી વિષ્ણુસહસ્રનામનું ગાન કરી રહ્યા હતા. થોડે દૂર અલવરના મહારાજા વિજયસિંહ પણ સ્નાન કરતી વખતે સાંભળી રહ્યા હતા. તે પ્રસન્ન થઈ ગયા અને પોતાની સાથે અલવર લઈ જવા આગ્રહ કર્યો પણ મહારાજ માન્યા નહિ. અંતમાં ઘણી પ્રાર્થના આગ્રહ પછી એક શરતે તેઓ અલવર જવા તૈયાર થયા કે મહારાજે પ્રતિદિન મહારાજ પાસે ત્રણ કલાક વિદ્યાધ્યયન કરવું. મહારાજ અલવરમાં ત્રણ વર્ષ રહ્યા. પણ શરત તૂટવાથી અલવર છોડીને ભરતપુર પહોંચી ગયા. અહીં છ માસ રહ્યા. આમ ફરતા ફરતા એવા બીમાર થયા કે સૌને લાગ્યું કે હવે બચશે નહિ. પણ બચી ગયા. લગભગ પ્રત્યેક વ્યક્તિ એકાદ વાર તો છેક યમરાજના ઘર સુધી પહોંચીને પાછો ફરતો હોય છે. આવી રીતે મરણપથારીથી બચી ગયેલા માણસને નવું જીવન મળ્યાનો અનુભવ અને આનંદ થતો હોય છે.

વિરજાનંદજી મહારાજ ફરતા ફરતા સંવત ૧૮૯૩માં મથુરા પહોંચ્યા. એક મંદિરમાં રહીને વિદ્યાર્થીઓને ભણાવવા લાગ્યા. પછી તો મકાન ભાડે રાખીને છાત્રોને ભણાવવા લાગ્યા. એક વાર દક્ષિણ ભારતના વિષ્ણુ

સંપ્રદાયના રંગાચાર્ય મથુરા આવેલા. તેમના પંડિતો સાથે મહારાજનો વ્યાકરણ વિષય ઉપર શાસ્ત્રાર્થ થયો. છળકપટથી તેમણે પોતાનો વિજય ઘોષિત કરી દીધો. તેથી મહારાજને દુઃખ થયું. પંડિતોની હીનતા ઉપર ક્લેશ થયો. ચાર વેદ અને છ શાસ્ત્ર ભણવા માત્રથી માણસ સદ્ગુણી નથી થઈ જતો.

એક વાર દક્ષિણી બ્રાહ્મણ અષ્ટાધ્યાયીનો પાઠ કરતો હતો. મહારાજ ધ્યાનથી સાંભળવા લાગ્યા. મહારાજ વ્યાકરણના મહાન પંડિત હતા પણ સિદ્ધાંતકૌમુદી વગેરે ગ્રંથો તેઓ ભણાવતા હતા. અષ્ટાધ્યાયી વ્યાકરણનો મૂળ ગ્રંથ હતો અને તે મહર્ષિ પાણિનિનો લખેલો હતો. મહારાજના જીવનમાં વળાંક આવ્યો. તેમણે નવા ગ્રંથો ભણાવવાના બંધ કરીને ઋષિમુનિઓના જૂના ગ્રંથો ભણાવવા શરૂ કર્યા.

જયપુરના મહારાજા રામસિંહજી મથુરા આવેલા અને મહારાજથી પ્રભાવિત થયેલા તેથી તેમના નિર્વાહ માટે પ્રતિ માસે ૩૦ રૂપિયા મોકલવાની વ્યવસ્થા કરી દીધી. બીજા એક રાજાએ રૂ. ૭-૫૦ મોકલવા માંડ્યા. આમ ૩૭-૫૦ રૂપિયા દર મહિને આવવાથી તેમનો નિર્વાહ સારી રીતે ચાલવા લાગ્યો અને સંસ્કૃતના ખાસ કરીને વ્યાકરણના વિદ્યાર્થીઓને સારી રીતે ભણાવતા રહ્યા.

આવા વિરજાનંદજી મહારાજનું નામ સાંભળીને તેમને શોધતા શોધતા એક રાત્રે દયાનંદજી પહોંચી ગયા. થોડી પ્રશ્નચર્ચા થઈ, દયાનંદજી મહારાજ પાસે ભણવા માગતા હતા પણ તેમને જમવાની વ્યવસ્થા થઈ શકતી ન હતી. સંસ્કૃતના છાત્રો મોટા ભાગે દરિદ્ર હોય છે અને તેમાં પણ સાધુ-સંન્યાસીની પાસે તો કશું જ ન હોય. ખૂબ કષ્ટ વેઠી ભણવાનું હોય છે. દયાનંદજીએ દુર્ગા ખત્રીના ત્યાંથી એક સમય ચણા અને એક સમય સૂકી રોટલી ખાઈને ભણવાનું શરૂ કર્યું. એવામાં અમરલાલ જોશી ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ આવ્યા. મહારાજની પ્રતિભા અને મુશ્કેલીથી જાણકાર થયા. તેમણે મહારાજના જમવાની તથા પુસ્તકોની પૂરી જવાબદારી સ્વીકારી લીધી. ખરેખર અમરલાલ અમર થઈ ગયા ! દયાનંદજી કદી પણ તેમના અહેસાનને ભૂલ્યા નહિ. વારંવાર યાદ કરતા રહ્યા. એક હરદેવ પતવાર નામનો માણસ હતો તેણે પ્રતિમાસ બે રૂપિયા દૂધ માટે આપવાનું ચાલુ કર્યું. હવે વિદ્યાધ્યયનમાં કશો વાંધો રહ્યો નહિ.



### ગુરુસેવા

અધ્યયનકાળ, સેવાકાળ પણ હોય છે. જે ગુરુ પાસેથી વિદ્યાધ્યયન કરવાનું હોય તેની સેવા પણ અધ્યયનનું એક અંગ જ કહેવાય. તેમાં પણ વિરજાનંદજી તો પ્રજ્ઞાચક્ષુ હતા. શારીરિક રીતે લાચાર હતા. પાછા દુર્વાસા હતા. નજીક જતાં પણ લોકો ડરે. તેમને ૮૧ વર્ષ થઈ ચૂક્યાં હતાં. શરીર તો હાડકાંનો માત્ર માળો જ રહી ગયો હતો. પણ દયાનંદજી તેમના ક્રોધી સ્વભાવને સહન કરીને પણ ખૂબ સેવા કરતા. જે વ્યક્તિ સેવ્યના સ્વભાવને સ્વીકારી કે સહન કરી શકતી નથી તે લાંબો સમય મન મૂકીને સેવા કરી શકતી નથી. જે પોતાના અહંને દબાવી શકે તે જ બીજાના સ્વભાવને સ્વીકારી શકે.

વિરજાનંદજી મહારાજના સ્નાન માટે રોજ પંદર ઘડા પાણી જોઈતું. તે યમુનાજીમાંથી લઈ આવતા. વિરજાનંદજીનો ક્રોધી સ્વભાવ હોવાથી બે વાર તેમણે દયાનંદજીને આશ્રમમાંથી કાઢી પણ મૂક્યા હતા. તોપણ થોડા દિવસ પછી ક્ષમા માગીને પાછા આવતા રહેતા અને ભણવાનું ચાલુ રાખતા. એક વાર તો તેમણે દયાનંદજીને જોરથી લાઠી ફટકારી. મહારાજને દેખાય નહિ તેથી પોતે જ ચૂપચાપ સામે બરડો ધરીને ઊભા રહી જતા. કહેવાય છે કે એક વારની લાઠી એવા જોરથી વાગેલી કે તેની નિશાની જીવનભર રહી ગયેલી ! સ્વામીજી તેને શ્રદ્ધાથી યાદ કરીને લોકોને પ્રસાદી તરીકે બતાવતા !

આવી રીતે લગભગ અઢી વર્ષ સુધી વિરજાનંદજીની પાસે રહીને સ્વામીજીએ અષ્ટાધ્યાયી તથા મહાભાષ્ય વગેરે ગ્રંથોનું અધ્યયન પૂર્ણ કર્યું. આવા પ્રચંડ વિદ્વાન આગળ રહીને અધ્યયન કરવું એ લોઢાના ચણા ચાવવા બરાબર હતું પણ તે ચાવી બતાવ્યા.

હવે વિદાયનો સમય આવ્યો. વ્યક્તિની વિદાય ન બગડવી જોઈએ. સંબંધની ચરમ સફળતા વિદાય વખતે દેખાય છે. વચગાળામાં જે કાંઈ ઇષ્ટ-અનિષ્ટ થયું હોય તે બધું ભૂલીને, બલકે માત્ર ઇષ્ટને જ યાદ રાખીને જે લોકો મધુરતાથી વિદાય લેતા હોય છે તે સંબંધને ચરમ કક્ષાએ સાચવી શકતા હોય છે. આ તો ગુરુવિદાય હતી. ગુરુજીની પાસે જતાં કે વિદાય થતાં કદી ખાલી હાથે ન જવાય. ખાલી હાથ લુખ્ખાપણાની નિશાની જ કહેવાય. લુખ્ખો માણસ કોઈનું પણ મન ન જીતી શકે. સ્વામીજી પાસે ભેટ ધરવા માટે કશું

જ ન હતું. જેને કાંઈક આપવું જ છે તેને કાંઈનું કાંઈ મળી જ રહે છે. સ્વામીજીએ જેમતેમ કરીને થોડાં લવિંગ ખરીદ્યાં, કારણ કે વિરજાનંદજીને બહુ ભાવતાં હતાં. અને ઘૂંટણિયે પડીને, નતમસ્તક થઈને ભાવ-વિભોર થઈને અર્પણ કર્યાં. વ્યક્તિ જ્યારે તીવ્ર શ્રદ્ધાથી તુચ્છ વસ્તુ પણ અર્પણ કરે છે ત્યારે તે હીરામાણેક કરતાં પણ વધુ દીપી ઊઠે છે. ગુરુ-શિષ્ય બંને ગદ્‌ગદ થઈ ઊઠ્યા. દરિદ્રતા પ્રેમ અને શ્રદ્ધાની બાધક નથી હોતી, પોષક હોય છે. જો બન્ને પાત્રો સાચાં હોય તો. પ્રસંગ ઘણો જ ભાવુક હતો. બન્નેનાં હૃદય ભરાઈ આવ્યાં હતાં, હૃદય ભરાઈ આવે તો આંખમાંથી પ્રવાહ રૂપે વહેવા લાગે. હૃદયનું ભરાઈ આવવું તથા કકળવું બન્ને આંખો વહીને બતાવતી હોય છે. સ્વામીજીના આગ્રહથી મહારાજે કહ્યું કે, ‘‘હવેથી વૈદિક ધર્મ અને ઋષિમાર્ગનો પ્રચાર કરજે, દેશ અને પ્રજા અંધકારમાં ડૂબી છે. તેને સાચો પ્રકાશ બતાવજે. લોભ-લાલચ કે ભયમાં આવ્યા વિના જે સત્ય હોય તેને જ પ્રગટાવજે. મારા આશીર્વાદ તારી સાથે છે.’’ સ્વામીજીએ વંદન કર્યાં અને વિદાય લીધી. આ ગુરુ પાસેથી શિષ્યની વિદાય થઈ ત્યારે વિક્રમ સંવત ૧૯૨૦ ચાલી રહ્યો હતો.

૨૭-૧૨-૧૦

## ૭. ભ્રમણ અને સુધાર

ઈશ્વરીય સંસારમાં બે પ્રક્રિયા ચાલતી રહે છે : (૧) ગ્રહણ અને (૨) વિસર્જન. સૂર્ય ગરમીથી સમુદ્ર પાસેથી વાદળાં રૂપે જળનું ગ્રહણ કરે છે અને પછી હજારો કિલોમીટર દૂરનો પ્રવાસ કરીને તેનું વિતરણ કરી દે છે. સદીઓથી આ પ્રક્રિયા ચાલ્યા કરે છે. સૂર્ય થાકતો નથી, વાદળો થાકતાં નથી. સમુદ્ર ખૂટતો નથી ! અને ધરતી ધરાતી રહે છે. જો સૂર્ય થાકી જાય કે વાદળાં થાકી જાય કે સમુદ્ર ખૂટી જાય તો આ પ્રક્રિયા બંધ થઈ જાય. અને હા, ધરતી ધરાય તો છે પણ તેને અજીર્ણ નથી થતું. અજીર્ણ થવાથી તૃપ્તિ નથી થતી. અપચનનો રોગ થાય છે. તૃપ્તિ પછી થોડા જ સમયમાં ભૂખ લાગવી જોઈએ. તો જ પાચનતંત્ર યોગ્ય ગણાય. ધરતી સ્ત્રી છે. સૂર્ય પુરુષ છે. સૂર્ય થાકતો નથી અને ધરતી ધરાતી નથી. સૈકાઓથી આ પ્રક્રિયા ચાલી આવે છે. થાકેલો પુરુષ, ભારવહન માટે અયોગ્ય છે. અને ધરાઈ ગયેલી સ્ત્રી સંસારી જીવન માટે અયોગ્ય છે. આ પ્રક્રિયા માત્ર ધરતી-સમુદ્ર અને સૂર્ય સુધી જ સીમિત નથી, બધે જ ચાલે છે.

સ્વામીજીએ પ્રચંડ તપતા સૂર્ય સમાન ગુરુ વિરજાનંદજી પાસેથી પુષ્કળ વિદ્યા-બળ પ્રાપ્ત કરી લીધું હતું. પણ હવે તેનાં વાદળો ક્યાં વરસાવવાં ? વરસ્યા વિનાનાં વાદળો વાંઝિયાં કહેવાય. નર-નારી વાંઝિયાં સારાં, પણ વિદ્યા વાંઝણી નહિ સારી. જ્યારે લક્ષ્મી વાંઝણી થાય ત્યારે ધનનો દુષ્કાળ પડે. ધનનો દુષ્કાળ રોજીઓનો દુષ્કાળ ઊભો કરે અને રોજીઓના દુષ્કાળથી મંદી આવે. તે દરિદ્રતા લાવે. એટલે ધનના ઢગલા થવા જોઈએ પણ તે સતત વવાતા રહેવા જોઈએ. વાવેલું ધન હજારગણું ઊગી નીકળે છે. ધન ત્યાગનાર કરતાં ધન વાવનાર હજાર ગણો મહાન છે. કારણ કે ધનત્યાગી અભાવ સર્જે

છે. અભાવ લાચારી સર્જે છે. જે મૃત્યુ બરાબર કહેવાય. ધન વાવનાર, રોજીઓ સર્જે છે. જેમાંથી જીવન-ભાવ પ્રગટે છે. આ જ ધબકતું જીવન બને છે. ધનત્યાગનો નહિ પણ ધન વાવવાનો અને સદ્ઉપયોગ કરવાનો ઉપદેશ આપવો જોઈએ. જેથી રાષ્ટ્ર અને પ્રજા અભાવમુક્ત થાય. રોજીઓનો અભાવ એ સૌથી મોટો દુષ્કાળ છે. ધનત્યાગથી કે ધન વાવવાથી તે વધે છે. રાષ્ટ્ર અને પ્રજાને એનિમિયા થઈ જાય છે. ધનત્યાગીઓથી રાષ્ટ્ર મહાન નથી થતું પણ ધન વાવનારાઓથી રાષ્ટ્ર મહાન બને છે. રક્તમાં લાલ કણ વધે છે અને રાષ્ટ્ર સમૃદ્ધિની ખુમારીથી લાલ-ચણક, ચમકતું થાય છે.

દયાનંદજી પાસે ધન તો ન હતું પણ વિદ્યા હતી. પ્રચુર વિદ્યા હતી. હવે પ્રશ્ન તેને વાવવાનો હતો. તેઓ કોઈ ફળદ્રુપ ભૂમિ શોધવા લાગ્યા. નજીકમાં જ આગ્રા હતું. મહારાજ પહોંચી ગયા આગ્રામાં.

આગ્રા ઘણાં વર્ષો સુધી મોગલોની રાજધાની રહ્યું હતું. મોગલો બાંધકામ અને બાગ-બગીચાના શોખીન હતા તેથી તે જ્યાં ગયા અને જ્યાં રહ્યા ત્યાં ભવ્ય ઇમારતો બંધાવી. જેમાંની કેટલીક અમર કૃતિઓ થઈ ગઈ. સદીઓ પછી આજે પણ તે અડીખમ ઊભી છે અને મોગલોનો જયજયકાર કરે છે. જેમાંની એક વિશ્વપ્રસિદ્ધ ઇમારત તાજમહાલ છે. જે આગ્રામાં છે. તાજમહાલ મહોબ્બતનો મકરબો છે. ત્યાગી સાધુ-સંતોની સમાધિઓ હોય છે પણ પ્રેમીઓની સમાધિઓ બહુ ઓછી જોવા મળે છે. અંજારમાં જેસલતોરલ જેવી સમાધિઓ કેટલી ? પ્રજાના અભિગમ ઉપર આધાર રહે છે. આપણે ત્યાગપ્રધાન જીવનને સર્વોચ્ચ કક્ષાએ મૂક્યું, જેમાં સર્વપ્રથમ પ્રેમત્યાગ જ પ્રસ્થાપિત થયો. ત્યાગીઓ પ્રેમાળ પત્નીઓનો ત્યાગ કરી કરીને ભાગ્યા અને લોકોએ તેમને ભગવાન બનાવી દીધા. આ ભગવાનોએ લોકોને પણ પોતાનું અનુસરણ કરવાનો ઉપદેશ આપ્યો. બિચારી પ્રેમાળ પત્નીઓ ! – પહેલો કુહાડો તેમના જ ઉપર પડ્યો. આવી રોતી-વિલપતી ત્યજી દીધેલી કોઈ સ્ત્રીની સમાધિ ભાગ્યે જ જોવા મળશે. બીજી તરફ પુરુષોની માફક કોઈ સ્ત્રી-પુરુષને, ઘરને, બાળકોને લાત મારીને ગૃહત્યાગી થઈ ભગવાન થઈ ગઈ હોય તેવું પણ ભાગ્યે જ જોવા મળશે. તેવો અભિગમ જ નથી. ભગવત્તા માત્ર પુરુષો માટે જ અનામત રખાયેલી જણાય છે.

બાદશાહ શાહજહાંએ પોતાની પ્રિય બેગમ મુમતાજના વિરહમાં આ



ભવ્ય ઇમારતનું નિર્માણ કર્યું છે. ઘણાને ખબર નહિ હોય કે મુમતાજ ચૌદ બાળકોની માતા હતી ! ત્યારે સંતતિનિયમન ન હતું અને આજે પણ તેમના વંશજો ક્યાં સંતતિ નિયમનમાં માને છે ? કદાચ એ ચૌદ બાળકોમાંનો એક ઔરંગઝેબ પણ હતો. બાપ-દીકરામાં કશો મેળ નહિ. શાહજહાંના સમયનું સમૃદ્ધ ભારત ઔરંગઝેબના સમયમાં પડતી તરફ ઢળવા લાગ્યું હતું. તેની ધાર્મિક કટ્ટરતાથી શીખો, સતનામીઓ, રાજપૂતો અને મરાઠાઓ ત્રાસી ગયા હતા અને સૌએ પોતપોતાનાં નાનાંમોટાં ખડગો ધારણ કરી લીધાં હતાં, પણ સૌથી મોટું ખડ્ગ લઈને ગોરી પ્રજા આવી અને તેણે મોગલવંશને નામશેષ કરી નાખ્યો. પણ હા, મોગલોની ભવ્ય ઇમારતો હજી નામશેષ થઈ નથી. તાજમહાલ અને લાલકિલ્લા જેવી કેટલીય નાનીમોટી ઇમારતો આજે ભારતની શાન વધારી રહી છે. આપણે ઇતિહાસ તરફ વળી ગયા. ચાલો મૂળ વાત પર જઈએ.

સ્વામીજી આગ્રા પહોંચ્યા. સંવત ૧૯૧૯ના વૈશાખ માસમાં તેઓ આગ્રા પહોંચ્યા હતા. ક્યાં ઊતરવું ? જૈન સાધુઓ માટે ઉપાશ્રય હોય, બૌદ્ધ ભિક્ષુઓ માટે વિહાર હોય, ફકીરો માટે મસ્જિદ હોય પણ હિન્દુ સાધુઓ માટે કશું ન હોય ! હા, સંપ્રદાય હોય તો હોય. બાકી રામ તારી માયા. સ્વામીજી યમુનાકિનારે ભૈરવમંદિરની પાસે લાલા ગલ્લામલ રૂપચંદ અગ્રવાલના બગીચામાં ઊતર્યા. ત્યારે પૈસો મોટા ભાગે વૈશ્યો પાસે જ રહેતો. તે ગામમાં અને ગામની ભાગોળે વધારાની સંપત્તિ રાખતા. બાકી થોડીક સ્થાવર સંપત્તિ ભૂમિપતિ દરબારો રાખતા. જેમાં બગીચો પણ એક સંપત્તિ હતી. બગીચો એટલે ફૂલોનો બગીચો નહિ, ફળાઉ વૃક્ષોનો બગીચો. જેમાં એક બે ઓરડા પણ રહેતા. ત્યાં સાધુ-સંતો ઉતારો કરી શકતા. સ્વામીજી લાલાજીના બગીચામાં ઊતર્યા. તે પ્રદેશમાં બ્રાહ્મણના નામ આગળ 'પંડિત' શબ્દ વપરાતો. જેમકે 'પંડિત મદનમોહન માલવીય' ક્ષત્રિયોના નામની આગળ 'બાબૂ' શબ્દ વપરાતો અને વૈશ્યના આગળ 'લાલા' શબ્દ વપરાતો. આ વર્ણસૂચક શબ્દો હવે પ્રાયઃ લખાતા નથી. શૂદ્રોનાં નામ આગળ આવો કોઈ ખાસ શબ્દ લખાતો સાંભળ્યો નથી. મુસ્લિમોમાં પણ આવા માનવાચી શબ્દો લખાતા હતા. જેમ કે 'મિયાં' જુલ્ફીકાર અલી, 'ખાન' બાદશાહખાન, વગેરે. મહારાષ્ટ્રમાં 'કાકા' 'મામા' વગેરે માનવાચી શબ્દો લખાવા શરૂ થયા હતા.

ગુજરાતમાં વ્યાપારીઓ માટે 'શેઠશ્રી' લખાતું પછીની ખબર નહિ.

લાલાજીના બગીચામાં સ્વામીજી ઊતર્યા. સૂર્યની જાહેરખબરો ન હોય. ભલામણ પણ ન હોય. હા, તારાઓને આવી જરૂર ખરી, પણ તે સૂર્ય થવા માટે. તારા રહેવા માટે નહિ. જાહેરખબરોથી ઉછીનું લીધેલું સૂર્યપણું લાંબું ન ટકે. કદાચ તે આંધીની માફક આંજી નાખતું આવે અને ધૂળ ઉડાડતું ચાલ્યું જાય. સાચા સૂર્યને ઢાંકી ન શકાય. તે સ્વયંભૂ ચમકતો રહે, પણ વાદળાં વિનાની ધરતી હોય તો. આ વાદળાં એટલે અંધશ્રદ્ધા, મિથ્યા શ્રદ્ધા.

લાલાજીના બગીચામાં પ્રથમથી જ એક સાધુ રહેતા હતા. બન્નેનો મેળ પડી ગયો, મેળ ન પડે તો ખટપટો થાય. મેળ વિનાનાં ટોળાં ભેગાં ફેરવવાં તેના કરતાં એકાકી વિચરવું સારું, ખટપટ તો ન થાય ! પેલા સાધુ સ્વામીજીના સેવક બની ગયા. સેવા કરવા લાગ્યા. તેણે જ આગ્રામાં જઈને મોટા મોટા પુરુષોને સમાચાર આપ્યા કે બગીચામાં એક મહાપુરુષ પધાર્યા છે. ઈર્ષ્યા વિનાની સદ્વૃત્તિ હોય તો જ એક સાધુ બીજા સાધુનાં વખાણ કરે. રાયબહાદુર પંડિત સુંદરલાલ, પં. બાલમુકુંદ, પં. દયારામ વગેરે અનેક લોકો સત્સંગ માટે આવવા લાગ્યા. ત્યારે લોકોમાં ધર્મની ભૂખ હતી. સત્સંગ જામવા લાગ્યો. કોઈ વસ્તુને મૂકતાં વાર ન લાગે, પણ જામતાં વાર લાગે.

ત્યારે મહારાજે ગીતા ઉપર સત્સંગ ચાલુ કર્યો. હજી મહારાજના આર્યસમાજી વિચારોએ મૂર્તરૂપ લીધું ન હતું. તેથી પ્રવાહ પ્રમાણે વર્તન-વ્યવહાર વગેરે ચીલાચાલુ હતા. મૌલિકતા રાતોરાત આવી જતી નથી. ઘડાતાં ઘડાતાં આવે છે. સાંપ્રદાયિકતા રાતોરાત આવી જતી હોય છે. કારણ કે તેમાં ઘડાવાનું નથી હોતું. પૂરું તૈયાર ચોકઠું સ્વીકારી લેવાનું હોય છે. તૈયાર ચોકઠું એ જ સાંપ્રદાયિકતા. તેમાં આઘાપાછા ન થવાય. ચોકઠું છે. ચોકઠું અને સુરક્ષા તો સાથે રહે પણ ચોકઠું અને વિશાળતા સાથે ન રહે. ચોકઠું તોડે તે જ વિશાળ થઈ શકે. સ્વામીજીને કોઈ ચોકઠું ન હતું. તેથી સુરક્ષા પણ ન હતી. હા, વિશાળતા જરૂર હતી.

એક વાર કૈલાસ પર્વત નામના એક સંન્યાસી પણ આ બગીચામાં આવીને રહ્યા. તે પણ ગીતા ઉપર પ્રવચન કરવા લાગ્યા. તેમાં ૧૮મા અધ્યાયનો પ્રસિદ્ધ શ્લોક આવતો.

''સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ''



''હે અર્જુન, તું બધા ધર્મોનો ત્યાગ કરીને મારી શરણમાં આવી જા. હું તારો ઉદ્ધાર કરી દઈશ.'' વગેરે. આ શ્લોકમાં 'સર્વધર્માન્'નો અર્થ બધા ધર્મો એમ થાય છે. જે વિસંવાદ પેદા કરે છે. જે ગીતા ધર્મની સ્થાપનાનો ઉપદેશ આપે છે તે ધર્મત્યાગનો ઉપેદશ કેમ આપે ? પણ લોકો જુદાં જુદાં અર્થઘટન કરીને આવો જ અર્થ કરે છે.

સ્વામીજીને આ અર્થ ગમ્યો નહિ. તેથી તેમણે નવો અર્થ કર્યો : ''સર્વ અધર્મોને છોડીને મારે શરણે આવ'' ધર્મની જગ્યાએ અધર્મ શબ્દ વાપર્યો પણ એ આવ્યો ક્યાંથી ? તે મહા વૈયાકરણી હતા. તેમણે વ્યાકરણનો સહારો લીધો. ''શકન્ધ્વાદિષુ પરરૂપં વાચ્યમ્'' અર્થાત્ શકન્ધુ ગણમાં આવેલાં 'અ'નું પરરૂપ કરી દેવું. જેમ કે શક + અંધુ = શકન્ધુ. શકાન્ધુ નહિ. આવી જ રીતે સર્વ + અધર્મ. સર્વધર્મ થઈ જાય. સર્વાધર્મ નહિ. આ સૂત્ર ઉપર કાત્યાયન ઋષિએ વાર્તિક લખી છે ''આકૃતિ ગણોઽયમિતિવાચ્યમ્'' અર્થાત્ શકન્ધુ ગણમાં શબ્દ ન આવ્યો હોય તોપણ આકૃતિ મળતી હોય તો તેને પણ આ નિયમ લાગુ કરવો.

સૌને નવાઈ લાગી. સ્વામીજીની વિદ્વત્તાથી બધા ચકિત થઈ ગયા. તેમની પ્રસિદ્ધિ ફેલાવા લાગી.

તે સમયે સ્વામીજીએ આગ્રામાં દેવીભાગવત ઉપર પણ પ્રવચનો કરેલાં. અને તેઓ ત્યારે શાંકર વેદાન્તને માનતા હતા. તેઓ પંચદશીની કથા પણ કરતા. પંચદશી ભણાવતાં ભણાવતાં એક દિવસે એવું આવ્યું કે ઈશ્વરને પણ ભ્રમ થાય. આ વાક્ય તેમને ગમ્યું નહિ તેથી પંચદશીનો ત્યાગ કરી દીધો. ઈશ્વરને તો કદી ભ્રમ થાય જ નહિ. તે તો પૂર્ણજ્ઞાની છે. આ વાતને જરા સમજવા જેવી છે. શાંકર વેદાન્તમાં માયામાં આવેલા ચૈતન્યને ઈશ્વર કહેવાય છે. આ ઈશ્વરને સૃષ્ટિની રચના કરવાની ઇચ્છા થઈ, અને પછી તેના સંકલ્પથી સૃષ્ટિ થઈ પણ મૂળ બ્રહ્મ તો ઇચ્છારહિત હોવાથી તેને 'નિરીહ' કહેવાય છે, નિરીહમાં ઇચ્છા થવી એ ભ્રમ છે. તેવું કહેવાનો ભાવ છે. સામાન્ય અધ્યાપકો ચીલાચાલુ ભણાવતા હોય છે. પોતાનો દૃષ્ટિકોણ હોતો જ નથી તેથી કોઈને શંકા થતી નથી, સ્વામીજી પાસે પોતાનો દૃષ્ટિકોણ હોવાથી તેમને શંકા થઈ અને પંચદશી ત્યાગી દીધી !

આગ્રાનિવાસ કાળમાં તેમણે 'સંધ્યા' નામનું પુસ્તક લખ્યું હતું, જેને

શેઠ રૂપલાલે છપાવીને વહેંચ્યું હતું.

હવે સ્વામીજી મૂર્તિપૂજાનો વિરોધ કરવા લાગ્યા હતા. તેમના પ્રભાવથી પં. સુંદરલાલે શિવલિંગની પૂજાનો ત્યાગ કરી દીધો હતો. બીજા પણ કેટલાકે મૂર્તિપૂજા છોડી દીધી હતી.

### ધૌલપુર

આગ્રાથી સ્વામીજી ધૌલપુર આવ્યા. અહીં પંદર દિવસ રોકાયા.

### ગ્વાલિયર

ધૌલપુરથી સ્વામીજી ગ્વાલિયર આવ્યા અને મહારુદ્ર મોટેશ્વર મહાદેવના મંદિરમાં રોકાયા. અહીં માધ્વ સંપ્રદાયના શ્રી હનુમંતાચાર્ય મળ્યા. તેમનું તિલક જોઈને સ્વામીજીએ કંઈ ટિપ્પણી કરી જેથી હનુમંતાચાર્ય નારાજ થઈ ગયા અને આવતા બંધ થઈ ગયા.

### ભાગવતકથાનું ખંડન

પ્રત્યેક ધર્મમાં પોતપોતાનો એક સર્વમાન્ય સર્વોચ્ચ ગ્રંથ હોય છે. જેના આધારે ધર્મ ચાલતો હોય છે. આપણો હિન્દુઓનો સર્વોચ્ચ ગ્રંથ 'વેદ' છે. પણ તે પ્રચલિત જ ન થયા. ત્યારે લગભગ લુપ્ત થવાના કાંઠે હતા તેથી પંડિતોએ ખાસ કરીને ધનલોભી પંડિતોએ ભાગવતની કથાને સર્વોચ્ચ મહત્ત્વ આપ્યું હતું. ગ્રંથ પ્રજાનું ઘડતર કરે છે. જીવન દિશા નિર્ધારિત કરે છે. આચાર અને વિચાર બન્નેને પ્રભાવિત કરે છે. ભાગવતથી પ્રજાનું જે ઘડતર થયું તે જગજાહેર છે. તેમાં પ્રેમલક્ષણાભક્તિ છે, જે આગળ જતાં વેવલી થઈ ગઈ !

ત્યારે ગ્વાલિયરમાં મહારાજા જિયાજીરાવ સિંધિયાનું રાજ્ય હતું. તેમણે ભાગવતસપ્તાહનું આયોજન કરેલું. તેમાં સ્વામીજીને પણ આમંત્રણ આપી બોલાવ્યા. વ્યક્તિએ બને ત્યાં સુધી સિદ્ધાંતહીન થઈને કોઈ આમંત્રણમાં જવું ન જોઈએ. સ્વામીજીએ ના પાડી દીધી, પણ જિયાજીરાવે તેમને પુછાવ્યું કે, ''ભાગવતસપ્તાહ કરવાનું ફળ શું ?'' તો મહારાજે જવાબ આપ્યો કે, ''કષ્ટ અને ક્લેશ.'' સ્વામીજી સ્પષ્ટવક્તા હતા, પણ પ્રિયવક્તા ન હતા, તેમનું સ્પષ્ટ વક્તવ્ય કડવું રહેતું જે વગરજોઈતા શત્રુઓ પેદા કરતું.

સપ્તાહ તો શરૂ થઈ ગઈ. બીજી બાજુ સ્વામીજીએ રામકૂવા ઉપર ભાગવતનું ખંડન પણ શરૂ કરી દીધું. શ્રોતાઓ વધવા લાગ્યા. શાસ્ત્રાર્થનો પડકાર ફેંક્યો પણ કોઈ આવ્યું નહિ. યોગાનુયોગ એવું થયું કે મહારાણીને



ગર્ભપાત થઈ ગયો. નગરમાં કોલેરા ફાટી નીકળ્યો. મહારાજાનો પાંચ વર્ષનો કુંવર પણ કોલેરામાં મૃત્યુ પામ્યો. સર્વત્ર હાહાકાર થઈ ગયો. લોકો કહેવા લાગ્યા કે સ્વામીજીએ તો પ્રથમ જ કહી દીધું હતું. કોઈ કોઈ વાર કાગડાને બેસવું અને ડાળનું ભાંગવું એવું બની જતું હોય છે. ગ્વાલિયરથી સ્વામીજી કરોલી ગયા અને કરોલીથી ખુશાલગઢ ગયા, અહીંથી જયપુર ગયા.

### જયપુર

જયપુર રાજસ્થાનની રાજધાની, મહત્ત્વનું નગર, તેમાં બધા ધર્મોના પંડિતો રહે. સં. ૧૯૨૨માં સ્વામીજી જયપુર આવીને ભવાનીરામ વોહરાના બાગમાં ઊતર્યા. પછી ધૂળેશ્વર મહાદેવના મંદિરમાં ઊતર્યા. અને છેવટે રામ પુણ્ય માળી – દરોગાના બાગમાં રહ્યા. અહીં સ્વામી ગોપાલાનંદ સાથે જીવ-ઈશ્વરના સ્વરૂપ વિશે ચર્ચા ચાલી. ગોપાલાનંદજી પ્રસન્ન થયા અને મહારાજ પાસે આવીને રહેવા લાગ્યા.

જયપુરમાં પાઠશાળાઓ ઘણી એટલે પંડિતો પણ ઘણા. અહીં લિખિત પ્રશ્નચર્ચા ચાલી, પણ પંડિતો ટકી શક્યા નહિ.

### જૈન મુનિ

એક જૈનપંથના યતિજી સાથે લિખિત શાસ્ત્રાર્થ થયો પણ દયાનંદજીની મેધા આગળ બધા નિરુત્તર થઈ જતા. જોકે શાસ્ત્રાર્થ કરવા માત્રથી સત્ય-અસત્યનો નિર્ણય થઈ જતો નથી પણ તે સમયમાં આવી પ્રથા પ્રચલિત હતી. તેમાંથી એક મહત્ત્વની વાત તો પ્રકટ થાય છે કે હિન્દુ ધર્મમાં પોતપોતાની વાત રાખવા, માનવા અને પ્રકટ કરવાની પૂરી છૂટ હતી. આવી છૂટ બીજા ધર્મોમાં જોવા મળતી નથી. જે ધર્મોમાં આવી છૂટ નથી હોતી તે કટ્ટર થઈને અસહિષ્ણુ થઈ જતા હોય છે. તથા તેમનું રિફાઈનરૂપ આવતું નથી. હિન્દુધર્મ અને તેના સંપ્રદાયોએ આવી છૂટ આપવાથી તે કટ્ટરતાથી બચી ગયો કહેવાય.

### શૈવ-વૈષ્ણવ સંપ્રદાયો

ભારતમાં હજારો સંપ્રદાયો છે. કેટલાક શાસ્ત્રીય અને કેટલાક અશાસ્ત્રીય. સૌના પોતપોતાના અનુયાયીઓ હોય છે અને જુદી જુદી માન્યતાઓ પણ હોય છે. આ બધા સંપ્રદાયોમાં ત્યારે શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયોની પ્રધાનતા જયપુરમાં પણ હતી. શૈવધારા વૈરાગ્યપ્રધાન છે. જ્યારે વૈષ્ણવધારા ઐશ્વર્યપ્રધાન અને શૃંગારપ્રધાન છે. સ્વામીજી ત્યારે કપાળમાં

ભસ્મ લગાવતા, રુદ્રાક્ષની માળા પહેરતા, તેમનો પિતૃસંપ્રદાય પણ શૈવ જ હતો અને સંન્યાસીઓ પણ શિવને જ વધુ માનતા હોય છે. આ વખતે જયપુરમાં આ બન્ને સંપ્રદાયો વચ્ચે વિવાદ ચાલતો હતો. ભેદમાંથી મતભેદ અને મતભેદમાંથી મનભેદ પણ થઈ શકતો હોય છે. ત્યારે જયપુરના રાજા રામસિંહજી હતા. તેમણે બન્ને સંપ્રદાયોના મૂર્ધન્ય વિદ્વાનોને બોલાવીને શાસ્ત્રાર્થની વ્યવસ્થા કરી. જોધપુરથી નાથસંપ્રદાયના લક્ષ્મણનાથ અને દિલ્લીથી પં. હરિશ્ચંદ્ર શૈવપક્ષમાં આવ્યા હતા જ્યારે વૈષ્ણવસંપ્રદાયના સમર્થનમાં રંગાચાર્ય અને સુદર્શનાચાર્ય આવ્યા હતા. લક્ષ્મણનાથે સ્વામીજીની પ્રતિભા જોઈને પોતાના પક્ષે તેમને પણ સાથે લીધા હતા.

વ્યાસ બક્ષીરામ અને તેમના ભાઈ હનીરામ મધ્યસ્થ અને આયોજક હતા. જ્યારે આવા શાસ્ત્રાર્થ થતા હોય છે ત્યારે લોકોમાં ઉત્સુકતા વધી જાય છે. લોકો હેકડેઠઠ ભરાઈ ગયા ! જોકે શાસ્ત્રાર્થ વ્યવસ્થિત થાય તો પ્રજામાં જાગૃતિ આવે છે પણ જો બન્ને પક્ષે હુંસાતુંસી થાય તો માથાં પણ ફૂટે છે. માત્ર ને માત્ર સત્યને શોધવા માટે જ શાસ્ત્રાર્થ થવો જોઈએ. પણ તેવું હોતું નથી. મોટા ભાગે પોતાનો વિજય અને સામેનો પરાજય કરવા માટે જ શાસ્ત્રાર્થો થતા હોય છે. જેથી સત્ય શોધાતું નથી. જે હોય તે પણ આવી ધર્મચર્ચાથી ખળભળાટ મચી જતો, જેથી લોકો વિચારતા તો જરૂર થતા.

શાસ્ત્રાર્થ શરૂ થયો. સ્વામીજીએ પ્રચંડ યુક્તિઓથી શૈવમતની સ્થાપના કરી, વૈષ્ણમતનું નિરાકરણ કર્યું. શૈવમત અને સ્વામીજીનો વિજય થવાથી ચારેતરફ જયજયકાર થઈ ગયો. એવું કહેવાય છે કે જયપુરના મહારાજાએ શૈવમત ગ્રહણ કર્યો, હજારો માણસોએ રુદ્રાક્ષની માળાઓ પહેરી લીધી. અરે હાથી, ઘોડા, ઊંટ વગેરે પશુઓને પણ રુદ્રાક્ષની માળા પહેરાવવામાં આવી અને મોટી વિજયયાત્રા કાઢવામાં આવી. સ્વામીજી સાડાચાર મહિના જયપુરમાં રહ્યા. જયપુર ધર્મપ્રચારથી ધમધમી ઊઠ્યું.

સ્વામીજી જયપુરથી બગરુ-દૂદૂ અને ત્યાંથી કિશનગઢ ગયા.

### કિશનગઢ

અહીંના મહારાજા પૃથ્વીસિંહ, વલ્લભી વૈષ્ણવ હતા. તેમણે સ્વામીજીનો આદરસત્કાર તો કર્યો, પણ તેમના વિચારોથી નારાજ થઈને રાજ્ય છોડી જવાનો હુકમ પણ કર્યો. આ પણ ઉદારતા જ કહેવાય કે પોતાના મતના



કટ્ટર વિરોધીને કોઈ શારીરિક દંડ આપ્યા વિના જવા દેવાય. અમુક મજહબોમાં તૌહીનનો આરોપ મૂકીને વધ પણ કરી દેવાય. જ્યારે ઉદારતા હિન્દુ ધર્મનું જમાપાસું કહેવાય.

કિશનગઢથી મહારાજ અજમેર અને ત્યાંથી પુષ્કર ગયા.

### પુષ્કર

પુષ્કરની પ્રસિદ્ધિ બ્રહ્માજીના મંદિરથી છે. તે મોટું તીર્થ તો છે જ. પણ ભારતભરમાં સુપ્રસિદ્ધ માત્ર અહીં જ એક બ્રહ્માજીનું મંદિર છે. સ્વામીજી બ્રહ્માજીના મંદિરમાં ઊતર્યા. તેમણે વૈષ્ણવમતનું ખંડન કરવા માંડ્યું. જેથી અનેક પંડ્યા-પૂજારી-બ્રાહ્મણો નારાજ થઈ ગયા પણ કોઈ શાસ્ત્રાર્થ કરવા સામે આવ્યા નહિ. છેવટે બધાએ મળીને વ્યંકટ શાસ્ત્રીને તૈયાર કર્યા. પણ તેઓ સ્વામીજી પાસે આવ્યા નહિ તેથી સ્વામીજી સામે ચાલીને તેમની પાસે ગયા.

૩૦૦-૪૦૦ બ્રાહ્મણો ભેગા થઈ ગયા જેથી વ્યંકટ શાસ્ત્રીને બળ મળે. ભાગવત ઉપર શાસ્ત્રાર્થ શરૂ થયો. શાસ્ત્રીજી સજ્જન માણસ હતા તેમણે સ્વામીજીની પ્રશંસા કરી હાથ જોડ્યા.

### અઘોરી

હિન્દુ ધર્મમાં સાધુઓની અનેક કક્ષાઓ રહેલી છે. તેમાં એક અઘોરી કક્ષાના સાધુઓ પણ હોય છે. સ્મશાનમાં રહેવું, મડદાં ખાવાં, મળ-મૂત્ર પણ ખાવાં વગેરે અનેક જુગુપ્સિત કાર્યો કરીને તે પોતાના શરીરને અત્યંત ગંદું અને ઘૃણિત રાખતા હોય છે. પુષ્કરનો આ અઘોરી બાવો શાસ્ત્રીજીનો ગુરુ હતો. તે મડદાં તો ખાતો, દારૂ પણ પીતો અને સંસ્કૃતનો મહાવિદ્વાન પણ હતો. તેનું કદાવર અને બિહામણું શરીર જોઈને જ લોકો ડરી જતા. કોઈ તેની નજીક ન જતા. કદાચ કોઈ જાય તો તે પથ્થરો મારતો અને ગાળો ભાંડતો.

શાસ્ત્રીજી સ્વામીજીને અઘોરી બાવા પાસે લઈ ગયા. બન્નેએ સંસ્કૃતમાં વાર્તાલાપ કર્યો. અંતે તેણે સૌને જણાવી દીધું કે ‘‘દયાનન્દસ્ય કથનં પૂર્ણતઃ સત્ય મસ્તિ’’ અર્થાત્ દયાનંદ સાચું કહે છે. અઘોરીની વાત સાંભળીને બ્રાહ્મણો ચાલ્યા ગયા. શાસ્ત્રીજી સ્વામીજીથી પ્રભાવિત થયા હોવાથી જરૂર પડે ત્યારે સાથ આપવાનું વચન આપ્યું. સત્યને પણ સાથ-સહયોગની જરૂર

તો પડતી જ હોય છે. સ્વામીજીના પ્રભાવથી બ્રહ્માજીના મંદિરના એક ખૂણામાં કંઠીઓનો ઢગલો થઈ ગયો. લોકોએ ઉતારી ઉતારીને અહીં મૂકી દીધી હતી.

### રામાનુજ સંપ્રદાય

ત્યારે પુષ્કરમાં રામાનુજ સંપ્રદાયનું મહત્ત્વ પણ હતું. વૈષ્ણવધારાઓમાંની તે એક મહત્ત્વની ધારા કહેવાય છે. આ સંપ્રદાય એવું માને છે કે જેના શરીર ઉપર વૈષ્ણવ-તિલક તથા શંખ-ચક્રાદિની છાપ હોય તેને જ વૈકુંઠમાં સ્થાન મળે છે. તેથી રોજ પૂજા વખતે ચંદનથી આવી આકૃતિઓ કરતા હોય છે. કેટલાક સાધુઓ તો પૂરા શરીર ઉપર બાર તિલકો કરતા હોય છે. અહીં સુધી તો કદાચ ઠીક પણ પછી કોઈ સંપ્રદાય બદલે નહિ. આ બધાં ચિહ્નો ન હોય અને ઓચિંતાનું મૃત્યુ થાય તો નરકે જવું પડે. તેથી બચવા માટે ઘણા વૈષ્ણવો તપાવેલી ધાતુઓથી આવાં કાયમી ચિહ્ન શરીર ઉપર લગાવી દેતા હોય છે. આજે પણ અમુક તીર્થોમાં આવી છાપ આપતા હોય છે. તેમણે લખ્યું છે કે "તપ્તતનુઃ સ્વર્ગં ગચ્છતિ ।" અર્થાત્ ચિહ્નોથી દગ્ધ કરેલું શરીર હોય તો જીવાત્મા સ્વર્ગમાં જાય છે. આવી પૌરાણિક કથાઓ પણ જોડી દેવાઈ છે. સ્વામીજીએ આ પ્રક્રિયાનો વિરોધ કરી ખંડન કર્યું અને તપ્તનો અર્થ તપસ્યા વગેરેથી તપાવેલું શરીર એવો કર્યો. મોટા ભાગના સંપ્રદાયો બાહ્યાચારને મજબૂતાઈથી પકડતા હોય છે તેના ઉપર જ વધુ ભાર આપતા રહે છે. તેનો મૂળ હેતુ સમજતા નથી હોતા.

### દ્રવિડ સંન્યાસી

પુષ્કરના ચંદ્રઘાટ ઉપર એક દ્રવિડ સંન્યાસી રહેતા હતા. તે પુરાણોની કથા કરીને બ્રાહ્મણોને ભોજન કરાવતા હતા. બ્રાહ્મણો તેમને શાસ્ત્રાર્થ કરવા સ્વામીજી પાસે લઈ જવા માગતા હતા. પણ પેલા આવ્યા જ નહિ.

બ્રહ્માજીના મંદિરના મહંત મહારાજને રોજ દૂધ આપતા પણ આપતાં પહેલાં તે દૂધ મૂર્તિને ધરાવતા હતા. એક દિવસ સ્વામીજી જોઈ ગયા. સ્વામીજીએ 'પથ્થરના ભગવાન' શબ્દ કહ્યો તેથી મહંતને ખોટું લાગ્યું. તેણે દૂધ આપવાનું બંધ કરી દીધું !

### પૂજારીનું પરિવર્તન

બ્રહ્માજીની પૂજા એક પૂજારી શિવદયાળુ કરતો હતો તે સ્વામીજીના પ્રભાવથી પ્રભાવિત થઈને પૂજાનો ધંધો છોડી પોસ્ટ ખાતામાં નોકરી કરવા



લાગ્યો. એક વૃદ્ધ માતાજી રોજ બ્રહ્માજીનાં દર્શન કરવા આવે. મહારાજે પૂછ્યું કે "મૂર્તિ કાંઈ વાતચીત કરે છે ?" તો વૃદ્ધાએ હા પાડી. "ચાલો ત્યારે વાતચીત કરીએ" એવું કહીને સ્વામીજી વૃદ્ધાને મૂર્તિ પાસે લઈ ગયા. પણ મૂર્તિ કાંઈ બોલી નહિ તેથી વૃદ્ધાએ કહ્યું કે "તમારી આગળ તો બધાય ચૂપ થઈ જાય છે, જે બોલે છે તે પાછળ જ બોલે છે."

### ફરી પાછા અજમેરમાં

સન્ ૧૮૬૬ના જૂન મહિનામાં સ્વામીજી ફરીથી અજમેર આવ્યા અને બંસીલાલના બગીચામાં ઊતર્યા. તેમણે પેમ્પલેટ છપાવીને મૂર્તિપૂજા વગેરે વિષયો ઉપર ચર્ચા કરવા લોકોને બોલાવ્યા, પરંતુ કોઈ સામે આવ્યા નહિ. તેનાં બે કારણો હોઈ શકે ! એક તો સ્વામીજીની પ્રચંડ તર્કશક્તિથી પંડિતો ગભરાતા હતા અને બીજું, "કોણ માથાકૂટ કરે ? જવાદો ને." આવી ધારણાથી.

સ્વામીજી જ્યાં જાય ત્યાં શાસ્ત્રાર્થનો ખળભળાટ થાય જ. ત્યારે સત્યના પ્રચારનો આ જ રસ્તો હશે. અજમેરમાં મૌલવી મુરાદઅલી પણ ચર્ચા કરવા આવ્યા પણ ખાસ ચર્ચા થઈ નહિ.

### પાદરીઓ સાથે

પાદરી જૉન રોબસન તથા શૂલબ્રેડ જેવા ખ્રિસ્તી ગુરુઓ પણ આવ્યા. ઈશ્વર, જીવ તથા સૃષ્ટિરચના જેવા ગહન વિષય ઉપર ત્રણ દિવસ સુધી ચર્ચા ચાલતી રહી, સ્વામીજીએ બધા પ્રશ્નોના જવાબ પોતાના સિદ્ધાંત પ્રમાણે આપ્યા, પછી જ્યારે સ્વામીજીએ ખ્રિસ્તી ધર્મ ઉપર પ્રશ્નો ઉઠાવ્યા તો પાદરીઓ આવ્યા જ નહિ.

પાદરી શૂલબ્રેડે સ્વામીજીને કડવી ભાષા ન વાપરવા કહ્યું. નહિ તો જેલમાં જવું પડશે તેવું કહ્યું. સ્વામીજીએ કહ્યું કે, "સત્ય માટે જેલમાં જવા તૈયાર છું."

રોબસને બ્રહ્માજી અને સરસ્વતીના સંબંધ વિશે ચર્ચા કરી તો સ્વામીજીએ કહ્યું કે આ બન્ને કોઈ ઐતિહાસિક પાત્રો નથી, મિથ છે.

સ્વામીજીનો આગ્રહ હતો કે રાજાઓ તથા અધિકારીઓએ તીર્થક્ષેત્રોમાં ધાર્મિક પ્રજાને લૂંટતા પંડ્યા-પૂજારીઓને દંડ આપીને રોકવા જોઈએ. પણ મેજર ડેવિડસનનું કથન હતું કે, "અમુક સીમા સુધી અમારાથી વચ્ચે પડાય

નહિ. કાયદા પ્રમાણે અપરાધ થાય તો જ અમે દખલ કરી શકીએ. આ કામ ધર્મસુધારાનું છે જે લોકજાગૃતિથી જ આવે.''

## કર્નલ બ્રુક

ત્યારે અંગ્રેજોનું રાજ્ય ચાલતું હતું. અંગ્રેજો કઠોર શાસક ન હતા. તે પણ સુધારાવાદી જ હતા. ખરેખર તો ભારતમાં સુધારાનાં પગરણ થવામાં અંગ્રેજોનો પણ ભાગ હતો. કર્નલ બ્રુક કરીને એક સજ્જન અજમેરમાં રહેતા હતા. તે ગવર્નર જનરલના એજન્ટ હતા. આવા એજન્ટો નાનાં-મોટાં રજવાડાંઓ ઉપર નજર રાખતા અને સંધિ પ્રમાણે રાજા-રજવાડાં કામ કરે છે કે નહિ તેનું ધ્યાન રાખતા.

એક વાર કર્નલ બ્રુક ફરવા નીકળ્યા હતા. સામે જ સ્વામીજી મળી ગયા. બ્રુકે પોતાની ટોપી ઉતારીને સ્વામીજીને માન આપ્યું. જોકે કર્નલ બ્રુકને ભગવાં વસ્ત્રો પ્રત્યે ખાસ આદર ન હતો. કારણ કે સામાન્ય છાપ તેવી હતી. પણ સ્વામીજીની પ્રસિદ્ધિ જે રીતે થઈ રહી હતી તેથી તે પ્રભાવિત હતા. બંસીલાલના બાગમાં બન્ને સામસામી ખુરશી ઉપર બેસીને ચર્ચા કરવા લાગ્યા. સ્વામીજીના વિચારોથી કર્નલ ખૂબ પ્રભાવિત થયા. સ્વામીજી પાસે આધુનિક અને તાજા વિચારો હતા. આવા વિચારો ત્યારે ભાગ્યે જ કોઈ ભગવાંધારી સાધુમાં જોવા મળતા. સાધુઓમાં બે વર્ગ હતા : એક વિશાળ વર્ગ. ફંડ-ફાળો ઉઘરાણાં કરીને જીવનારો. બીજો ઉચ્ચ આધ્યાત્મિકતાના નામે નિષ્ક્રિય રહેનારો અને તેવો જ ત્યાગનો ઉપદેશ આપનારો. આ બન્ને વર્ગ પ્રજામાં જાગૃતિ લાવતા ન હતા. જ્યારે દયાનંદજી ફંડફાળો-ઉઘરાણાં ન કરનારા પણ સક્રિય જીવન જીવનારા આધુનિક વિચારોવાળા સાધુ હતા. કર્નલ બ્રુકે સ્વામીજીને પોતાને બંગલે આવવા આમંત્રણ આપ્યું. એટલું જ નહિ તેમના માટે ઘોડાગાડી પણ મોકલી. બન્ને વચ્ચે ગૌરક્ષા વિશે વાતચીત થઈ. સ્વામીજી ગૌહત્યા ઉપર પ્રતિબંધ મુકાવવા માગતા હતા. કર્નલે કહ્યું કે ''આ મારા અધિકાર બહારની વાત છે. તમે વાઇસરોયને વિનંતી કરી શકો છો. હું ભલામણપત્ર લખી આપું છું.'' કર્નલે પત્ર લખી આપ્યો. કર્નલે મહારાજા જયપુરને પણ સ્વામીજી સાથે મુલાકાત ન કરવા માટે ખેદ વ્યક્ત કર્યો.

ત્યારે અજમેરમાં રામસ્નેહી સંપ્રદાયના ગાદીપતિ મહંત આવેલા. ભારે ધૂમ મચી હતી. સ્વામીજીએ તેમને શાસ્ત્રાર્થ માટે આમંત્રણ આપ્યું. પણ મેળ



ન થઈ શક્યો. સ્વામીજી પાસે એક જ મહાશસ્ત્ર હતું વેદશાસ્ત્ર. જેમાં પંડિતો-ધર્માચાર્યો નિરુત્તર થઈ જતા, કારણ કે કોઈએ ઊંડાણથી અધ્યયન જ કર્યું નહોતું. સૌ કોઈ ચીલાચાલુ પુરાણોથી સંતુષ્ટ થઈ જતા હતા.

અજમેરમાં ભાગવત ઉપર પણ ઘણા પ્રહાર કર્યા. જે પાછળથી ''ભાગવતખંડન'' પુસ્તકના રૂપમાં પ્રગટ થયું. ખંડન કરીને પ્રજાને અને ધર્મગુરુઓને ઝકઝોરવા સિવાય બીજો કોઈ માર્ગ દેખાતો ન હતો.

અજમેરમાં બાબુલાલ જૈન નામના વિદ્વાને ત્રણ દિવસ સુધી ધર્મચર્ચા કરી. અંતે સ્વામીજીના કથનને માન્ય કર્યું.

એક વાર મહિલાઓનું એક ટોળું આવી ચઢ્યું. ચીલાચાલુ મહારાજ માનીને ઉપદેશ આપવા પ્રાર્થના કરી, પણ સ્વામીજીએ કહ્યું કે, ''તમારા પતિઓને મોકલો. હું તેમને ઉપદેશ આપીશ. તે તમને આપશે.''

અહીં મહારાજના પ્રભાવથી અનેક લોકોએ પોતાની ચીલાચાલુ કંઠીનો ત્યાગ કરી દીધો. સ્વામીજી કોઈ વાડામાં માનતા નહોતા. કંઠી વાડાનું પ્રતીક હતું અને તેથી પ્રજા-પ્રજા વચ્ચે વિભાજન અને વિખવાદ થતો હતો. પ્રજામાં એકતા કરવી હોય તો તેને વિભાજનથી બચાવવી જોઈએ.

## કિશનગઢમાં ઉપદ્રવ

સ્વામીજી ફરીથી કિશનગઢ પધાર્યા અને સુખસાગર કૂવા ઉપર ઊતર્યા. અહીંના રાજા પુષ્ટિ સંપ્રદાયના હતા અને સ્વામીજીના વિરોધી થઈ ગયા હતા. આ વખતે તેમણે કેટલાક પંડિતોને તથા કેટલાક ઉપદ્રવીઓને મહારાજ પાસે મોકલ્યા. જેની પાસે પોતાનો પક્ષ રાખવા-સમજાવવા યુક્તિઓ નથી હોતી તે ઉપદ્રવ ઉપર ઊતરી આવે છે. તેમના ઉપદ્રવની બીકથી લોકો ચૂપ થઈ જતા હોય છે. સ્વામીજીને ચૂપ કરી દેવા માટે આ વખતે આવો કારસો રચ્યો હતો પણ સ્વામીજી પેલા દબંગો સામે ઊભા થઈ ગયા અને શાસ્ત્રાર્થ તથા શસ્ત્રાર્થ બન્ને રીતે પાર ઊતરવા તૈયાર થઈ ગયા. યાદ રહે, સ્વામીજી શરીરથી પણ બળવાન હતા અને તેઓ અહિંસાવાદી ન હતા. જરૂર પડે તો સામનો કરવાની નીતિમાં માનનારા હતા. સ્વામીજીનું ઉગ્ર રૂપ જોઈને ઉપદ્રવકારી દબંગો ભાગી ગયા.

## ફરી જયપુરમાં

સ્વામીજી ફરતા ફરતા ફરી જયપુર પધાર્યા. ત્યાંના મહારાજા રામસિંહે

તેમને મહેલમાં પધારવા આમંત્રણ આપ્યું. કડવો અનુભવ થવાથી સ્વામીજી જવા તૈયાર ન હતા. તોપણ અચરોલના ઠાકોરના આગ્રહથી તેઓ મહેલમાં ગયા. સ્વામીજી એવું માનતા હતા કે જો સુધારો કરવો હોય તો મૂળને પકડવાં જોઈએ. રાજા મૂળ છે. રાજાનો સુધારો પ્રજામાં આપોઆપ આવી જતો હોય છે. તેથી તેઓ રાજા-મહારાજાઓને ઉપદેશ આપતા રહેતા હતા. સ્વામીજી ઘણી વાર મહારાજાની પ્રતીક્ષામાં બેસી રહ્યા પણ મહારાજા મળવા ન આવ્યા. કહી દીધું કે, ''મહારાજા અંતઃપુરમાં વ્યસ્ત છે. સ્વામીજી ઊઠીને ચાલતા થયા. ફરી બોલાવવા છતાં પણ સ્વામીજી ગયા નહિ.

**ફરી પાછા આગ્રામાં**

સ્વામીજી આ સમયમાં આગ્રા-મથુરાની આજુબાજુ ભ્રમણ કરતા રહેતા હતા. તેવામાં આગ્રામાં વાઇસરોયનો દરબાર ભરાયો હતો. વ્યાપાર કરવા આવેલા અંગ્રેજો હવે ભારતના અધિપતિ થઈ ગયા હતા ! ઈસ્ટ ઇન્ડિયા કંપની પાંચ-સાત વર્ષ માટે પોતાનો વાઇસરોય ભારત મોકલતી. આ વાઇસરોય જ ત્યારે ભારતનો ચક્રવર્તી સમ્રાટ મનાતો, પણ તે માત્ર ૫-૭ વર્ષ માટે જ. વાઇસરોયનો દબદબો બતાવવા પ્રતિવર્ષ દરબાર ભરાતો. જેમાં રાજા-મહારાજાઓ વગેરે આવતા અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સર્વોચ્ચતા સ્વીકારતા હતા. સ્વામીજી પણ આગ્રા પહોંચી ગયા જેથી પ્રબુદ્ધ લોકોને તેમના વિચારોનો લાભ મળ્યો.

**ગુરુજી સાથે અંતિમ મિલન**

સ્વામીજીના દીક્ષાગુરુ પૂર્ણાનંદ સરસ્વતી હતા. જેને સ્વામીજીએ બહુ યાદ કર્યા નથી. ચાણોદમાં દંડીસ્વામીની દીક્ષા લઈને ભ્રમણમાં નીકળી ગયા હતા. ફરી મળ્યા નહિ. ગુરુ-શિષ્યનો સંબંધ કેટલીક વાર વ્યવહાર પૂરતો જ હોય છે. તેવું કહી શકાય. પણ સ્વામીજીના જ્ઞાનગુરુ તો સ્વામી વિરજાનંદજી હતા. જેમને તેઓ જીવનભર યાદ કરતા રહ્યા. વિરજાનંદજી પાસેથી સ્વામીજીને જ્ઞાન અને જીવનદિશા બન્ને મળ્યાં હતાં. તે ધન્ય ધન્ય થઈ ગયા હતા. ગુરુજીને મળવા સ્વામીજી મથુરા આવ્યા, ખાલી હાથે મળાય નહિ તેવી આપણી પદ્ધતિ પ્રમાણે સ્વામીજીને એક મલમલના વસ્ત્રનો તાકો અને બે સોનામહોરો ચરણોમાં ધરી. હવે દયાનંદ લવિંગવાળા દરિદ્ર શિષ્ય ન હતા. ગુરુજી પ્રસન્ન થયા. સ્વામીજી થોડા દિવસ ગુરુચરણોમાં રહી વિદાય થયા.



આ તેમનું અંતિમ મિલન હતું. વિદ્વાનો, જ્ઞાનીઓ અને સંતોને પણ લાગણીઓ હોય જ છે. લાગણીહીનતા એ જ્ઞાનની ભૂમિકા ન કહેવાય. પણ જડતાની જ નિશાની કહેવાય. સંતો જડ ન હોય. તેમનો ચેતનપ્રવાહ શુદ્ધ લાગણીઓથી પ્રવાહિત થતો હોય છે.

**કામદેવથી બચવાના ઉપાય**

સ્વામીજી મેરઠ આવ્યા. સૂર્યકુંડ ઉપર આવેલા દેવીજીના મંદિરમાં નિવાસ કર્યો. અહીં પં. ગંગારામજી શાસ્ત્રીજી મળ્યા. તેમણે કામદેવથી બચવાનો ઉપાય પૂછ્યો. કામદેવથી પૂરું વિશ્વ જીવ-જંતુ માત્ર ત્રસ્ત છે. સ્વામીજીએ સદાચારનો ઉપદેશ આપ્યો. મારી દૃષ્ટિએ તેનો સાચો ઉપાય ઋષિમાર્ગ છે. ઋષિ પરંપરા લુપ્ત થઈ ને શ્રમણ પરંપરા ચલિત થઈ જેણે સેક્સ પ્રોબ્લેમ વધારી દીધા. જે પ્રશ્ન મુસ્લિમોને નથી સતાવતો તે હિન્દુઓને ભયંકર રીતે સતાવે છે, કારણ કે પ્રશ્નને ઉકેલવાનો અભિગમ જુદો છે.

હવે સ્વામીજી ૪૨ વર્ષના થઈ ચૂક્યા હતા. ૨૧મા વર્ષે ગૃહત્યાગ કરી ૨૧ વર્ષથી રખડપટ્ટી કરી રહ્યા હતા. તેમનો એકમાત્ર હેતુ ધર્મની શુદ્ધિ અને પ્રજાની એકતાનો હતો, ભલે તે માટેના ક્રિયાકલાપો જુદા હોય પણ હેતુ તો ઉચ્ચ હતો જ. વ્યક્તિનો આશય જ મહત્ત્વની વસ્તુ છે. કદાચ તેના વ્યવહાર સાથે તમે સંમત ન હોવ પણ તેનો હેતુ તો સમજવો જ જોઈએ.

૨૮-૧૨-૧૦

# ૮. નિરાશા જ નિરાશા

જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં મુખ્યતઃ બે ધારાઓ ચાલતી રહે છે : (૧) રૂઢિવાદી અને (૨) સુધારાવાદી. આ નિયમ માત્ર ધાર્મિક, સામાજિક કે રાજકીય ક્ષેત્ર સુધી જ સીમિત નથી હોતો, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં આ નિયમ કામ કરતો રહે છે.

**૧. રૂઢિવાદી ધારા**

આ ધારામાં જે છે જેવું છે તેને તેવું જ ચાલવા દેવું. તેમાં કશો ફેરફાર કરવો નહિ, કોઈ ફેરફાર કરવા માગે તો તેનો વિરોધ કરવો. આ રૂઢિવાદી ધારા હોય છે. ખાસ કરીને ધાર્મિક ક્ષેત્રો જીવનનાં બીજાં બધાં ક્ષેત્રોને સૌથી વધુ પ્રભાવિત કરતાં હોય છે. ધાર્મિક ક્ષેત્રોની રૂઢિવાદી ધારાઓ વિશ્વપ્રચલિત હોય છે. તેનાં ત્રણ કારણો છે : ૧. મૂળ ધર્મગ્રંથને સર્વોચ્ચ ઈશ્વરીય ગ્રંથ માનીને તેના પ્રમાણે જ જીવન ગોઠવવું. જેને ગ્રંથબદ્ધતા કહેવાય. ૨. વ્યક્તિ-વિશેષને સર્વોચ્ચ દૈવી-ઈશ્વરીય પુરુષ માનીને તેના કથન અને આચારોને પ્રમાણ માનવાં અને તે પ્રમાણે જ જીવન ગોઠવવું. અને ૩. પરંપરાથી જડબેસલાક બદ્ધ થઈ જવું. આ ત્રણ કારણોથી પ્રજા રૂઢિવાદી થઈ જતી હોય છે. પૂર્વ કહ્યું તેમ તેમાં ધર્મ મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે.

**પશ્ચિમ**

રૂઢિવાદિતા લાંબા ગાળે વિકૃત થતી જ હોય છે. તેથી ઇચ્છા-અનિચ્છાએ પણ સુધાર કરવા પડતા હોય છે. ભારતમાં બુદ્ધ-મહાવીર વગેરે તેમના સમયના સુધારાવાદી હતા. તેમના સુધારાથી પ્રજાને નવી ચેતના મળી, પણ પછી તે જ પરંપરા રૂઢિવાદી થઈ ગઈ. આ સ્વાભાવિક છે. સુધારાની ધારા, સતત રહેવી જોઈએ. સુધારા કદી પણ પૂરા થતા નથી, પણ શિષ્યો સુધારા પ્રવાહ ઉપર પૂર્ણવિરામ મૂકી દેતા હોય છે. જેથી તે રૂઢિવાદી થઈ જતી હોય છે. જે સુધરે છે તે જ જીવે છે. જે નથી સુધરતા તે આપોઆપ મરી જતા હોય છે !

મારી દૃષ્ટિએ ધર્મસુધારની ખરી ક્રાન્તિ પશ્ચિમમાં થઈ. યહૂદી ધર્મનું સુધરેલું નવું સંસ્કરણ ઈશા મસીહે આપ્યું. તે સુધારો જ હતો. જેમાં તેમને વધસ્તંભ ઉપર રિબાવી રિબાવીને મારવામાં આવ્યા પણ પછી ઈસુના ઉપદેશો સુધારાથી પર થઈ ગયા. જેથી રૂઢિવાદ આવી ગયો. ધર્મ, ધર્મસ્થાનો, ધર્મગુરુઓ, ભક્તો વગેરે બધા જ એક ચોકઠામાં જકડાઈ ગયા. વાડાબંધી એ કિલ્લાબંધી જ કહેવાય. જે સુરક્ષા ન આપે પણ વિશાળતા પડાવી લે. પણ પશ્ચિમમાં પ્રયોગશાળાનો ઉદય થયો. આ પ્રયોગશાળાએ બધું જ ઊલટ-પુલટ કરી દીધું !

આપણી પાસે પ્રચંડ પ્રતિભાઓ હતી જ તેથી બધા નિર્ણયો પ્રતિભાના દ્વારા થવાવા લાગ્યા. તેમાંથી શાસ્ત્રાર્થનો આવિર્ભાવ થયો. સારું થયું કોઈ ઈસુને ભિન્ન વિચારોના કારણે વધસ્તંભે ચઢવું ન પડ્યું ! પણ આપણે પ્રતિભાના અતિરેકમાં કે મોહમાં પ્રયોગશાળાને ખોઈ બેઠા હતા. એટલે ઘણી વાર પ્રતિભાનું સત્ય પ્રયોગશાળાના સત્ય સાથે મેળ ખાતું નહિ, પણ આપણે ત્યાં પ્રતિભા અને પ્રયોગશાળાને ઝઘડો થયો નહિ, કારણ કે પ્રયોગશાળા લગભગ સમાપ્ત થઈ ગઈ હતી. અહીં અષ્ટાવધાની અને શતાવધાની થતા. ત્રિકાળદર્શી અને કેવળજ્ઞાની થતા પણ બધું વ્યક્તિવિશેષ સુધી જ આટોપાઈ જતું. કોઈએ પ્રયોગશાળા સ્થાપિત ન કરી. "મેં કહ્યું અને તમે માની લો, કારણ કે હું સર્વજ્ઞ છું." લોકોએ માની લીધું. અહીંથી આચાર-વિચાર બન્નેનો રૂઢિવાદ શરૂ થયો. ભગવાનનું કથન સત્ય જ હોય, મિથ્યા ન હોય. તેમાં ફેરફાર કરી શકાય નહિ. આ રૂઢિવાદ.

પશ્ચિમમાં પણ આવું જ હતું. પણ ત્યાં ધર્મસ્થાનોમાં જ ધર્માચાર્યોના ઘરમાં જ વિદ્રોહી માનસ જાગ્યું. વિદ્રોહ વિના વિકાસ નહિ. ઘાંચીનો બળદ કદી વિદ્રોહ નથી કરતો. રૂઢિવાદ એ ઘાંચીની ઘાણી જ છે. બસ અનંતકાળ સુધી ફર્યા જ કરો, હતા ત્યાં ને ત્યાં ફરતા રહો. ફરતા રહો. કદી ભૂલા નહિ પડો. ઘાંચીનો બળદ કદી ભૂલો નથી પડતો. હા, પણ આંખોના ડાબલા ન ઉતારો તો. રૂઢિવાદ માટે ડાબલા અત્યંત જરૂરી છે. ડાબલાનું પણ એક

સુખ હોય છે.

પશ્ચિમમાં ખગોળશાસ્ત્રી કોપનહેગને ડાબલા ઉતારી દીધા. તેને પરંપરાની માન્યતા કરતાં જુદું જ દેખાવા લાગ્યું. ક્રાન્તિ શરૂ થઈ ગઈ. હવે નિર્ણયો માત્ર ધર્મશાસ્ત્રોથી જ નહિ, પ્રયોગશાળાથી પણ થવા લાગ્યા. ધીરે ધીરે પ્રયોગશાળાનો પ્રભાવ વધવા લાગ્યો. અને ધર્મશાસ્ત્રનો પ્રભાવ ઘટવા લાગ્યો. તેમાંથી નવું વૈજ્ઞાનિક પશ્ચિમ પ્રગટ્યું. જે વિશ્વગુરુ થઈ ગયું.

આપણે ત્યાં પ્રયોગશાળા ન વિકસવાનું એક કારણ એ પણ હતું કે નવામાં નવી શોધને પંડિતો જૂનાં શાસ્ત્રોમાંથી શોધી બતાવતા. તેથી કહેતા કે, ''આ તો અમારે ત્યાં પહેલેથી જ હતું. તેમાં શું નવું શોધ્યું ?'' હજી પણ ઘણાનું માનસ આ દિશામાં કામ કરતું રહે છે. ''બધું જ આપણે ત્યાં હતું અરે, આ લોકો આપણું જ બધું લઈ ગયા છે'' વગેરે ધારણાઓથી સૌને કશું ન કર્યાનો પણ ગજબનો સંતોષ અને ગૌરવ રહ્યા કરતું હતું. ગૌરવ હોય તો પ્રજા ખુમારીથી જીવન જીવતી હોય છે, પણ જો મિથ્યા ગૌરવમાં રાચતી પ્રજા થઈ જાય તો મરી જતી હોય છે.

પશ્ચિમમાં ધર્મસ્થાનો – ધર્મગુરુઓ અને પ્રયોગશાળા તથા વૈજ્ઞાનિકો વચ્ચે ઘણાં વર્ષો સુધી યુદ્ધ ચાલ્યું. કેટલાય વૈજ્ઞાનિકો જીવતા બાળી મુકાયા. ભારે બલિદાન લેવાયાં પણ અંતે પ્રયોગશાળા જીતી ગઈ. વૈજ્ઞાનિકો જીતી ગયા. જેમણે પશ્ચિમને બધાં ક્ષેત્રોમાં સુપર કક્ષા આપી.

આપણે ત્યાં રૂઢિવાદિતાની પ્રબળતા હતી. કોઈ થોડા સુધારા કરે, પણ પછી થોડા જ સમયમાં તે રૂઢિવાદી થઈ જાય. સુધારાનું સાતત્ય ન રહે.

### કુંભમેળો

ત્યારે ૭-૩-૧૮૬૭ને ગુરુવારનો દિવસ હતો. સ્વામીજી હરદ્વાર પહોંચી ગયા. આ વર્ષે કુંભમેળો ભરાવાનો હતો. હજારો નહિ લાખ્ખો માણસો ભેગાં થવાનાં હતાં. મેળો એક મહિના સુધી ચાલતો રહે છે. સ્વામીજી એક મહિના પહેલાં જ પહોંચી ગયા અને સપ્ત સરોવર આગળ પોતાની રાવટી લગાવી દીધી. આ વખતે તેમની સાથે થોડા સંન્યાસીઓ તથા બ્રહ્મચારી પણ હતા, જુદા જુદા પંથો-સંપ્રદાયોના મહંતોની આવી અનેક રાવટીઓ હતી. સૌની પોતપોતાની ઓળખ સમી ધ્વજા-પતાકા ફરકતી હતી. સ્વામીજીએ પોતાની રાવટી ઉપર જે પતાકા ફરકાવી તેના ઉપર લખ્યું હતું ''પાખંડખંડિની''. શબ્દ



ઉપરથી જ હેતુ સ્પષ્ટ થાય છે. હિન્દુપ્રજા, પોતાના જ માણસો દ્વારા ભયંકર પાખંડની શિકાર બની હતી. તેને આ શિકારીઓથી છોડાવવાનું લક્ષ્ય હતું. નવાઈ તો જુઓ કે શિકારીઓની વચ્ચે જ રાવટી લગાવી દીધી અને ખુલ્લેઆમ હેતુ જાહેર કરી દીધો. કેટલી નિર્ભયતા હશે ! કેટલું આપબળ હશે ! આ સ્થાને અત્યારે મોહનઆશ્રમ છે.

### પ્રચાર શરૂ

સ્વામીજી આખો દિવસ પ્રવચનો આપતા. લોકોની ભીડ જામતી. દૂર દૂર સુધી કર્ણોપકર્ણ સંદેશા પહોંચતા. બધા ગુરુઓથી વિપરીત પ્રવચનો થતાં. ઘણાનું સમાધાન થતું. ઘણાં કચવાટ કરતાં, ઘણા શાસ્ત્રાર્થની ચેલેન્જ આપતા. ચારે તરફ ખળભળાટ જામી ગયો. કોઈ સ્વામીજીને નાસ્તિક કહેતા તો કોઈ કલિયુગનું પ્રમાણ માનતા હતા.

યજુર્વેદમાં એક મંત્ર છે ''બ્રાહ્મણોઽસ્ય મુખમાસીદ્''. સ્વામી વિશુદ્ધાનંદજીએ તેનો અર્થ કર્યો કે તે વિરાટ પુરુષ પરમાત્માના મુખમાંથી બ્રાહ્મણો, ભુજાઓથી ક્ષત્રિયો, જાંઘથી વૈશ્ય અને પગથી શૂદ્રો ઉત્પન્ન થયા. વર્ણવ્યવસ્થાના સમર્થનમાં આ મંત્રનો ઘણો ઉપયોગ થતો રહે છે.

સ્વામીજીએ હસતાં હસતાં કહ્યું કે મુખમાંથી તો કફ, થૂંક વગેરે ઉત્પન્ન થાય, બ્રાહ્મણો નહિ. પછી તેમણે પોતાનો અર્થ કર્યો કે બ્રાહ્મણો મુખ જેવા, ક્ષત્રિયો બાહુ જેવા, વૈશ્યો જાંઘ (પેટ) જેવા અને શૂદ્રો પગ જેવા થયા. આમ વિરાટ પુરુષના અંગોની ઉપમા બતાવી. એવું બન્યું કે વિશુદ્ધાનંદજી અને ગોસાંઈઓને કોઈ બાબતમાં ઝઘડો થયો. ઝઘડો વધ્યો અને કોર્ટમાં ગયો. ગોસાંઈઓ સ્વામીજી પાસે આવ્યા અને પોતાનો પક્ષ લેવા આગ્રહ કર્યો પણ સ્વામીજીએ ના પાડી દીધી. કારણ કે સિદ્ધાંતો મળતા ન હતા. સિદ્ધાંતના ભોગે સમર્થન ન હોય, આવું જ વિશુદ્ધાનંદજી તરફ પણ થયું.

### સાધુ મહાનંદ

આ સ્વામીજી દાદૂપંથી હતા, પણ સ્વામીજીનાં પ્રવચનો વગેરે સાંભળ્યાં. શાસ્ત્રચર્ચા, વાદ-વિવાદ, શંકા-સમાધાન વગેરે કર્યું અને તેમણે દાદૂપંથનો ત્યાગ કરી સ્વામીજીના અનુયાયી થઈ ગયા. દેહરાદૂનમાં આર્યસમાજનો સભાહૉલ તેમના નામે છે.

**સર્વસ્વ સ્વાહા**

કુંભમેળો પૂરો થયો. શું પરિણામ આવ્યું ? સામાન્ય મહંતો તો ધનની આવક-જાવકનાં લેખાંજોખાં કરતા હોય છે. નાનો અને ટૂંકો હેતુ બહુ દુઃખદાયી નથી હોતો. માનો કે થોડા ઓછા પૈસા મળ્યા કે ઓછા શિષ્યો મળ્યા. તેથી થોડું દુઃખ થાય. પણ મોટો અને અસંભવ હેતુ દુઃખદાયી હોય છે. કારણ કે પૂરો થતો નથી, તેથી અસંતોષ અને દુઃખ થાય છે. ધર્મસુધારાની પ્રવૃત્તિ બહુ મંદગતિથી થતી હોય છે. બધું રાતોરાત બદલાઈ જતું નથી. લોકો આવે, ઉત્સુકતાથી પ્રવચનો સાંભળે પણ પાછાં હતાં એનાં એ ! કશો ફરક ન થાય. મોટા ભાગના લોકો વૈચારિક ભોજન કરતાં લાડુભોજન વધારે પસંદ કરતા હોય છે. જ્યાં જમણવાર હોય ત્યાં મોટો જમાવડો થઈ જાય. જમણવાર ન હોય તો કાગડા ઊડે. કાંઈ ખાસ પરિણામ ન મળવાથી સ્વામીજી નિરાશ થયા. બહુ નિરાશ થઈ ગયા. ''કશું વળવાનું નથી'' એવું માનીને પોતાની પાસે જે કાંઈ હતું તે બધું ગરીબોમાં વહેંચી દીધું. સર્વસ્વ સ્વાહા કરી દીધું. હવે માત્ર લંગોટભર રહી ગયા. પોતાની કુટિયામાં ગયા અને મૌન થઈને ચૂપચાપ બેસી ગયા. લેખાંજોખાંનો વિચાર કરવા લાગ્યા. એક મહિનામાં શું પરિણામ આવ્યું ? કાંઈ નહિ. નિરાશા જ નિરાશા.

૨૮-૧૨-૧૦

# ૯. પ્રચારકાર્ય શરૂ

નિરાશા બહુ દુઃખદાયી છે પણ જીવનમાં કોઈ કોઈ વાર નિરાશા આવવી હિતાવહ છે. તેથી માણસને પોતાની ઓકાતનું ભાન થાય છે. નિરાશા ક્યારે આવે છે ? જ્યારે આશા પૂરી ન થાય ત્યારે. આશા ત્યારે પૂરી નથી થતી જ્યારે કાં તો અસંભવ હોય કાં પછી સામર્થ્યથી મોટી હોય. એટલા માટે ત્યાગી-વીતરાગી લોકો આશાનો ત્યાગ કરવાનો ઉપદેશ આપતા ફરતા હોય છે. જે કશી આશા જ નથી કરતો તેને નિરાશ થવાની જરૂર પણ નથી રહેતી. પણ આવો આશા વિનાનો માણસ કોઈ મહત્ત્વનું કાર્ય પણ કરી શકતો નથી. તે જીવે છે અને મરે છે. તે જીવે છે તોય મડદા બરાબર થઈને જીવે છે. કદાચ તેને શાંતિ મળતી હોય તોપણ તે મડદાશાંતિ કહેવાય. આપણે ત્યાં આવું મડદાઅધ્યાત્મ પણ વિકસ્યું છે. કશું ન કરો અને પૂજાવ. મહાન બનો. અને કર્મત્યાગી મહાન બનાવો. નિષ્ક્રિયતા અને નિરીહતા આધ્યાત્મિકતાનું પ્રતીક બની કહેવાય. બોલો, હવે દેશ અને પ્રજાનું શું થાય ?

જેમ અર્જુનને વિષાદ થયો હતો તેમ દયાનંદજીને પણ વિષાદ થઈ ગયો. ત્યારે કરવું શું ? મૌન લઈ લીધું. તેમનામાં લઘુતાગ્રંથિ આવી ગઈ. ''જે કાર્ય કરવા માગું છું તે માટે હું અધૂરો છું. અપૂર્ણ છું. મારે સામર્થ્ય અને પૂર્ણતા પ્રાપ્ત કરવી જોઈએ.'' આવા વિચારથી તેમણે મૌન લઈ લીધું અને સર્વસ્વ ત્યાગી દીધું. ત્યારે સ્વામીજી માત્ર કૌપીન (લંગોટ) જ પહેરતા. આખું શરીર ખુલ્લું રહેતું. તેમનું શરીર હૃષ્ટપુષ્ટ બળવાન અને ચમકદાર હતું. લોકો જોતાં જ રહી જતા. શરીર, સંયમની પારાશીશી છે. આરોગ્યવાળું ચમકીલું શરીર આપોઆપ બતાવે છે – માણસ સંયમી હોવો જોઈએ. સંયમી એટલે નિગ્રહી નહિ, માત્ર સંયમી.

કુંભમેળો તો પૂરો થયો. રાવટી સમેટાઈ ગઈ. હવે ક્યાં જવું ? શું કરવું ? જે લોકો માત્ર પેટ માટે જ જીવે છે તેમને થોડી જ ચિંતા હોય છે. પણ જે પેટથી ઉપર ઊઠીને લોકો માટે કે દેશ માટે જીવતા હોય છે તેમને ઘણા પ્રશ્નો સતાવતા હોય છે. કોઈ મઠ કે આશ્રમના મહંત થઈને કે કોઠારી થઈને શાંતિથી રોટલો મેળવી શકાય છે. સ્વામીજી માટે આવી ઘણી શક્યતાઓ હતી જ. પણ તેમ કરવાથી દયાનંદ ન થવાય. સ્વામીજીએ ફરીથી વિચરણ ચાલુ કરી દીધું, કારણ કે બીજું કરવાનુંય શું હતું ? પણ આ વખતે તેમણે બે નિયમો લીધા : ૧. માત્ર સંસ્કૃત જ બોલવું. ૨. ભોજનની યાચના ન કરવી. મળે તો ખાવું નહિ તો રામ રામ !

**રીંગણાં ખાધાં**

હરદ્વારથી ગંગાકિનારે ચાલ ચાલ કરવા માંડ્યું. કોઈએ જમવાનું ન પૂછ્યું. ત્રીજે દિવસે એક ખેડૂતે પોતાની વાડીમાંથી ત્રણ રીંગણાં આપ્યાં. સ્વામીજી કાચાં જ ખાઈ ગયા. હાશ, શાંતિ થઈ. અશાંતિનાં મહત્ત્વનાં ત્રણ કેન્દ્રો છે : ૧. પેટ ૨. હૃદય અને ૩. મગજ.

પેટ તૃપ્ત હોય તો શાંતિ, નહિ તો અશાંતિ. ભૂખ્યા રહેવાથી, અકરાંતિયા થવાથી શાંતિ ન મળે. યથાયોગ્ય આહારથી જ શાંતિ મળે. સતત ભૂખ્યા રહેનારા કે સતત ખાખા કરનારાને શાંતિ નથી હોતી. યથાયોગ્ય આહારનો યોગ કરવાથી શાંતિ મળતી હોય છે.

પેટની શાંતિ-અશાંતિ કરતાં હૃદયની શાંતિ-અશાંતિ વધુ પ્રભાવશાળી હોય છે. લાગણીઓથી હૃદયમાં શાંતિ-અશાંતિ પેદા થતી હોય છે. શુદ્ધ-સાત્ત્વિક લાગણીઓ શાંતિની સાથે આહ્લાદ પણ આપે છે. શુદ્ધ લાગણીઓથી ખીલેલું હૃદય ખીલેલા પુષ્પ – કમળ જેવું જીવનને ખીલવી દેતું હોય છે.

આવું જ જ્ઞાનથી તૃપ્ત મગજ શાંતિ આપતું હોય છે. પણ તે જ્ઞાન શુદ્ધ-સાત્ત્વિક હોવું જરૂરી છે.

આ ત્રણે જેનાં તૃપ્ત થયાં હોય તે શાંતિ સાથે પ્રસન્નતા અને આહ્લાદ પણ ભોગવતાં હોય.

સ્વામીજી નિરાશાથી અશાંતિ તો ભોગવતા હતા જ તેમાં ક્ષુધાની અશાંતિ ભળી. કકડીને ભૂખ લાગી, પણ કાંઈ ન મળ્યું. મૌન રહ્યા. સામે ચાલીને કોણ પૂછે ? ત્રીજા દિવસે માંડ ત્રણ રીંગણાં મળ્યાં. મજા પડી ગઈ. રીંગણાના સ્વાદથી નહિ, ભૂખથી. ખરો સ્વાદ તો ભૂખમાં જ રહેલો હોય છે. ચાલો પેટની તો થોડી શાંતિ થઈ. હજી હૃદય અને મગજ તો બાકી જ હતાં. જેણે આવી અશાંતિ નથી વેઠી તે શું ખાખ, સાધુ થવાનો ! બહુ બહુ તો ગાદીપતિ મહંત થાય.



લંઢોરાથી સ્વામીજી શુકતાલ, મીરાપુર, મહમદપુર, પરીક્ષિતગઢ થઈને ગઢમુક્તેશ્વર પહોંચી ગયા. અહીં પંદર દિવસ રહ્યા. તેઓ સંસ્કૃતમાં જ બોલતા. આવા તો ઘણાયે હોય તેમ સમજીને લોકો ઉપેક્ષા કરતા. એક માછીમારની ઝૂંપડી સામે જ રેતમાં પડ્યા રહેતા. કશું ઓઢવા-પાથરવાનું તો હતું જ નહિ. માત્ર કૌપીનધારી અવધૂત. ચિંતનમાં મશગૂલ રહે. અહીં પણ ત્રણ દિવસ કશો આહાર ન મળ્યો. જો ભિક્ષા માગે કે વાત કરે તો તો મળે, પણ ચૂપ – મૌન રહેવાનું. ત્રીજા દિવસે પેલા માછીને ખબર પડી કે આ બાવો ત્રણ દિવસથી ભૂખ્યો છે, તેણે પોતાના માટે આવેલી રોટીમાંથી અડધી રોટી સ્વામીજીને ખવડાવી. ''ટુકડે મેં ટુકડા કરી દેના મેરે રામ'' માછીની રોટીથી સ્વામીજી અભડાયા કે વટલાયા નહિ !

**કર્ણવાસ**

૧૮મી મે, ૧૮૬૭ને વૈશાખ સુદ પૂનમના રોજ સ્વામીજી કર્ણવાસ પધાર્યા. પં. ભગવાનદાસે ભોજન લાવી આપ્યું તે લીધું અને પછી ગંગાના કિનારે કિનારે ચાલી નીકળ્યા. અનૂપ શહેર પહોંચ્યા. એક દક્ષિણી સંન્યાસી સાથે પ્રશ્નચર્ચા ચાલી. નવલગંજ પહેલવાન સ્વામીજીના શરીરથી પ્રભાવિત થઈને ભક્ત થઈ ગયો. આવા બળવાન પહેલવાનો પણ કોઈ વાર કામમાં આવતા હોય છે. એક વાર ગામના ગુંડા, દારૂડિયાઓને શું સૂઝ્યું કે હાથમાં શરાબની બોટલ લઈને સ્વામીજી પાસે પહોંચી ગયા અને દાદાગીરી કરીને દારૂ પિવડાવવાનો પ્રયત્ન કર્યો. સ્વામીજીએ પેલા પહેલવાનને બોલાવ્યો તો તેના હુંકાર માત્રથી બધા ભાગી ગયા ! વિરોધીઓ બદનામ કરવા નીચમાં નીચ કારસા પણ રચતા હોય છે.

સ્વામીજી ઈંટનું ઓશીકું બનાવીને ગંગાજીની રેતમાં માત્ર કૌપીન પહેરીને સૂઈ રહેતા અથવા બેસી રહેતા. તેમની પાસે કશું જ ન રાખતા. કોઈ માણસ પણ ન રાખતા !

સ્વામીજી ચાસી ગામ ગયા. ત્યાંથી રામઘાટ આવ્યા અને એક પર્ણકુટિ બનાવીને રહેવા લાગ્યા. ત્યાગ સ્વાવલંબી હોવો જોઈએ. પરાવલંબી ત્યાગ લાચારી ઊભી કરે. જે લોકો ત્યાગી તો થયા પણ પોતાની આવશ્યકતાઓ પૂરી કરવા અનેક માણસો સાથે રાખે. વાહનોનો રસાલો રાખે તો તે ત્યાગ પરાવલંબી કહેવાય. સ્વામીજી તીવ્ર ત્યાગમાં અકિંચન હોવા છતાં પણ એકાકી જ રહેતા અને વિચરતા. તેથી ઘણી વાર તેમને ઉપવાસ કરવા પડતા.

### ટીકારામ

ટીકારામ બ્રાહ્મણ કર્મકાંડી હતો. યજમાનવૃત્તિ કરતો રહેતો. સ્વામીજીના સંપર્કમાં આવવાથી તેણે યજમાનવૃત્તિ છોડી દીધી. સીધું ખાઈને અને દક્ષિણા લઈને જીવવા કરતાં મહેનતનું ખાઈને જીવવું સારું. ટીકારામે પૂજાની મૂર્તિઓને પણ ગંગાજીમાં પધરાવી દીધી અને સ્વામીજીનો ભક્ત થઈ ગયો. ટીકારામના પ્રયત્નોથી બીજા પણ કેટલાય લોકો સ્વામીજીના વિચારો તરફ વળ્યા. સ્વામીજી ફરીથી કર્ણવાસ આવ્યા. અહીં નાગા બાવાની મઢી આગળ એક વૃક્ષ નીચે આસન જમાવ્યું. તેમના ત્યાગ-વૈરાગ્યભર્યા વર્તનથી તથા જ્ઞાનથી પ્રભાવિત થઈને ચારે તરફથી લોકોનાં ટોળાં દર્શન માટે ઊમટવા લાગ્યાં.

### ભક્ત શત્રુ થયો

ભગવાનદાસ સ્વામીજીના ભક્ત થઈ ગયા હતા અને ખૂબ સેવા-સત્કાર કરતા હતા પણ એક દિવસ કંઠીતિલક વગેરે વેદવિરુદ્ધ છે તેવું પ્રવચન સાંભળીને તે નારાજ થઈ ગયા. સેવા-સત્કાર બંધ કરી દીધો. અને વિરોધી થઈ ગયા. સંબંધોનો ભરોંસો ન કરાય. ક્યારે મિત્ર દુશ્મન થઈ જાય તે કહેવાય નહિ.

ભગવાનદાસ અનૂપ શહેર ગયા અને ત્યાંથી અંબાદત્ત નામના વૃદ્ધ પંડિતને શાસ્ત્રાર્થ માટે તેડી લાવ્યા. તેમની ઇચ્છા સ્વામીજીને હરાવીને ફજેતી કરાવવાની હતી. બન્ને વચ્ચે શાસ્ત્રાર્થ થયો. જેમાં અંબાદત્ત હારી ગયા. તે ભલા માણસે પોતાની હાર સ્વીકાર કરી અને સભા વચ્ચે સ્વામીજીના વૈદિક વિચારોનું સમર્થન કર્યું. ઘણા લોકોએ જનોઈ ધારણ કરી તથા મૂર્તિઓ તથા કંઠીઓ કાઢીને ગંગાજીમાં પધરાવી દીધી.

સ્વામીજી ફરીથી ચાસી આવ્યા. અહીં પૂનમના દિવસે ગંગાસ્નાન કરવા લોકો ઊમટી પડ્યા હતા. તેમાં એક પહેલવાન પણ આવ્યો હતો. તેણે સ્વામીજીના પગ દબાવવાનો આગ્રહ કર્યો. ઘણા સાધુ-સંતો આવી રીતે પગ દબાવવાનો લાભ ભક્તો અને ભક્તાણીઓને આપતા હોય છે. સ્વામીજીના ના કહેવા છતાં તેણે પગ દબાવવા માંડ્યા. પગ શું હતા ! પોલાદના થાંભલા હતા. મજબૂત અને કસાયેલા સ્નાયુ જોઈને પહેલવાન પણ દંગ રહી ગયો. વંદન કરી ભક્ત થઈ ગયો !

### થપ્પડ મારી

સ્વામીજી શંકરાચાર્યની પરંપરામાં દીક્ષિત હતા તેથી વેદાંતી હતા. પણ જેમ જેમ વેદાદિ શાસ્ત્રોનું ગહન અધ્યયન કરતા ગયા તેમ તેમ શાંકર મત ઉપરથી તેમની નિષ્ઠા ઊઠતી ગઈ. હવે તેઓ "હું બ્રહ્મ છું અને જગત્ મિથ્યા છે" તેવું માનતા નહિ. પણ બ્રહ્મ તો સત્ય છે જ. જીવ અને જગત્ પણ સત્ય જ છે તેવું માનતા હતા.

એક વાર એક જાટ વેદાંતી ચર્ચા કરવા આવ્યો, તેનો આગ્રહ હતો કે જગત્ મિથ્યા જ છે. સત્ય તો માત્ર આત્મા જ છે. તે આત્મા હું જ છું. વગેરે. સ્વામીજીએ ઘણી યુક્તિઓથી તેને સમજાવ્યો પણ તે ન માન્યો. પછી જવા લાગ્યો ત્યારે સ્વામીજીએ તેના ગાલ ઉપર થપ્પડ મારી દીધી, તે લાલચોળ થઈ ગયો. કહેવા લાગ્યો કે આવું થતું હશે ? સ્વામીજીએ કહ્યું કે ક્યાં કશું થયું છે ? બધું મિથ્યા જ છે ને ! થપ્પડ પણ મિથ્યા જ કહેવાય. અને તમે તો આત્મા કહેવાવ. આત્માને વળી થપ્પડ કેવી ? જાટ સુધરી ગયો. પગમાં પડ્યો. દર્શન વાસ્તવિક હોવું જોઈએ, કાલ્પનિક નહિ.

તેઓ જીવિત માતા-પિતાની સેવાશુશ્રૂષા કરવાને શ્રાદ્ધ કહેતા હતા અને ફલિત જ્યોતિષને માનતા નહિ. સ્વામીજી રામઘાટ પહોંચ્યા. ગંગાની રેતીમાં પદ્માસન વાળીને સવારથી સાંજ સુધી બેસી રહેતા. તેમનાથી પ્રભાવિત થઈને ક્ષેમકરણ બ્રહ્મચારી આવ્યા અને સ્વામીજીને વનખંડી મહાદેવ લઈ ગયા. લોકો દર્શનાર્થે ઊમટી પડ્યા.

રામઘાટ ઉપર સ્વામી કૃષ્ણાનંદજી રહેતા હતા. તેમને શાસ્ત્રાર્થ માટે લોકો લઈ આવ્યા. શાસ્ત્રાર્થ થયો પણ કૃષ્ણાનંદજી લાંબું બોલી શક્યા નહિ. પ્રચારના બે માર્ગો છે : ૧. કોઈનો પણ કશો વિરોધ કર્યા વિના જ પોતાની વાત કે સિદ્ધાંત રાખવો. આ માર્ગમાં કોઈ શત્રુ થતો નથી પણ આ માર્ગમાં લોકોને પોતાની તરફ આકર્ષવા માટે જાતજાતના ચમત્કારોનું ધતિંગ તથા

પાખંડ વગેરે કરવું પડે છે. પ્રચારતંત્ર પ્રબળ કરવું જોઈએ, લોકો અંજાઈ જાય તેવાં પોસ્ટરો લગાવવાં પડે. પોતે જ પોતાની મોટાઈ બતાવતા રહેવું જોઈએ અથવા તેવા માણસો રાખવા જોઈએ. આ માર્ગમાં સત્યનું સ્થાન ગૌણ થઈ જાય છે. દંભ-પાખંડનું પ્રમાણ વધી જાય છે. લોકોને મૂર્ખ બનાવવાની કળા આવડવી જોઈએ.

સ્વામીજીનો બીજો માર્ગ હતો કશો દંભ-પાખંડ કે ચમત્કારો કર્યા વિના સત્યને કહેવું. કડવી રીતે કહેવું. જેથી લોકોમાં ખળભળાટ પેદા થાય. આ ખળભળાટ એ જ પ્રચારનું માધ્યમ બની જાય.

પૂર્વમાં આવેલો ક્ષેમકરણ બ્રહ્મચારી પોતાની સાથે ૨૦ કિલો વજનવાળો થેલો રાખતો જેમાં અનેક પાષાણમૂર્તિઓ રહેતી જેની તે પૂજા કરતો. પણ સ્વામીજીના પ્રભાવમાં આવ્યા પછી બધી મૂર્તિઓ ગંગાજીના પ્રવાહમાં પધરાવી દીધી અને એક નિરાકાર પરમેશ્વરમાં મન લગાવી દીધું. તેમની દેખાદેખીએ બીજા કેટલાય પંડિતોએ મૂર્તિપૂજા છોડી દીધી.

**બેલોન**

ફરતા ફરતા સ્વામીજી બેલોન આવ્યા. અહીં ખેરા નામના સ્થાન આગળ પીપળાના વૃક્ષ નીચે નિવાસ કર્યો. લોકોને ગાયત્રીમંત્ર કરવા તરફ પ્રેરણા આપી. તેમણે સ્પષ્ટતા કરી કે ઈશ્વર કદી અવતાર લેતો નથી. જે જન્મે તે મનુષ્યો જ હોય છે.

એક દિવસ એક પંડિતજી શાસ્ત્રાર્થ કરવા આવ્યા. મુખ્ય વિષય તો મૂર્તિપૂજા જ હોય. પંડિતજીએ એક સિંહાસન ઉપર કેટલીયે મૂર્તિઓ પ્રતિષ્ઠાપિત કરેલી અને પ્રતિજ્ઞા કરી હતી કે આજે તો દયાનંદને આ મૂર્તિપૂજા કરાવીને જ ઊઠીશ. પંડિત હીરાવલ્લભ મહાપંડિત હતા. શાસ્ત્રાર્થ શરૂ થયો. ચાર હજાર બ્રાહ્મણો શાસ્ત્રાર્થ સાંભળવા ભેગા થઈ ગયા. છ દિવસ સુધી શાસ્ત્રાર્થ ચાલ્યો. અંતે પંડિતજીએ પોતાનો પરાજય સ્વીકારી લીધો. તેમણે સ્વામીજીને વંદન કર્યાં અને સભાને કહ્યું કે : ''સ્વામીજી જે કહે છે તે સાચું કહે છે.'' પંડિતજીએ બધી મૂર્તિઓને ગંગામાં પ્રવાહિત કરી દીધી. આ ઐતિહાસિક શાસ્ત્રાર્થ હતો.

કર્ણવાસની આજુબાજુનાં ગામોમાંથી માનવમેદની ઊમટી. સ્વામીજીએ બધાંને યજ્ઞોપવીત આપી, ગાયત્રીનો મંત્ર આપ્યો.



તા. ૨૪-૧-૧૮૬૮ના રોજ સૂર્યગ્રહણ હતું. લોકો તે સમયે અન્નજળનો ત્યાગ કરી દેતા હોય છે. સ્વામીજીએ સમાધાન આપ્યું કે : ''સૂર્યગ્રહણ વખતે પણ જમવામાં કશો વાંધો નથી.'' આ સમયે તેમણે સ્ત્રીઓને પણ ૐ અને ગાયત્રી મંત્રના જાપનો અધિકાર છે તેવું જણાવ્યું. જેથી ઘણી સ્ત્રીઓ ગાયત્રી જપતી થઈ ગઈ !

હિન્દુ ધર્મની બધી શાખા-પ્રશાખાઓ મોક્ષમાર્ગી છે. તેમાં પણ જૈન-બૌદ્ધ તો માત્ર મોક્ષમાર્ગી છે. એકમાત્ર મોક્ષ જ પરમલક્ષ્ય હોવાને કારણે જીવનનાં બીજાં ક્ષેત્રો પ્રત્યે ઉદાસીનતા યા ઉપેક્ષા રહે તે સ્વાભાવિક છે. ખાસ કરીને સાધુ-સંન્યાસી, મુનિ-ભિક્ષુઓ વગેરે તો માત્ર મોક્ષની જ આરાધનામાં લાગી રહેતા હોય છે. મોક્ષની આરાધના કરનાર માટે સંસારની કોઈ પણ પ્રવૃત્તિ આવકારદાયી કે પ્રેરણાદાયી નથી રહેતી. બલકે ત્યાજ્ય અને ઉપાધિરૂપ માનવામાં આવે છે. તેથી લગભગ મોટા ભાગના સંસારથી વિરક્ત સાધુઓ જ વધુ પ્રભાવશાળી લાગતા હોય છે. સાંસારિક પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહેનારાઓને થોડીક ઘૃણાથી જોવાય છે. આ જ કારણે આપણા સાધુ-સંતોની ઉપયોગિતા ઓછી થઈ જાય છે.

સ્વામીજી અંધશ્રદ્ધાના નિવારણ અને લોકજાગૃતિના કાર્યમાં રચ્યાપચ્યા રહેતા હોવાથી ઘણા લોકો તેમને કહેતા કે : ''આ તો આવું જ ચાલ્યા કરવાનું, તમે મોક્ષ ક્યારે મેળવશો ? મહત્ત્વ તો મોક્ષનું જ છે.''

કૈલાસ પર્વત સ્વામીજી પણ મહારાજને સમજાવતા કે, ''શા માટે વ્યર્થની અશાંતિ ઊભી કરો છો, મોક્ષ મેળવી લ્યો ને !'' બીજા બધા ઘણા ઘણા હિતેચ્છુઓ ઇચ્છતા કે સ્વામીજી આવી બખેડાબાજીમાં પડ્યા વિના આત્માનો મોક્ષ મેળવી લે તે જ સારું.

સ્વામીજી બધાને જવાબ આપતા કે, ''પોતાનો મોક્ષ મેળવવો તેના કરતાં સૌને મોક્ષ મળે તેવા પ્રયત્નો કરવા વધુ ઉત્તમ છે. મને મારા મોક્ષની ચિંતા નથી, મારે તો પૂરી હિન્દુ પ્રજાનો મોક્ષ જોઈએ છે.'' વ્યક્તિગત એકાકી મોક્ષ તો નર્યો સ્વાર્થ જ કહેવાય અને તે પણ પારકા રોટલા ખાઈને. તેના કરતાં સૌના મોક્ષ માટે તપસ્યા કરવી તે ઉત્તમ છે.

સ્વામીજી બુલંદ શહેરમાં કુટિયા બાંધીને રહેતા હતા. એક દિવસ કલેક્ટર મળવા આવ્યા ત્યારે આવાં ઉચ્ચ પદો ઉપર મોટા ભાગે ગોરા લોકો

જ રહેતા. સ્વામીજીએ ''સમય નથી'' કહીને મળવાનો અસ્વીકાર કરી દીધો. સામાન્ય રીતે આવો મોટો માણસ મળવા આવે તો લોકો ગૌરવ જ લે પણ સ્વામીજીએ મળવાની જ ના પાડી દીધી. કલેક્ટર પણ કેવો કે તેને જરાય ખોટું ન લાગ્યું. સત્તા-અહંકાર અને ખોટું લાગવું આ ત્રણે સાથે રહેતાં હોય છે. કલેક્ટરે કહ્યું કે : ''કાંઈ વાંધો નહિ, આપને જ્યારે સમય હોય ત્યારે કહો તો હું તે પ્રમાણે આવીશ.'' ''ચાર કલાક પછી મારી પાસે પૂરતો સમય છે.'' સ્વામીજીએ સમય આપ્યો અને તે પ્રમાણે કલેક્ટર આવ્યા અને ધર્મચર્ચા કરી.

એક વાર અહમદગઢના પં. કમલનયન તથા પં. સુખદેવ વગેરે પ્રશ્નો પૂછવા આવ્યા. પંડિતો સ્વામીજીને અઘરામાં અઘરા પ્રશ્નો પૂછવા તૈયારી કરીને આવતા જેથી સ્વામીજી ગૂંચવાઈ જાય. મોટા ભાગનું પાંડિત્ય પ્રતિસ્પર્ધીને હરાવવા માટે હોય છે. સત્ય માટે તો ક્વચિત્ જ હોય છે. પંડિતો સ્વામીજીને ગૂંચવવા માટે જ આવ્યા હતા. પણ પોતે જ ગૂંચવાઈ ગયા ! ને પ્રશ્નો જ પૂછી ન શક્યા. મૌન રહ્યા અને વંદન કરીને ચાલ્યા ગયા.

એક વાર પં. નંદકિશોર સ્વામીજીને મળવા આવ્યા. રસ્તામાં એક ખેતરમાં વાલોળો જોઈ. પંડિતજીએ થોડીક વાલોળો તોડી લીધી અને આવીને સ્વામીજીને ભેટ ધરી. પણ સ્વામીજી સમજી ગયા. તેમણે કહ્યું કે, ''આ ચોરીની વાલોળો છે. હું નહિ સ્વીકારું. ખેતરના માલિકને પૂછ્યા વિના એક પાંદડું પણ તોડાય નહિ.'' જીવનનાં ઉચ્ચ આર્થિક મૂલ્યો મહાપુરુષોના આચરણોમાંથી પ્રસ્થાપિત થતાં હોય છે.

ત્યારે શિયાળો ચાલતો હતો, સ્વામીજી માત્ર કૌપીનભેર જ રહેતા. કશું ઓઢતા નહિ. લોકો ધાબળા ઓઢીને પણ થરથર ધ્રૂજતા રહેતા. સ્વામીજીની ઠંડી સહન કરવાની શક્તિથી લોકોને નવાઈ થતી.

સ્વામીજી પ્રતિદિન ગંગાસ્નાન કરતા પણ ગંગાસ્નાનથી પુણ્ય મળે છે તેવું ન માનતા. આપણે હિન્દુઓ સ્નાન કરીને પણ પૂરતી સ્વચ્છતા રાખી શકતા નથી.

એક વાર કડકડતી ઠંડીમાં સ્વામીજી માત્ર કૌપીન પહેરીને પદ્માસન વાળીને બેઠા હતા તેવામાં બદાયૂંના કલેક્ટર અને પાદરી આવી ચઢ્યા. તે તો ગરમ કોટ વગેરેમાં પણ ધ્રૂજતા હતા. તેમણે મહારાજને પૂછ્યું કે,'ઠંડી



નથી લાગતી ?'' સ્વામીજીએ કહ્યું કે, ''ના.'' પાદરીએ વ્યંગ કર્યો કે, ''ક્યાંથી લાગે ? જુઓને માલ-મલીદા ખાઈને હૃષ્ટપુષ્ટ થયો છે તો ઠંડી ક્યાંથી લાગે ?''

સ્વામીજીએ શાંતિથી જવાબ આપ્યો કે, ''અમે તો દાળ-રોટી ખાઈએ છીએ, માલ-મલીદા તો તમે જ ખાઓ છો. માંસ-મછલી-ઈંડાં વગેરે તમે ખાઓ છો છતાં ઠંડીમાં ઠરી રહ્યા છો !'' કલેક્ટરે સાચું કારણ જાણવા માગ્યું, તો સ્વામીજીએ યોગબળની ચમત્કારિક વાત ન કરી, તેમણે સીધું-સરળ સમાધાન આપ્યું કે : ''જુઓ, તમારું મોઢું ઉઘાડું છે. છતાં ત્યાં ઠંડી નથી લાગતી. જેવું મોઢાનું તેવું જ આખા શરીરનું. આખા શરીરને ઉઘાડું રાખવાનો અભ્યાસ કરવામાં આવે તો ઠંડી ન લાગે.'' કલેક્ટર અને પાદરી બન્ને વંદન કરીને ચાલતા થયા.

સોરોં નગરમાં ગોસાંઈ બળદેવગિરિ મહારાજને મળવા આવ્યા. ભક્ત થઈ ગયા. જીવનભર સેવા કરતા રહ્યા. એક ઠાકોર અને ત્રણ સાથીદારો તલવાર-લાઠી લઈને સ્વામીજી ઉપર પ્રહાર કરવા આવ્યા. સ્વામીજી વૈષ્ણવ નિમ્બાર્ક મતનું ખંડન કરતા રહેતા તેથી તે નારાજ થઈને શત્રુ થઈ ગયા હતા. ધર્મસુધારણા અને સમાજસુધારણાનું કાર્ય શત્રુતા વિનાનું નથી હોતું. પેલા દબંગો સ્વામીજી ઉપર પ્રહાર કરે તેના પહેલાં જ બળદેવગિરિ વચ્ચે પડ્યા અને પેલા દબંગોને પાછા કાઢ્યા.

સોરોં નજીકના ગામમાંથી પંડિત અંગદજી મળવા આવ્યા. પ્રજ્ઞાચક્ષુ વિરજાનંદજી જ્યારે સોરોંમાં રહ્યા હતા ત્યારે આ પંડિતજીએ તેમની પાસેથી અધ્યયન કરેલું એટલે ગુરુભાઈ જ કહેવાય. પંડિતજી શાલિગ્રામની પૂજા અને ભાગવતની કથા કરતા હતા. સ્વામીજી સાથેની ધર્મચર્ચાથી તેમણે શાલિગ્રામનું વિસર્જન કરી દીધું અને ભાગવતકથાઓ બંધ કરી દીધી. એક બીજા પંડિત યુગલ-કિશોર પણ સ્વામીજીના પ્રભાવમાં શાલિગ્રામમુક્ત થઈ ગયા ! સ્વામીજીએ અહીં 'સત્ય ધર્મસંરક્ષિણી' નામનું પુસ્તક લખ્યું હતું.

સ્વામીજીના ઘણા વિરોધીઓ રહેતા. સંઘર્ષમય જીવન વિરોધ વિનાનું નથી હોતું. કેટલાક તો ભારે દુશ્મનાવટ રાખતા હતા. તેથી એક વાર રાત્રે થોડા વિરોધીઓ તેમને ડુબાડીને મારી નાખવા માટે આવ્યા. સ્વામીજીથી થોડે દૂર પણ તેમના જ જેવો એક સાધુ સૂતો હતો. તેને દયાનંદ સમજીને પેલા લોકોએ તેને ગંગાજીમાં ડુબાડી દેવા પ્રયત્ન કર્યો પણ પેલાએ બૂમરાણ મચાવ્યું

તેથી ખબર પડી કે આ દયાનંદ નથી તેથી જતો કરી ભાગી ગયા.

એક વાર સ્વામીજી સભા ભરીને બેઠા હતા. લોકો તન્મય થઈને સત્સંગ સાંભળતા હતા. મૂર્તિપૂજા અને ગંગાજીની પવિત્રતાનું ખંડન સાંભળીને એક જાટ ઉશ્કેરાઈ ગયો. તે હાથમાં લાઠી લઈને ધસી આવ્યો અને પૂછવા લાગ્યો કે, ''બોલ આ લાઠી ક્યાં મારું ?'' તેનો ઇરાદો સ્વામીજીની હત્યા કરી નાખવાનો હતો. જરાય વિચલિત થયા વિના સ્વામીજીએ પોતાનું મસ્તક બતાવ્યું. કહ્યું : ''અહીં માર, અહીંથી જ આ બધા વિચારો આવે છે. તેને ફોડી નાખ.'' સ્વામીજીની નિર્ભયતા જોઈને જાટ અને સભા આશ્ચર્યચકિત થઈ ગયાં. જાટ પગમાં પડ્યો અને માફી માગી. ચાલતો થયો.

સ્વામીજી ફરીથી કર્ણવાસ આવ્યા. (તા. ૨૦ મે, ૧૮૬૮) અને પહેલાં જે કુટિયામાં રહેતા હતા ત્યાં જ નિવાસ કર્યો. તેમનાથી થોડે જ દૂર બરૌલીના રાવ કર્ણસિંહ પણ આવીને ઊતર્યા હતા. તે વૃન્દાવનના રંગાચાર્યજીના ભક્ત હતા. રંગાચાર્ય સ્વામીજીના વિરોધી થઈ ગયા હતા તેથી રાવ પણ વિરોધી થઈ ગયો હતો. રાવ પોતાના ઉતારા આગળ રોજ જુદી જુદી કૃષ્ણલીલાઓ રચાવતા હતા. મથુરા-વૃંદાવનનાં નાનાં બાળકો બચપણથી જ આવી લીલાઓ કરતાં રહેતાં હોય છે. લોકો ભાવ-વિભોર થઈને સાક્ષાત્ કૃષ્ણ જ લીલા કરતા હોય તેમ માનીને જોતા હોય છે.

રાવે, સ્વામીજીને પણ રાસલીલા જોવા આમંત્રણ મોકલ્યું પણ સ્વામીજીએ રાસલીલાને નિંદનીય કૃત્ય માનીને જવાની ના પાડી. રાવની લાગણીને ઠેસ પહોંચી. તે ક્રુદ્ધ થઈને તલવાર લઈને સ્વામીને મારી નાખવા માટે આવ્યો. સ્વામીજીની સભા ચાલી રહી હતી. થોડી જીભાજોડી થઈ. રાવે તલવારનો પ્રહાર કરવા હાથ ઊંચો કર્યો. સ્વામીજી વીજળીવેગે ઊભા થઈ ગયા અને તેના હાથને પકડીને તલવાર પડાવી લીધી. પછી તલવારની અણીને જમીન સાથે ટેકવીને એવી દબાવી કે તેના બે ટુકડા થઈ ગયા. રાવ શરમિંદો થઈ ગયો અને નીચું માથું કરીને ચાલતો થયો. આવા તો કેટલાય પ્રસંગો સ્વામીજીના જીવનમાં આવ્યા કરતા. વિરોધીઓ દ્વારા અપમાન કરવા, ઘાયલ કરવા, હત્યા કરી નાખવાના પ્રયત્નો કરવા વગેરે. આવા પ્રસંગોથી સ્વામીજીનું જીવન ભરપૂર દેખાય છે પણ તેમની નિર્ભયતા અને મક્કમતા હંમેશાં દૃઢ રહી.



સભા વચ્ચે પોતાની તલવારના બે ટુકડા કરીને ફજેતી કરનાર સ્વામીજી પ્રત્યે રાવનો દ્વેષ વધી ગયો. તેણે ફરીથી હત્યાનો પ્રયત્ન કર્યો. તે દિવસે શરદપૂર્ણિમા હતી. કર્ણસિંહે બે-ચાર વૈરાગી બાવાઓને ભડકાવીને મોકલ્યા કે, ''સ્વામીજી જ્યારે સૂતા હોય ત્યારે માથું કાપીને લઈ આવો તો આટલું ઇનામ આપીશ.'' વૈરાગી તો તૈયાર ન થયા પણ છેવટે પોતાના નોકરોને તૈયાર કરી મોકલ્યા.

મહારાજ સૂતા હતા. પાસે જ સેવક કૈથલસિંહ પણ સૂતો છે. પેલા ગુંડાઓ ખુલ્લી તલવારે માથું કાપવાના ઇરાદાથી આવી રહ્યા છે. થોડે દૂર ત્રણે ઊભા રહી ગયા. તેમના વિચારો બદલાઈ ગયા. વંદન કરીને પાછા વળી ગયા પણ કર્ણસિંહે ધમકાવીને ફરીથી મોકલ્યા. આ વખતે સ્વામીજી જાગી ગયા અને બધા ભાગી ગયા. સવારે ગામમાં સ્વામીજીના ચાહકોને ખબર પડી, તેમણે કર્ણસિંહને લલકાર્યા. પણ કોઈ આગળ આવ્યું નહિ. કર્ણસિંહના સસરા મોહનસિંહ સ્વામીજીના ચાહક હતા. તેમણે રાવને સમજાવીને વિદાય કરી દીધા. આ કર્ણસિંહ બહુ જ ભૂંડી રીતે મરણ પામ્યો. તે અડધો પાગલ થઈ ગયો, માંદો પડ્યો. વૈષ્ણવ હોવા છતાં માંસ-મદિરાનું સેવન કરતો થઈ ગયો. ધનથી પણ પાયમાલ થઈ ગયો અને ભૂંડી રીતે મરણ પામ્યો.

ચાર-પાંચ દિવસ રહીને સ્વામીજી કર્ણવાસથી અંબાગઢ પહોંચ્યા અને ત્યાંથી શાહબાજપુર પહોંચ્યા. અહીં તેમને સમાચાર મળ્યા કે પ્રજ્ઞાચક્ષુ દંડીસ્વામી વિરજાનંદજીનું અવસાન થઈ ગયું છે. તેમણે લાંબો નિઃસાસો નાખીને કહ્યું કે, ''વ્યાકરણનો સૂર્ય અસ્ત થઈ ગયો.'' એવું લાગે છે કે ગુરુજીના અવસાનના સમાચાર જાણીને તેઓ મથુરા ગયા નહિ. કદાચ બધી વિધિ પતી ગઈ હશે.

ફરીથી બે વૈરાગી બાવાઓ સ્વામીજીનું માથું કાપી નાખવા ઠાકોર ગંગાસિંહ પાસે તલવાર લેવા ગયા પણ ઠાકોરે તેમને તતડાવીને કાઢી મૂક્યા. અને ઠાકોરે સ્વામીજીની રક્ષા માટે સિપાહીઓ ગોઠવી દીધા.

સ્વામીજીનો પ્રવાસ ચાલતો રહ્યો. પંડિતો, પાદરીઓ, મૌલવીઓ વગેરે સૌની સાથે પ્રશ્નચર્ચા ચાલતી રહી.

એક ગોવિંદદાસ નામનો સાધુ લોકોને ભક્તિનો ઉપદેશ આપતો હતો, કર્મત્યાગ કરીને જ ભક્તિ કરાય તેવું સમજાવતો હતો. સ્વામીજીએ કર્મસહિત

ભક્તિ કરવાનું સમજાવ્યું. કર્મ-કર્તવ્યનો ત્યાગ કરાય જ નહિ.

એક વાર એક પાદરી આવીને સ્વામીજી કરતાં ઊંચા આસને બેસી ગયા. લોકોને ન ગમ્યું. પણ સ્વામીજીએ ચલાવી લીધું. કહ્યું કે : ''કાગડો મહેલ ઉપર બેસે તો કાંઈ ગરુડ ન થઈ જાય.''

કાયમતાજ, કમ્પિલ થઈને શુકરુલ્લાપુર ગયા અને ત્યાંથી ફર્રુખાબાદ ગયા. આ બધી ભૂમિ મુસ્લિમ શાસકોના હાથમાં રહી હોવાથી મોટા ભાગનાં નગરોનાં નામ મુસ્લિમ પદ્ધતિનાં હતાં, શાસન ચાલ્યું જાય છે પણ પોતાની છાપ મૂકતું જાય છે.

૨૯-૧૨-૧૦

# ૧૦. ગંગાકિનારે પ્રચાર

શક્તિ વિજયને ઝંખે છે. ઓછામાં ઓછું પરાજય તો નથી જ ઝંખતી. પરાજયથી બચવા માટે પણ વિજય જરૂરી છે. જે વિજય નથી કરતા તે જરૂર પરાજિત થઈ જતા હોય છે. જ્યાંથી પરાજિત થવાની શક્યતા હોય ત્યાં પહેલેથી જ વિજય મેળવી લેવો એ અગમચેતી કહેવાય. શત્રુને યુદ્ધ કરવાનો મોકો જ ન મળે તેવું આયોજન કરવું જોઈએ. વિજય જ્યારે વ્યાપક બને છે ત્યારે તેને દિગ્વિજય કહેવાય છે. આ દિગ્વિજય ત્રણ પ્રકારનો હોય છે : ૧. તલવારનો ૨. કલમનો અને ૩. ત્રાજવાંનો.

તલવારનો દિગ્વિજય તો પ્રસિદ્ધ જ છે. પ્રાચીનકાળમાં અશ્વમેધ વગેરે યજ્ઞો દ્વારા વિશ્વવિજયના પ્રયત્નો થતા રહેતા.

કલમનો વિજય, બૌદ્ધિક વિચારોનો વિજય હોય છે. પ્રાચીન કાળમાં પંડિતો શાસ્ત્રોના આધારે દિગ્વિજય કરવા નીકળી પડતા અને શાસ્ત્રાર્થ કરીને પંડિતો-રાજપંડિતોને હરાવીને દિગ્વિજય પ્રાપ્ત કરતા. આ પ્રથા કદાચ ભારતમાં જ હતી. આરબો કે પશ્ચિમમાં દેખાતી નથી. પ્રાચીન કાળમાં વૈચારિક મતભેદના કારણે સોક્રેટિઝને ઝેર પિવડાવી મારી નાખેલો. અને ઈશુખ્રિસ્તને વધસ્તંભ ઉપર ખીલા મારીને જડી દીધેલા. તે વિશ્વપ્રસિદ્ધ વાત છે. ભારતમાં એવું થયું નથી, કારણ કે વિચારોની પ્રસ્તુતિની પૂરેપૂરી છૂટ હતી.

ગોરી પ્રજા ત્રાજવાં લઈને વિશ્વ જીતવા નીકળી હતી અને તેણે જીતી બતાવ્યું. ભારતના વ્યાપારીઓ ત્રાજવાંની શક્તિને પૂરેપૂરા સમજી શક્યા નથી. તેને માત્ર નફો કરવાનું જ માધ્યમ માને છે. તેથી તે નફો તો કરે છે પણ સાથે સાથે ટેક્સેબલ પ્રજા થઈને ગુલામી પણ વેઠતી રહી છે. ગોરી પ્રજા પછી, હવે ચીન ત્રાજવાં દ્વારા વિશ્વવિજય કરવા નીકળ્યું છે.

સ્વામીજી પાસે તલવાર કે ત્રાજવાં તો ન હતાં પણ કલમ હતી. પ્રચંડ મેધાશક્તિ દ્વારા તે ભલભલાને જીતી લેતા. તેમનો વિજય સ્વલક્ષી ન હતો પણ પ્રજાલક્ષી, રાષ્ટ્રલક્ષી હતો. તે પ્રજાને અંધશ્રદ્ધા અને કુશ્રદ્ધાના ક્રૂર પંજામાંથી છોડાવવા માગતા હતા. સ્થાપિત હિતોનો પ્રબળ ભરડો તેમ થવા દેતો ન હતો, તેનો સંઘર્ષ હતો.

કલમ અથવા વાણીમાં સૌથી ગજબની શક્તિ હોય છે. આ શક્તિનો સદુપયોગ અને દુરુપયોગ બન્ને થતો હોય છે. દુરુપયોગ કરનારા તેના દ્વારા કોઈને દુઃખી કરતા હોય છે. પ્રજાને ગેરમાર્ગે ચઢાવતા હોય છે. અથવા પેટ ભરવાના કામમાં લગાવતા હોય છે પણ સદુપયોગ કરનારા લોકહિત કે રાષ્ટ્રહિતનાં કાર્યોમાં ખર્ચીને અમર થઈ જતા હોય છે. પણ વક્તા કે લેખકમાં નિર્ભયતા હોય તો જ આ શક્તિનો પૂરેપૂરો પ્રભાવ ઉત્પન્ન થઈ શકતો હોય છે.

સ્વામીજી પાસે પ્રચંડ અભયતા હતી. તે કોઈનો ભય રાખતા નહિ. તેથી ભલભલાની સામે બાથ ભીડી બેસતા અને ઈશ્વરકૃપાથી વિજયી થતા. તે એકાકી જ હતા. તેમની પાસે જમાત ન હતી. કોઈ ટોળાં પણ નહોતાં. માત્ર ને માત્ર ઈશ્વર જ હતા. ઈશ્વર પ્રત્યેની તેમની દૃઢ નિષ્ઠા ભારે આત્મવિશ્વાસ અને આત્મબળ પેદા કરતી હતી.

સ્વામીજી ફરુખાબાદમાં વિશ્રામઘાટ ઉપર છ મહિના સુધી રહ્યા. ચારે તરફ ચાહકો અને વિરોધીઓનો મેળો ભરાવા લાગ્યો. તેમણે વૈશ્યોને યજ્ઞોપવીત આપવી શરૂ કરી ત્યારે લોકો યજ્ઞોપવીતને ગૌરવ અને પવિત્રતાનું પ્રતીક માનતા હતા, હવે તો બ્રાહ્મણો પણ યજ્ઞોપવીત ત્યાગી બેઠા છે. જોકે પારસીઓ હજી પોતાની જનોઈ (કસડો) છોડતા નથી. પોતાની જૂની સંસ્કૃતિને વળગી રહેનાર જ સંસ્કૃતિની રક્ષા કરી શકતા હોય છે.

### મૂર્તિપૂજા શાસ્ત્રાર્થ

સ્વામીજી હોય ત્યાં શાસ્ત્રાર્થ તો હોય જ. સ્થાનિક પંડિતો તો બહુ પ્રભાવશાળી ન હતા તેથી મેરઠ જઈને ગોપાળશાસ્ત્રીને લઈ આવ્યા અને મૂર્તિપૂજા ઉપર શાસ્ત્રાર્થ શરૂ થયો.

સ્વામીજી એ સૌને એક જ પ્રશ્ન પૂછતા : મૂર્તિપૂજા વેદોમાં હોય તો બતાવો. અમે પુરાણોને માનતા નથી. તે વખતના પંડિતો વેદોનું ખાસ અધ્યયન



કરતા નહિ, ઉપરચોટિયું થોડું જ્ઞાન જ રહેતું પણ પુરાણોથી જ બધો વ્યવહાર વગેરે ચાલતું. વેદનું પ્રમાણ મળવાથી પંડિતો હારી જતા. અહીં પણ એવું જ થયું. સ્વામીજીની યુક્તિઓ આગળ ગોપાલશાસ્ત્રી ટકી શક્યા નહિ.

ગોપાલશાસ્ત્રીથી પરાજય સહન થઈ શક્યો નહિ. તે કાશી ગયા. અને કાશીગણમાન્ય પંડિતોની સહી સાથેનો ફતવો લઈ આવ્યા કે મૂર્તિપૂજા વેદમાન્ય છે. તેમણે ગંગાજીની રેતમાં વાંસડો ખોડીને ઝંડો લહેરાવ્યો અને લાંબો સમય જાહેરાત કરી કે મૂર્તિપૂજા વેદમાન્ય છે. ગોપાલશાસ્ત્રીનો કોલાહલ વધી જતાં કલેક્ટરે સ્વામીજીની રક્ષા માટે બે સિપાહીઓ મૂકી દીધા. આ ગોરાઓ પાણી આવતાં પહેલાં પાળ બાંધી દેતા હતા.

એક જ્વાલાપ્રસાદ દારૂડિયો હતો તેને લોકોએ ચઢાવ્યો. તેણે આવીને ધમાલ મચાવી પણ સ્વામીજીના માણસોએ તેને મારીને કાઢી મૂક્યો. તે ફરીથી માણસો લઈને આવ્યો પણ લાલા જગન્નાથજીના માણસોએ પ્રતિકાર કરી બધાને કાઢી મૂક્યા.

એક વાર એક વૈષ્ણવ સાધુ સ્વામીજીને અપમાનિત કરવા આવ્યો. ગંગાજીને માનવા ન માનવા બાબતમાં મતભેદ થયો. તેણે સ્વામીજી ઉપર જોડું ફેંક્યું જે વાગ્યું નહિ. આગળ બેઠેલા લોકોએ તેને પકડીને મારવા માંડ્યો. પણ સ્વામીજી વચ્ચે પડ્યા અને નિર્બળ જાણીને છોડાવી દીધો.

ખળભળાટ થતો હોય છે તો તેની અસર સર્વત્ર થતી હોય છે. સ્વામીજીના આવવાથી મુસ્લિમોમાં પણ ખળભળાટ થયો હતો. ચાર-પાંચ જિજ્ઞાસુ મુસ્લિમો સ્વામીજીને મળવા આવ્યા અને પૂછ્યું કે : ''તમે પયગંબર મહમ્મદને ઈશ્વરીય પયગંબર માનો છો કે કેમ ?'' સ્વામીજીએ કહ્યું કે : ''તમે ધર્મચર્ચા સાંભળવાની સહિષ્ણુતા રાખતા નથી. તરત જ ચિઢાઈ જાવ છો. તેથી મારો ઉત્તર તમને ગમશે નહિ. પોતાને ગમતી વાત શોધવી એ સત્યનું શોધન ન કહેવાય. સત્ય તો કોઈ વાર ન ગમતું પણ હોઈ શકે છે.'' મુસ્લિમો વિદાય થયા.

એક વાર એક બ્રાહ્મણ ગુંડાને ઉશ્કેરીને લોકોએ સ્વામીજીને મારવા મોકલ્યો. કાયર લોકો પોતે તો સામે આવી શકે નહિ એટલે કોઈને હોળીનું નાળિયેર બનાવીને મોકલે. અને પ્રત્યેક સ્થાને થોડાક તો હોળીનાં નાળિયેર રહેતાં જ હોય છે. પેલો બ્રાહ્મણ ગુંડો હાથમાં લાઠી લઈને આવ્યો પણ નજીક

આવતાં જ બદલાઈ ગયો. તેણે લાઠી ફેંકી દીધી અને પગમાં પડીને ભક્ત થઈ ગયો.

એક વાર નાનાં બાળકો આવી ચઢ્યાં. સ્વામીજી ગંગાજીની રેતીમાં પગ ફેલાવીને બેઠા હતા. રમત રમતમાં કે પછી કોઈના ચઢાવ્યાથી બાળકો રેતીના ગોળા બનાવીને સ્વામીજી તરફ ફેંકવા લાગ્યા. સ્વામીજી કશું બોલ્યા નહિ પણ રેતી જ્યારે આંખમાં પડવા લાગી ત્યારે કુટિયામાં ચાલ્યા ગયા.

સ્વામીજી માત્ર બુદ્ધિથી જ બળવાન ન હતા. શરીરથી પણ તેટલા જ બળવાન હતા. તેમણે નીચોવેલા લંગોટમાંથી પહેલવાનો એક ટીપું પાણી કાઢી શક્યા નહિ અને પોતે ફરીથી ટીપાં કાઢી બતાવ્યાં.

ઘણા યુવકો ખ્રિસ્તી ધર્મ તરફ વળવા લાગ્યા હતા. પણ સ્વામીજીના આવવાથી અને પ્રભાવથી તેઓ અટકી ગયા. વૈદિક ધર્મમાં તેમનું સમાધાન થયું અને ગૌરવ લેવા લાગ્યા.

પંડિત ગોપાલશાસ્ત્રીની હાર થવાથી હજી તેનો ડંખ નીકળતો ન હતો. તેણે કાનપુરથી મહાતાંત્રિક પં. હલધર ઓઝાને બોલાવ્યા. અને સ્વામીજી સાથે શાસ્ત્રાર્થ ગોઠવી દીધો. મૂર્તિપૂજા ઉપર શાસ્ત્રાર્થ શરૂ થયો. હલધરે "સૈત્રાયણ્યાં સુરાં પિવત" વેદમંત્રના દ્વારા યજ્ઞમાં મદિરાપાનનું સમર્થન કર્યું સ્વામીજીએ અર્થ અને યુક્તિ બન્નેથી તેનું નિરાકરણ કર્યું.

હલધરે સંન્યાસીનાં લક્ષણ પૂછ્યાં. સ્વામીજીએ તે બતાવ્યાં. પછી હલધરને સ્વામીજીએ બ્રાહ્મણનાં લક્ષણો પૂછ્યાં. હલધર ચૂપ થઈ ગયો. કારણ કે તે પોતે દારૂ પીને આવ્યો હતો. તેનામાં બ્રાહ્મણનું એક પણ લક્ષણ ઘટતું નહોતું. અંતે તેની હાર થઈ ગઈ. તે હારને જીરવી ન શક્યો. મૂર્છા ખાઈને ઢળી પડ્યો.

લાલા બંસીલાલે શિવાલય બનાવ્યું હતું. તેની પ્રતિષ્ઠા થવાની તૈયારી હતી ત્યાં સ્વામીજી આવી ગયા. તેમના પ્રભાવથી તેણે શિવાલયને પાઠશાળામાં ફેરવી દીધું. હવે ત્યાં ૫૦ વિદ્યાર્થીઓ રહીને અષ્ટાધ્યાયી ભણવા લાગ્યા. રહેવા-જમવાનો ખર્ચ લાલા દુર્ગાપ્રસાદ ઉપાડવા લાગ્યા. આ જ ક્રિયાત્મક – વ્યાવહારિક ક્રાન્તિ કહેવાય.

સ્વામીજી ફરતા ફરતા જલાલાવાદ આવ્યા અને ત્યાંથી જલાલપુર આવ્યા. પં. શરણદાસ ઉદાસીની કુટિયામાં નિવાસ કર્યો. ત્યાંથી કનોજ આવ્યા



અને જમુનાકિનારે ગૌરીશંકર મહાદેવના ચબૂતરામાં નિવાસ કર્યો.

પં. હરિશંકર નામના વિદ્વાન સાથે શાસ્ત્રાર્થ થયો તેમાં પંડિતે પોતે જ શરત કરેલી કે : "જો હું હારી જઈશ તો શિખા-સૂત્રનો ત્યાગ કરીને સંન્યાસી થઈ જઈશ." તે સંન્યાસી થવા તૈયાર થઈ ગયા પણ સ્વામીજીએ તેમને સમજાવ્યા કે : "સંન્યાસ જ્ઞાન-વૈરાગથી લેવાય. હારવા-જીતવાથી ન લેવાય."

સ્વામીજી કાનપુર પહોંચ્યા અને ભૈરવમંદિર પાસે દરગાહીલાલ વકીલના ઘાટ ઉપર નિવાસ કર્યો. વકીલના નામ ઉપરથી જણાય છે કે કોઈ દરગાહની કૃપાથી તેમનો જન્મ થયો હશે. ત્યારે અને આજે પણ આવી બાધાઓ અને માન્યતાઓ ચાલતી જ રહે છે !

સ્વામીજીએ અહીં આઠ સત્યો અને આઠ અસત્યોની વ્યાખ્યા કરી હતી અને તેને છપાવ્યાં પણ હતાં.

સ્વામીજીના વિજ્ઞાપનથી ખળભળાટ મચી ગયો હતો. તેમાં એક સ્વામી બ્રહ્માનંદજીએ વિરોધ કરેલો, એ સ્વાભાવિક છે. વર્ષો જૂની વાતોનો એકદમ વિરોધ થાય અને લોકો તરત જ માની લે તેવી આશા ન રખાય. વિચારોનો પ્રચાર ધીરે ધીરે થતો હોય છે અને તેની સ્થાપના થતાં તો વર્ષો નહિ કદાચ સદીઓ પણ લાગી જતી હોય છે. રૂઢિવાદીઓ એવો પ્રચાર કરતા કે : "૧. દયાનંદ નાસ્તિક છે. ૨. ખ્રિસ્તી ધર્મનો એજન્ટ છે. તેનું મોઢું જોવું એ પણ પાપ છે." વગેરે. ધાર્મિક ક્ષેત્રનો વિરોધ સૌથી વધુ અભદ્ર અને અસહિષ્ણુ હોય છે. સ્વામી બ્રહ્માનંદજીએ વિરોધના ફૂંફાડા તો બહુ માર્યા પણ શાસ્ત્રાર્થ કરવા ટકી ન શક્યા.

પં. ગુરુપ્રસાદ અને પં. પ્રયાગનારાયણ એ બન્નેએ મળીને કૈલાસ અને વૈકુંઠ નામનાં બે મંદિરો બંધાવેલાં. સ્વામીજીએ તેમને સલાહ આપેલી કે આટલા રૂપિયા તમારી કાન્યકુબ્જ જ્ઞાતિના ઉદ્ધાર માટે વાપર્યા હોત તો જ્ઞાતિનો ઉદ્ધાર થાત. ત્યારે કાન્યકુબ્જ જ્ઞાતિની કન્યાઓ ૩૦-૩૫ વર્ષની થઈ જતી પણ વિવાહ ન થઈ શકતો. ત્યારે દાનનું ક્ષેત્ર માત્ર ધાર્મિક ક્ષેત્ર જ હતું. સ્વાભાવિક, માનવતાવાદી કે રાષ્ટ્રવાદી ક્ષેત્રો ખુલ્યાં ન હતાં તેથી બધું દાન દેવ-દેવમંદિરો, પૂજારીઓ અને બ્રાહ્મણો તરફ જ વહેતું રહેતું હતું. સ્વામીજી તેને સમાજલક્ષી બનાવવા માગતા હતા. સ્વામીજીના વિચારોથી પેલા બન્ને પંડિતો નારાજ થઈ ગયા. નારાજ થયેલા લોકોનું એક સંગઠન આપોઆપ

થઈ ગયું. જેમાં પં. હલધર ઓઝા પણ ભળ્યા. બધાએ ભેગા થઈને પં. લક્ષ્મણ શાસ્ત્રીજી સાથે શાસ્ત્રાર્થ કરાવવાનું નક્કી કર્યું.

**શાસ્ત્રાર્થ**

૩૧ જુલાઈ, ૧૮૬૮ના દિવસે સહાયક કલેક્ટર થેયર્સની મધ્યસ્થતામાં ભૈરવઘાટ નીચે શાસ્ત્રાર્થ આયોજિત થયો. ૨૫ હજારની જનમેદની ઊમટી પડી. જેમાં નગરશેઠ, અમલદારો, અંગ્રેજો વગેરે પણ આવેલા. સૌને ઉત્સુકતા અને જિજ્ઞાસા હતી કે શું થશે ?

મોટા ભાગે મૂર્તિપૂજાનો જ વિષય હોય. લાંબા શાસ્ત્રાર્થના અંતે મિ. થેયર્સ સાહેબે સ્વામીજીને બે પ્રશ્નો પૂછ્યા.

૧. તમે કોને માનો છો ? જવાબ – એક માત્ર ઈશ્વરને.

૨. અગ્નિમાં ઘી કેમ હોમો છો ? ૨. વાતાવરણ શુદ્ધ કરવા. થેયર્સ ઊભા થયા અને ચાલતા થયા. પં. હલધરના અનુયાયીઓએ પોતાનો વિજય મનાવ્યો. ભારે હુડદંગ મચાવ્યું. કેટલાંક સામયિકોએ પણ તેવા જ સમાચાર છાપ્યા. અંતે સ્વામીજીના માણસો થેયર્સન પાસે ગયા અને તેમનું પ્રમાણપત્ર માગ્યું. કારણ કે તે મધ્યસ્થ હતા અને સંસ્કૃતના જ્ઞાતા હતા. તેમણે લિખિત રૂપમાં લખી આપ્યું કે :

"મહાશયો, મારી મધ્યસ્થીમાં શાસ્ત્રાર્થના સમયે દયાનંદ સરસ્વતી સંન્યાસીનો વિજય થયો હતો. તેઓની યુક્તિઓ વેદાનુકૂળ હતી. જો તમે ઇચ્છો તો હું મારી સંમતિની પુષ્ટિમાં થોડા દિવસોમાં પ્રમાણ પણ આપીશ."

કાનપુર, તા. ૭-૮-૧૮૬૯ આપનો

ડબલ્યૂ. થેયર્સ

શાસ્ત્રાર્થોમાં સત્ય ત્યારે જ શોધાતું હોય છે જ્યારે બન્ને પક્ષો પૂર્વગ્રહનો ત્યાગ કરી સત્યને શોધવા અને સ્વીકારવા તૈયાર હોય. માત્ર જીભાજોડી કરવાથી સત્ય શોધાતું નથી. કેટલીક વાર રાગ-દ્વેષ વધી જતા હોય છે. પણ ઉપસ્થિત પ્રજા ઉપર પ્રભાવ પડતો હોય છે. જો તે ચુસ્ત અનુયાયીઓ ન હોય તો.

આવી રીતે પં. હલધર ઓઝા અને બીજા બધા વિરોધીઓએ મળીને સ્વામીજીના પરાજયનો દુષ્પ્રચાર કર્યો હોવા છતાં સ્વામીજી જરાય વિચલિત ન થયા, પૂર્ણ સ્વસ્થ રહ્યા !



આ ભૈરવઘાટમાં ભૈરવજીનું મંદિર હતું. ત્યાંની મૂર્તિ વિશે હાજરાહજૂર – જાગતિ જ્યોત એવું મનાતું. સિપાહીઓ પણ ભૈરવથી ડરતા. સ્વામીજીએ તેનું ખંડન કર્યું અને કહ્યું કે : "તેનામાં શક્તિ હોય તો મને નુકસાન પહોંચાડે." થોડા જ દિવસમાં ગંગાજીમાં રેલ આવી અને મૂર્તિ તણાઈ ગઈ.

ત્યારે શ્રાવણ મહિનો ચાલતો હતો. લોકો શિવપૂજામાં બીલીપત્ર ચઢાવતા, કોઈએ તેનું માહાત્મ્ય પૂછ્યું તો સ્વામીજીએ કહ્યું કે : "એ તો ઊંટનો ચારો કહેવાય. કોઈ ઊંટને ધરાવ્યો હોય તો તેનું પેટ ભરાય." સ્વામીજી નિરાકાર પરમેશ્વરને સામગ્રી વિનાની ઉપાસના કરવામાં માનતા હતા, જેમ સામગ્રી વિના મુસ્લિમો નમાજ પઢે છે તેમ.

**હુમલો થયો**

નારાજ થયેલા વિરોધીઓ ટોળું બનાવીને ચઢી આવ્યા. તે લાકડી ફેરવતા હતા. તેમાંથી એક પ્રહાર કરવા આગળ વધ્યો કે તરત જ સ્વામીજીએ તેની પાસેથી લાકડી પડાવી ધક્કો મારી ગંગાજીમાં ફેંકી દીધો. એક વૃક્ષની ડાળી તોડીને સ્વામીજી સામે થયા. તેમના હુકારથી બધા ભાગી ગયા. પ્રચાર, વિરોધ, સંઘર્ષ અને પ્રહાર – આ બધું જીવનભર ચાલતું રહ્યું.

સ્વામીજીના વિચારો સામાજિક ક્ષેત્ર તરફ પણ જાગૃતિ લાવતા થયા હતા. તેમણે બાળવિવાહનો વિરોધ કર્યો, વિધવાવિવાહનું સમર્થન કર્યું. અસ્પૃશ્યતાનું નિવારણ કર્યું, નારીજાતિનું માન-સન્માન વધાર્યું. આવાંબધાં સામાજિક જાગૃતિનાં કાર્યો પણ કરવા લાગ્યા હતા.

એક વાર એક મૌલવી આવ્યા. તેમણે દાવો કર્યો કે : "કુરાન ઈશ્વર રચિત પુસ્તક છે." સ્વામીજીએ સામો પ્રશ્ન પૂછ્યો કે : "શરૂઆતમાં જ લખ્યું છે કે : પ્રારંભ કરતા હૂં અલ્લાહ કે નામ પર, જો બખ્શને વાલા ઔર રહમ કરનેવાલા હૈ" આવું વાક્ય અલ્લાહ પોતે પોતાના માટે ન લખે. કોઈ અલ્લાહનો ભક્ત જ આવું લખે." મૌલવી વિદાય થઈ ગયા !

એક પંડ્યો રોજ નિયમપૂર્વક સ્વામીજીને ગાળો ભાંડતો. સ્વામીજી શાંતિથી સાંભળી લેતા. પંડ્યાની આજીવિકા ગંગાના યાત્રીઓથી ચાલતી હતી. પોતાની આજીવિકાને કોઈ ધક્કો પહોંચાડે તો સ્વાભાવિક છે કે તેને દુ:ખ થાય. સ્વામીજી તેની માનસિકતા સમજતા હતા. બધા પ્રહારો કરતાં રોજી ઉપરનો પ્રહાર વ્યક્તિને વધુ હચમચાવે છે. સ્વામીજી તેને અવારનવાર

પોતાની પાસે આવેલાં ફળ વગેરે આપતા જેથી તે વિચારતો થઈ જતો – "આ કેવો સાધુ છે ? ગાળો આપનારને ફળ આપે છે ?" અંતે તે ભક્ત થઈ ગયો. સત્કર્મ અને ઉદારતાભર્યો વ્યવહાર પણ વિચાર-પ્રચારનું માધ્યમ બની શકે છે.

સ્વામીજી એક માત્ર લંગોટ-કૌપીન જ પહેરતા અને રાખતા. કોઈએ નવો લંગોટ લાવી આપ્યો તો જૂનો છોડીને મૂકતા ગયા. સાચા અર્થમાં અકિંચન હતા.

૩૦-૧૨-૧૦

## ૧૧. કાશી-શાસ્ત્રાર્થ

ધર્મ હોય ત્યાં એક ધર્મશાસ્ત્ર પણ હોય જ. લગભગ બધા જ ધર્મો, પોતપોતાના ધર્મગ્રંથને દૈવી પુસ્તક માને છે. તેથી પવિત્ર પણ માને છે. તેના આધારે ધર્મ ચાલતો રહે છે. પવિત્રતા વિના શ્રદ્ધા ન થાય. જે પવિત્રતાનો ભાવ મુસ્લિમોને કુરાનમાં કે સિક્ખોને ગ્રંથસાહેબમાં થાય છે તેવો ભાવ બીજે ભાગ્યે જ જોવા મળશે. પવિત્રતાનો ભાવ શ્રદ્ધાને દૃઢ કરે છે. શ્રદ્ધાળુઓ પવિત્ર ગ્રંથને આંખે અડાડે છે, વંદન કરે છે. તેની અવહેલના કે તિરસ્કાર સહન કરી શકતા નથી. કરવી પણ ન જોઈએ.

ધર્મ અને ધર્મગ્રંથની સાથે એકાદ ગ્રંથનો વ્યાખ્યાતા પણ હોવો જરૂરી છે. કારણ કે ધર્મગ્રંથો વ્યાખ્યેય હોય છે. આ વ્યાખ્યાતાને ધર્માચાર્ય અથવા ધર્મગુરુ કહેવાય છે. તે પણ પવિત્ર હોવો જોઈએ. તો જ શ્રદ્ધા થાય. નહિ તો અવગણના કે ઉપેક્ષા થાય.

આવી જ રીતે એક ધર્મનું મુખ્ય કેન્દ્ર પણ હોય જે પવિત્ર મનાતું હોય. મુસ્લિમોને મક્કા, ખ્રિસ્તીઓને જેરુસલેમ, રોમ, સિક્ખોને અમૃતસર, બૌદ્ધોને સારનાથ, જૈનોને સમેતશિખર વગેરે. આવાં પવિત્ર સ્થાનોમાં શ્રદ્ધાળુઓની ભીડ થતી હોય છે અને ધર્મની પ્રેરણા મેળવતી હોય છે.

હિન્દુઓ માટે આવું પવિત્ર સ્થાન કાશી માનવામાં આવ્યું છે. એક સમય હતો જ્યારે ધર્મના બધા ફતવા કાશીમાંથી જ પ્રસિદ્ધ થતા. કાશીના પંડિતોના હાથમાં ધર્મની ધુરા હતી. હિન્દુ ધર્મ પાસે કોઈ પોપ નથી, કોઈ ઈમામ નથી, કોઈ આર્ચબિશપ નથી. જે છે તે આ પંડિતો છે. જે હતા તે જે કહે તે ધર્મ. ના કહે તે અધર્મ. હિન્દુ ધર્મ વ્યક્તિવાદી નથી. હા, તેના સંપ્રદાયો વ્યક્તિવાદી છે. જે કોઈ ને કોઈ વ્યક્તિના ચલાવેલા હોવાથી વ્યક્તિકેન્દ્રિત થયા છે. પણ

હિન્દુ ધર્મ વ્યક્તિકેન્દ્રિત નથી. પહેલાં તે ઋષિકેન્દ્રિત હતો. બધા ઋષિઓ નિર્ણય કરતા. સમય જતાં તે પંડિતોનો આશ્રિત થયો છે. ત્યારે બધા નિર્ણયો પંડિતો અને તે પણ કાશીના પંડિતો કરતા. જે નિર્ણયો થતા તે શાસ્ત્રાધારિત થતા. માત્ર યુક્તિ આધારિત નહિ. લગભગ બધા જ ધર્મોમાં આવું હોય છે. એટલે હિન્દુ ધર્મનું, વિદ્યાનું મુખ્ય કેન્દ્ર કાશી બની ગયું હતું. અહીં સેંકડો નહિ કદાચ હજારો પંડિતો વસતા હતા, તે સમયની પ્રચલિત બધી વિદ્યાઓના જાણકાર તજ્જ્ઞ રહેતા. પણ મોટા ભાગે બધા જુનવાણી રહેતા. કાશીમાં ધાર્મિક પવિત્રતાની સાથે પુષ્કળ ગંદકીનો મેળ પણ જામી ગયો હતો. ગંદકી અને પવિત્રતા સાથે રહી શકે છે ! તે આપણાં તીર્થો, પવિત્ર નદીઓ અને ધાર્મિક પવિત્ર ગણાતાં માણસોમાં પણ જોઈ શકાય છે.

સ્વામીજી કાશી પહોંચી ગયા. કાશીના બે ભાગ છે : ૧. કાશી અને ૨. રામનગર. કાશી ગંગાજીની આ તરફ વસ્યું છે. જ્યારે રામનગર પેલી તરફ વસ્યું છે. રામનગર રાજધાની છે. કાશીનરેશ અહીં રહે છે. અને પોતાનું રજવાડું ચલાવે છે. રામનગરમાં રાજાનો ભવ્ય રાજમહેલ છે. સ્વામીજી આ મહેલની સામે જ એક વૃક્ષની નીચે આસન જમાવીને બેસી ગયા. તે જ્યાં જતા ત્યાં તેમનો પ્રચાર સ્વયંભૂ થઈ જતો. તેમના ચાહકો કરતાં વિરોધીઓની સંખ્યા ઘણી મોટી રહેતી. આ વિરોધીઓ જ નકારાત્મક રીતે તેમનો પ્રચાર કરતા. શ્રદ્ધાથી આવનારા કરતાં, ઘૃણાથી આવનારા વધી જતા. પ્રહાર કોઈને ગમતો નથી. પ્રહાર કરીને ચાહના ન મેળવી શકાય. લોકરંજન કરીને શીઘ્ર ચાહના પ્રાપ્ત થાય. પણ ધર્મગુરુ તો કાંઈ વિદૂષક નથી કે લોકરંજન કરતા ફરે. તે તો કસોટીની ભઠ્ઠી જેવા હોય છે. જેમાં તપેલું સોનું જ પ્રતિષ્ઠિત થાય.

કેટલાક વિદૂષકટાઇપ ધર્મગુરુઓ માન-સન્માન અને જમણવારો આપી આપીને લોકોનાં મન જીતતા હોય છે. આ ધર્મમાર્ગ ન કહેવાય. વ્યાપારમાર્ગ જ કહેવાય.

સ્વામીજીના આગમનના સમાચાર ચારે તરફ ફેલાઈ ગયા. લોકોનાં ટોળેટોળાં ઊમટવા લાગ્યાં.

કાશીનરેશ હંમેશાં શ્રદ્ધાળુ અને પ્રજામાન્ય રાજા રહ્યા છે. મહારાજા જ્યાંથી નીકળતા ત્યાં પ્રજા ઊભી થઈ જતી અને ''હર હર મહાદેવ''ની



ઘોષણા કરીને તેમને બહુમાન આપતી. રાજા પોતે પણ મૂર્તિપૂજક હતા. રાતોરાત તો સ્વામીજીના વિચારો સ્થાપિત થઈ શકે નહિ. તેથી પ્રજા પણ પૌરાણિકમાર્ગી હતી, તેમાં વિરોધી પંડિતોએ કુપ્રચાર કરવા માંડ્યો. ૧. દયાનંદ નાસ્તિક છે. ૨. તે ખ્રિસ્તી ધર્મ અને અંગ્રેજોનો એજન્ટ છે વગેરે અફવાઓ ગમે તેટલી જૂઠી હોય તોપણ તેની અસર તો થતી જ હોય છે.

પંડિતોનું, રાજાનું અને લોકોનું વિરોધી વલણ જોઈને પં. બળદેવપ્રસાદે સ્વામીજીને ચેતવ્યા કે, ''કાશી માત્ર જ્ઞાનની જ નગરી નથી; ગુંડાઓની પણ નગરી છે. અહીં તમારી સાથે કોઈ નથી, તમે એકલા જ છો.'' સ્વામીજીએ જવાબ આપ્યો કે, ''હું એકલો નથી, મારી સાથે ઈશ્વર છે.'' જ્યારે કોઈનો પણ સાથ ન હોય ત્યારે ઈશ્વરના સાથને જાણી શકાય છે. ઈશ્વર ઉપરની દૃઢ શ્રદ્ધા વિના સત્યની પ્રતિષ્ઠા કરવી કઠિન છે. સત્ય, વિરોધ વિનાનું હોતું નથી અને વિરોધ જ્યારે હિંસક તત્ત્વોના હાથમાં ચાલ્યો જાય ત્યારે આત્મરક્ષણ કરવું કઠિન થઈ જાય.

એક તુલના કરવાનું મન થઈ જાય. અરબસ્તાનમાં પણ મૂર્તિપૂજા હતી તેનો વિરોધ પયગંબર સાહેબે કર્યો પણ તેમણે આવા શાસ્ત્રાર્થો ન કર્યા. આયાતો ઉતારી અને ઇસ્લામને કબૂલ કરવાનું જણાવ્યું. તેમનો એટલો પ્રચંડ વિરોધ થયો કે અંતે તેમને મક્કા છોડીને હિજરત કરીને મદીના જતું રહેવું પડ્યું ! પછી શક્તિ ભેગી કરીને મક્કા ઉપર હુમલો કર્યો. ઇસ્લામનો વિજય થયો. જે હજી ચાલ્યા જ કરે છે. આ લોકો શાસ્ત્રાર્થની ચેલેન્જ નથી આપતા, નથી શાસ્ત્રાર્થ કરતા. સીધી અને સટ વાત. ઇસ્લામ કબૂલ કરી લો. વિશ્વભરમાં આ ધર્મ પ્રબળ થઈને ફેલાઈ ગયો. અધ્યયન કરવું જોઈએ કે કયા જોરે આ ધર્મ આટલી ઝડપથી વિશ્વમાં ફેલાયો – ફેલાઈ રહ્યો છે. તેઓ શાસ્ત્રાર્થ તો નથી કરતા.

કહેવાય છે કે ૫૦થી ૬૦ હજાર માણસોની મેદની ભેગી થઈ ગઈ હતી. પંડિતો, લોકો અને રાજા હિન્દુ ધર્મ ઉપર દયાનંદનું આક્રમણ માનતા હતા તેથી સૌ કોઈ ધર્મરક્ષા માટે ભેગા થયા હતા. શ્રદ્ધાને વૈચારિક ભૂમિકા નથી હોતી. કદાચ હોય છે તો સ્વપક્ષીય રાગાત્મક ભૂમિકા હોય છે. આવા માહોલમાં સત્યને શોધવું કે સ્વીકારવું શક્ય નથી હોતું.

કાશીના મહારાજાએ પોતાના ૪૦ મોટા મોટા પંડિતોને પાલખીમાં

બેસાડીને વાજતેગાજતે જયજયકાર કરતાં કરતાં મંડપમાં બોલાવ્યા હતા. તેમનો આડંબર પ્રભાવશાળી હતો. સ્વામી દયાનંદજી તો લંગોટીભેર શરીરે ભસ્મ લગાવી નંગધડંગ પર્વતવત્ અચલ બેઠા હતા. તે દિવસ ૧૬-૧૧-૧૮૬૯નો હતો. કાશી રાજ્યના કોટવાળ રઘુનાથપ્રસાદને કાયદો જાળવવાની બધી વ્યવસ્થા સોંપી હતી. કોટવાળને માહોલ જોઈને ભય લાગ્યો કે, ''આ ગાંડું ટોળું ક્યાંય સ્વામીજી ઉપર હાથ ન ઉપાડી દે.'' તેથી તેમણે એવી વ્યવસ્થા કરી કે એક વરંડામાં સ્વામીજીનું આસન રાખવામાં આવ્યું. કદાચ કાંઈ થાય અને ભીડ વીફરે તો દરવાજા બંધ કરીને સ્વામીજીને બચાવી શકાય.

સામે બધા પંડિતોની બેઠકો હતી. વચ્ચે કાશીનરેશ મધ્યસ્થી હતા.

અહીં એક સ્વામી જ્યોતિસ્વરૂપ સ્વામીજીના સમર્થનમાં આવ્યા અને સ્વામીજીની સાથે બેસી ગયા. આ અભિમન્યુ ચક્રાવો જ હતો. એકતરફ મોટી કૌરવી સેના અને બીજી તરફ એકમાત્ર અભિમન્યુ. સ્વામી જ્યોતિસ્વરૂપને પણ નરેશની આજ્ઞાથી દૂર કરી દેવાયા.

કાશીના મહાપંડિત તારાચરણ તર્કરત્ને શાસ્ત્રાર્થ શરૂ કર્યો. સ્વામીજીએ તેમની પાસે વેદમાંથી મૂર્તિપૂજા વિશે પ્રમાણ માગ્યું. કોઈ પ્રમાણ મળ્યું નહિ. તારાચરણ ચૂપ થઈ ગયા. હવે વિશુદ્ધાનંદજીનો વારો હતો. તેમણે બ્રહ્મસૂત્રના એકસૂત્રને વચ્ચે લાવીને તેની વેદમૂલકતા બતાવવા કહ્યું. સ્વામીજીએ કહ્યું કે, વિષયાન્તર થઈ રહ્યો છે. મૂર્તિપૂજા વિષય છે. વિષય ઉપર વાત કરો.'' સ્વામીજીએ તેમને ધર્મનાં લક્ષણ પૂછ્યાં પણ યાદ ન આવ્યાં.

બાલશાસ્ત્રી મદદે આવ્યા. સ્વામીજીએ તેમને અધર્મનાં લક્ષણો પૂછ્યાં, યાદ ન આવ્યું. ઘણી વાર પંડિતો મુખ્ય વિષયમાં દુર્બળ થવા લાગે ત્યારે વિષયાન્તર કરીને ગાડી ઊંધા પાટે ચડાવવા પ્રયત્નો કરતા હોય છે. સ્વામીજી વારંવાર મૂર્તિપૂજા વિશે પ્રમાણ માગતા રહ્યા.

માધવાચાર્ય નામના પંડિત બે છૂટાં પાનાં લઈને આગળ આવ્યા અને કહ્યું કે, ''લ્યો, જુઓ, આ રહ્યું વેદપ્રમાણ.'' કહીને પાનાં બતાવ્યાં અને ઊભા થઈને હરહર મહાદેવ બોલીને પોતે જીતી ગયા છે અને દયાનંદજી હારી ગયા છે તેવી ઘોષણા કરી દીધી. ટોળાએ જયજયકાર કરી દીધો ! અને સ્વામીજી ઉપર ઈંટ, પથ્થર, કાંકરા, લાકડાં, જોડાં વગેરેનો વરસાદ વરસાવવા લાગ્યા. સ્વામીજી સ્તબ્ધ થઈ ગયા. આ લુચ્ચાઈ જ હતી. સ્વામીજી પુષ્પવૃષ્ટિ માનીને



સહન કરતા રહ્યા.

આ વખતે કોટવાળ રઘુનાથપ્રસાદે સમયસૂચકતા વાપરી વરંડાનો દરવાજો બંધ કરી દીધો અને સ્વામીજીને બચાવી લીધા. સ્વામીજી સ્થિતપ્રજ્ઞ થઈને બેઠા હતા.

પંડિતોએ 'દયાનંદ પરાભૂતિ' અને 'દુર્જન મૂળમર્દન' નામની બે પુસ્તિકાઓ છપાવીને દયાનંદજીની હારની જાહેરાત કરવા વહેંચી, પણ કેટલાંક સમાચાર પત્રોના તંત્રીઓએ સાચા સમાચાર જાહેર કર્યા. જેમાં ખરેખર શું થયું હતું તે જણાવવામાં આવ્યું.

પં. સત્યવ્રત સામશ્રમીએ પોતાની પત્રિકામાં સ્વામીજીના વિજયની ઘોષણા કરી. આ પંડિત બન્ને તરફના લહિયા હતા. તે અક્ષરશઃ શાસ્ત્રાર્થ લખતા હતા. 'રોહેલખંડ' નામના સમાચારપત્રે સ્વામીજીના વિજયની વાત છાપી. જ્ઞાનપ્રદાયિનીમાં પણ સ્વામીજીના વિજયની વાત જણાવવામાં આવી. 'હિન્દુ પેટ્રિયેટે' પણ આવું જ લખ્યું.

આ પછી સ્વામીજી સાત વાર કાશીમાં આવ્યા પણ ફરી કોઈ શાસ્ત્રાર્થ થયો નહિ. સ્વામીજી વારંવાર વિજ્ઞાપન પ્રકાશ કરાવતા કે કોઈને પણ વેદમાં મૂર્તિપૂજાનું પ્રમાણ મળે તો જરૂર લાવવું, પણ કોઈ લાવ્યું નહિ.

એવું કહેવાય છે કે કાશીનરેશને પાછળથી પશ્ચાત્તાપ થયો હતો. તેમણે મહારાજને પોતાને ત્યાં આમંત્રિત કર્યા અને ક્ષમાયાચના કરી. આ તેમની મહત્તા જ કહેવાય. ઘણી વાર સારો માણસ પણ પ્રવાહમાં તણાઈ જતો હોય છે. ધાર્મિક લાગણીઓ અને અફવાઓ પ્રચંડ પ્રવાહ ઉત્પન્ન કરતાં હોય છે. સત્યને સમજાતાં પણ સમય લાગતો હોય છે.

પં. રામમિશ્ર શાસ્ત્રી શાસ્ત્રાર્થ કરવા આવ્યા પણ સાથે એક છરી પણ લાવ્યા અને શરત કરી કે : ''જે હારે તેનું નાક કાપવાનું.'' સ્વામીજીએ કહ્યું કે, ''એક નહિ બે છરીઓ રાખો, એક નાક માટે અને એક જીભ માટે !''

થોડી જ વારમાં રામમિશ્ર ચૂપ થઈને વિદાય થઈ ગયા ! આ ઉપરથી સમજાશે કે પંડિત લોકોના મનમાં સત્યની શોધ કરવા કરતાં એકબીજાને નીચું જોવડાવવામાં વધારે રસ હતો.

સ્વામીજીના વિચારોથી મુસ્લિમો પણ નારાજ થયા. મુસ્લિમો શાસ્ત્રાર્થ નથી કરતા. શસ્ત્રાર્થ કરે છે ! એક વાર સ્વામીજી એકલા જ ગંગાતટે બેઠા

હતા તેવામાં મુસ્લિમોની એક ટુકડી આવી. સ્વામીજીને ઉપાડીને ગંગાજીમાં ડુબાડી દેવા માગતા હતા પણ સ્વામીજી જોર કરીને પક્કડમાંથી છૂટી ગયા અને ડુબાડવા આવનારને જ ડુબાડવા લાગ્યા.

કોઈ કાનમાં ખીલા ઠોકે તોપણ ચૂપચાપ શાંત રહે તેવા દયાનંદ ન હતા. તેમણે પેલા બન્ને ડુબાડનારાને ભરપૂર ગંગાજળ પિવડાવી પછી છોડી દીધા. માંડ ભાગ્યા. સ્વામીજી જળમાં કુંભક કરીને બેસી ગયા. પેલા સમજ્યા કે સ્વામીજી ડૂબી ગયા પણ મહારાજ તો જીવતા હતા !

એક વાર એક માણસ પાન અને ભોજન લઈ આવ્યો. સ્વામીજી જમ્યા પછી કોઈ કોઈ વાર પાન ખાતા હતા. બન્નેમાં વિષ નાખેલું હતું. પણ સ્વામીજીને ગંધ આવી ગઈ. તેમણે પેલાને પકડવાનો પ્રયત્ન કર્યો પણ ભાગી ગયો.

ફરી એક વાર ગુંડાઓ ચઢી આવ્યા. ગુંડાઓ તેમની પાછળ જ પડ્યા હતા. સ્વામીજી પોતાની મસ્તીમાં ચાલી રહ્યા હતા. તેમને મારવા એક હૃષ્ટપુષ્ટ ગુંડો લાઠી લઈને પાછળ પાછળ દબાયેલા પગે આવી રહ્યો હતો. સ્વામીજીને ભણકારો થઈ ગયો, તેમણે પાછા ફરીને ગર્જના કરી તો ભાગી ગયો.

ચારે તરફ મૃત્યુ ઝઝૂમતું હતું. તેમાં અડગ અને નિર્ભય થઈને દયાનંદ વિચરી રહ્યા હતા. કેવું મનોબળ હશે ! પણ પછી પ્રશ્ન થાય શા માટે ? આવું કરવાની જરૂર શી ? શાંતિથી રોટલા ખાવ ને. સૌની માફક લીલાલહેર કરો ને ! માનો કે સ્વામીજીએ ચીલાચાલુ પ્રવાહમાં રહીને લીલાલહેર કરી હોત તો શું થાત ? તો ધર્મજાગરણ ન થાત. હિન્દુપ્રજા જાગી ન હોત. કેટલાંય અનિષ્ટો ચાલુ રહ્યાં હોત. જે લોકો ચાલુ પ્રવાહમાં ચાલીને લોલેલોલ કરીને જીવે છે તે પોતે તો લીલાલહેર કરતા રહે છે પણ પ્રજાને જગાડી શકતા નથી. પ્રજાને ઊંઘતી રાખવાથી જ વધુ લીલાલહેર કરાતી હોય છે. જાગૃત પ્રજા સોના-ચાંદીનાં છત્રો, ચામરો, ઠાઠમાઠની સાહ્યબી સહન ન કરી શકે. તે તો ઊંઘતી જ સારી. એવું ગણિત લઈને આજે પણ ચાલનારા ધર્માચાર્યો છે જ. સ્વામીજી એમાંના ન હતા. તેથી તલવારની ધાર ઉપર અને લટકતી તલવાર નીચે જીવન જીવતા રહ્યા.

૩૦-૧૨-૧૦

# ૧૨. ધાર્મિક સંઘર્ષની શરૂઆત

જીવનની ત્રણ ધારાઓ હોય છે : ૧. લક્ષ્યહીન – નિષ્ક્રિય જીવન, ૨. કોઈથી વિરોધ ન થાય તેવું શાંતિમય જીવન અને ૩. નિશ્ચિત લક્ષ્ય માટે સંઘર્ષમય જીવન.

**૧. નિષ્ક્રિય જીવન**

ક્રિયા વિના તો રહી શકાતું જ નથી, કર્મ તો કરવાં જ પડે છે. પણ અહીં નિષ્ક્રિયતાનો અર્થ છે કોઈ ખાસ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે થનારી ક્રિયા કરવાનો. આવા માણસો જ ચારે તરફ જોવા મળશે. તેમની દુનિયા વધુમાં વધુ પેટ સુધી જ ફેલાયેલી હોય છે. રોજી મળે, પેટ ભરાય. બસ, થઈ ગયું. રોજી નથી તો જે રીતે પેટ ભરાતું હોય તે રીતે ભરી લેવાનું. બાકી કાંઈ નહિ. તેમને ધર્મ, સમાજ, રાષ્ટ્ર કે માનવતાની કશી જ પડી નથી. તેમનું મહાસૂત્ર છે : ‘‘આપણે શું ?’’ બહુ બહુ તો ‘‘સૌ સૌનાં ભોગવે.’’ આ ભાગેડુ લોકો હોય છે. જો પૂરી પ્રજા આવી થઈ જાય તો રાષ્ટ્રનું પતન જ થઈ જાય. કદાચ તે આઝાદ થાય તોપણ આઝાદી સાચવી ન શકે. આવી નિષ્ક્રિયતા જો ધર્મ કે અધ્યાત્મના રૂપાળા નામે આવી હોય તો તે પૂજાવા લાગે છે. પ્રજા નિષ્ક્રિયતાની પૂજક થઈ જાય પછી પતનને નોંતરવું ન પડે.

**૨. શાંતિપ્રિય**

આ વર્ગ નિષ્ક્રિય નથી હોતો પણ અશાંતિ થાય તેવી કોઈ પ્રવૃત્તિ કરતો નથી. તે શાંતિથી જીવવા માગે છે. જે જે અન્યાયો અને અત્યાચારો થતા હોય તે સહી લેવાના, સામે નહિ થવાનું, તેમને બે આધાર હોય છે : ૧. ભગવાન અવતાર લેશે અને બધું ઠીક કરી આપશે. ૨. આ યુગ જ આવો છે. આ યુગમાં તો આવું જ થવાનું. સહન કરી લો. યુગ પૂરો થવા દો, રાહ

જુઓ, પછી સતયુગ આવશે અને બધું સારું થઈ જશે. કદાચ કોઈ તેમને પાનો ચઢાવવાનો પ્રયત્ન કરે તો એક જ જવાબ આપે : ''તું તારું કર, આખા ગામની ચિંતા ન કર. આપણાથી તો શેકેલો પાપડ પણ ભાંગી શકાય નહિ.'' વગેરે. આવા લોકો સ્વરક્ષિત જીવન જીવતા હોય છે. પોતાના રક્ષણને આંચ આવે તેવું કશું જ ન કરે. ગુલામ બનાવનાર અત્યાચારીઓને આવી પ્રજા બહુ ગમે કારણ કે કદી માથું જ ન ઊંચકે. દબાયેલા માથે જીવન જીવી લેવાને તે ડહાપણ માને. કામ કઢાવી લેવું અને સ્વરક્ષિત જીવન જીવવું, તેને લોકો શાંતિપ્રિય પ્રજા કહેતા હોય છે.

### ૩. સંઘર્ષ કરનારી પ્રજા

આ પ્રજાને એક નિશ્ચિત લક્ષ્ય હોય છે. અથવા તેનાં નિર્ધારિત જીવન-મૂલ્યો હોય છે. તે અન્યાય-અત્યાચાર સહન કરી શકતી નથી. તે સામી થાય છે અને સંઘર્ષ કરે છે. આવી પ્રજા ગુલામી લાદનારને ગમતી નથી. આવી પ્રજા તેમની ઊંઘ હરામ કરી મૂકે છે. પણ આવી પ્રજા ઓછી હોય છે. ભારતમાં તો ઘણી ઓછી, તેથી ગુલામી લાદનારાં વર્ષો સુધી રાજ કરતા રહ્યા ! આવું થવાનાં મુખ્યતઃ ત્રણ કારણો છે :

૧. આનુવંશિક અક્ષમતા.

૨. ધાર્મિક – આધ્યાત્મિક ખોટી પ્રેરણા

૩. મહાન લક્ષ્ય વિનાની પ્રજા.

આપણે માનીએ કે ન માનીએ વ્યક્તિ અને પ્રજાજીવનમાં આનુવંશિકતા બહુ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. અફઘાન પ્રજાએ સંઘર્ષ કરીને રશિયનોને ભગાડ્યા. હવે અમેરિકનો ત્રાહી-ત્રાહી પોકારી રહ્યા છે. બાર વર્ષનો છોકરો પણ બંદૂક લઈને ફરે છે. આ આનુવંશિકતા છે. આવી પ્રજા લાંબો સમય ગુલામ ન રહે. ધર્મ અને અધ્યાત્મ જીવનમાં મહત્ત્વની પ્રેરણા આપે છે. મૂળ પુરુષે કેટલા સંઘર્ષો કર્યા ? જો મૂળ પુરુષનું જીવન સંઘર્ષ વિનાનું હશે, અરે, અત્યાચારોને સહી લેનારું હશે તો અનુયાયીઓ સંઘર્ષવીર નહિ થઈ શકે. કેટલીક વાર એવી આત્મવંચના કરવામાં આવે છે કે તેમણે કામ-ક્રોધાદિ આંતર શત્રુઓ સાથે સંઘર્ષ કર્યો. આ આત્મસંતોષ માટેની આત્મવંચના જ કહેવાય. કામક્રોધાદિ સાથે સંઘર્ષ ત્યારે વધી જાય જ્યારે વ્યક્તિ નકારાત્મક નિગ્રહી જીવન જીવે. જો પ્રકૃતિમાન્ય જીવન જિવાય તો



આ શત્રુઓ મિત્ર થઈ શકે છે. પણ આ તો બાહ્ય અત્યાચારોથી ભાગી છૂટવાનું બહાનું માત્ર જ છે. ખરો સંઘર્ષ તો બાહ્ય રીતે થતા અન્યાય-અત્યાચારો-દુરાચારો સામે કરવાનો છે. મૂળ પુરુષ પાસેથી આવી કશી પ્રેરણા ન મળતી હોય તો અનુયાયીઓ સંઘર્ષમાર્ગ પસંદ ન કરે. ભારતમાં જે પલાંઠિયા ભગવાનો થયા તેમણે શાંતિના નામે સંઘર્ષવિમુખ જીવન જીવવાની પ્રેરણા આપી અને પ્રજાને ગમી ગઈ ! તેથી પ્રજા ગુલામીદાતાઓ સામે ઊંચી જ ન થઈ. દબાયેલી જ રહી ગઈ.

૩. જે પ્રજા મહાન લક્ષ્ય વિનાની હોય તેને મહત્ત્વાકાંક્ષા ન હોય. મહત્ત્વાકાંક્ષા વિના મહાન કાર્યો ન આરંભાય, જેથી મહાન પરિણામો પ્રાપ્ત ન થઈ શકે. પ્રજાને વારંવાર ઇચ્છા મારી નાખવાનો કે ઇચ્છાને નાની બનાવી દેવાનો કે અતિ સંતોષ કરી લેવાનો ઉપદેશ અપાય તો પ્રજા સિકંદર, નેપોલિયન પેદા ન કરી શકે. વાસ્કો ડી ગામા, કોલંબસ, જેમ્સ કૂક જેવા સાગરખેડુઓ પેદા ન કરે. હા, શતાવધાની કે અષ્ટાવધાની પેદા કરે. જે પરિણામશૂન્ય લક્ષ્ય બતાવે. ભારતમાં આવું જ થયું. મોક્ષ નામના પરમલક્ષ્યે જીવનનાં, રાષ્ટ્રનાં, સમાજનાં લક્ષ્યોને ગૌણ બનાવી દીધાં ! કહો કે રહ્યાં જ નહિ. લોકોનાં ટોળેટોળાં સાધુ-સંન્યાસી-ભિક્ષુઓ થઈ જાય, જ્યાં કશા જ સંઘર્ષ વિનાનું સ્વકેન્દ્રિત જીવન જીવવા મળે, માન મળે અને મોક્ષ મળે. બીજું શું જોઈએ ?

પ્રજાને મોક્ષ તરફ વાળી દેવાઈ, પ્રજા મોક્ષ તરફ વળે તેમાં બહુ મોટો વાંધો ન હોય પણ આ મોક્ષ વર્તમાન સંસાર એટલે કે વર્તમાન જીવનની ઉપેક્ષા કરીને કહો કે તિરસ્કાર કરીને મેળવવાનો રહ્યો ! મોક્ષમાર્ગીઓએ જીવનના પ્રશ્નોથી દૂર ભાગવાનું. આના કારણે આપણું અધ્યાત્મ જીવન પ્રત્યે નિષ્ક્રિય અને ઉદાસીન બન્યું. વર્તમાન જીવન અનેક પ્રશ્નોથી ખદબદી રહ્યું હતું. ગુલામીનો પ્રશ્ન, બેકારીનો પ્રશ્ન, પછાતપણાનો પ્રશ્ન, અસ્પૃશ્યતાનો પ્રશ્ન, સમાજના પ્રશ્નો, આરોગ્યના પ્રશ્નો વગેરે પ્રશ્નો જ પ્રશ્નો ચારેતરફ હતા. તેને ઉકેલવાની જગ્યાએ તેમનાથી દૂર ભાગીને સ્વકેન્દ્રિત-સ્વલક્ષી જીવન જિવાડવાની પ્રેરણાથી પ્રજા વધુ દુર્બળ અને લાચાર થઈ ગુલામી અને દરિદ્રતા ભોગવતી રહી.

કોઈ વાર ગોરી પ્રજાની આધ્યાત્મિકતાનો વિચાર કર્યો છે ? આ લોકો

જગતને કે જીવનને મિથ્યા નથી માનતા. જગત અને જીવન એક પૂરેપૂરી વાસ્તવિકતા છે. તેમનો ત્યાગ-વૈરાગ્ય નકારાત્મક નથી હોતો. જો હોત તો બહાર જ ન નીકળત, મહેચ્છા જ ન રાખત. તેમણે વિશ્વ ઉપર રાજ કર્યું. તેમના સાધુઓ (પાદરીઓ) ફરી ફરીને ગરીબોની સેવા કરતા રહ્યા અને પોતાનો ધર્મ ફેલાવતા રહ્યા. આપણા સાધુઓ મોક્ષમાં લાગ્યા હતા. આવું કામ કરવાનું તેમની સાધનામાં જ ન હતું. પેલા આચાર અને વિચાર બન્ને રીતે વધુ વાસ્તવવાદી હતા. તેથી ફેલાતા જ ગયા. આપણે સંકોચાતા જ ગયા. આપણે પોતે જ આપણી પોતાની દુર્દશા કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેનું ભાન થાય તો હજી પણ રસ્તો નીકળી શકે છે.

સ્વામીજીએ પોતાના જીવનમાં બે પરિવર્તન કર્યાં : ૧. કૌપીન ભેર રહેવાની જગ્યાએ વસ્ત્રો ધારણ કરવા માંડ્યાં. તમારે જો પ્રજા વચ્ચે, ભદ્રલોકો વચ્ચે રહીને કામ કરવું હોય તો તમારા પોશાકમાં ભદ્રતા આવવી જરૂરી છે. નંગ-ધડંગ રહેવાથી સૌથી અલગ પડી જવાય. કપડાંનો ત્યાગ એ ખરો ત્યાગ નથી. ત્યાગથી બંધનમુક્તિ થાય. સંપૂર્ણ કપડાં ત્યાગવાથી ઊલટાનું વધુ બંધનમાં રહેવું પડે. તેથી સ્વામીજીએ જરૂર પૂરતાં વસ્ત્રો પહેરવા માંડ્યાં.

બીજું પરિવર્તન ભાષાનું કર્યું. પહેલાં તે માત્ર સંસ્કૃત જ બોલતા, હવે હિન્દી પણ બોલવા લાગ્યા. સંસ્કૃત માત્ર દેવભાષા – વિદ્વદ્ભાષા હોવાથી સામાન્ય જનતા સુધી સીધો સંદેશો પહોંચાડી શકાતો ન હતો. હિન્દી લોકભાષા હોવાથી સીધો જ ઉપદેશ આપી શકાતો હતો.

સ્વામીજી ચાર માસ સુધી કાશીમાં રહ્યા. પછી સન ૧૮૭૦ના જાન્યુઆરી માસની ૨૬મી તારીખે પ્રયાગ જવા રવાના થયા.

### પ્રયાગરાજ

પ્રયાગરાજ હવે ઈલાહાબાદ થઈ ગયું હતું. મુસ્લિમ શાસકોએ ઘણાં નગરોનાં નામ બદલીને અરબી-ફારસીમાં કરી દીધાં હતાં. ધર્મ સાથે સત્તા બદલાય એટલે તેની અસર ભાષા અને સંસ્કૃતિ ઉપર પડે જ. ધાર્મિક લોકો પ્રયાગ કહેતા પણ સરકારી વહીવટ ઈલાહાબાદથી ચાલતો, સ્વામીજી મીરજાપુર થઈને ફરતા ફરતા ૫-૨-૭૦ના રોજ પ્રયાગરાજ પહોંચ્યા.

પ્રયાગરાજની પ્રસિદ્ધિ મહાતીર્થના રૂપમાં હતી. પૂરા ભારતમાંથી હિન્દુઓ અહીં સંગમસ્નાન કરવા આવતા રહેતા. અહીં સ્વામીજીએ વાસુકિ



મંદિરમાં ઉતારો કર્યો. આ સમયે અહીં કુંભમેળો ચાલી રહ્યો હતો. જરા નવાઈ જેવું લાગે પણ મૂર્તિપૂજાનું કઠોર ખંડન કરનાર સ્વામીજી મંદિરમાં પણ ઊતરતા હતા ! આમાં સ્વામીજીની ઉદારતા હતી તો મંદિરવાળાની પણ ઉદારતા હતી. ખરેખર તો હિન્દુ ધર્મની આ વિશેષતા જ કહેવાય. તે બધાને સ્વીકારી શકે છે.

હરદ્વારની માફક અહીં પણ સ્વામીજીએ અંધશ્રદ્ધા નિવારણના પ્રયત્નો ચાલુ કરી દીધા હતા. શાંકરવેદાંતીઓ બે માર્ગ માને છે : ૧. પ્રવૃત્તિમાર્ગ અને ૨. નિવૃત્તિમાર્ગ. પ્રવૃત્તિમાર્ગમાં જીવનોપયોગી પ્રવૃત્તિઓ કરવાની. જ્યારે નિવૃત્તિમાર્ગમાં બધી પ્રવૃત્તિઓનો ત્યાગ કરી માત્ર પ્રારબ્ધ જ ભોગવી લેવાનું. તેઓ એવું માને છે કે જ્ઞાનીને જ્ઞાન થતાં જ કર્મો છૂટી જાય છે. તેમણે કશાં કર્મો કરવાનાં નથી રહેતાં, જ્ઞાનાગ્નિથી બધાં કર્મો બળી જાય છે. તોપણ પ્રારબ્ધ શેષ રહી જાય છે. પ્રારબ્ધ કર્મો બળતાં નથી. તે ભોગવવાં પડે છે. જ્ઞાની પુરુષ પોતાના પ્રારબ્ધને ભોગવતો જીવનમુક્તિનો આનંદ લેતો રહે છે. આવા સિદ્ધાંતના કારણે ઘણા લોકો પોતાને જ્ઞાની-સાક્ષાત્કારી માનીને કર્મ ત્યાગી દેતા હોય છે. તેમાં તે ગૌરવ માને છે. ઊંચી ભૂમિકા માને છે. તેમ માત્ર આહારાદિ કરે છે જેને પ્રારબ્ધભોગ માને છે. આ શાસ્ત્રીય અકર્મણ્યતા કહેવાય. સ્વામીજીએ આ વિચારોનું નિરાકરણ કર્યું. વ્યક્તિએ જીવનભર યથાસંભવ કર્તવ્યકર્મો તો કરવાં જ જોઈએ. ગીતા પણ કર્મત્યાગનો નિષેધ કરે છે. જીવનભર કર્તવ્યકર્મો કરતા રહેવાં એ પ્રવૃત્તિમાર્ગ કહેવાય અને નિષિદ્ધ કર્મોનો ત્યાગ કરી દેવો તે નિવૃત્તિમાર્ગ કહેવાય. જો પૂરું ત્યાગી ક્ષેત્ર કર્મઠ બને અને સાચાં કાર્યોમાં લાગી જાય તો વિધર્મી ધર્મપ્રચારકો બિસ્તરા બાંધી વિદાય થઈ જાય. દુઃખ એ છે કે નિવૃત્તિના નામે અધ્યાત્મ અને અધ્યાત્મના નામે અકર્મણ્યતા પૂજાય છે !

પૂર્વે કહ્યું તેમ આપણા ધર્માચાર્યો જ્ઞાનીઓ અને યોગીઓ સાધુ-સંતો વગેરે, આત્મવાદ ઉપર તો બહુ જ ભાર મૂકતા હોય છે. પણ ત્રણ બાબતો તરફ ધ્યાન આપતા નથી : ૧. દરિદ્રતા, ૨. અસુરક્ષા અને ૩. સમાનતા. વિધર્મી ખ્રિસ્તી ધર્મપ્રચારકો આ ત્રણે બાબતો તરફ ધ્યાન આપે છે, તેથી લોકોના જીવનના પ્રશ્નો ઉકેલાય છે. અને લોકો તેમની તરફ ખેંચાય છે.

ત્યારે ભારત ઘોર દરિદ્રતા ભોગવતો દેશ હતો. (આજે ઘણો ઓછો

છે.) એક તરફ બણગાંખોરો મહાન મહાન બોલતા હતા તો બીજી તરફ કરોડો લોકો ભૂખે મરતા હતા. દરિદ્રતાનો જાણે કોઈ પ્રશ્ન જ ન હતો. અધ્યાત્મ-વાદીઓ આત્મા-આત્મા કરીને તૃપ્ત હતા. પણ ગરીબોનાં પેટ ખાલી હતાં. પાયાના પ્રશ્ન તરફ કોઈ જોતું ન હતું. કાં તો તે પ્રશ્નને તુચ્છ સમજતા હતા કાં પછી તેને પૂર્વનાં કર્મો માનીને સ્વીકારી લેતા હતા. એક વાર સ્વામીજી ગંગાકિનારે બેઠા હતા, તેવામાં એક સ્ત્રી પોતાના મૃત બાળકનું શબ લઈને આવી. તેણે થોડી વિધિ કરી. ગંગામાં પ્રવેશ કરી કફન કાઢીને બાળકના શબને ગંગામાં પ્રવાહિત કરી દીધું. કફનને ધોઈને તે પોતાની સાથે લઈ ગઈ. આ દૃશ્ય જોઈને સ્વામીજીની આંખમાં આંસુ આવી ગયાં. મારો દેશ, મારી પ્રજા આટલી બધી ગરીબ છે ? પેલા મોક્ષ કરતાં પહેલાં ગરીબી-મોક્ષની જરૂર છે. અને જુઓ તો ખરા, જે ગંગાજીને પવિત્ર માને છે તે જ ગંગામાં મડદાં પધરાવીને અપવિત્ર અને ગંદી કરે છે. કોઈ રોકતું નથી, કોઈ ટોકતું નથી ! એક તરફ મડદું તરતું હોય અને બીજી તરફ તીર્થયાત્રીઓ, પંડિતો સ્નાન કરતા હોય. જરાય છોછ નથી. સ્વામીજીને ભારે વેદના થઈ. લોકો માટે પીડા થાય તો લોકકલ્યાણનો માર્ગ નીકળે. તથાકથિત જ્ઞાનીઓ કે યોગીઓને લોકો માટે પીડા જ ન થાય. ''સૌસૌનાં કર્મો ભોગવે છે.'' – તેવી ક્રૂરતાભરી સમાધાનવૃત્તિથી સંતોષ થાય તો લોકકલ્યાણ કોણ કરે ?

### માધવપ્રસાદ

પ્રયાગમાં એક માધવપ્રસાદ માણસ હતો તેણે પંડિતોને નોટિસ આપીને જણાવ્યું હતું કે : ''ત્રણ મહિનામાં મારા પ્રશ્નોનું સમાધાન નહિ કરવામાં આવે તો હું હિન્દુ ધર્મનો ત્યાગ કરીને ખ્રિસ્તી ધર્મ સ્વીકારી લઈશ.'' પંડિતો તેનું સમાધાન કરાવી શકતા ન હતા. આ પ્રશ્નો સ્વામીજી પાસે આવ્યા. તેમણે માધવપ્રસાદનું સચોટ સમાધાન કરાવી દીધું. તે ખ્રિસ્તી થતો બચી ગયો. આજ માણસે એક વાર મારવા આવેલા મારાઓથી સ્વામીજીને બચાવી લીધા હતા.

### માધવચંદ્ર

આ બીજો બંગાળી ચક્રવર્તી બ્રાહ્મણ હતો તે નાસ્તિક થઈ ગયો હતો. તેણે ૧૦૧ પ્રશ્નો છપાવીને પંડિતોને લલકાર્યા હતા. તેના પ્રશ્નો ઈશ્વરના ખંડનમાં હતા. સ્વામીજીએ તેના બધા પ્રશ્નોનું નિરાકરણ કરી દીધું, તે આસ્તિક થઈ ગયો ! અને અગ્નિહોત્ર કરવા લાગ્યો.



### દેવેન્દ્રનાથ ટાગોર

મહાકવિ રવીન્દ્રના પિતા અને બ્રહ્મોસમાજના સંસ્થાપક કુંભમેળામાં આવેલા. તે સ્વામીજીનાં દર્શન કરવા તેમની પાસે આવ્યા. તે બહુ જ પ્રભાવિત થયા. સ્વામીજીને શાસ્ત્રીય રીતે અંધશ્રદ્ધા અને કુમાન્યતાઓનું નિરાકરણ કરતા જોયા. બ્રહ્મોસમાજવાળા પણ આ જ કામ કરતા હતા પણ તે બધા શાસ્ત્રનિપુણ ન હતા. તેથી ઉપરના શિક્ષિત વર્ગ સુધી જ તેમની પહોંચ હતી. સામાન્ય પ્રજા બ્રહ્મોસમાજને સમજી શકતી નહિ. તેથી સ્વામીજીને બંગાળ આવવા આમંત્રણ આપ્યું. જે સ્વામીજીએ સ્વીકારી લીધું.

પ્રયાગરાજમાં જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી અવારનવાર પંડિતો, નેતાઓ, અમલદારો, શ્રેષ્ઠીઓ વગેરેને મળતા રહ્યા અને પોતાનો સિદ્ધાંત સ્થાપિત કરતા રહ્યા.

પ્રયાગરાજથી સ્વામીજી મીરજાપુર આવ્યા. સ્વામીજીના વિચારોથી નારાજ થઈને અહીં પણ તેમની હત્યા કરવાનો પ્રયત્ન થયો પણ સફળ ન રહ્યા.

એક તાંત્રિક સાથે સ્વામીજી ટકરાઈ ગયા. આ તાંત્રિક તંત્રના જોરે લોકોના રોગ-દોગ મટાડતો હતો, એક શેઠને તેણે ફસાવી લીધા હતા. સ્વામીજી વચ્ચે પડ્યા અને તાંત્રિકને પડકાર આપ્યો. શેઠને બચાવી લીધા.

મીરજાપુરના બુઢ્ઢા મહાદેવનો પૂજારી સ્વામીજીનો ખાસ વિરોધી. એક દિવસ તે વ્યક્તિ સ્વામીજી ઉપર હુમલો કરવા આવી ગયો, પણ સ્વામીજીનું ઉગ્ર રૂપ જોઈને ભાગી ગયો. ફરીથી તેણે મારવા માટે ગુંડાઓ મોકલ્યા પણ સ્વામીજી આગળ તેઓ ટકી શક્યા નહિ. જો સ્વામીજી પાસે શરીરબળ ન હોત તો કદાચ આવાં અનિષ્ટોનો લાંબો સમય સામનો કરી શકત નહિ. તેમની પાસે આત્મબળ, મનોબળ અને શરીરબળ એમ ત્રણે બળો હતાં. જેમનું કલ્યાણ કરવા તે મથી રહ્યા હતા તે જ તેમની સામે જ્યારે જુઓ ત્યારે બાંયો ચઢાવતા રહેતા !

સ્વામીજીને અનુભવાયું કે પોતે ભલે સંસ્કૃતના વિદ્વાન હોય પણ અંગ્રેજી વિના અધૂરપ છે. ત્યારે જર્મનીના પંડિત મેક્સમ્યૂલરનું વેદભાષ્ય પ્રગટ થયું હતું. તે અંગ્રેજીમાં હતું. તેથી તેમણે એક બંગાળી સજ્જનને રોકીને અંગ્રેજીનું

શિક્ષણ લેવા માંડ્યું હતું. તે સમયે અંગ્રેજોનું રાજ્ય ચાલતું હતું. અને અંગ્રેજી જરૂરી ભાષા થઈ રહી હતી.

મીરજાપુરથી સ્વામીજી ફરીથી કાશી આવ્યા. આ વખતે તેમણે 'અદ્વૈતવાદખંડન' નામની પુસ્તિકા લખી અને જગત્ મિથ્યા નથી પણ સત્ય છે, તથા જીવ, બ્રહ્મ નહિ પણ બ્રહ્મનો અંશ-દાસ છે. તેવું જાહેર કર્યું. આગળ જતાં આ દર્શન ત્રૈતવાદથી પ્રસિદ્ધ થયું.

કાશીથી કાસગંજ પહોંચ્યા. અહીં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. કાસગંજમાં વૈદિક સંસ્કૃત પાઠશાળા હતી તેમાં જ સ્વામીજી ઊતરેલા. એક વાર તે પાસેના કોઈના બાગમાં સ્નાન કરવા જતા હતા, સાથે રામપ્રસાદ નામનો વિદ્યાર્થી હતો. તેણે એક પાકી કેરી લઈ લીધી. સ્વામીજીએ કહ્યું કે, ''રામપ્રસાદ આ બાગ તારો નથી, પારકી વસ્તુ પૂછ્યા વિના લેવાય નહિ.'' સ્વામીજીએ તેનો એક રૂપિયો દંડ કર્યો. તે વખતે આ મોટી રકમ હતી.

કાસગંજથી સ્વામીજી અનૂપ શહેર આવ્યા. અહીં રામલીલા ચાલતી હતી. સ્વામીજીના ખંડન કરવાથી તે બંધ થઈ ગઈ. પણ તેથી તેના આયોજક નારાજ થયા. તેણે શાસ્ત્રાર્થ કરાવવા પ્રયત્ન કર્યો પણ કોઈ સામે આવ્યું નહિ.

અનૂપ શહેરના તહસીલદાર સૈયદમહમદ સ્વામીજીના ભક્ત થઈ ગયા હતા. ફરી પાછું તેમને પાનમાં ઝેર આપવામાં આવ્યું. પણ સ્વામીજીને તરત જ ખબર પડી ગઈ, તેમણે વમન કરીને ઝેર કાઢી નાખ્યું. પરંતુ સૈયદમહમ્મદને ખબર પડતાં જ તેમણે અપરાધી બ્રાહ્મણ પૂજારીને પકડી લીધો અને કેસ કરવા કહ્યું પણ સ્વામીજીએ કહ્યું કે, ''હું કોઈને જેલમાં પુરાવા નથી આવ્યો. જેલમાંથી છોડાવા આવ્યો છું.'' અપરાધીને ક્ષમા આપી છોડી મૂક્યો.

હિન્દુ પ્રજા રોટી અને બેટીવ્યવહાર બન્નેમાં સંકુચિતતા ધરાવે છે. ત્યારે રોટી માટે ભારે છૂતાછૂત ચાલતી. એક વાળંદભાઈ પોતાના ત્યાંથી રોટી-દાળ લઈ આવ્યા. મહારાજ છૂતાછૂતમાં માનતા નહિ. તે જમવા બેઠા ત્યાં તો લોકોએ હાહાકાર મચાવ્યો. ''અરે, મહારાજ મત ખાના, મત ખાના. યે નાઈ કી રોટી હૈ.'' મહારાજે ધીરે રહીને લોકોને કહ્યું કે, ''નહિ નહિ, યે તો ગેહુકી રોટી હૈ'' મહારાજે પ્રેમથી ભોજન જમી લીધું.

આવી જ રીતે છલેસરમાં એક ખેડૂતની બનાવેલી મકાઈની રોટી પણ પ્રેમથી જમ્યા. હિન્દુ પ્રજા આભડછેટિયા ધર્મથી મરી રહી હતી અને ગુરુલોકો



વધુ ને વધુ આભડછેટો પળાવીને પ્રજાને મારી રહ્યા હતા. ત્યારે દયાનંદજી આભડછેટની ચિતા જલાવવા લાગ્યા હતા. જરા વિચાર કરો કે આવો આભડછેટિયો ધર્મ ન હોત તો હિન્દુ કેવા હોત ? તો હજારો-લાખ્ખો લોકોએ ધર્માંતરણ કર્યું તે ન કર્યું હોત. પણ કોણ સમજાવે ? ત્યારે જે જેટલી વધુ આભડછેટ પાળતો તે તેટલો જ વધુ પવિત્ર અને પૂજ્ય ગણાતો !

સ્વામીજી ફરતા ફરતા છલેસર આવ્યા. અહીંના ઠાકોર મુકુંદસિંહે સ્વામીજીનું ભવ્ય સ્વાગત કર્યું. સ્વામીજી મહારાજ માટે પાલખી તૈયાર રાખેલી પણ સ્વામીજી પગપાળા જ ચાલ્યા. ઠાકોર મુકુંદસિંહને પોતાના પુત્ર ચંદનસિંહ સાથે મનમેળ ન હતો. બાપ-દીકરા વચ્ચે અણબનાવ ચાલતો હતો. તેથી પારિવારિક વાતાવરણ ક્લેશમય રહેતું હતું. પારિવારિક ક્લેશ ઘરનાં બધાં સુખોને ખાઈ જતો હોય છે. સમર્થ વ્યક્તિ બહાર જીતી શકે પણ ઘરમાં હારી જાય. ઘરનાં માણસો સાથે જીતી ન શકાય. ઘરની હાર બહુ પીડાદાયી હોય છે. પુત્રથી પિતા અસંતુષ્ટ રહે અને આબરૂદાર ઘર હોય, કશું બોલી ન શકાય તો અગ્નિ અંદર ને અંદર ધૂંધવાતો રહે. સ્વામીજીએ પ્રયત્નો કરીને બાપ-દીકરામાં સુમેળ કરાવી દીધો. હવે ઘર અને પરિવાર હસતાં થઈ ગયાં. જેનાં પગલાંથી ઘર હસતું થઈ જાય તેને સંતનાં પગલાં કહેવાય. જે પગલાંથી ઘર ઉજ્જડ થઈ જાય કે કંકાસ કરતું થઈ જાય તેને દુર્ભાગ્ય જ કહેવાય.

છલેસરથી ગંગાકિનારે વિચરણ કરતા કરતા સ્વામીજી ચોથી વાર કાશી આવ્યા અને અહીંથી મોગલસરાય પહોંચ્યા.

અહીં એક પાદરી રહેતા હતા. તે ચર્ચા કરવા આવ્યા. ચર્ચાનો વિષય હતો કે પાપ ક્ષમા થાય કે નહિ ? ખ્રિસ્તીઓ અને મુસ્લિમો પણ તોબા પોકારવાથી પાપની ક્ષમા થાય છે તેવું માને છે. આપણે પાપને અવશ્ય ભોક્તવ્ય માનીએ છીએ, કારણ કે આપણે કર્મવાદી છીએ. જોકે ભક્તિમાર્ગી લોકો પ્રભુને દયાળુ, પરમ દયાળુ માનીને પાપક્ષમા કરનારો માને છે. જો ઈશ્વર સર્વ શક્તિમાન હોય તો પાપક્ષમા કરવાની શક્તિ પણ તેનામાં હોય જ.

ડુમરાવમાં પં. દુર્ગાદત્ત સાથે પ્રથમ મૂર્તિપૂજા ઉપર અને પછી દ્વૈત-અદ્વૈત ઉપર શાસ્ત્રાર્થ થયો. સ્વામીજી અદ્વૈત મતને માનતા નહિ. તેમનો ત્રૈતવાદ હતો.

ડુમરાવથી સારા અને સારાથી પટણા પહોંચ્યા. મહારાજા ભૂપસિંહજીના બાગમાં ઉતારો કર્યો. મૃત્યુ પછી જીવાત્મા ક્યાં ક્યાં જાય છે તેની ચર્ચા ચાલી. સ્વામીજીએ સ્વર્ગ-નર્કને માત્ર કલ્પના બતાવી.

સ્વામીજીએ સમાધાન કર્યું કે સંસારનો સંપૂર્ણ ત્યાગ શક્ય નથી. ત્યાગીઓ પણ સંસારમાં જ રહે છે અને ખાવું-પીવું વાસ કરવો વગેરે બધું કરે છે. એટલે સંસારત્યાગનો અર્થ છે : મોહનો કે સ્વાર્થનો ત્યાગ.

સ્વામીજી જમાલપુર રેલવે સ્ટેશન ઉપર આંટા મારતા હતા. તેમણે માત્ર કૌપીન જ પહેર્યું હતું, આખું શરીર ઉઘાડું હતું. તેવામાં રેલવેના ગોરા એન્જિનિયર પોતાની પત્ની સાથે આવી ગયા. ગોરી પત્નીને આવો નંગ-ધડંગ માણસ ગમ્યો નહિ તેથી રેલવે માસ્તરને બોલાવીને કહ્યું કે : ''આને સ્ટેશન બહાર કાઢો.'' રેલવે માસ્તરે સ્વામીજીની પાસે આવીને કહ્યું કે : ''આપ પેલા વિશ્રામગૃહમાં ચાલો.'' સ્વામીજી વાતને સમજી ગયા. તેમણે કહ્યું કે : ''ગોરાને કહો કે હું સૃષ્ટિની આદિમાં થયેલો બાબા આદમ છું.'' (બાબા-આદમ અને બીબી હવા(ઇવ) બન્ને સૃષ્ટિનાં આદિ નર-નારી મનાય છે અને બન્ને નગ્ન હતાં.)

સ્ટેશન માસ્તરે જઈને ગોરા પુરુષને સમજાવ્યો કે : ''આ તો સ્વામી દયાનંદ સરસ્વતી છે. કોઈ ભિખારી નથી.'' ગોરો સામે ચાલીને આવ્યો. હેટ ઉતારીને માન આપ્યું અને કહ્યું કે : ''આપનાં દર્શનથી મને આનંદ થયો. ક્ષમા કરજો.'' તેણે કોઈ રુઆબ કે અફસરશાહી ન બતાવી. આ તેની મહાનતા જ કહેવાય.

ફરતા ફરતા સ્વામીજી ભાગલપુર પહોંચ્યા. અહીં એક મારવાડી અગ્રવાલ શેઠને સંતાન ન હતું તેથી સાધુ-સંતોની ખૂબ સેવા કરતા રહેતા. સંસારની પ્રબળ અપેક્ષાઓમાંની એક છે, સંતાનપ્રાપ્તિ. જો તે ન થાય અને સમય વીતતો જાય તો પતિ-પત્ની બન્ને ભારે દુઃખી થતાં હોય છે. સંસારમાં સંતાન હોવાના સુખ કરતાં ન હોવાનું દુઃખ ઘણું હોય છે. સંતાન હોવાનું સુખ હોય છે, પણ તે કુપાત્ર સંતાનવાળાને નથી હોતું. પણ સંતાન ન હોવાનું દુઃખ અતિ ભારે હોય છે. અગ્રવાલ શેઠ સ્વામીજી માટે પણ રોજ ભોજન લાવવા લાગ્યા. આવા ગરજવાન માણસનો ખોટો લાભ ધૂર્ત માણસો ઠીકઠીક ઉઠાવતા હોય છે. સ્વામીજીને જ્યારે ખબર પડી ત્યારે તેમણે જમવાનું લેવું



બંધ કરી દીધું. ''હું તમારી અપેક્ષા પૂરી કરી શકતો નથી એટલે હું તમારું ભોજન સ્વીકારીશ નહિ.'' કોઈને ખોટી આશામાં લટકાવી રાખવો ઠીક નહિ.

હવે મહારાજ બંગાળના બર્દવાન પહોંચી ગયા હતા ત્યારે બંગાળમાં શિક્ષિત લોકો ખ્રિસ્તી ધર્મ તરફ ખેંચાઈને ઘણા ખ્રિસ્તી ધર્મી થઈ જતા હતા. શિક્ષિતોને ધર્મ પ્રત્યે શંકા-કુશંકા જાગતી પણ કોઈ સમાધાન કરનારું મળતું નહિ તેથી તેઓ ખ્રિસ્તી ધર્મ સ્વીકારી લેતા. ધર્મનાં ત્રણ સ્તર હોય છે. ૧. માન્યતા, ૨. આચાર અને ૩. વ્યવસ્થા. હિન્દુ ધર્મ ત્યારે ત્રણે દૃષ્ટિએ શિક્ષિત વિચારકો માટે સંતોષકારક ન હતો.

**માન્યતા**

ઈશ્વર, દેવો, જીવો, સંસાર, ગુરુઓ, સાધુ-સંત, બાવાઓ વગેરેમાં વહેંચાયેલો ધર્મ. કોઈ માન્યતામાં સ્થિરતા ન હતી. સૌસૌની જુદી જુદી માન્યતાઓ હતી.

**આચારો**

આચારોમાં પણ આવી જ સ્થિતિ હતી. શાકાહારી, માંસાહારી, છૂતાછૂત-આભડછેટ, ઘણી પત્નીઓ, પત્નીત્યાગી વગેરે અનેક પ્રકારના જુદા જુદા આચારોથી લોકો ગૂંચવાઈ જતા હતા.

**વ્યવસ્થા**

ધર્મસ્થાનો, મંદિરો, આશ્રમો, તીર્થો, ગૃહસ્થો વગેરે અનેક ક્ષેત્રોની વ્યવસ્થા એકરૂપ વ્યવસ્થિત ન હતી. સૌની મન ફાવે તેવી અને જુદી જુદી વ્યવસ્થા હતી, જેથી ગંદકી, છેતરપિંડી, દગાબાજી જેવાં અનેક અનિષ્ટો પેદા થયાં હતાં.

આ ત્રણ કારણોસર અસંતુષ્ટ થયેલો શિક્ષિત વર્ગ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરી લેતો હતો. આવો જ એક બ્રાહ્મણમાંથી ખ્રિસ્તી થયેલો યુવાન મળવા આવ્યો. સ્વામીજીની વાતો સાંભળીને તેણે કહ્યું કે, ''જો તમે પહેલાં મળ્યા હોત તો હું ખ્રિસ્તી ન થાત.'' સ્વામીજીએ ધર્માંતરણ કરી ચૂકેલા લોકોને પાછા હિન્દુ ધર્મમાં લઈ આવવા પરિવર્તનસંસ્કાર શરૂ કરાવ્યા હતા. ત્યારે કોઈને પણ સૂઝતું ન હતું કે આપણા ભાઈઓને પાછા લાવીએ.

ત્યારે પૂર્વ ભારતમાં કન્યાઓનું પ્રમાણ ઘણું વધી ગયું હતું. તેથી પુરુષો ૨-૩ લગ્નો કરતા. પ્રસિદ્ધ સુધારક રાજા રામમોહન રાયને ત્રણ પત્નીઓ

હતી ! એક તરફ કન્યાઓ વધી જવાનો પ્રશ્ન હતો તો બીજી તરફ વિધવાઓ વધી જવાનો પણ પ્રશ્ન હતો. પુરુષો ટી.બી. વગેરે રોગોમાં જલદી મરી જતા. સ્ત્રીઓ વિધવા થતી. હવે તેમનું કરવું શું ? ઉચ્ચ કુલીન વર્ગમાં સતીપ્રથા ચાલતી હતી. તોપણ કન્યાઓ અને વિધવાઓની ભરમાર થવાથી પ્રશ્નો ઊભા થવા લાગ્યા હતા. યાદ રહે કે પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ પ્રશ્નો ઊભા કરે છે. તેમના પ્રશ્નોને તે પોતે ઉકેલતી નથી. પુરુષોને જ ઉકેલવા પડે છે. પુરુષોએ તેનો ઉકેલ શોધી કાઢ્યો : 'દેવદાસી', વધારાની કન્યાઓને કોઈ મોટા મંદિરમાં ભેટ ધરી દેવાની. જેને દેવદાસીના નામથી પ્રસિદ્ધિ મળી, પણ કેટલીક વાર કોઈ આવું મંદિર ન મળે તો પોતાની કન્યાને પંડ્યા-પુરોહિતને પણ અર્પણ કરી દેવાની પ્રથા ચાલતી ! એક દરિદ્ર બાપ પોતાની દીકરીનું આવું દાન પંડ્યાને કરી રહ્યો હતો તે જોઈને સ્વામીજીની આંખમાં આંસુ આવી ગયાં, ધર્મનું આટલું મોટું પતન !

**કલકત્તા**

તા. ૧૬-૧૨-૧૮૭૨ના રોજ સ્વામીજી કલકત્તા પહોંચ્યા અને રાજા સૌરીન્દ્રમોહન ઠાકુરના બાગમાં ઊતર્યા હતા. ત્યારે કલકત્તા ભારતની રાજધાની હતી. ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું તે વડુંમથક હતું. એટલું જ નહિ નવજાગરણનું પણ તે કેન્દ્ર હતું. ભારતમાં જે ધાર્મિક, સામાજિક રાજકીય ચળવળો થઈ તે બધી બંગાળથી શરૂ થઈ કહેવાય. મારી દષ્ટિએ તેનું કારણ અંગ્રેજો – અંગ્રેજી ભાષા તથા બંગાળી માનસ હતું. મોટા ભાગના ક્રાન્તિકારીઓ, ધર્મસુધારકો, સમાજસુધારકો, વિદ્વાનો અને વિજ્ઞાનીઓ પૂરા પાડવામાં બંગાળા સૌથી પ્રથમ અને સૌથી આગળ રહ્યું કહેવાય. હા, ઉદ્યોગપતિઓ કે શ્રેષ્ઠીઓ પેદા નથી કરી શક્યું, કદાચ તેના કારણે તે અત્યંત ગરીબ પ્રદેશ પણ રહ્યો કહેવાય. મોટા ભાગના વામપક્ષીય નેતાઓ બંગાળે પેદા કર્યા છે. આવું બંગાળ ત્યારે વિચારોથી ધમધમતું હતું. અહીં ઘણા વિચારકો હતા. સ્વામીજી પોતે પણ વિચારક હતા. ચર્ચા-વિચારનું કેન્દ્ર હતું. 'રાષ્ટ્રની ગરીબી અને હિન્દુધર્મ તથા પ્રજાની દુર્ગતિ.' ત્યારે આ પ્રકારનું ચિંતન કે વિચારણા બીજા સાધુ-સંતો મહંતો કરતા નહિ. તે બધા મોક્ષના વિચારોમાંથી નવરા થતા જ નહિ !

કલકત્તામાં પં. હેમચંદ્ર ચક્રવર્તી બ્રહ્મોસમાજના ઉપદેશક હતા. તે



સ્વામીજીની સાથે ને સાથે રહેતા અને બધું વિવરણ લખતા હતા.

કલકત્તામાં અંગ્રેજો આવ્યા તેથી અંગ્રેજી આવ્યું. અંગ્રેજી ભાષાના શિક્ષણના કારણે શિક્ષિત વર્ગમાં નવી દષ્ટિ જાગી જેમાંથી રાજા રામમોહન રાયે બ્રહ્મોસમાજની સ્થાપના કરી, બ્રહ્મોસમાજ ત્યારે શિક્ષિતો માટે ગૌરવનું સ્થાન હતું. શિક્ષિત બંગાળી કહેતો કે : ''આમી બ્રાહ્મો'' બ્રહ્મોસમાજમાં ત્રણ મહત્ત્વની વાતો હતી : ૧. એકેશ્વરવાદ, (કોઈ દેવી-દેવતા નહિ) ૨. એકજાતિ (કોઈ વર્ણ નહિ) ૩. કર્મકાંડ વિનાની સાદી નિરાકારની પ્રાર્થના. આ ત્રણ તત્ત્વો સ્વામી દયાનંદની વિચારસરણી નજીકનાં હતાં. પણ બ્રહ્મોવાળા વેદોને માનતા નહિ, તેઓ કોઈ પણ ગ્રંથને ઈશ્વરકૃત માનતા નહિ, પણ બાઈબલ અને ઉપનિષદોમાંથી સારાં-સારાં વાક્યો ગ્રહણ કરતા રહેતા. આ સમાજ કદી પણ જનસામાન્યનો થઈ શક્યો નહિ તોપણ શિક્ષિતોને ખ્રિસ્તી થતાં અટકાવવા સફળ રહ્યો. એમ કહી શકાય.

બ્રહ્મોસમાજમાં બે ભાગ પડી ગયા હતા. બૌદ્ધિકોનું સંગઠન લાંબું ટકતું નથી હોતું. બૌદ્ધિકો જ વિભાજન કરતા-કરાવતા હોય છે ! એકનું નેતૃત્વ દેવેન્દ્રનાથ ટાગોર અને બીજાનું નેતૃત્વ કેશવચંદ્ર સેન કરતા હતા. સેનનો પક્ષ વધુ પશ્ચિમપરક હતો.

કેશવચંદ્ર સેન સ્વામીજીને મળ્યા. આમ તો મોટા ભાગના બધા બ્રહ્મોસમાજી નેતાઓ મળ્યા. શ્રી સેનના પ્રભાવથી સ્વામીજીમાં બે પરિવર્તનો આવ્યાં : એક, તે સંસ્કૃતના બદલે હિન્દીમાં ઉપદેશ આપવા લાગ્યા અને બીજું, પૂરાં વસ્ત્રો પહેરવા લાગ્યા. તેઓ દેવેન્દ્રનાથ ટાગોરના ત્યાં ગયા ત્યારે રવીન્દ્ર ૧૧ વર્ષના બાળક હતા.

પૂર્વભારત એટલે કે બંગાળ. ખ્રિસ્તી ધર્મ અને પશ્ચિમી સભ્યતા તરફ વળી રહ્યું હતું. તો પશ્ચિમી ભારત ઇસ્લામ તરફ વળી રહ્યું હતું. કલકત્તાની યાત્રા પછી સ્વામીજીને પ્રચાર માટે સંગઠન સ્થાપવાની પ્રેરણા મળી.

સ્વામીજી કલકત્તાથી હુગલી આવ્યા. અહીંની કૉલેજના પાદરી પ્રિન્સિપાલ લાલબિહારી સ્વામીજીને મળ્યા અને વાતચીતથી સંતુષ્ટ થયા.

કાશી શાસ્ત્રાર્થમાં મહત્ત્વનો ભાગ લેનારા પં. નારાયણ તર્કરત્ન પણ મળવા આવ્યા. તે ફરીથી શાસ્ત્રાર્થ કરતા હતા. ફરીથી શાસ્ત્રાર્થ થયો. પંડિતજી હારી ગયા. તેમણે સ્વીકાર કર્યો કે, ''હું કોઈ પૂજા-ઉપાસનામાં માનતો નથી,

પણ જો છડેચોક આવું બોલું તો કાશીનરેશ તરફથી મને જે વર્ષાસન મળે છે તે બંધ થઈ જાય. એટલે ખુલ્લામાં મારાથી બોલી શકાતું નથી.'' આ એક કટુ સત્ય જ કહેવાય કે સત્યને પેટ, પ્રતિષ્ઠા અને રક્ષા સાથે જોડી દેવાય છે. જેથી સત્ય એ સત્ય નથી રહેતું. સ્વામીજી આ ત્રણેથી પર હતા, પણ બધા પંડિતો તો પર ન હોય.

સ્વામીજી છપરા પધાર્યા. ત્યાં પં. જગન્નાથ મહાપંડિત રહેતા હતા. તેમની ધાક હતી. જગન્નાથ શાસ્ત્રાર્થ કરવા માગતા હતા પણ તેઓ દયાનંદજીને નાસ્તિક માનતા હતા તેથી તેમનું મોઢું જોવું એ પાપ માનતા હતા. સ્વામીજીએ બન્ને વચ્ચે પડદો નંખાવીને શાસ્ત્રાર્થ કર્યો. જેથી મોઢું જોવું ન પડે. કેટલી ઘૃણા હશે ! વૈચારિક ભેદથી થનારી ઘૃણા મતઘૃણા કહેવાય. મતઘૃણા સર્વાધિક અનિષ્ટ કરનારી હોય છે. પંડિતજીના પક્ષકારોએ જ્યારે જોયું કે પંડિતજી હારી રહ્યા છે ત્યારે તેમણે કોલાહલ મચાવીને સભાભંગ કરી નાખી.

સ્વામીજી છપરાથી આરા, ડુમરાવ, મીરજાપુર, કાનપુર વગેરે નગરોમાં પ્રવાસ કરીને પાછા ફરુખાબાદ પહોંચ્યા અને પોતે સ્થાપિત કરેલી પાઠશાળામાં ઊતર્યા.

ફરતા ફરતા સ્વામીજી અલીગઢ આવ્યા. અહીં તેમણે સ્વદેશીનો ઉપદેશ આપ્યો. તથા પોતાનાં પ્રવચનો વગેરેની નોંધ કરી છપાવવાનો પ્રયત્ન કર્યો. 'સત્યાર્થપ્રકાશ'નું પ્રથમ સંસ્કરણ અહીંથી પ્રગટ થયું હતું.

એક વાર એક પંડિત ઊંચા આસન ઉપર બેસીને શાસ્ત્રચર્ચા કરવા લાગ્યો. શ્રોતાઓએ તેને મર્યાદાપૂર્વક નીચે બેસવાનું કહ્યું પણ તે માન્યો નહિ. વિનય વિનાની વિદ્યા અહંકાર પેદા કરે છે. સ્વામીજીએ કહ્યું કે : ''કાગડો મહેલના શિખર ઉપર બેસે તો ગરુડ ન થઈ જાય. જે પ્રકારની જાગૃતિ ત્યારે હિન્દુ ધર્મમાં આર્યસમાજ અને બ્રહ્મોસમાજ દ્વારા આવી રહી હતી તેવી જાગૃતિ મુસ્લિમોમાં પણ સર સૈયદ એહમદખાં લાવી રહ્યા હતા. મુસ્લિમોએ ૬૦૦ વર્ષ સુધી રાજસત્તા ભોગવી હોવા છતાં તેમના ત્રણ પ્રશ્નો બહુ જ મહત્ત્વના હતા : ૧. શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું હતું. ૨. આર્થિક સ્થિતિ ઘણી નીચી હતી અને ૩. ધાર્મિક કટ્ટરતા ઘણી ઊંચી હતી. આ ત્રણે કારણોથી મોટા ભાગની મુસ્લિમ પ્રજા પછાત થઈ રહી હતી. સર સૈયદે ત્યારે પ્રચંડ જાગૃતિનો



શંખ ફૂંક્યો હતો. તેમણે સર્વપ્રથમ અંગ્રેજીશિક્ષણનો વ્યાપ વધારવા પ્રયત્નો કર્યા હતા. તેમના જ પ્રયત્નોથી અલીગઢમાં મુસ્લિમ વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ હતી. રૂઢિવાદી મુસ્લિમો, મૌલવીઓ વગેરે તેમનો પણ વિરોધ કરતા હતા. તેમને અંગ્રેજોના દલાલ – ગુલામ એવા હીન શબ્દોથી ઓળખાવતા હતા. આ સૈયદ એક દિવસે સ્વામીજીને મળવા આવ્યા હતા. તેમણે સ્વામીજીનાં ખૂબ વખાણ કર્યાં પણ અગ્નિમાં ઘી હોમીને હવન કરવાની વાત સ્વીકાર ન કરી. સ્વામીજીએ હિંગના વઘારના દ્વારા વાયુશુદ્ધિની વાત સમજાવવા પ્રયત્ન કર્યો.

સ્વામીજી અલીગઢથી હાથરસ, મથુરા થઈને વૃન્દાવન પધાર્યા. (૨૭-૨-૧૮૭૪) તેઓ રાધાબાગમાં રોકાયા. અહીં પંડિત રંગાચાર્યનું મોટું નામ હતું. પ્રયત્ન કરવા છતાં તેઓ શાસ્ત્રાર્થ કરવા ન આવ્યા. પણ તેમના શિષ્યો તોફાન કરવા જરૂર આવ્યા !

વૃન્દાવનથી સ્વામીજી મથુરા ગયા. એક દિવસ ૪૦૦-૫૦૦ ચેલાઓ મોટી મોટી લાઠીઓ લઈને સ્વામીજીને મારવા ધસી આવ્યા. તીર્થયાત્રીઓ ઉપર તેમની આજીવિકા ચાલતી હતી. સ્વામીજી તીર્થોનું ખંડન કરતા હતા તેથી સ્વાભાવિક છે કે તે બધા ઉશ્કેરાય. આ ટોળું કાંઈક કરે તેના પહેલાં જ સ્વામીજીના ચાહકો આવી ગયા જેથી પેલા પાછા ચાલ્યા ગયા.

**કલંક લગાડવાનો પ્રયત્ન**

જ્યારે કોઈ મહાપુરુષને પહોંચી શકાતું નથી ત્યારે હલકા માણસો હલકી પ્રવૃત્તિ કરે છે. ખાસ કરીને પ્રતિષ્ઠિત વ્યક્તિને કલંક લગાડવાનું. આવી પ્રવૃત્તિ લગભગ બધા મહાપુરુષો સાથે કરવામાં આવી છે.

એક વાર સ્વામીજી લક્ષ્મીદાસ શેઠના મકાન ઉપર પ્રવચન કરતા હતા ત્યારે ઓચિંતા બે માણસો પહોંચી ગયા. પ્રવચન અટકાવીને તે ઊંચા અવાજથી બોલવા લાગ્યા કે અમારો હિસાબ આપી દો. આ બન્નેમાંથી એક દારૂનો કલાલ હતો અને બીજો માંસનો વેચનારો કસાઈ હતો. કોઈ માંગીલાલ મુનીમ નામના માણસે આ ષડ્યંત્ર ગોઠવ્યું હતું. સભા વચ્ચે એવું બતાવવા કે દયાનંદ દારૂ-માંસ સેવન કરે છે. સ્વામીજીએ પ્રવચન બંધ કર્યું અને ઊભા થયા. બન્નેની નજીક જઈને એક એક હાથથી બન્નેની એવા જોરથી બોચી દબાવી કે રાડ પાડી ગયા. ''ઊભા રહો તમારો હિસાબ આપી દઉં.'' પેલા

જીવ બચાવીને ભાગી ગયા.

આવી જ રીતે એક વાર વેશ્યાને પણ સભા વચ્ચે મોકલવામાં આવી, પણ સભામાં આવતાં જ તેના વિચારો બદલાઈ ગયા. તે ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી. ''મારે આ મહાપુરુષને કલંકિત કરવા નથી.'' તે નમસ્કાર કરીને પાછી ચાલી ગઈ. દયાનંદજીની છાતી ઉપર હલકા લોકોએ કેટલાં માછલાં ધોયાં તેનું બહુ લાંબું લિસ્ટ છે. આશ્ચર્ય થાય છે કે તેમને પોતાના જ માણસો પજવતા રહ્યા !

મથુરાથી સ્વામીજી મુરસાન ગયા અને ત્યાંથી કાશી પહોંચ્યા. હવે તે હિન્દી ભાષામાં પ્રવચન આપવા લાગ્યા હતા. સ્વામીજીએ અહીં 'સત્યાર્થપ્રકાશ'નું પ્રથમ સંસ્કરણ પ્રગટ કરાવ્યું. પાછળથી તેમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા.

કાશીમાં ત્યારે સર સૈયદ એહમદખાં સબમૅજિસ્ટ્રેટ હતા. ત્યારે ઊંચા હોદ્દા ઉપર માત્ર અંગ્રેજોની જ નિયુક્તિ થતી. એક દિવસ સરસૈયદ અને પાદરી હૂપર ચર્ચા કરવા આવ્યા ત્યારે ચર્ચાનો યુગ હતો. લોકો ખુલ્લા મનથી ચર્ચા કરતા.

સ્વામીજી જ્યાં જાય ત્યાં પાછળ-પાછળ મૃત્યુ તો જાય જ. એક દિવસ એક પંડ્યો મીઠાઈ લઈને આવ્યો અને મહારાજ આગળ મૂકીને ખાવા આગ્રહ કર્યો, પણ સ્વામીજીને શંકા થઈ. તેમણે ચૌબાને મીઠાઈ ખાવાનો પ્રથમ આગ્રહ કર્યો. તે ધ્રૂજવા લાગ્યો. થોડી મીઠાઈ કૂતરાને ખવડાવતાં કૂતરું મૃત્યુ પામ્યું. લોકોએ પેલાને પોલીસને સોંપી દેવા આગ્રહ કર્યો, પણ સ્વામીજીએ ક્ષમા આપીને છોડી મૂક્યો.

સ્વામીજી હવે દક્ષિણ તરફ આગળ વધ્યા, તેઓ નાશિક પહોંચ્યા અને ધર્મચર્ચા કરવા લાગ્યા.

## ૧૩. ગુજરાત તરફ

ધર્મપ્રચારકોનો લાંબો ઇતિહાસ છે. પ્રાચીનકાળના ઋષિમુનિઓ આ જ કામ કરતા હતા. નવા નવા ગ્રંથોનું નિર્માણ કરવું. ગુરુકુળો સ્થાપવાં, વિદ્યાર્થીઓને ભણાવવા અને પ્રચાર કરવો. જનકના દરબારમાં કોઈ કોઈ વાર ધર્મચર્ચા થતી રહેતી.

બુદ્ધ અને મહાવીરનો પ્રચાર કોલાહલ વિનાનો કહો કે ખંડન-મંડન વિનાનો રહ્યો. તેમછતાં તેમની પાછળ હજારો ભિક્ષુ-ભિક્ષુણીઓનાં ટોળાં ફરતાં રહેતાં. મહાવીરના અનુયાયીઓ પણ ખંડન-મંડન વિના શાંતિથી પ્રચાર કરતા રહ્યા. આ બન્નેમાં વ્યક્તિત્વ જ એક પ્રબળ પ્રચારસાધન હતું. બૌદ્ધ ભિક્ષુઓ સીમાપાર ગયા અને વિશ્વમાં છવાઈ ગયા. લોકો અનુયાયી થતા ગયા. ધર્મ ફેલાતો ગયો. બીજા બધા નાના-મોટા જે પંથો થયા તેમાંના મોટા ભાગના આવી રીતે જ પ્રસર્યા લાગે છે. વર્તમાનમાં રાધાસ્વામી, સ્વામિનારાયણ, બ્રહ્માકુમારી વગેરે અનેક પંથો-સંપ્રદાયો કશો કોલાહલ કર્યા વિના ચુપચાપ ફેલાઈ રહ્યા છે. ક્યાંય કશો કોલાહલ થતો નથી, ત્યારે તે સમયે સ્વામી દયાનંદજીએ આટલો મોટો કોલાહલ કરવાની શી જરૂર હતી ? એવો પ્રશ્ન થાય.

મને લાગે છે કે આ પ્રશ્નનો જવાબ સરળ નથી, તોપણ એટલું કહી શકાય કે ત્યારે દેશ અને પ્રજા એટલાં બધાં જડ થઈ ગયાં હતાં કે તેને હચમચાવવાં જરૂરી હતાં. બીજું ચાલુ પ્રવાહના સમીપમાં નવી ધારા કરવી હોય કે ધારાને વળાંક આપવો હોય તો તે કામ બહુ અઘરું ન થઈ જાય. પણ સ્વામીજી તો આખા પ્રવાહને જ ઊલટાવી નાખવા માગતા હતા. જે સરળ ન હતું. મૂર્તિપૂજા સદીઓથી ઊંડાં મૂળ નાખી ચૂકી હતી તેને ઉખાડી, ફેંકવું

એ કામ લગભગ અસંભવ હતું. વળી સ્વામીજી પાસે એક જ મોટું બળ હતું. વેદપ્રમાણ – ''વેદમાં મૂર્તિપૂજા બતાવો.'' આ તેમનો પડકાર હતો. મોટા ભાગના શાસ્ત્રાર્થો આ જ પીઠિકા ઉપર થયા. ત્યારે વેદોનું અધ્યયન નામમાત્રનું પણ રહ્યું નહોતું. પૂરું ધાર્મિક જગત પૌરાણિક થઈ ચૂક્યું હતું. તેથી પંડિતો વેદજ્ઞાનશૂન્ય હતા તેમ કહીએ તોપણ ચાલે. આવી સ્થિતિમાં પંડિતો ટકી શકતા નહિ. આઘાતનો પ્રત્યાઘાત, આક્ષેપનો પ્રત્યાક્ષેપ, પ્રહારનો પ્રતિપ્રહાર થાય જ. તેમ સ્વામીજી જ્યાં જાય ત્યાં તેમની સાથે પણ થતું. આના કારણે ખળભળાટ મચ્યો. જે જાગૃતિનું કારણ બન્યો. જે પરિણામ બુદ્ધ કે મહાવીર મેળવી શક્યા તે દયાનંદજી કેમ ન મેળવી શક્યા તેનો વિચાર સુજ્ઞજનોએ જરૂર કરવો જોઈએ.

હવે સ્વામીજી મુંબઈ પહોંચ્યા. (તા. ૨૬-૧૦-૧૮૭૪). વાલકેશ્વરમાં આવેલી ગૌશાળામાં તેમનો ઉતારો રહ્યો હતો. મુંબઈ આમ પચરંગી નગરી પણ મુખ્ય બે પ્રજાઓ : ૧. મરાઠી અને ૨. ગુજરાતી. સ્વામીજી ગુજરાતી પ્રજા તરફ ગયા હતા. ગુજરાતી પ્રજા મુખ્યતઃ વ્યાપારી પ્રજા હતી. ત્યારે એક પ્રશ્ન બહુ ચકડોળે ચઢેલો હતો. પુષ્ટિમાર્ગી વૈષ્ણવ આચાર્ય જદુનાથજીએ મુંબઈના કચ્છી ભાટિયા શ્રી કરસનદાસ મૂળજી ઉપર બદનક્ષીનો કેસ કરેલો. કરસનદાસ મૂળ તો પુષ્ટિમાર્ગી જ હતા, પણ સ્વામીજીના પ્રભાવમાં આવીને તે સુધારક થઈ ગયા હતા. તે 'સત્યપ્રકાશ' નામનું સામયિક કાઢતા. પોતે ન્યાયાધીશ હતા. સામયિકમાં કચ્છી ભાટિયા કોમના લોકો પુષ્ટિમાર્ગમાં કેવા કેવા શોષણનો ભોગ બનતા હતા તેનો ચિતાર આપતા રહેતા. પુષ્ટિમાર્ગી આચાર્યની માન્યતા હતી કે 'સર્વસ્વ કૃષ્ણને અર્પણ કરીને' પછી પ્રસાદીરૂપે આપણાથી ઉપભોગ કરી શકાય. વાત ખોટી તો ન હતી, પણ કૃષ્ણ એટલે જે તે ગાદી ઉપર બેઠેલા આચાર્ય. તે સાક્ષાત્ પ્રગટ કૃષ્ણ કહેવાય. તેમને અર્પણ કરીને જ પછી પ્રસાદીરૂપે કંઈ પણ ભોગવાય. આમાં આગળ જતાં નવી પરણેલી પત્નીને પણ અર્પણ કરવાની પ્રથા શરૂ થઈ ગઈ ! ઘણા સમયથી આ કુપ્રથા ચાલતી હતી. કરસનદાસ પોતે ભાટિયા અને વૈષ્ણવ હોવાથી ભુક્તભોગી હતા. તેમણે પ્રચંડ વિરોધ કર્યો અને સુરતની હવેલીના આચાર્ય શ્રી યદુનાથ ઉપર આ આરોપ મૂક્યો કે : ''તમે વૈષ્ણવોની પત્નીઓને પ્રસાદી-રૂપ બનાવવાના નિમિત્તે ભ્રષ્ટ કરો છો.'' વગેરે. યદુનાથજીએ કરસનદાસ



ઉપર બદનક્ષીનો દાવો કર્યો. સુરતમાં આ કેસ ૨૭ દિવસ સતત ચાલ્યો. તેને મહારાજા લાયબલકેસ કહેવાય છે. જજશ્રી જોસેફ આર્નોલ્ડ અને સર માથિઉસાસ નામના બે ગોરા જજોએ કેસ ચલાવ્યો. તેમાં કવિ નર્મદાશંકરે પણ જુબાની આપેલી. આ કેસનું જજમેન્ટ પુસ્તકરૂપમાં છપાયું. વિલાયતમાં તેની ૬૫ આવૃત્તિઓ થઈ હતી. ગુજરાતમાં પુસ્તક છપાય કે તરત જ વૈષ્ણવો તેને બાળી મૂકતા હતા. આ કેસથી જદુનાથ જેવા બીજા આચાર્યોની ભારે બદનામી થઈ હતી.

સ્વામીજીએ આ વાતને ઉપાડી લીધી. પ્રચંડ ખંડન કરવા માંડ્યું. સ્વામીજીથી ત્રાસી જઈને ગોસ્વામી જીવણજીએ સ્વામીજીના રસોઇયા બળદેવને એક હજાર રૂપિયાની લાલચ આપીને ખોરાકમાં ઝેર ભેળવવા આપ્યું. પણ સ્વામીજીને ખબર પડી જતાં બળદેવે બધી વાત સ્વીકારી લીધી અને સ્વામીજી બચી ગયા !

ફરી બીજી વાર ગુંડાઓ રોકવામાં આવ્યા. સમુદ્રકિનારે ફરવા જતાં ગુંડાઓ ત્રાટક્યા પણ સામનો કરવાથી ભાગી ગયા અને સ્વામીજી બચી ગયા.

ફરી ત્રીજી વાર બે ગુંડા સ્વામીજીના રૂમમાં ઘૂસી આવ્યા પણ પં. સેવકલાલ ત્યાં હાજર હોવાથી તેમને પકડી લીધા. તેમણે સ્વીકાર કર્યો કે સ્વામીજીની હત્યા માટે અમને બસો રૂપિયા આપ્યા છે.

હવે શાસ્ત્રાર્થનો વારો હતો. પં. બેચરશાસ્ત્રી તથા પં. ગટ્ટુલાલજી બન્ને સામે આવ્યા. પણ કોલાહલમાં વાત પૂરી થઈ ગઈ. મુંબઈ નિવાસ દરમિયાન કેટલાંક પુસ્તકોની રચના પણ કરી. જેમાં નવીન વેદાંત અર્થાત્ શાંકરવેદાંતનું નિરાકરણ કરતી પુસ્તિકા પણ છપાવી.

પં. કૃષ્ણરામ ઇચ્છારામ વેદાંતી હતા. સ્વામીજીના સંપર્કમાં આવીને તેમના વિચારો બદલાઈ ગયા. બીજા પણ કેટલાય લોકોના વિચારો બદલાઈ ગયા હતા.

## સુરત

તા. ૧-૧૨-૧૮૭૪ના રોજ સ્વામીજી મુંબઈથી સુરત પધાર્યા. સુરતમાં પ્રથમ એક બાગમાં રહ્યા પણ પછી કતારગામના શેઠ નગીનદાસના બંગલામાં રહ્યા પણ ભોજનની વ્યવસ્થા કરવાનું કોઈના ધ્યાનમાં રહ્યું નહિ. તેથી પં.

કૃષ્ણરામે ચુપચાપ ખીચડી મગાવી, ખીચડીની વ્યવસ્થા કરી દીધી. કેટલીક વાર લોકો પાયાનો પ્રશ્ન ભૂલી જતા હોય છે પણ સ્વામીજીએ કોઈ દુઃખ વ્યક્ત ન કર્યું. જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ પોતાની ખીચડી ખાઈને કામ ચલાવી લીધું ! વ્યક્તિગત આવશ્યકતાઓ માટે યાચના કરવાની ન હોય.

ત્યારે દિલ્લી, કલકત્તા, મુંબઈ અને સુરત આ ચાર સુધારાનાં કેન્દ્રો હતાં, જ્યાં અંગ્રેજો રહ્યા તે જ સ્થાને સુધારાનાં કેન્દ્રો બન્યાં. તેમાં અંગ્રેજી શિક્ષણ અને અંગ્રેજો પણ પ્રેરક કારણ કહેવાય. સ્વામીજીએ સુરતમાં પાંચ પ્રવચનો આપ્યાં હતાં. પં. દુર્ગારામ અને કવિ નર્મદનું આયોજન હતું.

પહેલું પ્રવચન તા. ૧-૧૨-૧૮૭૪ના રોજ થયું જેમાં સ્વામીજીએ સંપ્રદાયો, ખાસ કરીને પુષ્ટિમાર્ગના આચાર્યોની કટુ આલોચના કરી.

પ્રવચન સ્વામિનારાયણ સંપ્રદાય ઉપર થયું. 'ગુજરાતમિત્ર'ના સંપાદક ઘેલાભાઈએ દખલગીરી કરવા માંડી, કારણ કે તે તે સંપ્રદાયમાં માનનારા હતા. અધ્યક્ષે તેમને અટકાવીને પ્રવચન પછી સમાધાન માટે કહ્યું. પ્રવચન પછી સ્વામીજીએ પ્રશ્નો પૂછવાની અથવા ઇચ્છા હોય તો શાસ્ત્રાર્થ કરવાની છૂટ આપી. પણ કોઈ ન આવ્યું. નિર્ભયરામ દશ વર્ષથી સ્વામિનારાયણ સંપ્રદાય પાળતા હતા. તેમણે સ્વામીજીનું સમર્થન કર્યું. ઘેલાભાઈ ચુપચાપ વિદાય થઈ ગયા !

બીજું પ્રવચન સરકારી હાઈસ્કૂલના મેદાનમાં થયું.

ત્રીજું પ્રવચન રાયચંદ દીપચંદ કન્યાશાળામાં યોજાયું.

ચોથું પ્રવચન તા. ૭-૧૨-૧૮૭૪ના રોજ રંગનાથપુરામાં શિવમંદિરની પાસે થયું. બન્યું એવું કે, અહીં એક મકાનમાં પ્રવચન થવાનું હતું, પણ ખરા સમયે મકાન ખોલ્યું જ નહિ. છેવટે ચોકમાં નીચે ધૂળમાં બેસીને પ્રવચન થયું.

પાંચમું પ્રવચન કવિ નર્મદના ઘર નજીકના ચોકમાં થયું. વિષય હતો, 'અદ્વૈત વેદાંતની વ્યર્થતા' પં. ઇચ્છારામ શાસ્ત્રીએ વચ્ચે ઊભા થઈને દખલ કરવા માગી પણ દુર્ગારામ મહેતાએ તેમને શાંત કરીને પ્રવચન પછી શંકા-સમાધાનનું ગોઠવ્યું. પ્રવચન પછી શંકાસમાધાનના પ્રયત્નો થયા. સ્વામીજી વિદાય થવાની તૈયારીમાં હતા ત્યાં ઉપદ્રવી લોકોએ ઈંટો-પથ્થરોનો મારો ચલાવ્યો. સ્વામીજીને કવિ નર્મદના ત્યાં લઈ જવામાં આવ્યા.

આ પ્રવચનોમાં એક દિવસ મોહનબાબા પણ પધાર્યા હતા. તે



વડોદરાના નૃસિંહાચાર્યના ગુરુ હતા. ૮૦ વર્ષના વયોવૃદ્ધ હતા અને વેદાંતી હતા તોપણ તેમણે સ્વામીજીને દંડવત્ પ્રણામ કર્યા તેથી સૌ બહુ પ્રભાવિત થયેલા.

એક દિવસ મોહનબાબા સ્વામીજીને આગ્રહપૂર્વક પોતાના આશ્રમે લઈ ગયા. અને પ્રેમથી ભોજન કરાવ્યું. મોહનબાબાની મહિલા શિષ્યાઓએ પણ સ્વામીજીનાં દર્શન કર્યાં હતાં. કતારગામમાં સ્વામીજીએ સૌની સાથે પોંકનો નાસ્તો કર્યો.

ઘેલાભાઈએ 'ગુજરાતમિત્ર'માં સ્વામીજીની વિરુદ્ધમાં ખૂબ લખવા માંડ્યું હતું પણ સ્વામીજીએ તેને ગણકાર્યું નહિ.

સ્વામીજી ડિસેમ્બર, ૧૮૭૪માં ભરૂચ આવ્યા. નર્મદાકિનારે ભૃગુઋષિની ધર્મશાળામાં ઉતારો રહ્યો. પ્રવચનો આ ધર્મશાળામાં જ થયાં. પં. માધવરાવ દક્ષિણી બ્રાહ્મણ હતા. તે શાસ્ત્રાર્થ કરવા આવ્યા, પણ વેદોમાંથી મૂર્તિપૂજાનો ઉલ્લેખ બતાવી શક્યા નહિ. માધવરાવ નારાજ થઈને ચાલ્યા ગયા. તેમના એક શિષ્યે સ્વામીજીનું અપમાન થાય તેવો વ્યવહાર કર્યો પણ સ્વામીજીએ વિશાળ હૃદયથી તેને ક્ષમા કરી દીધો. બીજા દિવસના પ્રવચનમાં પણ એક શિષ્યે અપમાનજનક વ્યવહાર કર્યો પણ તેને પણ ક્ષમા કરી દીધો. ઘણી વાર અનુયાયીઓ વધુ ઉગ્ર અને ઝનૂની થઈ જતા હોય છે.

ભરૂચનો રેલવેસ્ટેશન માસ્તર પારસી હતો. પણ તે ખ્રિસ્તી ધર્માવલંબી થઈ ગયો હતો. સ્વામીજીના પ્રવચનથી નારાજ થઈને તેણે બીજા દિવસે પોતાનું પ્રવચન ગોઠવ્યું. સ્વામીજીને પણ આમંત્રણ આપ્યું. સ્વામીજી ગયા. તેમના માટે મંચ ઉપર ખુરશી મૂકી હોવા છતાં, સ્વામીજી સૌની સાથે જમીન ઉપર બેઠા અને પોતાના વિશે ખંડન સાંભળ્યું.

બીજા દિવસે સ્વામીજીએ ખંડનનું ખંડન કરી બતાવ્યું. આ રીતે ખળભળાટ ચાલતો રહ્યો.

તેમણે મહિલાઓને નારીધર્મનાં કર્તવ્યો વિશે કહ્યું, અને કાન ફૂંકાવીને ગુરુ બનાવવાની વાતનું ખંડન કર્યું.

પં. કૃષ્ણરામ સ્વામીજીની વ્યવસ્થા કરવા સાથે રહેતા. તેમને એક દિવસ તાવ આવ્યો. સ્વામીજી તેમના બિછાના પાસે બેસીને તેમનું માથું દબાવવા લાગ્યા !

સ્વામીજી ૧૧-૧૨-૧૮૭૪ના રોજ અમદાવાદ આવ્યા. રેલવે સ્ટેશન ઉપર મહીપતરામ રૂપરામ, ગોપાલ હરિ દેશમુખ વગેરે ગણમાન્ય વ્યક્તિઓએ સ્વાગત કર્યું.

અમદાવાદમાં પ્રવચનો થયાં. શાસ્ત્રાર્થનું પણ આયોજન કરવામાં આવ્યું પણ આયોજન કરનારા શાસ્ત્રીઓ પોતે જ આવ્યા નહિ તેથી સ્વામીજીએ પ્રવચન કર્યું અને સભા પૂરી થઈ.

સ્વામીજી તા. ૨૮-૧૨-૧૮૭૪ના રોજ રાજકોટ પધાર્યા. રાજકોટમાં સ્વામીજીએ આઠ પ્રવચનો કર્યાં હતાં. પં. મહીધર અને પં. જીવરામ શાસ્ત્રી મૂર્તિપૂજા અને અદ્વૈતવાદ ઉપર શાસ્ત્રાર્થ કરવા આવ્યા. પણ ટકી ન શક્યા. પંડિતજી પોતાને જ બ્રહ્મ માનનાર હતા. સ્વામીજીએ તે બ્રહ્મ નહિ પણ જીવ જ છે તેમ સાબિત કરી દીધું.

રાજકુમાર કૉલેજમાં માંસાહારનો નિષેધ કરતાં તેમણે હિંસક અને હાનિ કરનારાં પશુઓનો શિકાર કરવાનું સમર્થન કર્યું. કૉલેજના પ્રિન્સિપાલ મેકનોરને વિદાય વખતે મેક્સમ્યૂલર કૃત 'વેદભાષ્ય'નો ગ્રંથ ભેટ આપ્યો.

અહીં રાજવી સંમેલન પણ થયું હતું. અને આર્યસમાજની સ્થાપના પણ થઈ હતી. સ્વામીજી અહીંથી વિદાય થયા અને ચોટીલા-વઢવાણ થઈને કદાચ પોતાની જન્મભૂમિ ટંકારા પણ ગયા હતા. પણ તેની ખાતરી મળતી નથી.

સ્વામીજી પાછા અમદાવાદ આવી ગયા. અમદાવાદમાં પ્રવચનો કર્યાં. સ્વામીજી હોય ત્યાં શાસ્ત્રાર્થ તો હોય જ. એ જમાનો શાસ્ત્રાર્થોનો હતો. આદ્ય શંકરાચાર્ય આવી જ રીતે ભારત-ભ્રમણ કરવા નીકળ્યા હતા અને જ્યાં જ્યાં રાજા અને રાજપંડિતો રહેતા ત્યાં પહોંચીને શાસ્ત્રાર્થ કરતા હતા. તેનું આખું પુસ્તક છે 'શંકરદિગ્વિજય'. જોકે તેમનો શાસ્ત્રાર્થ દર્શનવિષયક રહેતો. અર્થાત્ દ્વૈત-અદ્વૈત વગેરે બાબત. તેઓ સમાજસુધારક ન હતા. ખરેખર તો ત્યારે ધર્મસુધારા કે સમાજસુધારાનો પવન પણ ન હતો. તેથી રાષ્ટ્રચિંતન પણ ખાસ ન હતું. પંડિતો, આચાર્યો, સ્વામીઓ, સાધુ-સંતો, મોક્ષ તરફ વળ્યા હતા, તેથી મોક્ષની જ પ્રધાનતા હતી. પ્રત્યેક સમયે ચિંતનની પણ પ્રધાનતા રહેતી હોય છે. દેશનો ક્રીમ વર્ગ જે તરફનું ચિંતન કરતો હોય છે તે તરફ પ્રજા વળતી હોય છે. બુદ્ધાદિથી શરૂ થયેલો મોક્ષમાર્ગ વધુ ને વધુ ગાઢ થતો ગયો અને હજાર કામ પડતાં મૂકીને પણ મોક્ષ મેળવી લેવો તેવી ધારણા વ્યાપક



બની ગઈ હતી. શાસ્ત્રાર્થ કે ચર્ચા માત્ર મોક્ષના ઉપાયોની થતી, મોટા ભાગે દર્શનોની, અને દર્શનો લોકભોગ્ય નથી હોતાં. લોકભોગ્ય તો ધર્મ જ હોય છે, જેની ચર્ચા ઓછી થતી. પાછળથી વ્યાકરણ નવ્યવ્યાકરણ, ન્યાય – નવ્યન્યાય વગેરે જટિલ અને બિનઉપયોગી વિષયો ઉપર પંડિતો દિવસોના દિવસો સુધી ચર્ચા-શાસ્ત્રાર્થ કરતા રહેતા. જે લોકદૃષ્ટિએ પરિણામશૂન્ય રહેતા તેનો હેતુ માત્ર વ્યક્તિના જય-પરાજય સુધી જ સીમિત રહી જતો.

સ્વામીજી ધર્મજાગરણ માટે શાસ્ત્રાર્થ કરતા. ધર્મજાગરણમાં રાષ્ટ્ર અને સમાજ પણ આવી જતો. ખરેખર તો તે સમય પ્રજાજાગરણનો સમય હતો. ગુલામ પ્રજા જાગી રહી હતી. અંગ્રેજોના વાતાવરણથી આ જાગરણને બળ મળી રહ્યું હતું.

સ્વામીજી અમદાવાદથી મુંબઈ આવી ગયા અને વાલકેશ્વરની ધર્મશાળામાં ઊતર્યા.

૩-૧-૧૧

# ૧૪. મહારાષ્ટ્ર – ગુજરાત – મધ્યપ્રદેશ પ્રતિ

ધર્મનાં મુખ્યતઃ ત્રણ અંગો છે : ૧. ભાવનાત્મક ૨. વૈચારિક અને ૩. આચારિક. આ ત્રણેને મેળવીને એક ધારા બને છે. આવી ધારાને સંપ્રદાય, પંથ કે મત જેવાં નામ અપાય છે.

**૧. ભાવનાત્મક**

ધર્મમાં સૌથી મહત્ત્વનું તત્ત્વ ભાવના છે. આ ભાવના જ શ્રદ્ધા બને છે. ઉપાસના અને આચારનું ક્ષેત્ર શ્રદ્ધાથી જ ચાલતું હોય છે. શ્રદ્ધા વિના ઉપાસના થાય જ નહિ અને શ્રદ્ધા વિના આચરણોમાં દઢતા આવે નહિ. દઢતા વિના વ્યક્તિ સ્થિર ન થઈ શકે. શ્રદ્ધા અથવા ભાવના તર્કોથી પર હોય છે. તર્કોથી થનારી ભાવનામાં સ્થિરતા નથી રહેતી. તે બદલાતી રહે છે. જે વસ્તુ લોકપ્રસિદ્ધ હોય, તેમાં શ્રદ્ધાની જરૂર રહેતી નથી. માનો કે સૂર્યના અસ્તિત્વ માટે શ્રદ્ધાની જરૂર નથી પણ ઈશ્વરના અસ્તિત્વ વિશે શ્રદ્ધાની જરૂર રહે જ છે. કારણ કે તે લોકપ્રસિદ્ધ અથવા સર્વ માટે દર્શનસુલભ નથી. આવી જ રીતે પોતપોતાના ધર્મગ્રંથો ઈશ્વરરચિત છે તેવી ભાવના તર્કોને આધીન નહિ પણ ભાવનાને આધીન હોય છે. આ લોક માટે શ્રદ્ધાની જરૂર ન હોય પણ પરલોક માટે શ્રદ્ધા વિના ચાલે નહિ અને પરલોક વિનાના ધર્મની કલ્પના અશક્ય છે. પરલોક કેવો છે તે વિશે સૌ સૌની પોતપોતાની કલ્પના છે. જે શ્રદ્ધાને આધીન હોય છે.

સ્વામીજીનું જે વૈચારિક માળખું તૈયાર થયું હતું તેમાં ભાવના અથવા શ્રદ્ધાનું કેન્દ્ર 'ઈશ્વર' હતો. તે એક જ હતો અને નિરાકાર હતો. જે પ્રવાહ ચાલતો હતો તેનાથી આ અત્યંત ભિન્ન ધારા હતી. હિન્દુ પ્રજા બહુદેવવાદી હતી અને બધા દેવોના આકાર, વાહનો, પત્નીઓ, બાળકો અને કથાઓ વગેરે



હતું. આ બધું ભૂંસી નાખીને એકેશ્વરની પ્રસ્થાપના કરવી એ અત્યંત કઠિન કામ હતું. હિન્દુ પ્રજા કોરો કાગળ ન હતી. કોરા કાગળમાં ધાર્યા પ્રમાણે ચિતરામણ કરવું સરળ રહે છે. પણ આ તો આખો કાગળ અનેક દેવ-દેવીઓ વગેરેના ચિતરામણથી ભરેલો હતો. એટલે તેને ભૂંસીને સ્વચ્છ કરવો જરૂરી હતો. જે લોકો ભૂંસીને પછી ચિતરામણ કરે છે તેમના વિચારો અને આચારોમાં 'ન'કાર વધુ હોય છે. ''આ નહિ, આ નહિ.'' વગેરે. જે વિચારોમાં નકાર વધુ આવે તેના આચારોમાં ઘૃણા – નફરત આપોઆપ વધુ આવી જાય. દા.ત., મુસ્લિમો મૂર્તિપૂજા પ્રત્યે સખત નફરત કરે છે, કારણ કે મૂળમાં તે સૌથી મોટો નકાર છે. સ્વામીજીની વિચારધારામાં પણ નકાર વધુ હતો, કારણ કે પૂરો કાગળ ચિતરામણથી ભરાઈ ગયેલો હતો. બુદ્ધની પાસે નકાર ઓછા હતા તેથી પ્રચારમાં બહુ ખળભળાટ ન થતો. તેમના વ્યક્તિત્વને માનવાથી બધું મનાઈ જતું. ચાલુ પ્રવાહમાંથી બધું ભૂંસી નાખવાનું ન હતું. સ્વામીજીની વિચારધારામાં ઈશ્વર અને વેદોની અપૌરુષેયતા જ મહત્ત્વનું શ્રદ્ધાક્ષેત્ર હતું. જેના માટે તે સંઘર્ષ કરતા હતા પણ જે સ્થાન કુરાનનું મુસ્લિમો માટે કે ગુરુગ્રંથસાહેબનું શીખો માટે હતું તેવું સ્થાન અનુયાયીઓ પાસે વેદો માટે નહોતું. જે સ્થાન મુસ્લિમોનું મસ્જિદ માટે કે સિક્ખોનું ગુરુદ્વારા માટે હતું તેવું કોઈ સ્થાન સ્વામીજીના અનુયાયીઓ માટે ન હતું. નિરાકારવાદી હોવા છતાં પણ મુસ્લિમો, સિક્ખ, ખ્રિસ્તી લોકો પોતપોતાનાં ધર્મસ્થાનો પ્રત્યે જે અનહદ શ્રદ્ધા ધરાવે છે, તેવું શ્રદ્ધાનું કેન્દ્ર સ્વામીજીના અનુયાયીઓ પાસે ન હતું. 'ઈશ્વર સર્વવ્યાપક છે. તેનું મંદિર કે સ્થાન હોઈ ન શકે.' તેવી વિચારધારાથી આવું કોઈ સ્થાન બન્યું નહિ. કદાચ કોઈ જગ્યાએ 'આર્યસમાજ મંદિર' બન્યું તો તે એક હૉલ જેવું – હોમ-હવન કરવા જેવું. તેમાં પગે પડવા કે વંદન કરવા જેવા નિયમોને – આચારોને કોઈ સ્થાન ન હોય જેમ મુસ્લિમ નમાજ વખતે જમીન સાથે માથું ટેકવીને વંદન (સીજદો) કરે છે. અથવા સિક્ખ માથું ટેકવે છે તેવી કોઈ ક્રિયાને સ્થાન નહોતું. માથું ટેકવું કે દંડવત્ કરવાની તો વાત જ ન હતી. બલકે તે માટે નકાર હતા. વળી તર્કોની અતિશય પ્રધાનતા હોવાથી આવી બાબતો સ્વીકાર્ય ન થતી.

**૨. વૈચારિક**

પ્રત્યેક ધારાની એક વૈચારિકતા હોય છે. દ્વૈત-અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત વગેરે

દાર્શનિક વિચારધારાઓ હોય છે; તો સાકાર-નિરાકાર, અવતાર, ગુરુવાદ, લોક-પરલોક, પાપ-પુણ્ય વગેરે ધાર્મિક વિચારધારા હોય છે. વૈચારિકધારામાં પણ જો નકારો વધુ હોય તો, વ્યક્તિમાં બૌદ્ધિક સૂગ વધી જતી હોય છે. 'આ નહિ, આ નહિ, એવી માન્યતાઓ જોર પકડતી રહે છે જેથી ભિન્ન માન્યતાવાળા લોકો સાથે સંઘર્ષ વધતો રહે છે. હિન્દુ પ્રજા આ દૃષ્ટિએ સૌથી ઓછી સંઘર્ષવાળી છે. કારણ કે તે બધી વિચારધારાઓને માન્ય કરીને ચાલે છે. અથવા કહો કે, વિચારધારામાં ઊંડી ઊતરતી જ નથી. અહીં દ્વૈત-અદ્વૈત-વિશિષ્ટાદ્વૈત, સાકાર, નિરાકાર, એકેશ્વર, બહુદેવવાદ, અવતારવાદ વગેરે બધું એકસાથે ચાલે છે. વિદ્વાનો સિવાય લોકોને કશી પડી નથી. તેથી વૈચારિક સહિષ્ણુતા આપોઆપ આવી જાય છે. હવે તો એવાં મંદિરો થાય છે કે જેમાં બધા ભગવાનો અને બધા દેવોની સ્થાપના હોય છે. લોકો સૌને પગે લાગે છે. કશો વિરોધ નથી હોતો !

સ્વામીજીની વિચારધારામાં ત્રૈતવાદ છે. જીવ, પ્રકૃતિ અને ઈશ્વર ત્રણે અનાદિ-અનંત છે, જે વધુ તર્કસંગત અને વ્યાવહારિક છે. પણ અદ્વૈત વગેરે વિચારધારાના ખંડનપૂર્વક તેની પ્રસ્થાપના થઈ હોવાથી નકારપૂર્વક સકાર છે. તેથી સંઘર્ષ તો થાય જ. સ્વામીજીના વિચારોમાં કોઈ અવતાર નથી, કોઈ દેવ-દેવીઓ નથી. માત્ર ને માત્ર એક જ ઈશ્વર છે અને તે નિરાકાર જ છે. મુસ્લિમો એકેશ્વરવાદી હોવા છતાં બહુ દરગાહવાદી પણ છે. તેમની પાસે હજારો પીર-ઓલિયા વગેરેની દરગાહો છે. જ્યાં દીવો-ધૂપ-ચાદર ચંદન વગેરે દ્વારા પૂજા થાય છે. આવું કશું સ્વામીજીની વિચારધારામાં નથી. માત્ર એક જ ઈશ્વર.

### ૩. આચાર

ધાર્મિક આચારમાં સ્વામીજીની પાસે સંધ્યા અને હવન છે. હવનને શ્રદ્ધાની સાથે તર્કોથી જોડવાનો પ્રયત્ન થયો છે. અર્થાત્ તેનાથી હવાની શુદ્ધિ થાય છે.

જૂની પ્રચલિત ધારાઓમાં દેવદર્શન, વંદન, દંડવત્, ભેટ-પૂજા, શિવજીનો અભિષેક, થાળ ધરવો, પ્રદક્ષિણા કરવી, તીર્થાટન વગેરે અનેક આચારો પ્રચલિત છે. સ્વામીજીના ત્યાં આ બધાનો નકાર છે. આ બધામાંથી લોકોને છોડાવવાં એ જ સૌથી મોટો ધર્મપ્રચાર થઈ જાય છે. આમ ચાલુ માળખામાં



નકાર ઘણા અને સકાર થોડા થોડા થઈ ગયા છે. આટલો સમય સ્વામીજીએ ભારતના ઘણા ભાગોમાં ભ્રમણ કર્યા પછી પ્રશ્ન એ થયો કે આ વિચારધારાને કોઈ વ્યવસ્થિત રૂપ આપવું કે કેમ ? જો તેને વહીવટી રૂપ ન અપાય તો તે વિચારધારાનો પ્રચાર ન થાય. અને મુખ્ય વ્યક્તિની વિદાય સાથે જ વિચારધારા પણ સમાપ્ત થઈ જાય. પણ જો તેને વહીવટી રૂપ આપવામાં આવે તો તે પોતે જ એક અલગ ધારા બનીને એક સંપ્રદાય બની જાય. જેને સંપ્રદાય બનાવવામાં કશો વાંધો નથી હોતો. ઊલટાનું તે તો હોંશે હોંશે પોતાનો પંથ અલગ ચલાવતા હોય છે. તેમને તો આનંદ થાય. પણ જે લોકો પૂરા હિન્દુ સમાજની એકતા અને સંગઠન ઇચ્છતા હોય તેમને આવી અલગ ધારા રચવાથી દુઃખ થાય. કારણ કે અંતે તો પ્રત્યેક ધારા વિભાજન જ કરતી હોય છે.

મારી દૃષ્ટિએ સંપ્રદાયો-પંથો વગેરે થવાનાં મહત્ત્વનાં ચાર કારણો હોય છે :

૧. સૈદ્ધાન્તિક કારણ : દ્વૈત-અદ્વૈત વગેરે સિદ્ધાંતો છે. તે અલગ અલગ હોય તો અલગ સંપ્રદાયો થાય. આવા સંપ્રદાયો ભલે અલગ થયા હોય પણ ધારાના રૂપમાં મૂળમાં તો બધા એક જ રહે છે. કશો વાંધો આવતો નથી.
૨. કબીર-દાદૂ વગેરે પંથો પણ આવી જ રીતે અલગ પંથ થઈને લોકોમાં પ્રચલિત રહેતા હોય છે. જો નકારો વધુ હોય તો તેમાં કટ્ટરતા વધુ રહેલી હોય છે.
૩. વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાથી કેટલાક લોકો પોતાનો પંથ પરિવાર મંડળ ચલાવીને પ્રજાનું વિભાજન કરતા હોય છે. આવા લોકો મોટા ભાગે વ્યક્તિપૂજક હોય છે. પ્રવર્તક વ્યક્તિ પોતે જ પરમાત્મા થઈને પૂજાતી હોય છે. પછી તેના વારસદારો પૂજાતા હોય છે. ગુરુપ્રથાથી પણ અસંખ્ય ભેદો થતા રહે છે.
૪. ગાદી માટે કે વારસદાર માટે પરસ્પરમાં વિખવાદ થવાથી કેટલાક લોકો પેટાસંપ્રદાયો, પેટાપંથો બનાવી લેતા હોય છે. જે વિભાજનમાં પણ વિભાજન કરતા રહે છે.

આ રીતે હિન્દુ પ્રજા હજારોની સંખ્યામાં વિભાજક તત્ત્વોથી ઘેરાયેલી

છે. તેથી તે દુર્બળ છે.

સ્વામીજીની સામે પ્રશ્ન હતો કે જે વિચારો અને આચારો તેમને મળ્યા હતા તે ચાલુ રાખવા તથા તેનો પ્રચાર-પ્રસાર કરવા કરવું શું ? વ્યક્તિ ગમેતેટલી સમર્થ હોય પણ જો તેની પાછળ કોઈ શિષ્યપરંપરા કે માળખું ન હોય તો બહુ જલદીથી તે નામશેષ થઈ જતી હોય છે. નામ રાખવાથી નામ રહેતું હોય છે. જેને નામ રાખનારા નથી હોતા તેમનાં નામ ભૂંસાઈ જતાં હોય છે. જેને નામ રાખનારા ન હોય તેમ છતાં પણ જો તેમનું નામ રહે તો સમજવું કે તે સાચા અર્થમાં મહાન હતો. પણ તેવા તો બહુ જ થોડા હોય. વ્યક્તિગત નામ રાખવું અને વૈચારિક ધરોહરને ચાલુ રાખવી એ અલગ વસ્તુ છે. પ્રત્યેક વ્યક્તિ વિચારક નથી હોતી અને વિચારકોમાં પ્રત્યેક વિચારક સફળ નથી હોતો. જે સફળ અને પ્રભાવશાળી વિચારકો થઈ જાય તેમના વિચારોને સ્થાયી બનાવવા કોઈ ને કોઈ પ્રકારનું માળખું બનાવવું જરૂરી થઈ જાય છે.

એક મુદ્દો યાદ રાખવા જેવો ખરો કે ભારતની પ્રજા ટીમબદ્ધ થઈને કામ કરી શકતી નથી. કોઈ ને કોઈ પ્રકારનો ડિક્ટેટર હોય તો જ વ્યવસ્થિત કામ ચાલે. આવું થવાનું કદાચ એ કારણ હોય કે આપણે રાજકારણમાં રાજાશાહી ભોગવી છે અને ધર્મકારણમાં યોગીશાહી ભોગવી છે. યોગીઓ એકલા રહે, યોગીઓની ટીમ ન હોય. સાધુઓમાં મહંતશાહી હોય જે ડિક્ટેટર જ હોય. એકબીજાના મતોનો આદર કરવો અને બહુમતીથી કામ કરવું આપણને પચતું નથી. તેથી બહુમતી તોડવા કે ખોરવવા ખરા-ખોટા પ્રયત્નો તરત જ થવા લાગે છે.

ધાર્મિક ક્ષેત્રોમાં તમારે જ્યારે કોઈ સંપ્રદાય કે પંથ કે પરિવાર જેવું સંગઠન ચલાવવું હોય ત્યારે અનિવાર્ય રીતે ત્રણ દૂષણો સ્વીકારવાં પડે.

૧. તમે કાં તો ઈશ્વરનો અવતાર છો કે પછી સાક્ષાત્ ભગવાન છો કે પછી અદ્ભુત વ્યક્તિત્વવાળા તમે એક જ વ્યક્તિ છો. તમારી બરાબરી કરી શકે તેવી બીજી કોઈ વ્યક્તિ જ નથી. આવી ધારણા દૃઢ કરાવો તો જ તમારું સંગઠન સ્થિર રહી શકે. આવી ભાવનાથી વ્યક્તિપૂજા અનિવાર્ય થઈ જાય. મોટા ભાગના સંપ્રદાયપ્રવર્તકોને લોકો ભગવાન માને છે. ''હું ભગવાન નથી, મને કોઈ ભગવાન કહેશો નહિ'' એવું એકમાત્ર ગુરુ



ગોવિંદસિંહજીએ કહ્યું છે. બાકીના લગભગ બધા જ સીધી કે આડકતરી રીતે ભગવાન થઈ બેઠા છે !

૨. તમારે તમારા માળખાની ઓળખ જુદી કરવી જોઈએ. જુદી કરવા માટે, વસ્ત્રો, તિલક, ઇષ્ટદેવ તેનું નામ, અભિવાદન વગેરે બાહ્યાચાર તથા દેખાવ જુદો કરવો જોઈએ. તમારે પરસ્પરમાં અભિવાદન કરવા માટે જુદાં જુદાં નામ અને શબ્દો વાપરવા પડે. જેથી ખ્યાલ આવી જાય. એટલું જ નહિ બીજાં નામ કે બીજા શબ્દો વાપરવા ઉપર સખત પ્રતિબંધ પણ રાખવો જોઈએ. જેથી વાડો મજબૂત બને. મજબૂત વાડા વિના ઘેટાં સચવાય નહિ, ગમેત્યાં ભાગી જાય. સંપ્રદાય અને સંકુચિતતા – કટ્ટરતા મોટા ભાગે પર્યાય શબ્દો થઈ જતા હોય છે.

૩. તમારે ઇતર વાચન, જ્ઞાન, સત્સંગ વગેરે ઉપર પણ પ્રતિબંધ મૂકવો પડે. પોતાના સિવાય બીજાનાં પુસ્તકો વંચાય નહિ, બીજાના સત્સંગમાં જવાય નહિ, બીજાના ઉત્સવો-પ્રસંગોમાં પણ જવાય નહિ. અરે, બીજા ભગવાનનો પ્રસાદ પણ લેવાય નહિ ! કદાચ લેવો પડે તો તેને ત્યાગી દેવાનો, ખવાય નહિ. આ રીતે અનુયાયીની ચારે તરફ એક વાડ બાંધી દેવી પડે. જેથી લોકોનો જ્ઞાનવિકાસ અટકી જાય અને પોતાની જે ઘરેડ હોય તેમાં ઘાંચીના બળદની માફક ફેરવે રાખવાના. ઘરેડ બહારનું જોઈ ન જાય તે માટે આંખે ડાબલા પહેરાવી દેવાના.

આ ત્રણ દૂષણો વિનાનો સંપ્રદાય, પંથ, પરિવાર કે બીજું કોઈ માળખું ભાગ્યે જ જોવા મળશે. એક ચોથું દૂષણ એ પણ આવે કે પ્રવર્તક વ્યક્તિના મૃત્યુ પછી તેના વારસદારો જ ગાદીપતિ બને અને તે ભગવાન જેવા થઈને પૂજાય, ભલે યોગ્યતા ન હોય.

આવા સંપ્રદાયો-પંથો-પરિવારોનું લાંબું આયુષ્ય નથી હોતું. કદાચ હોય તો સત્તા માટે અને આર્થિક લાભો માટે. વારસદારોમાં ઝઘડા ચાલ્યા કરતા હોય છે. આવી સ્થિતિમાં વિભાજનમાં પણ પાછાં વિભાજન થતાં રહે છે.

ત્યારે કરવું શું ? સ્વામીજીએ બંગાળમાં બ્રહ્મોસમાજનું માળખું જોયું હતું. તેમાં હમણાં જ બે ભાગ પડી ગયા હતા. તે પણ જોયું હતું. તેમાંથી પ્રેરણા લઈને પોતાનું પણ એક માળખું બનાવવાનો નિર્ણય કર્યો. નામ રાખ્યું : 'આર્યસમાજ'. સ્વામીજીને હિન્દુ શબ્દ ગમતો નહિ. તે આક્રાન્તા વિદેશી –

વિધર્મીઓએ આપેલો છે. જેનો અર્થ સારો નથી પણ આર્ય શબ્દ પ્રાચીન છે. આર્યપ્રજા વિશ્વની શ્રેષ્ઠ પ્રજા હતી અને તેના જ વંશજો આપણે છીએ તેવું સ્વામીજી સૌને ઠાંસીઠાંસીને સમજાવતા રહેતા. તેથી ''આર્યસમાજ''ની સ્થાપના કરવી ઉચિત લાગી.

આર્યસમાજનું સ્વરૂપ નક્કી કરવા માટે સ્વામીજીએ મુંબઈ હાઈકોર્ટના વકીલ શ્રી ગિરધરલાલ દયાલદાસ કોઠારીની સલાહ પ્રમાણે દાદોબા પાંડુરંગ તરખડકર, પાનાચંદ આણંદજી પારેખ, તથા સેવકલાલ કૃષ્ણદાસની સમિતિ બનાવી.

એક વિચિત્ર વાત એવી બની કે શેઠ લક્ષ્મીદાસ અને પં. રાજકૃષ્ણ બન્નેએ આ નવી સંસ્થા આર્યસમાજની સ્થાપનામાં ઘણો ઉત્સાહ બતાવ્યો. પણ આ બન્ને વેદાંતી હતા અને તેથી આર્યસમાજના નિયમોમાં જીવ અને બ્રહ્મ એક જ છે તેવો સિદ્ધાંત પણ સ્થાપિત કરવા માગતા હતા. પણ સ્વામીજીએ કહ્યું કે જીવ-બ્રહ્મ એક છે જ નહિ પછી તેમનો નિયમ ન બનાવી શકાય. એ અસત્ય છે. તેથી તેનાથી દૂર રહેવાય. આ કારણસર બન્ને મહાનુભાવો દૂર ખસી ગયા અને અંતે વિરોધી પણ થઈ ગયા !

તા. ૧૦-૪-૧૮૭૫ના દિવસે સાંજે સાડા પાંચ વાગે મુંબઈના ગોરેગાંવ પરામાં એક પારસી મહાનુભાવ ડૉ. માણેકજી અરદેસરજીના બાગમાં 'આર્યસમાજ'ની સ્થાપના થઈ. તેમાં ૨૮ નિયમો બનાવ્યા હતા પણ આગળ જતાં લાહોરમાં તેનું ૧૦ નિયમોમાં સમીકરણ કરી નાખ્યું. શ્રી ગિરધરલાલ કોઠારીને પ્રધાન તથા પાનાચંદ આણંદજી પારેખને મંત્રી બનાવવામાં આવ્યા ત્યારે કુલ ૧૦૦ સદસ્યો બનાવવામાં આવ્યા હતા. જેમાં સ્વામીજીએ પોતાનું નામ ૩૧મું રાખ્યું હતું. તે ધારત તો આર્યસમાજના અધ્યક્ષ થઈ શક્યા હોત પણ ન થયા. તે માત્ર એક સામાન્ય સભાસદ તરીકે જ રહ્યા હતા. આ રીતે તેમણે મહંતવાદ અને વ્યક્તિવાદનો છેદ ઉડાવી દીધો કહેવાય.

આ વખતે તેમણે કેટલીક મહત્ત્વની ઘોષણાઓ કરી હતી.

૧. હું વેદનો સંદેશો આપું છું. મારો પોતાનો નહિ.

૨. મારા વિચારો પણ યોગ્ય ન લાગે તો તેને માનશો નહિ. મારાથી પણ ભૂલ થઈ શકે છે.

૩. મારો ફોટો કોઈ મંદિરમાં રાખશો નહિ. તેની આગળ દીવો-અગરબત્તી વગેરે કરશો નહિ.



આર્યસમાજની સ્થાપના કરીને સૌ સૌને જવાબદારીઓ સોંપીને સ્વામીજી મુંબઈથી પૂના જવા ઊપડી ગયા.

પૂનામાં મહાદેવ ગોવિંદ રાનડે વગેરે સુધારકોનું ખાસ આમંત્રણ હતું. ત્યારે હિન્દુ પ્રજાનો ઉપલો વર્ગ જાગવા લાગ્યો હતો. હંમેશાં સુધારો અને ક્રાન્તિ ઉપલા વર્ગથી જ થતી હોય છે. નીચલો વર્ગ તો બિચારો બેભાન જેવી દશામાં હતો. મહારાષ્ટ્રનું મસ્તિષ્ક એટલે પૂના અને પૂનાનું મસ્તિષ્ક એટલે ચિત્તપાવન બ્રાહ્મણો. આ લોકોએ વર્ષો સુધી પેશ્વાના રૂપમાં મહારાષ્ટ્ર ઉપર રાજ કર્યું હતું. અસંખ્ય યુદ્ધો લડ્યા હતા. આ લોકોએ કુશળ રાજનેતા, કુશળ સેનાપતિઓ, કુશળ વૈજ્ઞાનિકો અને પ્રકાંડ પંડિતો પેદા કર્યા હતા. તેમનો એક છેડો જુનવાણીઓનો હતો તો બીજો છેડો આધુનિક વિચારકોનો હતો. ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે સુધારાવાદીના અગ્રણી હતા. સૌને હિન્દુ પ્રજાની દુર્દશાની ચિંતા થતી હતી. તેમાં દયાનંદજી મુંબઈ પધાર્યા એટલે તેમને આમંત્રણ આપીને પૂના લઈ આવ્યા. બંગાળમાં જેમ 'બ્રહ્મોસમાજ' ચાલતો હતો તેમ મુંબઈ-મહારાષ્ટ્રમાં 'પ્રાર્થનાસમાજ' ચાલતો હતો. સૌનો હેતુ હિન્દુ પ્રજાને દુર્દશામાંથી છોડાવવાનો હતો.

તા. ૨-૭-૧૮૭૫ના રોજ સ્વામીજી પૂના પધાર્યા અને વિઠ્ઠલપેઠમાં શંકરશેઠના ત્યાં ઉતારો કર્યો. પૂનામાં સ્વામીજીનાં પચાસ પ્રવચનો થયાં હતાં. સ્વામીજીનાં પ્રવચનોથી ખળભળાટ તો થાય જ, હવે 'આર્યસમાજ' સંસ્થા બની ચૂકી હતી તેથી સર્વત્ર આર્યસમાજની સ્થાપના થાય તેવા પ્રયત્નો પણ કરતા રહ્યા. પૂનામાં મહાન વિદુષી રમાબાઈ રાનડે મળ્યાં. તેમણે સ્વામીજીનાં પ્રવચનોનાં ખૂબ વખાણ કર્યાં હતાં. અહીં એક વિષ્ણુશાસ્ત્રી હતા જે સ્વામીજીના કટ્ટર વિરોધી હોવા છતાં તેમણે તેમનાં પ્રવચનોની શૈલી અને પ્રભાવોત્પાદકતાનાં વખાણ કર્યાં હતાં.

અંતે સ્વામીજીની વિદાયનો સમય આવ્યો. સૌએ મળીને ભવ્ય શોભાયાત્રા કાઢી. જેમાં મુસ્લિમો-પારસીઓ વગેરે પણ હતા. લોકો ઇચ્છતા હતા કે સ્વામીજીને હાથી ઉપર બેસાડીને નગરયાત્રા કરાવવી, પણ સ્વામીજી સૌની સાથે પગપાળા જ ચાલ્યા.

અપમાન વિનાનું સન્માન સુધારકોનું હોય જ નહિ. સુધારકો વિરોધીઓ

વિનાના ન હોય. અને વિરોધીઓને આવું સન્માન જરા પણ ગમે નહિ. તે કશું ન કરે તો હવનમાં હાડકાં તો નાખે જ. પૂનામાં એક તરફ ચાહકવર્ગ ઊમટી પડ્યો હતો તો બીજી તરફ વિરોધીઓ પણ હતા જ. વિરોધીઓ ચુપ ન રહ્યા તેમણે એક ગધેડાને શણગાર્યો અને તેના ઉપર લખ્યું સ્વામી ગર્દભાનંદ સરસ્વતી, વાજાં વગાડતાં વગાડતાં સરઘસ કાઢ્યું અને વચ્ચે વચ્ચે ''ગર્દભાનંદકી જય''ના નારા બોલાવતા ચાલ્યા. સ્વામીજીના ચાહકોને આ ન ગમ્યું. તેથી ગધેડાને પકડીને પોલીસને હવાલે કરી દીધો. વિરોધીઓએ ભારે તોફાન કર્યું. પ્રકાશ માટેની મશાલો બુઝાવી નાખી. અને ઈંટ, પથ્થર, ગારો-છાણ વગેરે જે કાંઈ હાથમાં આવ્યું તેનો મારો ચલાવવા લાગ્યા. અંતે પોલીસ સુપરિ. પોર્ટમેન અને ઇન્સ્પેક્ટર ટ્રેન દ્વારા આવી પહોંચ્યા અને શાંતિ કરી.

સ્વામીજી પ્રવચનસ્થળે પહોંચી ગયા અને જાણે કશું જ ન થયું હોય તેમ પૂર્ણ શાંતિથી પ્રવચન કર્યું. ઘટેલી ઘટનાનો ઉલ્લેખ પણ ન કર્યો. આવી સ્વસ્થતા જોઈને લોકો વધુ પ્રભાવિત થયા. આવા સમયે વ્યક્તિની સ્વસ્થતાની કસોટી થતી હોય છે. સામાન્ય વ્યક્તિ વિરોધી પ્રવાહમાં તણાઈ જતી હોય છે. જ્યારે સ્વામીજી પૂર્ણ સ્વસ્થ રહ્યા. તેમની સ્વસ્થતા જોઈ પ્રભાવિત થઈને શ્રી રઘુનાથ શાસ્ત્રીએ કહ્યું કે : ''ધન્ય છે. આપ સાચા અર્થમાં 'દયાનંદ' ઠર્યા.''

પૂનામાં પ્રાર્થનાસમાજ આર્યસમાજમાં બદલાઈ ગયો. મહાદેવ ગોવિંદ રાનડે પ્રમુખ બન્યા અને શ્રી કેશવરાવ ગોડવોલે મંત્રી બન્યા. આ રીતે પાછળ પ્રવૃત્તિ મૂકીને સ્વામીજી ફરીથી મુંબઈ આવ્યા અને મુંબઈથી વડોદરા પહોંચ્યા.

### વડોદરા

ત્યારે વડોદરા દેશના પ્રથમ નંબરના રજવાડામાં ગણાતું હતું. મહારાષ્ટ્રિયવંશના ગાયકવાડ રાજા રાજ કરતા હતા. તેમના દીવાન માધવરાવ અને બીજા બધા ઉચ્ચ અધિકારીઓ સ્વામીજીને વડોદરા લાવવામાં નિમિત્ત બન્યા હતા. સ્વામીજી પ્રચારકાર્યમાં પ્રજાના ઉચ્ચ વર્ગને પકડતા હતા. રાજા-મહારાજા, દીવાનો, મંત્રીઓ, શેઠ-શાહુકારો, પંડિતો વગેરે તે જાણતા હતા કે આ શિખર ઉપરનો વર્ગ પૂરી પ્રજાને પકડતો હોય છે. તેથી તેને જ પકડવો હિતાવહ છે.



સ્વામીજીના નામમાત્રથી જુનવાણી શાસ્ત્રીઓ ભારે સૂગ ધરાવતા. આ સ્વાભાવિક છે. જુનવાણી અને તે પણ ધાર્મિક ક્ષેત્રના પંડિતો જલદીથી સુધારાને સ્વીકારતા નથી. તેઓ તીવ્ર પ્રતિક્રિયા આપતા હોય છે.

સ્વામીજીએ પ્રવચનની શરૂઆતમાં વેદમંત્રોનું ગાન કર્યું. બે શાસ્ત્રીઓ ઊભા થઈ ગયા. એક ગોવિંદરામ અને બીજા આપા શાસ્ત્રી હતા. તેમણે લોકોને જણાવ્યું કે ''અહીં મહાન અધર્મ થઈ રહ્યો છે. સભામાં મ્લેચ્છો – યવનો – શૂદ્રો વગેરે બેઠા છે અને સ્વામીજી વેદમંત્રો બોલે છે. આ અધર્મ છે. યવનો વગેરેને વેદમંત્રો સંભળાવાય જ નહિ.'' શાસ્ત્રીઓએ હુડદંગ મચાવ્યું તેથી પ્રવચન અટકાવવું પડ્યું. પછી શાસ્ત્રાર્થનો વારો આવ્યો પણ એકેય શાસ્ત્રી તૈયાર ન થયા. પછી પ્રવચન આગળ ચાલ્યું. સ્વામીજી હિન્દીમાં ભાષણ આપતા હતા તેથી કેટલાક શાસ્ત્રીઓને લાગ્યું કે સ્વામીજી સંસ્કૃત જાણતા નથી તેથી તેમણે ટોણો માર્યો. તેના જવાબમાં સ્વામીજીએ પ્રૌઢ અને પ્રાંજલ સંસ્કૃતનો ધારાપ્રવાહ વહેવડાવવા માંડ્યો, જેથી પેલા છક્ક થઈ ગયા.

ત્યારના મહારાજા માધવરાવે સ્વામીજીને જમવા બોલાવ્યા. જમાડ્યા પછી તેમણે મહારાજને એક હજાર કલદાર રૂપિયા દક્ષિણામાં આપ્યા. પણ સ્વામીજીએ દક્ષિણા સ્વીકાર ન કરી, પાછી આપી દીધી.

વડોદરામાં સ્વામીજીએ 'સંસ્કારવિધિ' નામનું પુસ્તક લખ્યું. આ પુસ્તક સકારાત્મક છે. જન્મથી માંડીને મૃત્યુ સુધી સોળ સંસ્કારો કરવા જોઈએ તેવી ઉપયોગી વિધિઓ આમાં બતાવી છે. પ્રજા માત્ર વિચારોથી જ ન ચાલે. તેને આચાર પણ જોઈએ. ધાર્મિક ક્ષેત્રમાં તો ખાસ આચારો હોવા જ જોઈએ. સ્વામીજી વિશેષ પ્રમાણમાં કર્મકાંડમાં માનતા નહિ તોપણ હવન વગેરે ક્રિયાઓને સ્વીકારતા હતા.

ત્યારે રાજમાતા યમુનાબાઈ હતાં. તેમણે સ્વામીજીને મળવાની ઇચ્છા કરી પણ સ્વામીજીની વ્યસ્તતા અને ત્યાગવૃત્તિના કારણે એ શક્ય ન બન્યું. રૂઢિવાદી શાસ્ત્રીઓએ સ્વામીજીના વિરુદ્ધમાં ચારે તરફ ઝેર ઓકવા માંડ્યું. દયાનંદ નાસ્તિક છે તેવો આરોપ લગાવતા રહ્યા પણ તેમનું કાંઈ ઊપજ્યું નહિ. સુધારો વિરોધ વિનાનો હોય અને વિરોધની નીચામાં નીચી કક્ષા પણ સહન કરી શકે તે જ સાચો સુધારક થઈ શકે. સ્વામીજી હવે વિરોધીઓના વિષવમનથી ટેવાઈ ગયા હતા.

સ્વામીજી ફરતા ફરતા પાછા સુરત આવ્યા. દુર્ગારામ મહેતાજી અને નર્મદ સુધારાવાદી હતા તેમનું આતિથ્ય સ્વીકારીને શાલ સ્વીકારી સ્વામીજી વલસાડ પહોંચ્યા. વલસાડમાં સિદ્ધનાથ મહાદેવની ધર્મશાળામાં ઉતારો કર્યો અને પછી રતનજી પારસીના બાગમાં રહ્યા. અહીં ચાર પ્રવચનો થયાં. સ્વામીજીનો વિરોધ મોટા ભાગે કર્મકાંડી બ્રાહ્મણો કરતા. કારણ કે તેમની આજીવિકાને ફટકો પડતો હતો, માણસ બધું સહન કરી શકે પણ આજીવિકાનો ધ્વંસ ન સહન કરી શકે. બધા બ્રાહ્મણોએ મળીને પં. ભવાનીશંકરને શાસ્ત્રાર્થ માટે તૈયાર કર્યા. પણ પંડિતજી પોતે જ સ્વામીજીના પ્રશંસક થઈ ગયા તેથી વાત પૂરી થઈ ગઈ.

સ્વામીજી વસઈ થઈને પાછા મુંબઈ આવી ગયા. મુંબઈના પ્રવચનમાં ઑક્સફર્ડ યુનિવર્સિટીના પ્રો. મોનિયર વિલિયમ્સ તથા કલેક્ટર મિ. શેફર્ડ પણ હાજર રહ્યા હતા. ફરીથી મુંબઈના જુનવાણી પંડિતોએ વિરોધ કર્યો પણ તેમનું ખાસ કાંઈ ઊપજ્યું નહિ. કેટલીક વાર વિરોધથી ઊલટો પ્રચારને વધુ વેગ મળતો હોય છે !

**ઇન્દોર**

હવે સ્વામીજી ઇન્દોર આવ્યા. ઇન્દોરના મહારાજા તુકોજીરાવ હોલકર પણ પ્રવચન સાંભળવા આવતા હતા. મહારાજા તુકોજીરાવે બધા રાજવીઓને સ્વામીજીના સત્સંગનો લાભ લેવા પ્રેરણા આપી પણ તેમાં બહુ સફળતા ન મળી.

ગુજરાત-મહારાષ્ટ્ર-મધ્યપ્રદેશ થઈને સ્વામીજી હિમાલય તરફ વળ્યા. આ યાત્રા દરમિયાન તેઓ દ્રવિડ દેશોમાં ન ગયા.

# ૧૫. યુ.પી.માં ભ્રમણ

ધર્મનો પ્રચાર અને પ્રસાર એમ બે ભાગ છે. કેટલાક ધર્મોનો પ્રચાર તો થઈ શકે છે પણ પ્રસાર નથી થઈ શકતો. જેમ કે પારસી, યહૂદી, વોરા થોડાક પ્રમાણમાં જૈન વગેરે. કોઈને નવો પારસી બનાવી શકાતો નથી. તેમજ યહૂદી પણ બનાવાતો નથી, વોરા લોકો પણ પોતાની જમાતમાં કોઈ બિનવોરાને વોરા બનાવીને ભેળવતા નથી. જૈનો માટે પણ અડધું આવું કહી શકાય. કોઈ ઉજળિયાતમાંથી કોઈને જૈન ધર્મ પાળવો હોય તો પાળે, સાધુ-સાધ્વી થવું હોય તોપણ થાય, પણ તે બહુ થોડા પ્રમાણમાં. આ બધા પ્રસારણીય ધર્મો નથી. જે પ્રસારણીય નથી હોતા તે અશાંતિ ઊભી નથી કરતા, તે શાંતિથી રહે છે. અને બીજાને રહેવા દે છે. પણ જે પ્રસારણીય ધર્મો છે તે બીજાના ગઢમાં ગાબડાં પાડતા હોય છે, જેથી અશાંતિ થવાની સંભાવના રહેતી હોય છે.

પ્રાચીનકાળમાં બૌદ્ધધર્મ પ્રસારણીય હતો. (આજે પણ છે) તે અડધા વિશ્વમાં ફેલાઈ ગયો હતો. તે સમયમાં કદાચ તેને વિશ્વધર્મ કહી શકાય. પણ આ ધર્મ તલવાર કે લોભલાલચના જોરે ન ફેલાયો. તેના ત્યાગી ભિક્ષુઓ બુદ્ધનો સંદેશો લઈને દૂર દૂર સુધી ફેલાયા, જ્યાં જે ખવાતું હતું તે ખાધું. કશી આભડછેટ ન રાખી. સૌને અપનાવ્યા અને સૌને સ્વીકાર્યા. ભારતમાં ઘણાં વર્ષો સુધી તે રાજધર્મ રહ્યો. કનિષ્કથી માંડીને અશોક સુધી તેની ભારે જાહોજલાલી રહી. મોટી મોટી વિદ્યાપીઠો રચાઈ અને અહીં ભણવા દૂરદૂરથી લોકો આવવા લાગ્યા. બૌદ્ધકાળ એક દષ્ટિએ ભારતનો સુવર્ણકાળ કહી શકાય.

તેની સમાન્તર ચાલતો જૈન ધર્મ આવું કાઠું કાઢી ન શક્યો. તે ભારતમાં જ અને તે પણ વ્યાપારી વર્ગ સુધી જ સીમિત રહી ગયો. તેના સાધુ-સાધ્વીઓ

ભારે કઠોર નિયમોમાં આબદ્ધ રહેતા હોવાથી ક્યાંય જઈ ન શક્યા. અત્યારે કદાચ ચાલીસેક લાખની વસ્તી સુધી સમાવિષ્ટ થઈ ગયેલો આ ધર્મ, સંપત્તિ-સમૃદ્ધિ અને સંગઠનશક્તિમાં બહુ પ્રભાવશાળી રહ્યો છે. કારણ કે બધો વર્ગ વ્યાપારી છે.

જેને આપણે હિન્દુ ધર્મ કહીએ છીએ. પછી ભલે તેને વૈદિક કહો કે પૌરાણિક કહો. પ્રસારણીય નથી. નવા હિન્દુઓ નથી થતા. હા, ઘટતા જાય છે ! પ્રસારણીય ન હોવાથી ધર્મપ્રચારકો કાં તો જ્ઞાનના નામે વેદાંતનો, ભક્તિના નામે ભાગવતાદિનો અને કર્મના નામે યજ્ઞોનો પ્રચાર કરતા રહે છે. હમણાં હમણાંથી કેટલાક લોકો યોગાનો પણ પ્રચાર કરી રહ્યા છે. આ બધામાં ક્યાંય વિસ્તાર નથી. વિસ્તારનું લક્ષ્ય નથી એટલે ધર્મને આકર્ષક બનાવવાનો વિચાર જ નથી આવતો. વેદાંતી લોકો વર્ષો સુધી જીવ જ બ્રહ્મ છે અને જગત મિથ્યા છે તેવો પ્રચાર કરતા રહે છે. ખબર નહિ આનાથી જીવનનો કયો પ્રશ્ન ઉકેલાયો છે ? કોઈ નહિ. ખરેખર તો આવી ધારાઓ જીવનના પ્રશ્નોથી લોકોને ભગાડે છે. ભાગી છૂટવાની શાંતિ અપાવે છે. તો બીજી તરફ ભક્તિરસમાં તરબોળ કરનારી કથાઓ સાંભળીને લોકો ભક્તિમાર્ગ તરફ વળે છે. ત્રીજી તરફ મોટા મોટા યજ્ઞો, કરોડોના ખર્ચે, હજાર કુંડીઓના કરાય છે. હેતુ બતાવાય છે : 'વિશ્વશાંતિ'. પણ ક્યાંય વિશ્વશાંતિ થતી નથી. એક બહુ મોટા વર્ગની આવકનું સાધન બની ગયા છે યજ્ઞો. આ ત્રણે ધારાઓ પરિણામશૂન્ય બની ગઈ છે.

જિસસને વધસ્તંભે ચઢાવ્યા પછી ખ્રિસ્તી ધર્મ રોમમાં ગયો. ત્યાં તેને પૂરું વહીવટી માળખું મળ્યું. છેક પોપથી પાદરી સુધી બધાંને માટે પૂરી વ્યવસ્થા. કોઈ સાધુ-બાવા રખડતા-ભટકતા જોવા ન મળે. કોઈ હઠ કરીને માગનારા ન મળે ! ચર્ચમાં પણ પૂરી સ્વચ્છતા અને શાંતિ. બસ, પ્રાર્થના કરો. કોઈ પંડ્યા-પૂજારી નહિ, કશા ભાવતાલ નહિ. પશ્ચિમની સત્તાનાં મોજાંની સાથે ધર્મ પણ ફેલાયો. ખ્રિસ્તી ધર્મ અને રાજસત્તા એકબીજાનાં પૂરક બન્યાં. ઘણાં વર્ષો સુધી જોર-જબરદસ્તી થતી રહી પણ પછી સુધારો થયો અને સેવા દ્વારા ધર્મનો પ્રસાર સ્વીકારાયો.

દૂર-દૂરનાં ઉપેક્ષિત, અછૂત અને પછાત રહેલાં આદિવાસી ક્ષેત્રો, તિરસ્કૃત થયેલા જનસમૂહો વગેરેને અપનાવવામાં આવ્યાં. તર્કો કે દલીલો



નહિ. તેમને અન્ન-વસ્ત્ર, શિક્ષણ-દવાઓ વગેરે જીવનજરૂરિયાતની વસ્તુઓ આપવાની. તેમનાં બાળકોને નવડાવવાં-ધોવડાવવાં, સંસ્કારી બનાવવાં – આવું બધું કામ કરીને તેમણે ધર્મપ્રસાર કરવા માંડ્યો અને આજે પણ પાદરી કરી રહ્યા છે. એને સારી સફળતા મળે છે. નાગાં, ભૂખ્યાં અને અશિક્ષિત માણસોને તર્કો કે દલીલોની જરૂર નથી હોતી. અને અન્ન, વસ્ત્ર, આજીવિકા, આવાસ અને દવા વગેરેની જરૂર હોય છે. આ સેવાપ્રયોગ ઘણો સફળ રહ્યો છે.

મુસ્લિમોનો ધર્મ પ્રસારણીય છે. કોઈને પણ તે પોતાનામાં સમાવી શકે છે. અને સમાનતાના ધોરણે ધાર્મિક અધિકાર આપી શકે છે. ખ્રિસ્તીની માફક આ લોકો પાસે સેવાવૃત્તિ નથી; સેવા કરનારા પાદરીઓ અને નર્સો નથી. દબાણ, લાલચ અને સારી સ્થિતિ વગેરે ધર્મ ફેલાવવામાં કારણભૂત બને છે. વિશ્વમાં અને ખાસ કરીને એશિયામાં ધાર્મિક ક્ષેત્રોમાં સૌથી વધુ ગરીબ અને સૌથી નિરક્ષર લોકો મુસ્લિમવર્ગમાં જોવા મળશે. મોટા ભાગની ઝૂંપડપટ્ટીઓ તેમનાથી ઊભરાતી દેખાશે. જેલોમાં પણ તેમનું પ્રમાણ વધુ જોવા મળશે. જે હોય તે પણ કૂદકે ને ભૂસકે તેમની સંખ્યા વધી રહી છે. હવે ધર્મની દૃષ્ટિએ વસ્તીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી લેશે. આ ધર્મપ્રચારકો પણ તર્કો કે દલીલોનો વધુ ઉપયોગ નથી કરતા. આ ધર્મમાં 'ઈમાન' મહત્ત્વની વસ્તુ છે. માની લેવું એ ઈમાન છે. તેમાં દલીલો કરવાની ન હોય. તેથી ધાર્મિક માન્યતાઓમાં આ ધર્મના લોકો ભારે મક્કમ હોય છે. તે એટલી હદે કે અસહિષ્ણુ થઈ જાય, લડી પડે.

આટલો બધો વિસ્તાર કર્યા પછી હવે મૂળ વાત ઉપર આવીએ. સ્વામી દયાનંદજી પાસે ધર્મપ્રસારનું સાધન માત્ર તર્કો જ છે. તે ધુંઆધાર દલીલોથી પોતાની વાત રાખે છે. અને પ્રતિપક્ષીની વાતનાં ચીંથરાં ઉડાડે છે. તેમની પાસે તલવાર નથી, લોભ-લાલચ નથી. બીજું કોઈ આકર્ષણ નથી. માત્ર "તમે ખોટા છો, અને આ જુઓ આ રહ્યું સત્ય. સ્વીકારો કે ન સ્વીકારો તમારી મરજી." પોતાનું સત્ય સ્થાપિત કરવા તે સર્વપ્રથમ લોકોમાં સ્થાપિત થઈ ગયેલા પૌરાણિક સત્યને હચમચાવીને ઉખેડી નાખે છે. લોકોની ભારે લાગણી દુભાય છે. પણ કોઈની કશી પરવા કર્યા વિના તે હચમચાવી નાખે છે. શાસ્ત્રાર્થ, શાસ્ત્રાર્થ અને શાસ્ત્રાર્થ, જ્યાં જાય ત્યાં "આવી જાવ." વેદમાંથી મૂર્તિપૂજા બતાવો. શાસ્ત્રીઓ ચૂપ થઈ જાય. કારણ કે વેદજ્ઞાન જ રહ્યું ન

હતું. ઝંઝાવાતની માફક સ્વામીજી ભારતમાં ફરવા લાગ્યા. દક્ષિણમાંથી ફરતા ફરતા પાછા પાંચમી વાર ફરુખાબાદ પહોંચી ગયા. ફરુખાબાદમાં સ્વામીજીનાં ચાર પ્રવચનો થયાં. અહીં શરૂ કરેલી પાઠશાળા આચાર્ય સાથેના વિચારભેદના કારણે બંધ કરી દેવી પડી.

એક વાર પાદરી લૂકસે સ્વામીજીને પૂછ્યું કે : ''તમને તોપના નાળચા ઉપર બાંધીને મૂર્તિપૂજા કરવાનું કહે તો કરો કે નહિ ?'' સ્વામીજીએ જવાબ આપ્યો કે : ''ભલે મને તોપના ગોળે ઉડાડી દો પણ હું મૂર્તિપૂજા નહિ કરું.'' આવી તેમની મક્કમતા હતી.

અહીંથી કાશી, જોનપુર, અયોધ્યા, લખનૌ, શાહજહાંપુર, બરેલી વગેરે નગરોમાં પ્રચાર કરીને સ્વામીજી મુરાદાબાદ પધાર્યા. અહીં રાજા જયકિશનદાસના મકાનમાં ઉતારો કર્યો અને પ્રવચનો થયાં.

અહીં પાદરી ડબલ્યુ પાર્કર સાથે રોજ પંદર દિવસ સુધી શાસ્ત્રાર્થ ધર્મચર્ચા થઈ. સ્વામીજીએ જિસસને ભગવાન કે ભગવાનના પુત્ર હોવાનું સાબિત થવા દીધું નહિ.

પાછા કર્ણવાસ આવ્યા. અહીં ઘણા ક્ષત્રિય ભક્તોએ સ્વામીજીનું સન્માન કર્યું હતું.

તા. ૧૭-૧૨-૧૮૭૬ના રોજ સ્વામીજી દિલ્લી પહોંચ્યા. સ્વામીજીએ એક વિજ્ઞાપન પ્રગટ કરીને આવનારા બધા રાજા-મહારાજા તથા બધા ધર્માચાર્યોને એક થઈને એક સાર્વભૌમ ધર્મની સ્થાપના કરવા આગ્રહ કર્યો હતો પણ કોઈએ બરાબર ધ્યાન આપ્યું નહિ. પણ તેમનાં પ્રવચનો સાંભળવા લોકો ચારે તરફથી આવતા રહ્યા. સ્વામીજી ઇચ્છતા હતા કે કોઈ એક એવો ધર્મ સ્થાપિત થાય જે સર્વમાન્ય બને અને હિન્દુ પ્રજાની એકતા વધે, જેથી તે બળવાન બને. આ હેતુ માટે તેમણે બધા સુધારકોની એક સભા બોલાવી. જેમાં બંગાળના નવીનચંદ્ર રાય, શ્રી કેશવચંદ્ર સેન, પંજાબના મુનશી કન્હૈયાલાલ અલખધારી, સર સૈયદ એહમદખાં, મુંબઈના હરિશ્ચંદ્ર ચિંતામણિ, તેમજ ઉત્તર પ્રદેશના મુનશી ઇન્દ્રમણિ વગેરે પણ સમ્મિલિત થયા હતા.

સ્વામીજીનો આગ્રહ હતો કે વેદને પ્રમાણગ્રંથ માનીને તેના આધારે એક સાર્વભૌમ ધર્મની જાહેરાત થાય, પણ બીજા વિદ્વાનો આ વાતને સ્વીકારી ન શક્યા તેથી સભા કશા નિર્ણય ઉપર પહોંચ્યા વિના જ સમાપ્ત થઈ ગઈ.



આ રીતે દિલ્લીયાત્રા પૂરી થઈ ત્યારે દિલ્લીમાં 'વિક્ટોરિયા મહારાણી થયાં છે' તેની જાહેરાત અને ઉજવણી કરવા માટે લોર્ડ લીટને શાહી દરબારનું આયોજન કર્યું હતું તેથી ભારતભરના રાજા-મહારાજાઓ પધાર્યા હતા.

**પંજાબ**

દિલ્લીથી સ્વામીજીએ પંજાબ તરફ પ્રયાણ કર્યું. દિલ્લી દરબાર પૂર્ણ થઈ ચૂક્યો હતો. ૧૬-૧-૧૮૭૭ના રોજ તેઓ મેરઠ આવ્યા. અહીં એક મહિનો નિવાસ કર્યો અને 'ઋગ્વેદાદિભાષ્ય ભૂમિકા'ના લેખનકાર્યને ચાલુ રાખ્યું.

મેરઠથી સહારાનપુર પધાર્યા. અહીં લોકોની ભારે ભીડ પ્રવચન સાંભળવા ઊમટી પડતી.

સહારાનપુરથી ચાંદાપુર આવ્યા. અહીંના જમીનદાર બે ભાઈઓ કબીરપંથી હતા. તેમણે સર્વધર્મ સંમેલન બોલાવ્યું, જેમાં બધા ધર્મોના ધર્માચાર્યોને આમંત્રિત કર્યા. 'બ્રહ્મવિચારમેળો' કર્યો. બધા ધર્મધુરંધરો સામે વિચારણીય વિષયો રાખવામાં આવ્યા. જેવા કે :

૧. પરમેશ્વરે સૃષ્ટિને કયા પદાર્થમાંથી કયા સમયે અને શા માટે બનાવી ?
૨. ઈશ્વર સર્વવ્યાપક છે કે નહિ ?
૩. ઈશ્વર ન્યાયકારી અને દયાળુ બન્ને કઈ રીતે છે ?
૪. વેદ-બાઇબલ અને કુરાન ઈશ્વરીય હોવાનાં કયાં કયાં પ્રમાણ છે ?
૫. મુક્તિ શું છે ? અને તે કેવી રીતે પ્રાપ્ત થાય છે ?

આ મેળો સાત દિવસ સુધી ચાલતો રહ્યો પણ પાદરીઓ બે જ દિવસ રોકાઈને ચાલ્યા ગયા.

૫-૧-૧૧

# ૧૬. પંજાબનો પ્રવાસ

પૂર્વ પ્રકરણમાં કહ્યું તેમ પ્રત્યેક ધર્મની એક વૈચારિકતા હોય છે. આ વૈચારિકતા જ ધર્મનું મસ્તિષ્ક છે. સામાન્ય પ્રજામાં આ વૈચારિકતાનું જ્ઞાન હોતું નથી. પણ તેના પરિણામસ્વરૂપ નિશ્ચિત આચાર બંધાતો હોય છે. વૈચારિકતાનું ક્ષેત્ર વિદ્વાનો સુધી જ રહે છે. જો વિદ્વાનો એકાંગી વાચન-મનન ધરાવતા થઈ જાય તો તે ચુસ્ત અને કટ્ટર થઈ જાય પણ જો તેઓનું વાચન-મનન વગેરે વ્યાપક હોય તો તેમનામાં ઉદારતા આવે.

સંપ્રદાયની સાથે ઉદારતા ભેળવવી એ બહુ કઠિન કામ થઈ જાય છે. જે લોકો ઉદાર હોય છે તેમનું સંપ્રદાયમાં પૂરું માન નથી હોતું. જે ચુસ્ત અને રૂઢિવાદી હોય છે તે જ વધુ માનનીય થતા હોય છે !

કબીરપંથી જમીનદારોએ જે બ્રહ્મવિચારમેળો બોલાવ્યો અને તેમાં જે પાંચ વિષયોની ચર્ચા કરવાનું નક્કી થયું હતું. તે બધા સંપ્રદાયોને નજીક લાવવા અને એકબીજાના મતને સાંભળવા સમજવાનો પ્રયત્ન હતો. દા.ત., પરમેશ્વરે કયા પદાર્થમાંથી સૃષ્ટિની રચના કરી છે ? આ મહત્ત્વનો પ્રશ્ન છે. આ પ્રશ્નના અનેક જવાબો આપણાં દર્શનો આપે છે.

૧. સૃષ્ટિ થઈ જ નથી (અજાતવાદ)
૨. સૃષ્ટિ થઈ છે પણ મિથ્યા છે (વિવર્તવાદ)
૩. સૃષ્ટિનું અભિન્ન-નિમિત્તકારણ ઈશ્વર છે. પદાર્થ નહિ.
૪. સર્વસમર્થ ઈશ્વર પદાર્થ વિના જ ઇચ્છામાત્રથી સૃષ્ટિ રચે છે. (મુસ્લિમ-ઈસાઈ-યહૂદીઓ વગેરે)
૫. સૃષ્ટિ પ્રકૃતિમાંથી રચાય છે.
૬. સૃષ્ટિ પરમાણુઓથી રચાય છે.



૭. સૃષ્ટિનો રચનારો કોઈ નથી, તે આપોઆપ રચાય છે.

આવા અનેક વિકલ્પો જુદા જુદા સંપ્રદાયો – પંથો ધરાવે છે. પણ વિચારની એરણ ઉપર તેને ભાગ્યે જ ચકાસાતા હોય છે. સૌ પોતપોતાના સિદ્ધાંતો માની લેતા હોય છે. આવો વિચારમેળો વિચારોનું વલોણું ચલાવે છે. પક્ષ-વિપક્ષ પોતપોતાની વાતો-વિચારો રજૂ કરે છે. સત્યની દિશામાં તેની અસર થતી જ હોય છે. જોકે સાંપ્રદાયિક માન્યતાઓ એટલી બધી રૂઢ હોય છે કે લોકો જલદી તેમાં બાંધછોડ કરી શકતા નથી. આમ કરવામાં એક મહત્ત્વનું કારણ સાંપ્રદાયિક પ્રતિષ્ઠા અને લાભો પણ હોય છે. વિદ્વાનો પ્રતિષ્ઠા અને આર્થિક લાભની અપેક્ષાવાળા હોય છે. આ બે છોડવું તેમને પાલવે નહિ. તેથી સત્યપ્રેમી નથી થઈ શકતા. સ્વમતપ્રેમી થઈ જતા હોય છે. તોપણ આવા વિચારમેળાનું કાંઈક તો પરિણામ આવતું જ હોય છે. સાવ નક્કામા નથી જતા.

ત્યારે પંજાબનું વિભાજન થયું ન હતું. વિશાળ પંજાબમાં મુસ્લિમોની બહુમતી હતી. બીજા નંબરે શિખ હતા. પંજાબ ઉપર મુસ્લિમોએ સદીઓથી રાજ્ય કર્યું હતું. પાડોશના અફઘાનિસ્તાનથી ઘણી પ્રજા પંજાબમાં આવીને વસી ગઈ હતી અને તેમનો દબદબો હતો. રાજકીય ગુલામી, ધર્મ ઉપર પણ પ્રભાવ નાખતી જ હોય છે. શિક્ષિત હિન્દુ વર્ગ પોતાના ધર્મથી અસંતુષ્ટ હતો. તે મુસ્લિમ-ખ્રિસ્તી ધર્મ સાથે તુલના કરતો અને તેથી અસંતોષ વધતો. જેના પરિણામે 'બ્રહ્મોસમાજ' અહીં પણ વિસ્તર્યો હતો. ધાર્મિક અસંતોષ વિના ધર્મસુધાર ન થાય. હિન્દુ ધર્મમાં અસંતોષ વ્યક્ત કરવાનાં ઘણાં કારણો હતાં તેથી ખ્રિસ્તી અને મુસ્લિમોના પ્રભાવમાં લગભગ તેમને મળતો બ્રહ્મોસમાજ અહીં પણ વિકસ્યો હતો. શાસક વર્ગ ગોરા-ખ્રિસ્તી હોવાથી તેમનો પ્રભાવ વધુ હતો. લોકો ખ્રિસ્તી ધર્મ તરફ આકર્ષાયા હતા. એટલે રોજ કેટલાયે યુવાનો ખ્રિસ્તી ધર્મ તરફ વળી ગયાના સમાચાર આવતા રહેતા. ખ્રિસ્તી ધર્મનાં ઘણાં જમા પાસાં છે. જે લોકોને આકર્ષી શકે છે.

૧. ચર્ચની સ્વચ્છતા, સુઘડતા, શાંતિ અને શિસ્તબદ્ધ પ્રાર્થના. મીણબત્તી સિવાય કોઈ જ પૂજાની સામગ્રી નહિ.
૨. આચારો અને વિચારોની સ્પષ્ટતા, કશો ગૂંચવાડો નહિ.
૩. એક જ પરમાત્મા, પ્રતીકરૂપે જિસસ અને માતા મેરી. બાકી ઘણાં

દેવદેવીઓ નહિ.

૪. માનવતાનાં પરમાર્થકાર્યો, સેવાપ્રવૃત્તિ, અછૂત અને તિરસ્કૃત લોકોને સ્વીકારવાં. તેમને સુધારવાં, સુઘડ બનાવવાં, વગેરે.

૫. શિક્ષણ અને આરોગ્યની અતિ-ઉપયોગી પ્રવૃત્તિ.

આવાં બધાં અનેક કારણો તેનું જમા પાસું કહી શકાય. જે આપણી પાસે લગભગ ન હતું. તેથી શિક્ષિત લોકો તુલના કરીને પોતાના ધર્મ પ્રત્યે અસંતુષ્ટ થતા અને પેલી તરફ ખેંચાઈ જતા. આગળ જતાં હિન્દુ ધર્મે પણ ખ્રિસ્તીઓની સેવાપ્રવૃત્તિનો સ્વીકાર કરી લીધો હતો.

સ્વામીજી લુધિયાણા પહોંચ્યા (તા. ૩૧-૩-૧૮૭૭) અને વૈશ્યના બાગમાં ઉતારો કર્યો. સ્વામીજી મોટા ભાગે ગામ બહારના કોઈ બાગમાં ઉતારો કરતા. અહીં સાત પ્રવચનો થયાં. ત્યારે લુધિયાણા ખ્રિસ્તીઓનું મહત્ત્વનું કેન્દ્ર હતું. પાદરી બેરી પ્રવચન સાંભળવા આવ્યા અને તેમણે બાઇબલ ભેટ આપ્યું. મોટા ભાગના પાદરીઓ વિનય-વિવેકભર્યો વ્યવહાર કરતા હોય છે. ભલે તે ધર્માંતર કરે પણ ઝઘડાળુ નથી હોતા. ધર્માંતરણનું કાર્ય પણ ચુપચાપ ઢોલ વગાડ્યા વિના કરતા હોય છે. વ્યક્તિના પ્રાથમિક વ્યવહારમાં સભ્યતા અને ભદ્રતા હોવી જરૂરી છે. તોછડાઈ અને અભદ્રતાથી મોટો વિદ્વાન પણ ઘૃણાસ્પદ થઈ જતો હોય છે. રામશરણ નામની એક વ્યક્તિ ખ્રિસ્તી થવાની તૈયારીમાં હતો પણ સ્વામીજીનાં પ્રવચનો સાંભળીને તે અટકી ગયો. સ્વામીજીએ અહીં ભૂતપ્રેતનું ખંડન કર્યું અને આવી કોઈ વસ્તુ જ નથી તેવું બતાવ્યું.

તા. ૧૯-૪-૧૮૭૭ના રોજ સ્વામીજી લાહોર પહોંચ્યા. લાહોર પંજાબની રાજધાની અને ભવ્ય નગર હતું. બ્રહ્મસમાજના નેતાઓએ સ્વાગત કર્યું. પણ પાછળથી મતભેદ થતાં તે વિરોધી થઈ ગયા. સ્વામીજીને જગ્યા ખાલી કરવી પડી. એટલું જ નહિ બ્રહ્મસમાજવાળાએ ખર્ચના ૨૫ રૂપિયા પણ વસૂલ કરી લીધા. આવા સમયે રહીમખાં આગળ આવ્યા. તેમણે તરત જ સ્વામીજીને ઊતરવા માટે પોતાનો બંગલો સોંપી દીધો. પછી તો અહીં જ પ્રવચનો આગળ ચાલ્યાં. ધાર્મિક સુધારાઓ લાગણી દુભાવનારા હોય છે તેથી આપોઆપ વિરોધ અને શત્રુભાવ પેદા થઈ જાય છે. સ્વામીજીને ગોળ-ગોળ, મીઠું-મીઠું બોલતાં આવડતું ન હતું. જેવું લાગે તેવું સ્પષ્ટ અને ઘણી વાર કડવી વાણીમાં



તે પોતાના વિચારો વ્યક્ત કરતા. સામાવાળા ઉપર તેની કેવી માઠી અસર પડશે તેની ચિંતા કરતા નહિ.

અહીં સર સૈયદ એહમદખાં, પાદરી સ્કોટ વગેરે સાથે સારા સંબંધ રહેતા.

એક વાર એક પંડિતજીએ વિનંતી કરી કે : "જો તમે મૂર્તિપૂજાનું ખંડન બંધ કરો તો ઘણા અનુયાયીઓ થઈ જાય. મહારાજા કાશ્મીર પણ શિષ્ય થઈ જાય." પણ સ્વામીજીએ પંડિતજીની વાત માની નહિ. તેઓ એવું માનતા કે, "બધા અનર્થોનું મૂળ જ મૂર્તિપૂજા છે. તેને દૂર કરવી જ જોઈએ."

પ્રાચીન વૈદિક યજ્ઞોમાં પશુબલિ થતો હતો તેવો પાદરી હૂપરના આક્ષેપને સ્વામીજીએ નકારી દીધો અને કહ્યું કે, "વેદોમાં આવું કોઈ વિધાન છે જ નહિ."

સ્વામીજીએ લાહોરમાં આર્યસમાજની સ્થાપના કરી અને મુંબઈમાં ૨૮ નિયમો બનાવેલા તે ઘટાડીને દસ કરી દીધા જે અત્યારે પ્રચલિત છે. આર્યસમાજના સંરક્ષકનું પદ સ્વામીજીએ સ્વીકાર્યું નહિ. પોતે સામાન્ય જ રહ્યા.

એક વાર એક સભામાં ઈશ્વરની પ્રાર્થના ચાલી રહી હતી ત્યારે જ સ્વામીજી પધાર્યા. બધા ઊભા થઈ ગયા. સ્વામીજી બેઠા પછી બધા બેઠા. સ્વામીજીએ સૌને સમજાવ્યું કે, "જ્યારે પ્રાર્થના ઉપાસના ચાલતી હોય ત્યારે કોઈ પણ આવે તોપણ કદી ઊભા થવું નહિ. પરમેશ્વર સૌથી મહાન છે." પણ મને લાગે છે કે આ નિયમ આવનાર માટે પણ હોવો જોઈએ. જ્યારે પ્રાર્થના ઉપાસના ચાલતી હોય ત્યારે આવનારે પણ ચુપચાપ પાછળ બેસી જવું જોઈએ, જેથી વિક્ષેપ ન થાય.

લાહોરમાં સ્વામીજી ત્રણ મહિના રહ્યા. લાહોરથી સ્વામીજી અમૃતસર ગયા. (તા. ૫-૭-૧૮૭૭) અમૃતસરમાં મિયાં મોહમદખાનના બંગલા ઉપર ઉતારો કર્યો અને પ્રવચનોની ધૂમ મચાવી દીધી.

અમૃતસર શીખોનું પવિત્ર તીર્થસ્થાન છે. અહીં બારે મહિના યાત્રાળુઓનો મેળો લાગ્યો રહે છે. અમૃતસર સાથે ઘણો ઇતિહાસ પણ જોડાયેલો છે. અહીં પણ સ્વામીજીએ આર્યસમાજની સ્થાપના કરી. મોહમ્મદખાનના બંગલે હવન કરીને તેમણે આર્યસમાજનું અહીંનું માળખું

નક્કી કર્યું. આપણે મિયાં મોહમ્મદખાનને ધન્યવાદ આપવા ઘટે કે તેમણે સ્વામીજીને રહેવા-ઊતરવાની સગવડ કરી આપી અને બધી વિધિ-પ્રવચનો થવા દીધાં. મુસ્લિમોમાં પણ કોઈ કોઈ આવા ઉદાર મહાનુભાવો મળી રહેતા હોય છે.

પાછળથી એક મકાન ભાડે રાખીને સત્સંગ આગળ ચલાવ્યો.

એક વાર કમિશનર પરકિંસ મળવા આવ્યા અને ધર્મચર્ચા કરી રાજી થયા.

એક વાર એક વિરોધી શિક્ષકે બાળકોને લાડુની લાલચ આપી સ્વામીજીની સભામાં મોકલ્યાં. પ્રવચન શરૂ થતાં જ બાળકોએ પથ્થરમારો શરૂ કરી દીધો. પછી બાળકોએ સ્વીકાર્યું કે : અમારા ગુરુજીએ પથ્થરો મારવાના બદલામાં અમને લાડુ આપવાનું કહ્યું છે, તેથી પથ્થરમારો કરીએ છીએ.'' સ્વામીજીએ બધાં બાળકોને લાડુ મંગાવીને ખવડાવ્યા. સ્વામીજીના પ્રવચનોના પ્રભાવથી ૪૦ યુવાનો ખ્રિસ્તી થવાના હતા તે અટકી ગયા.

અમૃતસરથી સ્વામીજી તા. ૯-૮-૧૮૭૭ના રોજ ગુરુદાસપુર પહોંચ્યા. અહીં પણ આર્યસમાજની સ્થાપના કરવામાં આવી.

## જાલંધર

સ્વામીજી જાલંધર પહોંચ્યા. (તા. ૧૩-૯-૧૮૭૭) અહીં સરદાર સુચેતસિંહના બંગલે નિવાસ કર્યો. જાલંધરમાં સ્વામીજીનાં પાંત્રીસ પ્રવચનો થયાં. અહીં સરદાર વિક્રમસિંહની ઘોડાગાડીના પાછળના ભાગનું પૈડું પકડીને ગાડી રોકી દીધી. ઘણા પ્રયત્ન પછી પણ ઘોડો આગળ ખેંચી શક્યો નહિ. આ તેમના બળની કસોટી હતી.

પ્રવચનોમાં શ્રાદ્ધ, ભૂતપ્રેત, તિલક, યમદૂત, ગંગાસ્નાન વગેરે અનેક બાબતોને આવરી લીધી.

સ્વામીજી અમૃતસરથી પાછા લાહોર આવ્યા. બ્રહ્મસમાજના સમ્મેલનમાં ભાગ લઈને તા. ૨૬-૧૦-૧૮૭૭ના રોજ ફીરોજપુર પહોંચ્યા. અહીં સ્વામીજીએ આઠ પ્રવચનો કર્યાં. અહીં મોટા મંદિરના પૂજારી મળવા આવ્યા. તેમને પૂજારી એટલે પૂજાનો શત્રુ એવો અર્થ કરી બતાવ્યો.

સ્વામીજી પાછા લાહોર આવ્યા. અહીં આર્યસમાજનું અધિવેશન હતું. પણ પોતે સદસ્ય ન હોવાથી આમંત્રણ સ્વીકાર્યું નહિ. લોકોએ જ્યારે તેમને



સદસ્ય બનાવ્યા ત્યારે જ તેમણે અધિવેશનમાં ભાગ લીધો.

## રાવલપિંડી

સ્વામીજી તા. ૮-૧૧-૧૮૭૭ના રોજ રાવલપિંડી પધાર્યા. અહીં જમશેદજી પારસીના બંગલામાં ઉતારો કર્યો. અહીં આર્યસમાજની સ્થાપના કરી. પ્રવચનોની સાથે સમય કાઢીને વેદભાષ્યની પ્રવૃત્તિ પણ શરૂ કરી.

## અમીચંદનો ઉધ્ધાર

પ્રવચનોમાં એક અમીચંદ મહેતા નામનો માણસ આવતો, તે સુંદર ભજન ગાતો. લોકો ઝૂમી ઊઠતા. પણ તેને દારૂ-માંસની તો આદત હતી જ, સાથે સાથે તેણે પોતાની પત્નીનો પણ ત્યાગ કરી દીધો હતો. જ્યારે સ્વામીજીને આ વાતની ખબર પડી તો તેમણે તેના પ્રત્યે ઘૃણા કરવાની જગ્યાએ પ્રેમ કર્યો અને કુમાર્ગનો ત્યાગ કરી સન્માર્ગે જવાનું સમજાવ્યું. તેની જબરી અસર થઈ. તેણે પત્નીને બોલાવી લીધી અને દારૂના શીશા ફોડી નાખ્યા. ઋષિપરંપરામાં પત્નીના ત્યાગને વૈરાગ્ય માનવામાં નથી આવતો, પણ પાપ માનવામાં આવે છે. અમીચંદનું જીવન સુધરી ગયું, ધન્ય થઈ ગયું ! તેણે જીવનભર આર્યસમાજના પ્રચારમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

પંજાબમાં પણ 'ગુજરાત' નામનું શહેર છે. ત્યાં સ્વામીજી પધાર્યા. પ્રવચનો, શાસ્ત્રાર્થ વગેરે તો થાય જ. સ્વામીજીના પ્રભાવથી અહીં એક મૌલવી પણ સંધ્યા કરતા થયા હતા.

અહીં પણ એક ગુંડા દ્વારા પ્રાણહરણનો પ્રયત્ન થયો, પણ તેનું કાંઈ ચાલ્યું નહિ. એક બીજા પ્રસંગે કોઈએ ઈંટ મારી પણ સ્વામીજીએ તેને ક્ષમા કરી દીધો. સ્વામીજીના જીવનમાં ક્ષમા કરી દેવાના ઘણા પ્રસંગો આવે છે.

એક વાર બધાએ મળીને સ્વામીજીને પૂછ્યું કે : ''તમે જ્ઞાની છો કે અજ્ઞાની ?'' સ્વામીજીએ તરત જ જવાબ આપ્યો કે બન્ને છું. કેટલાક વિષયોમાં જ્ઞાની અને કેટલાક વિષયોમાં અજ્ઞાની છું. આ જ નિયમ સૌના માટે કહી શકાય. પ્રત્યેક વ્યક્તિને અમુક જ્ઞાન હોય છે અને અમુક નથી હોતું. જ્ઞાન કદી પણ પૂર્ણ અને અંતિમ હોતું નથી. જ્ઞાન વિષયવાર હોય છે. એક વિષયનો જ્ઞાની બીજા વિષયનો અજ્ઞાની હોઈ શકે છે. જે વિષયનો જ્ઞાની હોય તે વિષયનું જ્ઞાન પણ પૂર્ણ હોતું નથી, કારણ કે તેને વિષયનું જ્ઞાન સમયની સાથે વધતું જ જાય છે. જ્ઞાન ઉપર કદી પણ પૂર્ણવિરામ હોય જ નહિ. તે અનન્ત છે.

જે લોકો ઓચિંતાનું પૂર્ણજ્ઞાન થયાનું માને છે તે યોગ્ય નથી, ખરેખર તો તેવા તથાકથિત જ્ઞાની અજ્ઞાની જ હોય છે. "આત્મજ્ઞાની કે બ્રહ્મજ્ઞાની કહેવડાવનારા લોકો સાચા અર્થમાં જ્ઞાની નથી હોતા. પોપટિયા જ્ઞાનથી તે પોતાને જ્ઞાની માની લેવાનો અભિનિવેશ કરી બેસતા હોય છે. સોક્રેટિસના શબ્દોમાં : "જે પોતાના અજ્ઞાનને જાણે છે અને સ્વીકારે છે તે ખરો જ્ઞાની કહેવાય." આ પોપટિયા જ્ઞાનના અભિનિવેશથી ભારતમાં વિજ્ઞાનનો વિકાસ ન થયો. કારણ કે લોકો પ્રયોગશાળામાં ગયા નહિ. પોતાને આત્માનો સાક્ષાત્કાર થઈ ગયો છે તેવું માનીને તૃપ્ત રહ્યા અને હજારોને કાલ્પનિક તૃપ્તિમાં રાખ્યા જેથી પ્રયોગશાળામાં જવાની જરૂર જ ન દેખાણી ! સાક્ષાત્કાર તો પ્રયોગશાળા વિના પણ થાય છે. તેથી તેમાં લાગી-લગાવી દીધા.

સ્વામીજી વજીરાબાદ પધાર્યા અને ફજીરુલ્લાના બાગમાં ઊતર્યા. અહીં વિરોધીઓએ ઉપદ્રવ કર્યો. સ્વામીજીના લહિયા ઉપર હુમલો કર્યો. પણ સ્વામીજી હાથમાં દંડો લઈને ઉપદ્રવકારીઓના ટોળા ઉપર ધસી ગયા જેથી ટોળું ભાગી ગયું, "શઠં પ્રતિ શાઠ્યં સમાચરેત્" આ નીતિવાક્યને કોઈ કોઈ વાર સંન્યાસીએ પણ આચરણમાં મૂકવું જોઈએ.

સ્વામીજી ગુજરાનવાલા પધાર્યા અને પ્રવચનો કર્યાં અહીં ખ્રિસ્તી ધર્મનો પ્રભાવ વધુ હતો. ચર્ચમાં શાસ્ત્રાર્થ થયો. વિષય હતો જીવ-ઈશ્વર કોને કહેવાય ? સ્વામીજી જીતી ગયા. પણ પાદરીઓએ તરકટ કરીને પોતે જીત્યા છે તેવું જાહેર કર્યું. બીજા દિવસે સ્વામીજીએ ચર્ચ આગળના મેદાનમાં જ પડકાર ફેંક્યો કે, "આવી જાવ." પણ કોઈ આવ્યું નહિ. સ્વામીજી પાછા લાહોર આવ્યા અને નવાબ રજાઅલીખાંના બાગમાં ઊતર્યા. પ્રવચનોમાં જુદા જુદા વિષયોની સાથે ઇસ્લામની આલોચના પણ કરવા માંડ્યા. નવાબ પોતે બગીચામાં ભ્રમણ કરતાં કરતાં સાંભળી રહ્યા હતા. લોકોને થયું કે નવાબ નારાજ થઈને બાગમાંથી કાઢી મૂકશે પણ તેવું ન થયું. આ નવાબની ઉદારતા જ કહેવાય. સત્ય અને પ્રિયનો મેળ સ્વામીજી કરી શકતા નહિ. તેમનું સત્ય કડવું રહેતું જેમાંથી ઘણી વાર વિકટ પ્રશ્નો પણ ઊભા થતા.

સ્વામીજી મુલતાન આવ્યા. અહીં ૩૬ પ્રવચનો આપ્યાં. સ્વામીજીએ છાવણીમાં પારસીઓના સહયોગથી પ્રવચનો કર્યાં હતાં. અહીં આર્યસમાજની સ્થાપના કરી હતી.



સ્વામીજી લાહોર થઈને પાછા અમૃતસર પધાર્યા. અહીં કેટલાક તિલકધારી પંડિતો અનુયાયીઓ સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યા. પણ પથ્થરવર્ષા કરવા લાગ્યા. ધૂળ ઉડાડવા લાગ્યા. સામે સ્વામીજીના ચાહકો પણ પ્રતીકાર કરવા તૈયાર થઈ ગયા પણ સ્વામીજીએ તેમને રોક્યા. કહ્યું કે : "આ બધા નાદાન છે. તે આજે ધૂળ ઉડાડે છે, કાલે પુષ્પ પણ ઉડાડી શકે છે."

પં. ખડ્ગસિંહ ધર્મપરિવર્તન કરીને ખ્રિસ્તી થઈ ગયા હતા. સ્થાનિક પાદરીએ તેમને શાસ્ત્રાર્થ માટે મોકલ્યા પણ સ્વામીજીની વાણી સાંભળીને તે બદલાઈ ગયા. શાસ્ત્રાર્થ તો દૂર રહ્યો, તે પોતે ખ્રિસ્તી ધર્મનો ત્યાગ કરી પાછા પોતાના મૂળ રૂપમાં આવી ગયા !'

ગુજરાતની તુલનામાં પંજાબ સ્વામીજીને વધુ સારી રીતે સમજી શક્યું. કારણ કે અહીં ધર્માંતરણના વિકટ પ્રશ્નો હતા. સ્વામીજીના પ્રભાવથી ધર્માંતરણને બ્રેક લાગી ગઈ.

૬-૧-૧૧

# ૧૭. યુ. પી.નો પ્રવાસ

ધર્મનો હેતુ માત્ર પરલોકની સિદ્ધિ પૂરતો જ નથી. કેટલાક લોકો તેને માત્ર પરલોકસિદ્ધિ માટેનું જ કારણ માને છે અને તેથી આ લોકના પ્રશ્નો પ્રત્યે ઉપેક્ષા બતાવે છે. આમ કરવાથી ધર્મના દ્વારા જ પ્રજાનું પતન થવા લાગે છે. કારણ કે તે આ લોકની ઉપેક્ષા કરતા થઈ જાય છે. ભારતમાં લગભગ આવું જ થયું છે. ઉપરનો ક્રીમ વર્ગ મોક્ષમાં લાગ્યો. તેણે સંસારત્યાગ કર્યો, પલાંઠી વાળી. લોકોને પણ તેવી પ્રેરણા આપી. અહીંથી આ લોકનું પતન શરૂ થયું.

મારી દૃષ્ટિએ ધર્મનો પ્રાથમિક અને સીધો હેતુ આ લોકના પ્રશ્નો ઉકેલવામાં છે. આ લોકના ચાર પ્રશ્નો મહત્ત્વના છે : ૧. સુરક્ષા, ૨. મની-પ્રોબ્લેમ, ૩. સેક્સપ્રોબ્લેમ અને ૪. સદાચાર. જે ધર્મ આ ચાર પ્રશ્નોનો વાસ્તવિક ઉકેલ આપતો રહે છે તે કલ્યાણકારી બને છે.

### ૧. સુરક્ષા

ધર્મ એક કિલ્લો છે. કિલ્લામાં લોકો સુરક્ષિત રહી શકે છે. તેમ ધર્મનું સંગઠન કિલ્લો બનીને અનુયાયીનું રક્ષણ કરે છે. જે ધર્મ પાસે સંગઠન નથી હોતું. તે કિલ્લા વિનાનો ધર્મ હોય છે. તે અનુયાયીનું રક્ષણ નથી કરી શકતો. હિન્દુ ધર્મ કિલ્લો નથી. તેની હિન્દુ પ્રજા સુરક્ષિત નથી રહેતી. આમ થવાનાં મુખ્ય કારણ પ્રજાનું વિભાજન છે. હિન્દુ પ્રજા હજારો પંથો, પરિવારો, સંપ્રદાયોમાં વિભાજિત છે તેથી તેનો સરવાળો નથી થતો પણ બાદબાકી જ થાય છે. બીજું હિન્દુ ધર્મના બે મુખ્ય વિભાગો છે : ૧. ઋષિપ્રભાવિત અને ૨. શ્રમણપ્રભાવિત. ઋષિપ્રભાવ લગભગ સમાપ્ત થઈ ગયો છે. તેથી શ્રમણ પ્રભાવ સર્વત્ર દેખાય છે. શ્રમણો અહિંસાપ્રધાન ધર્મી છે. તેથી આક્રમક નથી હોતા. તેથી શૌર્યની પ્રધાનતા પણ નથી હોતી. તેથી તે સહન કરી લેવામાં,



માર ખાઈ લેવામાં ડહાપણ માને છે. આવું ડહાપણ બિન શ્રમણોમાં પણ ફરી વળ્યું છે તેથી લગભગ પૂરી પ્રજા વીરતા વિનાની અથવા ઓછી વીરતાવાળી થઈ ગઈ છે. જેના કારણે તે સુરક્ષિત રહી શકતી નથી તેને કોઈ ને કોઈનું રક્ષણ જોઈએ જ. જ્યારે બીજા ધર્મો ખાસ કરીને મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે રક્ષક બને છે. કારણ કે તે અનુયાયીઓને સંગઠિત બનાવે છે. આપણે હિન્દુઓએ ઓછામાં ઓછું આટલું તો શીખવા જેવું ખરું કે ધર્મ સંગઠિત કરે છે. વેરવિખેર નહિ, સરવાળો છે, બાદબાકી નહિ.

### ૨. મનીપ્રોબ્લેમ – આર્થિક સધ્ધરતા

જીવનનો મહત્ત્વનો પ્રશ્ન 'પૈસો' છે. પૈસો જીવનની કરોડરજ્જુ છે. ધર્મ ધન કમાવવાની પ્રેરણા આપે. એટલું જ નહિ તેના માટે તકો પણ ઊભી કરી આપે. જેથી કોઈ બેકાર ન રહે. સૌને રોજી તો મળવી જ જોઈએ. રોજી હોય તો રોટી આપોઆપ મળી રહે. રોજી-રોટી વિનાનો માણસ લાચાર જીવન જીવતો થઈ જાય.

ધર્મના દ્વારા ધન કમાવાના ઉપદેશની જગ્યાએ ધનત્યાગનો વ્યાપક ઉપદેશ વ્યક્તિ અને રાષ્ટ્ર માટે આત્મહત્યા બરાબર કહેવાય. ધનત્યાગીનાં ટોળાં પરાવલંબી થઈને પરોપજીવી થઈ જાય જેથી તેઓ ભારરૂપ બની જાય. તેમનું પોતાનું જીવન પણ સ્વાભિમાન અને મૉરલ વિનાનું થઈ જાય. આ ત્યાગ જીવનના પ્રશ્નોનો ઉકેલ ન કહેવાય.

લોકો રોજી, ધંધા અને વ્યાપાર વિનાના હોવાથી ધન વિનાના છે. તે દયાને પાત્ર છે. તેમના ઉપર દયા કરવી જોઈએ અને તેમને કામધંધે લગાવવા જોઈએ. આ મોટું પુણ્યકાર્ય કહેવાય.

જે ધર્મ મનીપ્રોબ્લેમ સોલ કરે તે જ રાષ્ટ્રને સમૃદ્ધ બનાવી શકે. સમૃદ્ધ રાષ્ટ્રના ગૌરવનું પ્રતીક બની શકે. દરિદ્ર, કંગાલ, હાડપિંજર જેવું રાષ્ટ્ર ગૌરવ ન લઈ શકે. ઋષિમાર્ગમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોમાં એક મહત્ત્વનો પુરુષાર્થ અર્થ પણ છે જ.

### ૩. સેક્સપ્રોબ્લેમ

મનીપ્રોબ્લેમ કરતાં પણ વધુ મોટો અને મહત્ત્વનો પ્રોબ્લેમ 'કામ'નો છે. જો આ પ્રશ્નનો સંતોષકારક ઉકેલ ન આવી શકે તો અશાંતિ અને અપરાધો વધી જાય. જેમ ધનત્યાગી પ્રશ્ન ઉકેલતા નથી તેમ કામત્યાગી પણ પ્રશ્નને ઉકેલતા

નથી. આ પ્રશ્નના ઉકેલ માટે ઋષિમાર્ગમાં ગૃહસ્થાશ્રમનું આયોજન કરેલું છે. નર-નારી મળીને પૂર્ણત્વ પ્રાપ્ત કરે છે. એકલો નર અધૂરો છે. એકલી સ્ત્રી પણ અધૂરી છે. બન્ને મળીને જો દામ્પત્ય ખીલવી શકે તો આ પ્રશ્ન સરળતાથી ઉકેલાય. આમાં થોડાક અપવાદ કરી શકાય. ૧. જેની શારીરિક ક્ષમતા ન હોય અથવા ચેપી રોગ હોય તેણે લગ્ન ન કરવાં જોઈએ. ૨. જેનો સ્વભાવ મિલનસાર, સહનશક્તિવાળો કે વફાદારીવાળો ન હોય તેણે લગ્ન ન કરવાં જોઈએ. ૩. જેણે જીવનમાં કોઈ અત્યંત મહત્ત્વનું લક્ષ્ય પ્રાપ્ત કરવું હોય તેણે પણ લગ્ન ન કરવું જોઈએ, કારણ કે પત્ની બંધન બનીને અવરોધક થઈ શકે છે. બાકી નાનાં બાળકો, યુવાનો, યુવતીઓ વગેરેને કામત્યાગની દીક્ષા એટલે કે સાધુ-સાધ્વીની દીક્ષા આપવાથી આ વિકરાળ પ્રશ્ન ઉકેલાતો નથી. વધુ વિકરાળ બને છે. જેથી ધર્મસંમત ધન તેમજ ધર્મસંમત કામ પણ હોવો જોઈએ. આ ઋષિમાર્ગ છે.

૪. ધર્મ સદાચારની મક્કમતા આપે. સદાચારનાં બે મુખ્ય ક્ષેત્રો છે : ૧. ધન અને ૨. કામ. આ બન્ને ક્ષેત્રોમાં મનીમૉરલ અને સેક્સમૉરલ ઊભું કરવાનું કામ ધર્મ કરે છે. ધર્મની સફળતાનું માપ તેના અનુયાયીઓની સંખ્યા ઉપરથી નહિ, પણ તે ધર્મના અનુયાયીઓની પ્રામાણિકતા અને સદાચાર ઉપરથી કાઢી શકાય. કેટલાક ધર્મોની ઓળખ જ લુચ્ચા માણસોથી થતી હોય છે. આ ધર્મની સફળતા ન કહેવાય. આ ચારે પ્રશ્નો ઉકેલી આપે તે સફળ ધર્મ કહેવાય.

હિન્દુ ધર્મની દૃષ્ટિએ આ ચારે પ્રશ્નો પૂરેપૂરા ઉકેલાયા નથી. ઋષિમાર્ગ અપનાવાય તો કદાચ સરળતાથી આ પ્રશ્નો ઉકેલી શકાય.

પંજાબની યાત્રા પૂરી કરીને સ્વામીજી પશ્ચિમ-ઉત્તર પ્રદેશ તરફ વળ્યા. તેઓ રુડકી પહોંચ્યા. હિન્દુ ધર્મમાં ઘૂસી આવેલા અનેક દોષોમાં એક મોટો દોષ છૂતાછૂત અર્થાત્ આભડછેટનો હતો. જે જેટલો વધુ અભડાય તેટલો જ પવિત્ર કહેવાય. આ આભડછેટે ડાટ વાળી દીધો હતો. સ્વામીજીના પ્રવચનમાં એક અછૂત ભાઈ પણ આવતા ત્યારે છૂતાછૂતનો આ રોગ ઘણો વધારે પ્રમાણમાં હતો. કેટલાક લોકોને તેનું આવવું ગમ્યું નહિ. પણ સ્વામીજીએ કોઈની પણ પરવા કર્યા વિના તેને આવવા દીધો અને કહ્યું કે : ''પરમેશ્વરના ત્યાં સૌ સમાન છે. જો બધા ધર્માચાર્યોએ આવી ભાવના કેળવવી હોય તો ઘણા લોકો ધર્માંતરણ કરતા અટકી ગયા હોત. જેમણે વાતવાતમાં અભડાઈ જવાના આચારો દાખલ કર્યા તેમણે હિન્દુ ધર્મને જ હાનિ પહોંચાડી છે તેવી



મંદિર-મૂર્તિ તોડનારા વિધર્મીઓએ પણ નથી પહોંચાડી. લોકો હવે અંદરના શત્રુઓને ઓળખે. તો જ ધર્મ મહાન બને.

સ્વામીજીનાં પ્રવચનોમાં બે અંગ્રેજ કર્નલ માનસલ અને ક્વાર્ટર માસ્ટર કેપ્ટન સ્ટુઅર્ડ પણ આવતા. તેમણે પ્રશ્નો કર્યા જેનું સ્વામીજીએ સમાધાન કરી દીધું.

સ્વામીજી અદ્વૈત વેદાંતી ન હતા, પણ ત્રૈતવાદી હતા. એક વાર ભોટુસિંહ નામના વેદાંતી આવ્યા અને સ્વામીજીને સમજાવવા લાગ્યા કે ''તમે પરાવિદ્યા તો જાણતા નથી, તેથી દ્વૈતનો પ્રચાર કરો છો. ખરી તો પરાવિદ્યા છે. તે જાણો'' સ્વામીજીએ તેમની પરાવિદ્યાની કસોટી કરી પણ ભોટુસિંહ બિચારા પોપટિયા જ્ઞાનીને જ પરાવિદ્યા માની બેઠા હતા. ટકી ન શક્યા.

અહીં સ્વામીજીએ આર્યસમાજની શાખાની સ્થાપના કરી અને વિદાય થયા. સ્વામીજી મુસ્લિમોના ગઢ અને જાગૃતિના પ્રતીક સમા અલીગઢ પહોંચ્યા. અહીં મુંબઈથી શ્યામજી કૃષ્ણવર્મા, મૂળજી ઠાકરશી અને હરિશ્ચંદ્ર ચિંતામણિ વગેરે આવ્યા. સર સૈયદ એહમદખાનના ત્યાં ઊતર્યા અને ત્યાં જમ્યા. અહીં સ્વામીજીનું એક જ પ્રવચન થયું હતું, જેમાં અધ્યક્ષસ્થાને સબ જજ ફકરુદીન હતા.

અલીગઢથી મેરઠ પહોંચ્યા. પૌરાણિકોમાં હલચલ મચી ગઈ. પણ કોઈ શાસ્ત્રાર્થ થયો નહિ. આર્યસમાજની શાખા ખોલવામાં આવી. મેરઠથી સ્વામીજી દિલ્લી આવ્યા. અહીં પણ આર્યસમાજની શાખા ખોલી અને વિદાય થઈ ગયા.

સ્વામીજી અજમેર થઈને કારતકી પૂનમના મેળા ઉપર પુષ્કર પહોંચ્યા. પત્રિકાઓ છપાવી ધર્મપ્રચાર કરવા લાગ્યા. લોકો પ્રવચન સાંભળવા દોડી આવતા. પૌરાણિકો સાથે સ્વામીજીનું જામતું નહિ, પણ હવે પૌરાણિકો શાસ્ત્રાર્થ કરવાની હિંમત પણ કરી શકતા નહિ.

સ્વામીજી પુષ્કરથી પાછા અજમેર આવ્યા. અહીં પાદરી તથા ડૉ. હસબેન્ડ શાસ્ત્રાર્થ કરવા આવેલા પણ પછી લિખિત કાગળો ઉપર તેમણે સહી ન કરી. તેથી આગળ કામ ન ચાલ્યું.

'રાજપૂતાના ગેઝેટ'ના સંપાદક મૌલવી મુહમ્મદ, મુરાદઅલી સ્વામીજીથી ખૂબ પ્રભાવિત થયા હતા અને અંતે તે ગૌરક્ષાના કાર્યક્રમમાં સમ્મિલિત થઈ ગયા હતા.

સ્વામીજી રેવાડી ગયા. આર્યસમાજની શાખા ખોલી અને ગૌશાળા પણ ખોલી. અહીંથી દિલ્લી, મેરઠ, રુડકી થઈને હરદ્વાર પહોંચ્યા ત્યારે હરદ્વારમાં કુંભમેળો ભરાવાનો હતો. હરદ્વારમાં એક ખેતરમાં શિબિર કર્યું અને ધર્મપ્રચાર શરૂ કરી દીધો. લોકોની ભીડ જામતી રહી. લોકોને નવાઈ લાગતી કે આ કેવા સંન્યાસી છે ? પોતે જ પોતાનું ખંડન કરે છે !

નિરંજની અખાડાના બે નાગાબાવા આવ્યા. અસભ્યતાથી વર્તાવ કર્યો પણ સ્વામીજીએ તેમને સહી લીધા. પાછળથી તે એવા પ્રભાવિત થયા કે પોતાનાં કડાં-માળા-જટા વગેરેનો ત્યાગ કરી દીધો.

રુડકીના મામલતદાર નજફઅલીએ બહુપત્ની વિશે પ્રશ્ન પૂછ્યો. સ્વામીજીએ એકપત્નીત્વનું સમર્થન કર્યું. તે સમયે ઘણા લોકો ઘણી પત્નીઓ કરતા હતા. હજી હિન્દુ કોડવીલ પાસ થયું ન હતું.

હરદ્વારમાં અસ્થિવિસર્જન માટે 'હરની પૌડી'નો ઉપયોગ થાય છે. સ્વામીજીએ તેનો વિરોધ કર્યો અને હરની પૌડીને હાડપૌડી બતાવી. હાડકાં પધરાવવાથી ગંગાજી દૂષિત થાય છે તેનું ભાન કરાવ્યું.

હરદ્વારમાં ૮૦ વર્ષના વૃદ્ધ તેજસ્વી સ્વામી આનંદવન આવ્યા. અદ્વૈત વેદાંત ઉપર ચર્ચા ચાલી. અંતે તેમણે સ્વામીજીના જીવ-બ્રહ્મના ભેદને સ્વીકારી શિષ્યોને પણ સ્વીકારાવી દીધો. આવી જ રીતે સ્વામીજી જ્યારે બીમાર હતા ત્યારે કેટલાક અદ્વૈત વેદાંતીઓ શાસ્ત્રાર્થ માટે આવ્યા, પણ ચર્ચાના અંતે તે ચૂપ થઈ ગયા. રુગ્ણાવસ્થાની પરવા કર્યા વિના પણ તેમણે શાસ્ત્રાર્થ કર્યો હતો.

પં. શ્રદ્ધારામ ફિલ્લોરી, પંજાબથી આવીને જૂના અખાડામાં સ્વામીજીની વિરુદ્ધમાં પ્રવચનો કરતા હતા. શાસ્ત્રાર્થ માટે તેમણે જૂના અખાડાનું સ્થાન પસંદ કર્યું. પરંતુ કાશીના સ્વામી વિશુદ્ધાનંદજીએ સ્વામીજીને ચેતવી દીધા કે, ''પંડિતની યોજના આ નિમિત્તે તમને બોલાવીને તમારી હત્યા કરાવી નાખવાની છે માટે સાવધાન થઈ જજો. વિશુદ્ધાનંદજીએ ચેતવ્યા તેથી સ્વામીજી સાવધાન થઈ ગયા. અને શાસ્ત્રાર્થના નિયમો તથા સ્થાન બદલવા આગ્રહ કર્યો જેથી વાત આગળ ન વધી. સ્વામી વિશુદ્ધાનંદજી સાથે સ્વામીજીનો વિચારભેદ હતો. કાશીના શાસ્ત્રાર્થમાં વિશુદ્ધાનંદજી પ્રતિપક્ષમાં મુખ્ય હતા તોપણ તે સ્વામીજીના હિતૈષી હતા ! તેથી તેમણે સ્વામીજીને સાવધાન કરી દીધા હતા.

દેહરાદૂનમાં પાદરી મારસિન બાઇબલનું ખંડન સાંભળીને ભારે નારાજ



થયા અને સભા છોડીને ચાલ્યા ગયા.

આવી જ રીતે કુરાનની આલોચનાથી મુસ્લિમો નારાજ થઈ ગયા. શાસ્ત્રાર્થ માટે પડકાર થયો પણ કોઈ આવ્યું નહિ.

અહીં જમીનદારના બે પુત્રો ખ્રિસ્તી થવાના હતા પણ સ્વામીજીએ શંકાસમાધાન કર્યું તેથી અટકી ગયા. બચી ગયા.

### શુદ્ધિ

હિન્દુ ધર્મની સૌથી મોટી કમજોરી એ છે કે તેમાં નિકાસ તો છે આવક નથી. પ્રતિવર્ષ હજારો માણસો ધર્મ છોડીને બીજા ધર્મોમાં ચાલ્યા જાય છે પણ બીજા ધર્મોમાંથી હિન્દુ ધર્મમાં આવક થતી નથી. જેમાં માત્ર જાવક જ હોય અને આવક હોય જ નહિ તેનું ભવિષ્ય કેવું હોય ? આ વાતની ચિંતા કોઈને થઈ હોય તેવું જણાતું નથી. કદાચ નવી આવક ન થાય તે તો ઠીક, પણ જે કોઈ પણ કારણસર હિન્દુમાંથી અન્ય ધર્મોમાં ગયા હોય અને પછી પાછા ફરવા માગતા હોય તોપણ હિન્દુ ધર્મ તેને સ્વીકારવા તૈયાર હોતો નથી. આ આત્મઘાતી વ્યવસ્થામાં સ્વામીજીએ સર્વપ્રથમ પરિવર્તન કર્યું. તેમણે પોતાના દરવાજા સૌના માટે ખોલી નાખ્યા. તેમણે દેહરાદૂનમાં શુદ્ધિયજ્ઞ કર્યો. જે ચાલ્યા ગયા છે અને જેમને પાછા આવવું હોય તે ખુશીથી આવી શકે છે. આ શુદ્ધિયજ્ઞમાં સર્વપ્રથમ મોહમ્મદ ઉમર આવ્યો. સ્વામીજીએ તેને શુદ્ધ કરી અલખધારી નામ આપ્યું. અલખધારીએ ઉર્દૂમાં અનેક પુસ્તકો લખ્યાં જેમાં વૈદિક ધર્મના પક્ષમાં દલીલો આપી હતી. દેહરાદૂનમાં પણ આર્યસમાજની સ્થાપના કરવામાં આવી.

સહારાનપુર મેરઠમાં (૧-૫-૧૮૭૯)ના રોજ સ્વામીજી પધાર્યા. સ્વામીજીને મળવા માટે થિયોસૉફિકલ સોસાયટીના સ્થાપક કર્નલ એસ. આલ્કોટ અને મૅડમ બ્લેવેટ્સ્કી મળવા આવ્યા. ત્યારે થિયોસૉફિકલ સોસાયટીનો પ્રભાવ વિશ્વના ઘણા દેશોમાં હતો.

મેરઠથી અલીગઢ-જલંધર થઈને સ્વામીજી મુરાદાબાદ આવ્યા. તેમની તબિયત બરાબર ન હતી તેમ છતાં તેમણે ત્રણ પ્રવચનો કર્યાં. સ્વામીજી હિન્દી ભાષાનો પ્રયોગ કરતા હતા. તેમનાં પુસ્તકો પણ હિન્દીમાં છપાતાં હતાં. અહીં પણ આર્યસમાજની સ્થાપના કરવામાં આવી.

### સંગ્રહણી

સતત ભ્રમણશીલ રહેનારા લોકોનો આહાર-વિહાર યોગ્ય રહેતો નથી.

તેમાં પણ રોજ નવાં નવાં ઘરોમાં જમનારને તો ખાસ તકલીફ થતી હોય છે. સ્વામીજીનું પણ આવું જ થયું. તેમને સંગ્રહણીનો રોગ થઈ ગયો. પ્રથમ આયુર્વેદની દવા કરાવી પછી ડૉ. ડીનની દવા કરાવી જેથી લાભ થયો. ખ્રિસ્તી ડૉક્ટરે ફી ન લીધી તેથી તેમને કલાત્મક વસ્તુઓ ભેટ આપી. ફી ન લેનાર ડૉક્ટર મહાન કહેવાય, તો બીજે પક્ષે ફી ચૂકવનાર સ્વામીજી પણ મહાન કહેવાય. કોઈની પણ પાસે કશું જ મફત કામ ન કરાવવું જોઈએ.

સ્વામીજી બદાયૂં આવ્યા અને ત્યાંથી બરેલી પધાર્યા. બરેલીમાં પાદરી સ્કૉટ સાથે ધર્મચર્ચા થઈ. વિષય હતો : ૧. પુનર્જન્મ, ૨. ઈશ્વર શરીર ધારણ કરે છે ? ૩. ઈશ્વર પાપ ક્ષમા કરે છે ? ચર્ચાથી પાદરી તથા લોકો પણ પ્રભાવિત થયા.

**મુનશીરામ**

પવિત્ર અને પ્રભાવશાળી જીવનની અસર આગંતુકો અને સહવાસીઓ ઉપર પડતી જ હોય છે. જો ન પડે તો બે પક્ષોમાંથી ગમે તે એકનો દોષ હોવો જોઈએ. મારી દૃષ્ટિએ બૌદ્ધિક પ્રભાવ કરતાં આચારિક પ્રભાવ વધુ મહત્ત્વનો હોય છે.

મુનશી નાનકચંદ, બરેલી નગરના કોટવાળ હતા તેમને મુનશીરામ નામનો પુત્ર હતો. તે કૉલેજમાં અધ્યયન કરતો હતો. તેને અંગ્રેજીનો ફાંકો હતો. તેના કારણે સંસ્કૃત પ્રત્યે થોડી અરુચિ પણ હતી. આવું બનતું હોય છે. ઉપરની ગૌરવશાળી ભાષા અને તેના જ્ઞાનથી ભૂતકાળની પાછળ રહી ગયેલી ભાષા તથા જ્ઞાન પ્રત્યે ઉપેક્ષા કે અણગમો થઈ જતો હોય છે. પિતા નાનકચંદે પુત્રને સ્વામીજીનાં પ્રવચન સાંભળવા આગ્રહ કર્યો. પુત્ર મુનશીરામ પોતાના પિતાનું માન રાખવા માટે સ્વામીજીના પ્રવચનમાં ગયો. પ્રથમ તો સ્વામીજીની દિવ્ય પર્સનાલિટી જોઈને જ પ્રભાવિત થયો. તમે માનો કે ન માનો વ્યક્તિનું બાહ્ય વ્યક્તિત્વ પણ પ્રથમ પ્રભાવ ઉત્પન્ન કરતું હોય છે. એટલે નીતિકારે કહ્યું છે કે રાજા તથા પ્રધાનો પણ સુદર્શનીય હોવા જોઈએ. જોઈને જ વંદન કરવાનું મન થઈ જાય. આવું જ જીવનનાં બધાં ક્ષેત્રોમાં થતું હોય છે. ધાર્મિક ક્ષેત્રમાં તો ખાસ. અષ્ટાવક્ર જ્ઞાની તો હોઈ શકે પણ તેને લોકપ્રતિષ્ઠા પ્રાપ્ત કરતાં સમય લાગે.

મુનશીરામ તો અશ્રદ્ધાથી પ્રવચન સાંભળવા બેઠો હતો પણ પાંચ-દસ



મિનિટમાં જ તે તલ્લીન થઈ ગયો ! આવા સ્વામીજી તો ક્યાંય જોયા નથી. તેણે પૂરું પ્રવચન ધ્યાનથી સાંભળ્યું. પછી તો તે રોજ સાંભળવા આવતો હતો.

પ્રવચન સાંભળવા માત્રથી તેને સંતોષ ન થયો. તેણે સ્વામીજીને નજીકથી સૂક્ષ્મ રીતે જોવા પ્રયત્ન કર્યો. સ્વામીજી જ્યાં ઊતર્યા હતા ત્યાંથી થોડે દૂર તે રાત્રે સંતાઈ ગયો. પરોઢિયે સાડાત્રણ વાગે સ્વામીજી નિદ્રામાંથી જાગ્યા અને ખૂબ ઝડપથી ભ્રમણ કર્યું. પછી સ્નાનાદિ કરીને દોઢ કલાક ધ્યાન કર્યું. કેટલાય દિવસો સુધી તેણે સ્વામીજીનું નિરીક્ષણ કર્યું. પછી તેના મનનું સમાધાન થયું.

તેણે ઈશ્વર વિશે પ્રશ્નો કર્યા. સ્વામીજીએ સમાધાન કરવાના પ્રયત્ન કર્યા. આ જ મુનશીરામ આગળ જતાં સ્વામી શ્રદ્ધાનંદ બન્યા ! ગુરુકુળ કાંગડીની સ્થાપના કરી અને અંતે એક કટ્ટરવાદી મુસલમાનના હાથે શહીદ થઈ ગયા.

એક વાર એક સભામાં ગાડી મોડી આવવાથી પોણો કલાક મોડા પડ્યા. સ્વામીજીએ ખેદ પ્રકટ કરીને ગાડી મોડી લાવવા માટે કાર્યકર્તાને જવાબદાર ગણાવ્યો.

પ્રવચનમાં સ્વામીજીએ પૌરાણિક અશ્લીલતાનું ખંડન કર્યું. પછી શ્રોતાવર્ગમાં કમિશનર વગેરે ગોરા ખ્રિસ્તી બેઠા હોવાથી બાઇબલની અશ્લીલતાનું પણ ખંડન કર્યું. પોતાના ધર્મનું તથા જિસસનું ખંડન સાંભળીને કમિશનર રાતાચોળ થઈ ગયા. તેમણે સ્વામીજીને સંદેશ મોકલ્યો કે, ''અમે તો સહનશીલ છીએ તેથી બધું સહન કરીએ છીએ પણ જો આવી જ ભાષા ચાલુ રાખશો તો મુસલમાન અને હિન્દુઓ ઉશ્કેરાઈ જશે. પછી મારે પ્રવચનો બંધ કરાવવાં પડશે.''

લાલા લક્ષ્મીનારાયણે સ્વામીજીને સમજાવવા પ્રયત્ન કર્યો કે ભાષામાં બહુ કઠોરતા અને કટુતા ન આવે તો સારું. પણ સ્વામીજીએ નિર્ભય થઈને બોલવાની હિમાયત ચાલુ રાખી.

**ચર્ચમાં**

પાદરી સ્કૉટ રોજ સ્વામીજીના પ્રવચનને સાંભળવા આવતા. પણ તે દિવસે રવિવાર હોવાથી ચર્ચમાં જ રહી ગયા, આવ્યા નહિ આથી સ્વામીજી પોતે જ ભક્તોની સાથે ચર્ચમાં પહોંચી ગયા. સ્વામીજીને આવતા જોઈને પાદરી સ્કૉટ સામે લેવા આવ્યા અને માનપૂર્વક પ્રવચનવેદી પાસે લઈ ગયા. પછી પ્રવચન

કરવા વિનંતી કરી. સ્વામીજીએ વ્યક્તિપૂજા ન કરતાં ઈશ્વરપૂજા કરવા ઉપર ભાર મૂક્યો. તેમનો ભાવ હતો કે જિસસ એક વ્યક્તિ છે. ઈશ્વર નથી. માત્ર ઈશ્વરની જ પૂજા કરવી જોઈએ તેવો ભાવ હતો. આ પ્રસંગથી ચર્ચ અને પાદરીને ધન્યવાદ ઘટે. તેમણે સ્વામીજીના વિચારોને જાણતા હોવા છતાં સ્વામીજીનું સ્વાગત કર્યું અને પ્રવચન આપવા માનપૂર્વક વિનંતી કરી. ખ્રિસ્તી શ્રોતાઓએ પણ બધું સ્વીકારી લીધું. આવો વ્યવહાર સદ્ભાવ વધારનારો બનતો હોય છે.

સ્વામીજી શાહજહાંપુર પધાર્યા. અહીં સ્વામીજીનાં છ પ્રવચનો થયાં. પૌરાણિક લોકોમાં ખળભળાટ થાય તે સ્વાભાવિક છે. એક પંડિતજી લક્ષ્મણશાસ્ત્રી શાસ્ત્રાર્થ કરવા આવ્યા. વિષય તો 'મૂર્તિપૂજા' હોય જ. સ્વામીજીએ વેદનું પ્રમાણ માગ્યું પણ શાસ્ત્રીજીએ કહ્યું કે : ''વેદ તો શંખાસુર હરીને લઈ ગયો છે એટલે વેદપ્રમાણ ક્યાંથી મળે ?'' સ્વામીજીએ પોતાની પાસેના વેદને તેમના હાથમાં મૂકતાં કહ્યું કે : ''લ્યો આ વેદ, મેં છેક જર્મનથી પં. મેક્સમ્યૂલર પાસેથી મગાવ્યા છે.'' પણ પંડિતજી કોઈ પ્રમાણ આપી શક્યા નહિ.

### ફરુખાબાદ

બધે ફરીને સ્વામીજી ફરુખાબાદ પહોંચ્યા અને પ્રવચનો શરૂ થયાં. પં. બળદેવપ્રસાદ શર્માએ ૨૫ પ્રશ્નો લખીને મોકલ્યા. સ્વામીજીએ તેના યુક્તિપૂર્વકના ઉત્તર આપ્યા જેથી પંડિતજી પોતે આર્યસમાજી થઈ ગયા !

અહીંના મૅજિસ્ટ્રેટ મિ. સ્કૉટ પગે લંગડાતા ચાલતા હતા. પગે ખોડ હતી. કદાચ શીતળાનો પક્ષાઘાત હોય. સ્કૉટ તેને ઈશ્વરની ઇચ્છા માનતા હતા. જે લોકો કર્મફળવાદી નથી હોતા તે બધાં પરિણામોમાં ઈશ્વરની ઇચ્છાને કારણ માનતા રહે છે. પણ જે લોકો કર્મફળવાદી હોય છે તેમાં કર્મોને કારણ માને છે. અર્થાત્ પૂર્વનાં કર્મોનું આ પરિણામ હોઈ શકે છે. પોલિયોની રસી શોધાવાથી હવે આવા પોલિયોવાળાં માણસો ભાગ્યે જ જોવા મળે છે.

સ્વામીજી કાનપુર થઈને મીરજાપુર અને પછી દાનાપુર પહોંચ્યા.

દાનાપુરમાં પં. ચતુર્ભુજે ષડ્યંત્ર કરીને પોતાના ઉતારે બોલાવ્યા અને પછી મુસ્લિમો દ્વારા હુમલો કરાવી દીધો, પણ સ્વામીજીની સાથેના માણસોએ બચાવ કરીને સ્વામીજીની રક્ષા કરી.

ચાલુ પ્રવચનમાં એક મૌલવી ઊભા થઈ દખલ કરવા લાગ્યા પણ પોલીસ ઇન્સ્પેક્ટર ગીલબર્ટે તેમને બેસાડી દીધા. સ્વામીજી ઇસ્લામની ભૂલો



પણ કાઢતા રહેતા.

સ્વામીજી જ્હોનસાહેબના બંગલામાં ઊતર્યા હતા. આ ભાઈ વ્યાપારી હતા. તેમના ત્યાં પાદરીઓ અને ગોરાઓ આવ્યા હતા. સ્વામીજીએ પ્રવચન કર્યું. મિ. જ્હોને ગૌમાંસ ભક્ષણ છોડી દીધું. સ્વામીજી પોતે પોતાની જાતને કદી મહત્ત્વ આપતા નહિ. પોતે સામાન્ય વિદ્વાન જ છે તેવું બતાવતા.

### કાશી

સ્વામીજી કાશી પધાર્યા. અહીં કર્નલ ઓલ્કાટ અને મૅડમ બ્લેવેટ્સ્કી મળવા આવ્યાં. તેમનું માન-સન્માન કર્યું. સ્વામીજીએ પોતાનાં પુસ્તકો છાપવા માટે વૈદિક યંત્રાલયની સ્થાપના કરી.

સ્વામીજીનો સંગ્રહણીરોગ પૂરેપૂરો મટ્યો નહોતો. તેનાથી શરીર દુર્બળ થઈ ગયું હતું.

કાશીથી લખનૌ, કાનપુર, ફરુખાબાદ થઈને મૈનપુરી પધાર્યા. અહીંથી મેરઠ ગયા.

### પંડિતા રમાબાઈ

આ મહારાષ્ટ્રિયન બાઈ સંસ્કૃતની વિદુષી હતી. તેને કન્યાવિદ્યાલયમાં મુખ્ય અધ્યાપિકા બનાવવા કલકત્તાથી બોલાવવામાં આવી હતી પણ આ બાઈએ એક ખ્રિસ્તી ભાઈ સાથે લગ્ન કરીને ખ્રિસ્તી થઈ ગઈ તથા ઘણાને ખ્રિસ્તી બનાવવામાં નિમિત્ત બની.

આવી જ રીતે થિયોસૉફિકલ સોસાયટીના કર્નલ અને મૅડમ બન્નેના વિચારો પણ જુદા થતાં તે પણ છૂટાં થયાં.

મુજફ્ફરનગરમાં, ચાલુ પ્રવચને બ્રાહ્મણોએ પથ્થર ફેંક્યા. સ્વામીજીએ પુષ્પ સમજીને સ્વીકારી લીધા !

ફરતા ફરતા સ્વામીજી આગ્રા પહોંચ્યા. અહીંના રોમન કૅથોલિક ચર્ચના બિશપે તેમને આમંત્રણ આપ્યું. સ્વામીજી ગયા પણ ચર્ચમાં પ્રવેશતાં પાઘડી ઉતારવાનું કહેવામાં આવ્યું તો સ્વામીજીએ કહ્યું કે : ''જોડા ઉતારાય, પાઘડી નહિ.'' તેઓ બહાર વરંડો જોઈને જ પાછા ફરી ગયા. પાઘડી ન ઉતારી.

રાધાસ્વામીના સાધુને સમજાવ્યું કે : ''ગુરુને ઈશ્વર કરતાં પણ વધુ શ્રેષ્ઠ માનવું એ યોગ્ય ન કહેવાય. ગુરુ એ ગુરુ જ છે. ઈશ્વર કદાપિ નહિ.'' સ્વામીજી ઈશ્વરવાદી હતા, ગુરુવાદી નહિ. માત્ર એકેશ્વરવાદી.

## ૧૮. ધર્મપ્રચારભ્રમણ

ધર્મની ચાર કક્ષાઓ કરી શકાય : ૧. રાજધર્મ ૨. બૌદ્ધિકોનો ધર્મ, ૩. ગમારોનો ધર્મ અને ૪. પ્રજાધર્મ.

### ૧. રાજધર્મ

રાજા-મહારાજા જે ધર્મ પાળે તે રાજધર્મ કહેવાય. તેવા રાજધર્મને પ્રજા આપોઆપ સ્વીકારતી હોય છે. બૌદ્ધ ધર્મ રાજધર્મ બન્યો. કનિષ્કથી અશોક સુધીના રાજાઓએ તે અપનાવ્યો જેથી પ્રજામાં ફેલાઈ ગયો. વિદેશોમાં બૌદ્ધ ધર્મને ઘણી જગ્યાએ રાજધર્મની માન્યતા મળી જેથી તે ઝડપથી પૂરી પ્રજામાં ફેલાઈ ગયો. શ્રીલંકા જેવા દેશોમાં તો આજે પણ બૌદ્ધ ધર્મ રાજધર્મ છે.

ઇસ્લામને પણ રાજધર્મની માન્યતા પ્રાપ્ત થઈ. ખલીફા પોતે જ રાજા અને પોતે જ ધર્માચાર્ય થયા, એટલું જ નહિ વિશ્વમાં જ્યાં કોઈ પણ જગ્યાએ મુસ્લિમ શાસક થતો કે ખલીફાના નામે ખુત્બો પઢતો, તેની મુદ્રા છપાવતો અર્થાત્ પોતે તો માત્ર વ્યવસ્થાપક છે તેવો દેખાવ થતો રહેતો. આજે પણ ઘણા મુસ્લિમ દેશોમાં ઇસ્લામને રાજધર્મ ઘોષિત કરવામાં આવ્યો છે. આ રીતે ધર્મને રાજશાસનની જબરદસ્ત શક્તિ પ્રાપ્ત થાય છે.

### ખ્રિસ્તી ધર્મ

જેરુસલેમથી રોમમાં ગયો ત્યાં તેને વ્યવસ્થિત રૂપ મળ્યું. તે પછી પૂરા યુરોપમાં રાજાઓ ઉપર પણ તેની પક્કડ રહી. પોપની સત્તા ત્યારે રાજાની સત્તા કરતાં પણ વધારે મનાતી પછી વિશ્વમાં ફેલાયો ત્યારે પણ એક બાઇબલ અને એક પોપના નામે ફેલાયો. કાળે કરીને તેમાં ફાંટા પડ્યા, પણ ધર્મગ્રંથ અને ઇષ્ટદેવ ઈશુની એકકેન્દ્રિતા ચાલુ રહી. આજે પણ તેવું જ છે.



### જૈન ધર્મ

થોડા સમય માટે આનર્તમાં જૈન ધર્મનો રાજપ્રભાવ વધ્યો, પણ આ પ્રભાવ અલ્પકાલીન જ રહ્યો. દક્ષિણ ભારતમાં થોડો સમય તેણે પ્રભાવ બતાવ્યો પણ ક્યાંય લાંબો સમય રાજધર્મ ન રહી શક્યો. રાષ્ટ્રીય પ્રશ્નો ઉકેલવામાં તેની ક્ષમતા કદાચ સીમિત હશે. અને પ્રજાની તે પ્રત્યે પસંદગી પણ ઓછી રહી હશે.

### હિન્દુ ધર્મ

હિન્દુ ધર્મમાં ઘણા ફાંટાઓ છે. કોઈ કોઈ સ્થળે શૈવ-વૈષ્ણવ વગેરે ધર્મો રાજધર્મ બન્યા. પણ તે પણ લાંબો સમય રાજધર્મપણું સાચવી ન શક્યા. પંજાબના મહારાજા રણજિતસિંહજીએ ખાલસા પંથ – શીખધર્મને રાજકીય સન્માન આપ્યું. તે પણ પછીનાં વર્ષોમાં લગભગ ન ટક્યું. નેપાળમાં હમણાં સુધી હિન્દુ ધર્મ રાજધર્મ હતો, પણ હવે નથી. પશ્ચિમથી 'ધર્મનિરપેક્ષતા' વ્યવસ્થા આવી. અને વિશ્વનાં ઘણાં રાષ્ટ્રોએ તે સ્વીકારી લીધી હોવાથી હવે વિશ્વનાં ઘણાં રાષ્ટ્રો રાજધર્મ વિનાનાં છે. કારણ કે હવે રાજાશાહી જ રહી નથી. લોકશાહીમાં પણ હજી ઘણાં રાષ્ટ્રો ઇસ્લામને રાજધર્મ બનાવવા મથી રહ્યા છે. જ્યાં ઇસ્લામને રાજધર્મ બનાવાયો છે ત્યાં તેનો ઘણો સારો અનુભવ નથી રહ્યો. હિન્દુ ધર્મ રાષ્ટ્રધર્મ બને તેવું કોઈ પ્રબળ પ્રભાવશાળી આંદોલન થયું નથી. તેવો કોઈ પ્રબળ વર્ગ પણ નથી, બલકે એમ કહી શકાય કે કોઈ એ દિશામાં પ્રયત્નો કરે તો એનો પ્રબળ વિરોધ હિન્દુઓ પોતે જ કરતા હોય છે. એવું લાગે છે કે કટ્ટરતા વિના કોઈ ધર્મ રાજધર્મ થઈ શકતો નથી. હિન્દુઓ પાસે કટ્ટરતા નથી. કારણ કે તેની પાસે કોઈ કેન્દ્રીય ધાર્મિક શક્તિ નથી. હજારો સંપ્રદાયોમાં બધું વેરવિખેર છે. જેથી પ્રચુર જનસંખ્યા હોવા છતાં પણ પ્રચંડ જનશક્તિ નથી.

### ૨. બૌદ્ધિકોનો ધર્મ

પ્રત્યેક પ્રજાઓમાં એક નાનો સરખો બૌદ્ધિકોનો વર્ગ પણ હોય છે. જેને ચીલાચાલુ રૂઢિચુસ્ત ધર્મથી અસંતોષ થતો હોય છે. આ વર્ગ પોતાના માટે બુદ્ધિપ્રધાન ધર્મની વ્યવસ્થા કરતો હોય છે. પણ ચીલાચાલુ ધર્મમાં ઉદારતા હોય તો જ બૌદ્ધિકોનો ધર્મ અસ્તિત્વ પામતો હોય છે. જો તે કટ્ટર રૂઢિવાદી હોય અને જરા પણ ઉદારતા ન હોય તો તે બૌદ્ધિકોને જીવતા બાળી

મૂકે છે કે પછી પથ્થરોથી મારે છે. કોઈ નવા ધર્મને અસ્તિત્વ પામવા દેતા નથી. અકબરે આવો નવો વ્યાપક ધર્મ પ્રગટાવવા પ્રયત્ન કર્યો હતો પણ સફળ ન રહ્યો. તેમ છતાં ઇસ્લામમાં ખોજા – એહમદિયા, વ્હોરા વગેરે વધુ ઉદાર લોકો પોતાનો અલગ વાડો કરી શક્યા છે. ખ્રિસ્તી ધર્મમાં જબરદસ્ત ક્રાન્તિ પોટેસ્ટંટોએ કરી અને પછી કેટલાક જુદા પડ્યા. પણ ખરી ક્રાન્તિ તો થિયોસૉફિકલ સોસાયટીએ કરી. આ બૌદ્ધિકોનો ધર્મ હતો પણ લાંબો સમય ચાલી શક્યો નહિ. ભારતમાં બ્રહ્મસમાજ, પ્રાર્થનાસમાજ, આર્યસમાજ વગેરે બૌદ્ધિકોના ધર્મ કહી શકાય. આમાં પ્રથમના બે લગભગ સમાપ્ત થઈ ગયા. ત્રીજો આર્યસમાજ અસ્તિત્વ ધરાવે છે પણ હવે અત્યારે તેની પ્રબળતા દેખાતી નથી. જાણે કે સ્થગિત થઈ ગયો હોય તેવું લાગે છે. જે સ્થાયિત્વ શ્રદ્ધામાં હોય છે તે બુદ્ધિમાં નથી હોતું.

### ૩. ગમારોનો ધર્મ

જેમાં કુબુદ્ધિ અને અંધશ્રદ્ધાની પ્રધાનતા હોય તે ગમારોનો ધર્મ કહેવાય. એવા પણ જનસમૂહો હોય છે. જેને તદ્દન બુદ્ધિહીન કહેવા કરતાં કુબુદ્ધિવાળા કહેવા યોગ્ય ગણાશે. કુબુદ્ધિથી કુદેવો અને કુગુરુની ઉપાસના થતી હોય છે. મોક્ષ માટે કાશીએ કરવત લેવી, રથ નીચે કચડાઈ મરવું. આવી અનેક માન્યતાઓ કુબુદ્ધિ કહેવાય. શરીરને ત્રાસ આપવો. વ્યર્થનું દેહદમન કરવું. પત્નીને ગુરુઅર્પણ કરવી વગેરે અનેક કાર્યોને કુબુદ્ધિ અને અંધશ્રદ્ધા કહેવાય. આવાં કાર્યો પણ થતાં હતાં અને અત્યારે પણ થતાં હશે.

### ૪. પ્રજાધર્મ

એક પ્રજાધર્મ હોય છે. આ ધર્મમાં શ્રદ્ધાની પ્રધાનતા હોય છે. પ્રજા હૃદયના જોરે જીવતી હોય છે. હૃદયમાં બેનું જોર ચાલે છે : ૧. પ્રેમ અને ૨. શ્રદ્ધા. બધી કથાઓ – કહાનીઓ આ બે તત્ત્વોથી બનતી હોય છે. આમાં બુદ્ધિને સ્થાન હોય છે. પણ પ્રધાનતા તો શ્રદ્ધાની જ હોય છે. ખાસ કરીને બલિદાનની કથાઓ શ્રદ્ધા અને પ્રેમની જ હોય છે. શ્રદ્ધાના બે છેડા છે : ૧. અતિશ્રદ્ધા અને ૨. અલ્પશ્રદ્ધા. અલ્પશ્રદ્ધામાં સ્થિરતા નથી હોતી. અતિશ્રદ્ધા અસંભવને સંભવ કરવા મથતી હોય છે. તેને બુદ્ધિનો સાથ નથી હોતો. આ બે છેડાને બાદ કરતાં મધ્યમાં એક સાચી અને દૃઢ શ્રદ્ધા પણ હોય છે. જેને આધારે પ્રજા ધાર્મિક જીવન જીવતી હોય છે. આવી શ્રદ્ધાનું



રક્ષણ થવું જોઈએ.

હવે સ્વામીજીએ પોતાની દિશા બદલી, રાજસ્થાન તરફ પ્રયાણ કર્યું. રાજસ્થાન રજવાડાંઓનો દેશ. નાનાં-મોટાં અસંખ્ય રજવાડાં અહીં અસ્તિત્વ ધરાવતાં હતાં, અંગ્રેજોની સર્વોપરિતાના કારણે. હવે આ બધાં અંદરોઅંદર લડતાં ન હતાં, યુદ્ધો અટકી ગયાં હતાં. તેથી રાજાઓ નવરા પડ્યા હતા અને નવરા બેઠેલા રાજાઓ પોતાની સાહ્યબી-સંપત્તિનો ઉપયોગ ભરપૂર ભોગ-વિલાસોમાં કરતા હતા. દબાણ વિનાનું જીવન અનાવશ્યક પ્રવૃત્તિઓ તરફ વળી જતું હોય છે. અનાવશ્યક પ્રવૃત્તિઓનાં ત્રણ કેન્દ્રો છે : ૧. સુરા, ૨. સુંદરી અને ૩. જુગાર. આ ત્રણ સમૃદ્ધિના રોગો કહેવાય. જે લોકો સમૃદ્ધ થઈને ધાર્મિક મર્યાદામાં રહેતા હોય છે. તે આ દોષોથી બચી જતા હોય છે.

સ્વામીજી ભરતપુર, જયપુર થઈને અજમેર પધાર્યા. અજમેરમાં બાવીસ દિવસ રહ્યા. અહીં છઠ્ઠીવાર આવવાનું થયું હતું. વળી અહીં આર્યસમાજનો પ્રભાવ હતો જ.

આર્યસમાજના પ્રખર પ્રચારક અને હુતાત્મા પંડિત લેખરામજી અહીં છેક પેશાવરથી આવીને મળ્યા. તેમનું શંકાસમાધાન કર્યું. સારા અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓ મળે તો જ પ્રવૃત્તિને વેગ મળે. સ્વામીજીએ પંડિતજીને વિવાહ કરીને લગ્નજીવન જીવવાનો આદેશ આપ્યો. જો તેમણે ધાર્યું હોત તો તેમને સંન્યાસદીક્ષા આપી શક્યા હોત પણ તેવું ન કર્યું.

પાદરી શૂલબ્રેડ અને દેશી પાદરી બિહારીલાલ સાથેના વાર્તાલાપમાં સ્વામીજીએ ગોમેધ, અશ્વમેધ વગેરે યજ્ઞોનો અર્થ સમજાવી હિંસા વિનાના કર્યા. સ્વામીજીએ કર્મફળવાદ બતાવ્યો.

બિહારીલાલે એક આક્ષેપ કર્યો કે : ‘‘અમે ગરીબોનાં ઝૂંપડાંમાં, આદિવાસીઓમાં, અસ્પૃશ્યોમાં જઈને ઘરે ઘરે ફરીએ છીએ અને ધર્મપ્રચાર કરીએ છીએ જ્યારે તમે રાજા-મહારાજાઓના ત્યાં ઊતરો છો અને તેમને ધર્મ સંભળાવો છો.’’

સ્વામીજીએ સમાધાન આપતાં કહ્યું કે : ‘‘ધર્મ-અધર્મનું મૂળ રાજા છે. જો તે સુધરે તો પૂરી પ્રજા સુધરે. પૂરું રાજ્ય સુધરે. તેથી હું મૂળને પકડું છું. અને જેને તરસ લાગી હોય તે પાણી પીવા કૂવા ઉપર જાય. હવે, રાજાઓને

તરસ લાગી છે તેથી તે રાજા મને બોલાવે છે.''

મસૂદામાં એવું બન્યું કે સિદ્ધકરણ નામના મુનિ સ્વામીજી સાથે ધર્મચર્ચા કરવા આવ્યા. સ્વામીજીએ મોઢા ઉપર પટ્ટી બાંધવી, ઉકાળેલું જળ પીવું વગેરે બાબતો ઉપર ચર્ચા કરી. આ ચર્ચાના પરિણામે ઘણા જૈનોએ યજ્ઞોપવીત ધારણ કરી.

રાજસ્થાનમાં અમુક કોમોમાં એવો રિવાજ પડી ગયો હતો કે તેઓ પોતાની કન્યાઓ મુસ્લિમોને પરણાવતા હતા. સ્વામીજીએ બધા આગેવાનોને સમજાવીને આ પ્રથા બંધ કરાવી. આ પ્રશ્ન તરફ કોઈ હિન્દુ ધર્માચાર્યનું ધ્યાન જ ગયું ન હતું.

મસૂદામાં રાજાએ આપેલા ભાવભર્યા સન્માન પછી સ્વામીજી ત્યાંથી વિદાય થયા.

સ્વામીજી રાયપુર પહોંચ્યા. અહીંના રાજા હરિસિંહજી હતા. ઈદના દિવસે કાજી થોડાક મુસ્લિમોને લઈને સ્વામીજી પાસે આવ્યા અને ચર્ચા કરી વિદાય થયા.

સ્વામીજી બ્યાવર પધાર્યા, પાદરી શૂલબ્રેડ અને બિહારીલાલ ફરી પાછા મળ્યા. બ્યાવરથી સ્વામીજી બનેડા આવ્યા. બનેડાના રાજા ગોવિંદસિંહજી સંસ્કૃત ભાષા જાણતા હતા તથા રાજ્યમાં સંસ્કૃતનો પ્રચાર પણ કરતા હતા. તેમની સાથે જીવ-ઈશ્વર વિશે ચર્ચા કરી, સ્વામીજીએ રાજકુમારોને વેદગાન શિખવાડ્યું. સ્વામીજી પોતાની સાથે ચારે વેદ લઈને ફરતા હતા. તેનાં દર્શન કરાવ્યાં.

ત્યારે કેટલાક લોકો શરીર ઉપર ચક્ર વગેરેની છાપો લગાવતા. ધગધગતા ધાતુના ચક્રનો ડામ દેવાથી આવી છાપ લાગતી. માન્યતા એવી હતી કે આવી છાપ જોઈને યમદૂતો પાછા વળી જાય છે. જીવ નરકમાં નથી જતો. વિષ્ણુદૂતો આવીને વૈકુંઠમાં લઈ જાય છે વગેરે. સ્વામીજીએ કટાક્ષ કરતાં કહ્યું કે, ''અગ્નિની ભઠ્ઠીમાં જ કૂદી પડો, એટલે વિષ્ણુદૂતો આવીને તમને વૈકુંઠમાં લઈ જશે.

### ચિત્તોડ

સ્વામીજી મેવાડમાં ચિત્તોડ પધાર્યા. અહીં વાઇસરોય, લોર્ડ રિપન પણ આવ્યા હતા. તેમના દ્વારા એક રેલમાર્ગનું ઉદ્‌ઘાટન હતું. મહારાણા



સજ્જનસિંહજીને જી. સી. એસ. આઈ.ની ઉપાધિ આપવાની હતી. શાહપુરના મહારાજા હરસિંહજી તથા બીજા રાજાઓ પણ પધાર્યા હતા. અહીં સ્વામીજીનાં પ્રવચનો ચાલતાં હતાં, જેમાં રાજા-મહારાજાઓ દરબારો વગેરે આવતા હતા. એક દિવસ ઉદયપુરના રાણા સજ્જનસિંહજી પાછળથી આવવાથી ચૂપચાપ પાછળ શ્રોતાઓ વચ્ચે બેસી ગયા. આ તેમની મોટાઈ તો હતી જ પણ સાથે સાથે સભાની મર્યાદા પણ જળવાઈ હતી. હરિસભામાં પાછળ આવનાર પાછળ બેસે. તેવી મર્યાદા હોવી જોઈએ. પાછળ આવીને આગળ બેસવું કે આગળ બેસાડવું તે યોગ્ય ન કહેવાય. ખાસ કરીને દેવદરબારમાં તો સમભાવ હોવો જ જોઈએ. જે લોકો હરિકથામાં પણ પાછળથી આવનારને મહત્તા આપવા માટે આગળ બોલાવે છે અને આગળ બેસાડે છે. તે સમભાવી નથી હોતા. તેમનો વિષમભાવ મોટા ભાગે આર્થિક લાભ માટે થતો હોય છે; વળી તે હરિસભાનું અપમાન જ કહેવાય.

સ્વામીજી એક દિવસ ચિત્તોડનો પ્રસિદ્ધ કિલ્લો જોવા ગયા. અહીં બે વાર રાજપૂતાણીઓએ જૌહરવ્રત કરેલું. એક વાર ૧૬ હજાર અને એક વાર ૧૩ હજાર રાજપૂતાણીઓ વિશાળ અગ્નિચિતામાં હરહર મહાદેવ કરીને કૂદી પડી હતી ! આ બધું જોઈને સ્વામીજીની આંખમાં આંસુ આવી ગયાં. શું કારણ હતું કે રાજપૂતો હારી જતા હતા અને વિધર્મીઓ જીતી જતા હતા. સ્વામીજીની ઇચ્છાથી અહીં ગુરુકુળની સ્થાપના થઈ. અહીંથી સ્વામીજી મુંબઈ જવા નીકળ્યા પણ જતાં પહેલાં ઇન્દોર ગયા. મહારાજા તુકોજીરાવ તો ક્યાંક બહારગામ ગયા હતા પણ શ્રી નિવાસરાવ ન્યાયાધીશે સ્વામીજીનું સ્વાગત કર્યું. સ્વામીજી ઇન્દોરમાં સાત દિવસ રોકાયા હતા.

### મુંબઈ

ઇન્દોરથી સ્વામીજી મુંબઈ પધાર્યા. (૩૦-૧૨-૧૮૮૧) રેલવે સ્ટેશન ઉપર આર્યસદસ્યોએ ભવ્ય સ્વાગત કર્યું. વાલકેશ્વરની ગૌશાળામાં નિવાસ કર્યો. મુંબઈમાં આર્યસમાજનો વાર્ષિકોત્સવ ઊજવાયો. અહીં સ્વામીજીએ ૨૫ પ્રવચનો કર્યાં. એક પ્રવચનમાં સભાપતિ મોરબીના ઠાકોર વાઘજી હતા, તેઓને આડકતરી રીતે સ્વામીજીએ કહ્યું કે : ''હું તમારા જ રાજ્યનો પ્રજાજન છું. ત્યાં સુધી લોકોને ખ્યાલ આવ્યો ન હતો કે સ્વામીજી મોરબી રાજ્યના ટંકારા ગામના વતની હતા. એક પ્રવચનમાં સ્વામીજીએ પતંજલિના રાજ્યોગનું

સમર્થન કર્યું. પણ હઠયોગનો નિષેધ કર્યો. સ્વામીજીએ ગૌરક્ષા માટે પણ પ્રયત્નો કર્યા અને ગોવધ બંધ કરાવવા માટે હજારો હસ્તાક્ષરવાળી અરજી મહારાણી વિક્ટોરિયાને મોકલી.

શેઠ મથુરાદાસ લવજીએ વેદમાંથી મૂર્તિપૂજા સિદ્ધ કરી બતાવનારને પાંચ હજારનું ઇનામ આપવાની જાહેરાત કરી હતી.

મુંબઈમાં પાદરી કૂક સાથે શાસ્ત્રાર્થની ચૅલેન્જ થઈ. પણ કૂક મહોદય શાસ્ત્રાર્થ માટે આવ્યા નહિ. તેમનો દાવો હતો કે માત્ર ખ્રિસ્તી ધર્મ જ વિશ્વધર્મ થઈ શકે છે. વગેરે.

આવી જ રીતે થિયોસૉફિકલ સોસાયટીના કર્નલ સ્કૉટ અને મેડમ બ્લેવેટ્સ્કી સાથે પણ મતભેદ થયા અને સંબંધ તૂટી ગયો.

સ્વામીજીએ આર્યસમાજના દશ નિયમોને જાહેર કર્યા. તથા માન્યતા આપી. મુંબઈમાં લગભગ છ મહિના રહીને સ્વામીજી વિદાય થયા. ફરી પાછા આવી શક્યા નહિ. આ યાત્રા તેમની અંતિમ યાત્રા હતી.

સ્વામીજી મુંબઈથી અનેક નગરોમાં ફરતા ફરતા ઉદયપુર પહોંચ્યા. મહારાણાએ તેમને ગુલાબ બાગના નવલખા મહેલમાં ઉતારો આપ્યો. સ્વામીજીની સાથે શિષ્ય આત્માનંદજી, પં. રામાનંદજી તથા પં. ભીમસેન શર્મા વગેરે હતા.

મહારાણા જિજ્ઞાસુ અને શ્રદ્ધાળુ હતા. તેઓ સ્વામીજીના ચરણોમાં બેસીને સંસ્કૃતની શિક્ષા તથા ઉપદેશ સાંભળતા હતા. મહારાણામાં ભારે પરિવર્તન થવા લાગ્યું. સત્સંગથી સુધારો થતો જ હોય છે. ત્યારે દશેરા વગેરે પર્વોમાં પશુબલિદાન આપવાની પ્રથા હતી. સ્વામીજીએ તેને રોકવાના પ્રયત્નો કર્યા. મહારાણાએ ધીરે ધીરે તેને બંધ કરવાનું વચન આપ્યું. ત્યારે ફારસી-અરબીના પ્રભાવથી હિન્દી ભાષામાં તેના શબ્દો બહુ વપરાતા. સ્વામીજીએ એ સંસ્કૃત શબ્દો વાપરવા ઉપર ભાર મૂક્યો. જેથી હિન્દીનું વિશુદ્ધ રૂપ બની શકે.

મહારાણાના કુળદેવ એકલિંગજી મહાદેવ હતા. જેની બહુ મોટી જાગીર પણ હતી. આ મંદિરના અધ્યક્ષ – મહંત થવા માટે મહારાણાએ સ્વામીજીને પ્રાર્થના કરી પણ મૂર્તિપૂજાના ચુસ્ત વિરોધી સ્વામીજીએ તે સ્વીકારી નહિ.

અહીં ન્યાયાધીશ મૌલવી અબ્દુલ રહેમાન હતા. તેમની સાથે સાત



દિવસ સુધી ધર્મચર્ચા ચાલી હતી. છેલ્લા દિવસે મહારાજા પોતે ઉપસ્થિત રહ્યા હતા.

સામાન્ય રીતે સંપ્રદાયાચાર્યો કે સંતો ભક્તો પોતાની હયાતીમાં જ પોતાનું સ્મારક વગેરે બનાવતા હોય છે. જેથી પાછળથી તેમની પૂજા થાય. મુસ્લિમો દરગાહો, મજારો વગેરે પૂજતા હોય છે. ખ્રિસ્તીઓ સંતોનાં સ્મારકો બનાવતા હોય છે. કવિરાજ શ્યામલદાસજીની ઇચ્છા હતી કે સ્વામીજીનું પણ કોઈ ભવ્ય સ્મારક બને પણ સ્વામીજીએ તેનો વિરોધ કર્યો અને કહ્યું કે, ‘‘મારી રાખ કોઈ ખેતરમાં પધરાવી દેશો, જેથી ખાતરના કામમાં આવે. આટલો તીવ્ર ત્યાગ ભાગ્યે જ કોઈ ત્યાગીમાં પણ જોવા મળશે.

ઉદયપુરમાં સ્વામીજીએ પોતાનું વીલ બનાવડાવ્યું. તા. ૨૭-૨-૧૮૮૩ના રોજ તેને રજિસ્ટર્ડ પણ કરાવ્યું. જેમાં ૨૩ સભ્યો નિયુક્ત કર્યા હતા. જાણે કે તેમને મહાપ્રસ્થાનનો અણસાર આવી ગયો હતો. આમ તો પ્રત્યેક વ્યક્તિએ વીલ બનાવવું જ જોઈએ. તેમાં પણ જેને કોઈ વારસદાર ન હોય અને વારસો મોટો હોય તેણે તો જરૂરથી વીલ બનાવવું જોઈએ.

ઉદયપુરમાં સાડા છ મહિના રહ્યા. અહીં વેદભાષ્યની રચના કરી. ‘સત્યાર્થપ્રકાશ’ની પણ રચના કરી. મહારાણાએ ખૂબ માન-સન્માન કર્યું અને પછી વિદાય થયા.

૧૦-૧૨-૧૧

# ૧૯. અંતિમ વિદાય

જીવનમાં જીવનશૈલી મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. જીવનશૈલી : ૧. ધર્મ, ૨. સંસ્કૃતિ, ૩. સભ્યતા અને ૪. રીતિરિવાજોમાંથી આવતી હોય છે.

**૧. ધર્મ**

જીવનશૈલી ઘડવામાં ધર્મ મહત્ત્વનો ભાગ ભજવે છે. એક જૈન અને એક મુસ્લિમના જીવનમાં જે જીવનશૈલીનો ફરક છે તેમાં ધર્મ મુખ્ય કારણ છે. એક બ્રાહ્મણ, વૈષ્ણવ, સ્વામિનારાયણ વગેરેમાં અને શૂદ્રાદિ પછાત કોમોની જીવનશૈલીમાં જે ફરક છે તે પણ ધર્મના કારણે છે. એક સ્નાન કર્યા વિના ચા પણ પીતો નથી. તેને માટે પ્રતિદિન સ્નાન કરવું અનિવાર્ય છે જ્યારે બીજાને તેવું નથી હોતું. આ જીવનશૈલીના ભેદથી જલદીથી એકતા થઈ શકતી નથી. હવે ધીરે ધીરે સમાન જીવનશૈલી થવા લાગી છે. જેથી એકતા સરળ થઈ શકી છે.

ધર્મ આહાર-વિહાર નક્કી કરે છે. તે પ્રમાણે એક માંસાહારી, બીજો શાકાહારી તો ત્રીજો કંદમૂળ વિનાનો શાકાહારી જીવન જીવે છે. ધર્મના કારણે આવા અનેક ભેદો પ્રજામાં સર્જાતા હોય છે. જેને એકતાથી સાથે રહેવું હોય તેણે આવા ભેદોની ટીકા કર્યા વિના સહિષ્ણુભાવ રાખનારી જીવનશૈલી બનાવવી જોઈએ.

**૨. સંસ્કૃતિ**

ધર્મ કરતાં પણ વધુ પ્રભાવ સંસ્કૃતિનો પડતો હોય છે. સંસ્કૃતિ જીવનમૂલ્યો નક્કી કરતી હોય છે. બધાનાં જીવનમૂલ્યો સરખાં નથી હોતાં. વિધવાવિવાહ કરનારા અને નહિ કરનારા, બાળલગ્નો કરનારા અને નહિ કરનારા, દહેજ લેનારા અને નહિ લેનારા અગ્નિદાહ કરનારા અને નહિ કરનારા, આભડછેટ રાખનારા અને નહિ રાખનારા, એકપત્નીત્વ અને બહુ પત્નીત્વ રાખનારા, દિયરવટુ કરનારા અને નહિ કરનારા, આવાં સૌનાં અલગ અલગ જીવનમૂલ્યો હોય છે. એક વ્યક્તિ માંસાહાર કરીને પણ પોતાનું ઉચ્ચ ગૌરવ રાખી શકે છે. બીજો માત્ર કંદમૂળ ખાવા માત્રથી મૂલ્યહીન – કોડીનો થઈ જાય છે. આવા અસંખ્ય ભેદો પ્રજાનાં ભિન્ન ભિન્ન મૂલ્યો નિર્ધારિત કરતા હોય છે. સંસ્કૃતિ સનાતન નથી હોતી તે દેશકાળ પરિસ્થિતિવશ બદલાતી રહે છે. એક જ ધર્મમાં જુદી જુદી સંસ્કૃતિ પાળનારા લોકો રહેતા હોય છે.

**૩. સભ્યતા**

સભ્યતા, સંસ્કૃતિથી ભિન્ન છે, સભા વચ્ચે જેના પાલનથી સભ્યતા કે ભદ્રતા આવે તે સભ્યતા છે. પણ ખરેખર તો જીવનના બધા વ્યવહારોમાં જેનાથી ભદ્રતા ખીલી ઊઠે તે સભ્યતા છે. જેમ કે :

૧. ધીમેથી બોલવું. – બૂમબરાડા પાડવા.
૨. મંજૂરી મેળવીને કોઈના ત્યાં જવું. – ગમે ત્યારે ગમે ત્યાં ટપકી પડવું.
૩. બારણું ખખડાવીને કે કોલબેલ વગાડીને જ ઘરમાં પ્રવેશવું – પૂછ્યાગાછ્યા વિના કોઈના ઘરમાં પેસી જવું અને ગમે ત્યાં બેસી જવું તથા તેની ચીજવસ્તુઓ લેવી-મૂકવી વગેરે.
૪. વ્યક્તિની અંતરંગ બાબતમાં ચંચૂપાત ન કરવો. – વ્યક્તિની રજેરજ માહિતી મેળવવી, આંતરિક જીવનમાં દખલગીરી કરવી.
૫. આંતરિક પ્રશ્નો ન પૂછવા; જેમકે કેટલીક ઉંમર, કેટલાં બાળકો, કેટલો પગાર, પરણ્યા કે કુંવારા વગેરે.
૬. સભામાં વહેલા આવીને આગળ બેસવું – મોડું આવવું, વિક્ષેપ કરવો, વચ્ચે વાતો કરવી, ઊઠીને ચાલ્યા જવું વગેરે.
૭. નિર્ધારિત માપદંડ પ્રમાણેનાં વસ્ત્રો વગેરે ધારણ કરવાં – ગમેતેમ લઘરવઘર રહેવું.
૮. વડીલોની મર્યાદા રાખવી – ન રાખવી.
૯. લાઈનમાં જ ઊભા રહી પોતાનો નંબર આવે તેની પ્રતીક્ષા કરવી. – લાઇન તોડીને આગળ ઘૂસ મારવી.

આવાં બધાં અનેક આચરણો અને વ્યવહારોથી મૂલ્યો અને મૂલ્યહીનતા બંધાતી હોય છે. જેનાથી જીવન મૂલ્યવાન બને તેને મૂલ્યો કહેવાય.

### ૯. રીતિ-રિવાજો

સૌના અલગ અલગ રીતિ-રિવાજો હોય છે. કોઈ પ્રજા આદરસત્કાર માટે દારૂ પિવડાવવો જરૂરી માને છે તો કોઈ તેની ગંધથી પણ દૂર ભાગે છે. કોઈ હાથ મેળવે છે તો કોઈ હાથ જોડે છે તો કોઈ સલામ કરે છે. કોઈનામાં નર-નારી સાથે ચાલે છે. સાથે બેસે છે. સાથે જમે છે. તો કોઈનામાં આગળ-પાછળ ચાલે છે આગળ-પાછળ જમે છે. આવા બધા અનેક રિવાજો હોય છે.

આ ચારે મળીને એક જીવનશૈલી બનતી હોય છે. જે જીવનશૈલી વધુમાં વધુ સ્વ અને પર બન્ને માટે સુખદાયી હોય તેને ઉત્તમ કહેવાય.

પશ્ચિમની એક ખાસ પદ્ધતિ સમજવા જેવી છે. તે લોકો એવું માને છે કે વ્યક્તિનું અંતરંગ અને સાર્વજનિક એમ બે પ્રકારનાં જીવન હોય છે. બાહ્ય સાર્વજનિક જીવનને જ મહત્ત્વ આપવાનું. વ્યક્તિના વ્યક્તિગત અંતરંગ જીવનમાં ડોકિયું કરવાનું નહિ. તે લોકો સમૂહ સ્વાતંત્ર્યની સાથે વ્યક્તિસ્વાતંત્ર્યને પણ માને છે. વ્યક્તિને તેની રીતે જીવવા દેવાનો. તેમાં કશી અડચણ કે દખલ કરવાની નહિ. તેમાં દેખાવ ત્યારે જ કરાય જ્યારે તેનું અંતરંગ જીવન સમૂહ માટે હાનિકારક થતું હોય ત્યારે, માનો કે તમે એક સ્ત્રીને સેક્રેટરી તરીકે રાખી. તે તેની જવાબદારી પૂરેપૂરી અદા કરતી હોય એટલું જ તમારે જોવાનું. પછી તારે બૉયફ્રેન્ડ છે કે નહિ ? તું શું પીએ છે કે શું ખાય છે ? તારે ત્યાં કોણ કોણ આવે છે ? આવા બધા આંતરિક વિષયોમાં માથું મારવાનું નહિ. તેની ચર્ચા પણ ન કરાય. તમારું કામ બરાબર કરે છે કે નહિ એટલું જ જોવાનું. આ શૈલીના કારણે ત્યાં વગરજોતી નિંદા-કૂથલી-ખટપટો થતી નથી. સૌ પોતપોતાની સીમામાં રહીને જ વ્યવહાર કરે છે. તેથી શાંતિ રહે છે. અને પાડોશીઓ લડતાંઝઘડતાં નથી, કારણ કે એકબીજાના અંગત જીવનમાં દખલ કરવાની જ નહિ.

આંતરિક જીવન બહાર બે રીતે આવતું હોય છે. સમય જતાં તરીને તે આપોઆપ ઉપર આવી જાય અને ૨. તેને ટીકા-ટિપ્પણથી ખોદી-ખોદીને બહાર કાઢવામાં આવે. આ બીજો પ્રકાર ઝઘડા, વૈર-ઝેર અને અશાંતિ



કરાવનારો છે. તમને આખા ગામના અંતરંગ જીવનને જાણવાની જિજ્ઞાસા છે. એકેએક વ્યક્તિના અંતરંગ જીવનને જાણવા તમે ફરીફરીને નિંદા-કૂથલીની કોદાળીથી ખોદ ખોદ કરો છો જેથી દોષોનો મળ ઉપર આવે છે. અને દુર્ગંધ ફેલાવે છે. આ યોગ્ય નથી.

માનો કે તમારા કોઈ સ્વજનના આંતરિક જીવનમાં તમને કશુંક દૂષણ દેખાયું જેથી તેના ભલા માટે તેને કહેવું – સમજાવવું જરૂરી લાગે છે. તો જ્યારે બીજું કોઈ ન હોય તેવા એકાંતમાં તેને પ્રેમથી મીઠી ભાષામાં હિતબુદ્ધિથી સમજાવવો. કદાચ તેનાં સારાં પરિણામ આવે પણ કદાચ ન આવે તો પછી તેની પાછળ ન પડી જવું. તમે તમારી ફરજ બજાવી. હવે શાંત રહો. પણ જો તમે ખાઈખપૂચીને પાછળ પડી ગયા અને સૌની હાજરીમાં સૌની વચ્ચે તેને ફિટકારતા રહ્યા તો પેલો તમારો દ્રોહી-દુશ્મન થઈ જશે. કોઈનો પણ માનભંગ ન થવો જોઈએ. માની પુરુષનો સભાવચ્ચે માનભંગ કરાય નહિ. આ નીતિ છે. માનભંગ કરવાથી ઉપદેશ કે સલાહની અસર રહેતી નથી. ઊલટાનું ઊલટી અસર થાય છે. આબરૂદારની આબરૂને વાંધો ન આવે તે પ્રમાણે વર્તવું જોઈએ. એક મુદ્દો સૌએ યાદ રાખવા જેવો છે કે સંપૂર્ણ નિર્દોષ કોઈ હોતું નથી. સૌમાં નાનુંમોટું દૂષણ અને દોષ હોય જ છે. એ દૂષણને ક્ષમાની પટ્ટી લગાવીને ઢાંકવાથી તેમાં રૂઝ આવે છે. દૂષણરૂપી ગૂમડાને વલૂરવલૂર કરવાથી રૂઝ નથી આવતી. ઊલટાનું વકરે છે. સંતો કપાસના ફૂલ જેવા હોય છે, જેના તારમાંથી બનેલું ક્ષમાવસ્ત્ર એ ઢાંકે છે. એમને ઉઘાડવી યોગ્ય ન કહેવાય. પશ્ચિમ પાસેથી આ ગુણ શીખવા જેવો છે. વ્યક્તિને તેને પોતાની રીતે જીવવાનો અધિકાર છે. તેમાં દખલ ન કરાય. પણ જો તેનું જીવન સામાન્ય પ્રજા માટે હાનિકારક થતું હોય તો જરૂર દખલ કરાય.

### શાહપુરામાં

સ્વામીજી ઉદયપુરથી ફરતા ફરતા શાહપુરા પધાર્યા.

૧. શાહપુરાના મહારાજા નાહરસિંહ વિદ્વાન હતા. તેઓ રોજ સ્વામીની પાસે અધ્યયન કરતા હતા.

શાહપુરામાં રામસ્નેહી સંપ્રદાયની મુખ્ય ગાદી છે. શિષ્યોના આગ્રહ છતાં તેમણે કહ્યું કે, “અમે શાસ્ત્રાર્થ ન કરીએ. માત્ર રામ-રામ જપીએ.

શાસ્ત્રાર્થ તો પંડિતો કરે.''

સ્વામીજી શાહપુરાથી અજમેર પધાર્યા. અહીંથી સ્વામીજીને જોધપુર જવાનું હતું. શાહપુરાના મહારાજાએ સ્વામીજીને જોધપુર ન જવાની સલાહ આપી હતી. તેવી જ સલાહ અજમેરવાસી આર્યલોકોએ પણ આપી. જોધપુરમાં વાતાવરણ સારું નથી તેવું સમજાવ્યું. પણ સ્વામીજી માન્યા નહિ તેમણે કહ્યું કે, ''ગમે તેવું પ્રતિકૂળ વાતાવરણ હોય તોપણ મારે જોધપુર જવું જ છે.'' ધર્મપ્રચારકની કસોટી થતી હોય છે. જ્યાં રોજ લાડવા મળતા હોય ત્યાં ધામા નાખે અને જ્યાં પ્રતિકૂળતા હોય ત્યાંથી દૂર ભાગે તેને ધર્મપ્રચારક ન કહેવાય. ''મારે જવું જ છે.'' સ્વામીજી જોધપુર જવા માટે મક્કમ હતા.

**જોધપુર**

ત્યારે જોધપુર સુધી રેલવેલાઇન ન હતી તેથી પાલી સ્ટેશને ઊતરી ગયા. અહીં સ્વામીજીને લેવા માટે જોધપુરના મહારાજાએ એક હાથી, ત્રણ રથો, એક ગાડી, ત્રણ ઊંટો અને ચાર ઘોડેસવારો મોકલ્યા હતા. સ્વામીજી વિદાય થયા. અને રસ્તામાં રોહટ ગામમાં વિશ્રામ કર્યો. બીજા દિવસે ફરી પ્રસ્થાન કરી ૩૧-૫-૧૮૮૩ના રોજ જોધપુર પધાર્યા.

સ્વામીજીનો ઉતારો ફૈજુલ્લાખાનના બગીચામાં એક મોટા બંગલામાં રાખવામાં આવ્યો અને ભોજન વગેરેની બધી વ્યવસ્થા કરવામાં આવી. અહીં રાવરાજા તેજસિંહ અને કર્નલ પ્રતાપસિંહ મળવા આવ્યા.

સ્વામીજીને રહેતાં રહેતાં ૨૭ દિવસ વીતી ગયા પણ મહારાજ જશવંતસિંહ મળવા ન આવ્યા ! તમે કોઈને ત્યાં આમંત્રિત અતિથિ બનીને જાવ અને આતિથેય મળવા જ ન આવે, ઉપેક્ષા કરે, કોઈ માલની માફક તમને વખારમાં નાખી મૂકે તો તમારા સ્વમાનને ઠેસ વાગે જ. છેવટે સત્તાવીશમા દિવસે તેઓ મળવા આવ્યા. સ્વામીજીની સામે નીચે બેસવા જતા હતા પણ સ્વામીજીએ તેમને ખુરશી ઉપર બેસાડ્યા. મહારાજા ત્રણેક કલાક રોકાયા અને સ્વામીજીને કહ્યું : ''પછી સમય પ્રમાણે આવીશ, અથવા આપને મહેલમાં બોલાવીશ.'' બસ ભેટ ધરીને વિદાય થયા.

સ્વામીજીનાં પ્રવચનો ફૈજુલ્લાખાનના બાગમાં ચાલતાં રહ્યાં. જેમાં રાજા-મહારાજાનાં કર્તવ્યો, ચરિત્રો વગેરે બાબતોની છણાવટ થતી રહેતી. યોગાનુયોગ આમાંનું ઘણું મહારાજા ઉપર ઘટતું આવતું હતું. મહારાજાનું



ચરિત્ર શંકાસ્પદ હતું. પ્રવચનમાં સહજ બોલાયેલી વાતો પણ જ્યારે પ્રતિકૂળ રીતે ઘટતી આવે ત્યારે લોકો કાનાફૂસી કરવા લાગે. એક વાર રાવરાજા તેજસિંહે સ્વામીજીને કહ્યું કે : ''અમારા મહારાજાને ઘટતું આવે તેવું કાંઈ ન બોલો તો સારું.'' સ્વામીજીએ કહ્યું કે : ''હું સહજ રીતે પ્રવચન કરું છું. કોઈના ઉપર કાંઈક ઘટતું આવે તો હું શું કરું ? તેણે સુધરવું જોઈએ.'' પ્રવચનો ચાલુ રહ્યાં. પોતાના જ ઘરમાં આવીને કોઈ પોતાની ફજેતી કરે, ધજ્જીઓ ઉડાડે તો કેવું લાગે ? મહારાજાને આવું જ લાગવા માંડ્યું.

સ્વામીજી ઇસ્લામ ધર્મનું પણ ખંડન કરતા રહેતા. રાજ્યના દીવાન ફૈજુલ્લાખાં હતા. તે અવારનવાર આવતા અને પ્રવચન સાંભળતા. પોતે મુસલમાન હોવાથી તેમને દુઃખ થતું. એકવાર તેમણે સ્વામીજીને કહ્યું કે, ''ઇસ્લામ વિશે કશું ન બોલો તો સારું.'' દીવાનના ભત્રીજા મહમદખાને તો ક્રોધિત થઈને તલવારની મૂઠ ઉપર હાથ પણ મૂક્યો હતો. પણ સ્વામીજી જરાય ગભરાયા ન હતા. તેમણે પોતાનાં પ્રવચનો ચાલુ રાખ્યાં. હિન્દુઓમાં જે સહનશક્તિ હોય છે તે મુસ્લિમોમાં નથી હોતી. ફૈજુલ્લાખાને તો લોકોને સંભળાવી પણ દીધું કે, ''આ તો જોધપુરનરેશનું હિન્દુ રાજ્ય છે. જો મુસ્લિમ રાજ્ય હોત તો આ મહારાજ અહીંથી જીવતા ન જાત.'' પછી તે સ્વામીજીના વિરોધી થઈ ગયા.

રખાતો અને વેશ્યાઓ બાબત સ્વામીજી ઉગ્ર ટીકા કરતા. જે ઘણાખરા રાજા-મહારાજાઓને ઘટતી આવતી. જોધપુર મહારાજાને તો ખાસ ઘટતી આવતી, તેથી તે ઓછું આવવા લાગ્યા હતા.

જોધપુરમાં નન્હીજાન નામની એક નર્તકી પણ રહેતી હતી. તે મહારાજાની ખાસ પ્રિયપાત્ર હતી. તેના રુઆબથી મોટા મોટા ઑફિસરો પણ ડરતા રહેતા. એટલી તે મહારાજાના માથે ચઢી ગઈ હતી. સમર્થ પુરુષોએ કોઈ પણ સ્ત્રીવર્ગને માથે ન ચઢાવવો જોઈએ. તેમને રાજવહીવટથી દૂર જ રાખવી જોઈએ. પણ કામલોલુપ પુરુષો પાસે એટલી મર્દાનગી નથી હોતી. તે કામના દાસ થઈ જતા હોય છે. અને પછી કઠપૂતળીની માફક નાચતા થઈ જતા હોય છે. નન્હીજાન પણ સ્વામીજીથી નારાજ હતી, કારણ કે સ્વામીજીનાં પ્રવચનો તેને પણ સ્પર્શતાં હતાં. સ્વામીજીએ રાજાના ભાઈ પ્રતાપસિંહને પત્ર લખીને આ બાબતે થોડી શિકાયત પણ કરી હતી. આથી

નન્હીજાન શત્રુ થઈ ગઈ હતી.

સ્વામીજી મહારાજાના આમંત્રણથી ત્રણ વાર રાજમહેલમાં પ્રવચન કરવા ગયા હતા. એક વાર એવું બન્યું કે મહારાજા પાસે નન્હીજાન બેઠી હતી અને સ્વામીજી આવી ગયા ! જલદી જલદી તેને વિદાય કરી, તે જે પાલખીમાં બેઠી હતી તે એક તરફ નમી જતાં મહારાજાએ પોતે તેને ટેકો આપ્યો. સ્વામીજીથી આ દશ્ય જોવાયું નહિ તેથી તેમણે પ્રવચનમાં જણાવ્યું કે : "સિંહની ગુફામાં કૂતરી પેસી ગઈ છે અને કૂતરી રાજ કરે છે. સિંહ તો દાસ થઈ ગયો છે." વગેરે. આ વાત જ્યારે નન્હીજાને સાંભળી ત્યારે તે પાકી દુશ્મન થઈ ગઈ. તેને શંકા થઈ કે જો આ સ્વામીજી વધુ અહીં રહેશે તો કદાચ મહારાજા પોતાને છોડી દેશે. આમ વિરોધીઓ – શત્રુઓનું ટોળું વધી ગયું. બધાએ મળીને એક ષડ્યંત્ર રચ્યું. વાતાવરણ દિનપ્રતિદિન વધુ ને વધુ વિષાકત થવા લાગ્યું. નોકર-ચાકરો પણ વિરોધી થવા લાગ્યા હતા. વાતાવરણ ધર્મપ્રચારકો માટે મહત્ત્વનું સ્થાન ધરાવતું હોય છે.

સ્વામીજીનો રસોઇયો ધૂડ મિશ્ર અથવા જગન્નાથ હતો. તેને ફોસલાવીને તેના દ્વારા સ્વામીજીને દૂધમાં ઝેર આપી દેવાયું. રાત્રે ઊલટીઓ થવા લાગી. ડૉ. સૂરજમલ આવ્યા. દવાઓ આપી તેનાથી રાહત તો થઈ પણ રોગ મટ્યો નહિ.

એક માન્યતા એવી છે કે રસોઇયા જગન્નાથને નન્હીજાને ધનની લાલચ આપીને તેના દ્વારા સ્વામીજીને દૂધમાં ઝેર પિવડાવી દીધું હતું. પાછળથી જ્યારે સ્વામીજીને ખબર પડી કે ઝેર અપાયું છે ત્યારે તેમણે જગન્નાથને ભાડાના પૈસા આપીને જલદીથી જોધપુર રાજ્યની હદ છોડી ભાગી જવાની આજ્ઞા આપી. જેથી સવારે રાજ્યની પોલીસ તેને પકડે નહિ. આ રીતે તેને અભયદાન આપી ભગાડી દીધો ! આ ક્ષમાનું મહાન ઉદાહરણ જ કહી શકાય. જગન્નાથ ભાગી ગયો. બચી ગયો. પણ પછી તે જીવનભર પસ્તાવો કરતો રહ્યો કે, "મેં આ શું કર્યું ?"

સૂરજમલની દવાથી જોઈએ તેવો લાભ ન થવાથી બીજા ડૉક્ટર અલીમર્દખાનને સેવામાં મૂકવામાં આવ્યા પણ આ ડૉક્ટર પણ કોઈ ઉપાય કરી શક્યા નહિ. તેમણે રોગ મટાડવા માટે દવાઓના ભારે ડોઝ આપવા માંડ્યા. જે વધુ ઘાતક થયા !



દિનપ્રતિદિન રોગ વધુ ને વધુ ભયંકર થતો ગયો. સોળ દિવસમાં તો સ્વામીજી એટલા બધા નબળા પડી ગયા કે તેમને બેઠા થવામાં પણ લોકોની સહાય લેવી પડતી.

વ્યક્તિ લાગણીથી જીવતો હોય છે. તેમાં પણ તે જ્યારે અસાધ્ય રોગથી પીડાતો હોય કે ભયંકર આપત્તિમાં આવી ગયો હોય ત્યારે તો તેને કોઈની લાગણીની ખાસ જરૂર પડતી હોય છે. આવા સમયે જો પોતાનાં સગાંસંબંધી-ઇષ્ટ-મિત્રો હોય અને જરાય લાગણી ન બતાવે તો તેને આઘાત લાગતો હોય છે. જે રોગ અને આપત્તિના દુઃખ કરતાં પણ વધારે દુખદાયી હોય છે. જોધપુરના મહારાજાના આમંત્રણથી સ્વામીજી જોધપુર આવ્યા હતા અને સૌ જાણતા હતા કે સ્વામીજી આખાબોલા છે. પોતાનાં પ્રવચનોમાં તે કોઈની પણ શેહશરમ રાખ્યા વિના પોતાને જે સત્ય લાગે તે જ બોલે છે. એટલે સૌએ સહન કરવાની તૈયારી રાખી જ હશે પણ એવું લાગે છે કે મહારાજા અને તેમના ભાઈ કર્નલ પ્રતાપસિંહજીને કાંઈક ખોટું લાગ્યું હશે. તેથી તેઓ સ્વામીજીની ભયંકર રુગ્ણાવસ્થા હોવા છતાં મળવા કે ખબર કાઢવા પણ આવ્યા નહિ !

જેણે પ્રવચનો ગોઠવવાં હોય તેણે પ્રથમ પ્રવક્તાનો સ્વભાવ અને સિદ્ધાંતને સમજવો જોઈએ. જો તે સ્પષ્ટવક્તા અને બેપરવાહ હોય તો તેને બોલાવવો ન જોઈએ. સૌને રાજી રાખનાર અને સૌની હાએ હા કરનાર કોઈ સામાન્ય માણસને બોલાવવો જોઈએ. પણ એક વાર વક્તાની પ્રકૃતિ જાણ્યા છતાં પણ તેને બોલાવો અને પછી ખોટું લગાડો તો તે યોગ્ય ન કહેવાય.

ત્યારે રણમાં તપતા જોધપુર સ્ટેટમાં પુષ્કળ ગરમી પડી રહી હતી તેથી બધાએ મળીને સ્વામીજીને આબુ મોકલી દેવાનો વિચાર કર્યો. આબુમાં અપેક્ષાકૃત વાતાવરણ ઠંડું રહે છે. આબુમાં મહારાજાનો પોતાનો બંગલો હતો જ. આબુ લઈ જવાની સલાહ ડૉ. એડમ જે અંગ્રેજ ડૉક્ટર હતા તેમણે આપી હતી.

અંતે તા. ૧૬-૧૦-૧૮૮૩ના રોજ સ્વામીજી જોધપુરથી વિદાય થયા. મહારાજા જશવંતસિંહ, કર્નલ પ્રતાપસિંહ, રાવ રાજા તેજસિંહ વગેરે વિદાય આપવા આવ્યા. મહારાજાએ ૨૦૦૦ ભેટ ધરી અને રેશમી વસ્ત્રો પ્રદાન કર્યાં. અને ફરીથી આવવા વિનંતી પણ કરી.

**આબુ**

સોળ કહારો દ્વારા ઉઠાવાતી પાલખીમાં સુવડાવીને સ્વામીજીને રોહટ પહોંચાડવામાં આવ્યા. ત્યાં રાતરોકાણ કરીને ૧૮મીએ પાલી પહોંચ્યા. આ યાત્રા ભારે કષ્ટદાયક રહી. કારણ કે ત્યારે જોધપુરમાં ન તો રેલ હતી, ન વિમાનવ્યવસ્થા હતી, ન સારા રસ્તાઓ હતા. પાલીથી સ્વામીજીને રેલમાં વિશેષ વ્યવસ્થા કરીને વિદાય કર્યા. રસ્તામાં હકીમ પીર ઈમામઅલીની યુનાની ઔષધિથી થોડી રાહત રહી.

તા. ૨૧મીએ સ્વામીજી આબુ રોડ ઊતર્યા. અહીં પાલખીમાં સુવડાવીને આબુ પર્વત ઉપર લઈ જવામાં આવ્યા. જ્યારે ઊંચાઈ બે માઈલ બાકી હતી ત્યારે થાક ખાવા કહારોએ પાલખીને રોડની એક તરફ મૂકી હતી. ડૉ. લક્ષ્મણદાસ બદલી થવાથી આબુથી અજમેર જઈ રહ્યા હતા. તેમણે પાલખીમાં કોઈ સંન્યાસીને સૂતેલા જોઈને જિજ્ઞાસાવશ નજીક આવીને તપાસ કરી તો જાણવા મળ્યું કે આ તો સ્વામી દયાનંદજી છે ! ડૉ. લક્ષ્મણદાસને ભારે આઘાત લાગ્યો. ''અરે સ્વામીજી આ શું ?'' સ્વામીજીએ ધીરેથી કહ્યું કે, ''મને કોઈએ અમૃત આપ્યું છે. બીજું કાંઈ નથી.'' આ તેમની મહાનતા જ કહેવાય. ઝેરને પણ અમૃત માની લીધું હતું. પહેલાં મીરાંએ પણ રાજાના ઝેરના કટોરાને અમૃત માનીને પી લીધું હતું. જોકે તે અમૃત થઈ ગયું હતું તેવી વાત છે પણ અહીં તો ઝેર પ્રતિક્ષણ વધી જ રહ્યું હતું.

એવું લાગે છે કે ડૉ. લક્ષ્મણદાસ સ્વામીજીની સાથે પાછા વળ્યા અને સેવામાં લાગી ગયા. પણ રોગ વધુ ને વધુ વકરતો જતો હતો. અંતે અજમેરથી ડૉ. ન્યૂમેનને બોલાવવામાં આવ્યા. તે તો સ્તબ્ધ જ રહી ગયા ! આટલી કારમી પીડામાં પણ સ્વામીજી શાંત હતા. જરાય બૂમબરાડા પાડતા નહોતા. વ્યક્તિના અધ્યાત્મની એક કસોટી તેની સહનશક્તિથી પણ થતી હોય છે. ઘણા મહાપુરુષો અંતિમવેળાએ ભાન ભૂલીને ગમેતેવો બકવાસ કરવા લાગી જતા હોય છે. તો ઘણા બૂમબરાડા પાડતા હોય છે. સ્વામીજી તદ્દન શાંત હતા અને સ્થિતપ્રજ્ઞ હતા. ડૉ. ન્યૂમેને ન્યુમોનિયાનું નિદાન કર્યું અને તે પ્રમાણે દવાઓ આપી પણ કશો લાભ થયો નહિ.

સતત સૂતા રહેવાથી તેમની પીઠ ઉપર છાલાં પડી ગયાં હતાં. સ્વામીજીને ખ્યાલ આવી ગયો કે અંતકાળ હવે નજીક જ છે. તેમણે સૌને



કહ્યું કે, ''હવે બધી દવાઓ બંધ કરી દો. મને શાંતિથી વિદાય થવા દો.'' વ્યક્તિને ખ્યાલ આવી જાય કે હવે મૃત્યુ નિશ્ચિત છે તો તેણે બધી દવાઓ બંધ કરી-કરાવીને પ્રભુસ્મરણ કરવું જોઈએ. છેલ્લી ઘડી સુધી કૃત્રિમ પ્રાણવાયુ ઉપર જીવવું કે જિવાડવું ઠીક નહિ.

સ્વામીજી એક મહિના સુધી આવી સ્થિતિમાં રહ્યા. તેમના પ્રાણ નીકળતા ન હતા. છેલ્લા દિવસે તેઓ સંડાસ ગયા પછી દાતણ કરી વાળંદને બોલાવી ક્ષૌરકર્મ કર્યું. સ્નાનની ઇચ્છા હોવા છતાં ન્યુમોનિયા હોવાથી માત્ર પંચકર્મ જ કરાવ્યું અને પછી આરામ કર્યો.

પીઠ ઉપરનાં છાલાં ફૂટી રહ્યાં હતાં. તેની વેદના ખૂબ વધી રહી હતી. તેમ છતાં તેઓ શાંત હતા.

બપોર થયું. સાંજના ચાર વાગી રહ્યા હતા. સ્વામીજીએ પોતાના શિષ્ય આત્માનંદજીને પાસે બોલાવ્યા અને શિર આગળ બેસાડ્યા. પછી પૂછ્યું કે, ''તારી શું ઇચ્છા છે ?'' આત્માનંદજીએ જવાબ આપ્યો કે, ''મારી એક જ ઇચ્છા છે કે આપ સારા થઈ જાઓ'' સ્વામીજીએ કહ્યું કે, ''હવે બાજી હાથમાં નથી. હું વિદાય થઈ રહ્યો છું.'' સ્વામીજીએ આત્માનંદજીના માથા ઉપર હાથ ફેરવ્યો. વ્હાલથી કહ્યું : ''આનંદમાં રહેજે'' ત્યાગી-વીતરાગીને પણ સાત્ત્વિક લાગણી તો હોવી જ જોઈએ. લાગણીહીનતાને અધ્યાત્મ કહેવાય નહિ. તે ક્રૂરતા જ કહેવાય.

સ્વામીજીએ ગોપાળગિરિને પણ આવા જ આશીર્વાદ આપ્યા. સ્વામીજીએ ૨૦૦ રૂપિયા મંગાવીને આત્માનંદજી – પં. ભીમસેનજી વગેરેને ભેટ આપી. મૃત્યુ વખતે જો માણસ ભાનમાં હોય તો તેણે છેવટ સુધી ઉદારતા બતાવવી જ જોઈએ. જે ઉદારતા બતાવે છે તે ખાલી હાથે જતા નથી. ખાલી હાથે તો તે જાય છે જે છેવટ સુધી લુખ્ખા રહે છે.

સ્વામીજીની સ્થિતિ જોઈને સૌકોઈ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા. આવું રુદન પણ આધ્યાત્મિકતાનું અંગ કહેવાય. આધ્યાત્મિકતાથી જડતા ન આવે, સ્વામીજી ધીમા સ્વરથી સૌની સાથે વાતો કરતા રહ્યા.

વેદપાઠ અને ઈશ્વરસ્તુતિ શરૂ કરવામાં આવી. મૃત્યુ સમયે સૌએ પોતપોતાના શ્રદ્ધાગ્રંથનો પાઠ અને પ્રભુ નામસ્મરણ-સ્તુતિ કરવી જોઈએ. તે દિવસ દિવાળીનો હતો.

સાંજે પાંચ વાગી રહ્યા હતા. સ્વામીજી ધીરેથી બોલ્યા. ''પ્રભો ! તારી ઇચ્છા પૂરી હો. તેં ખૂબ લીલા કરી.'' પ્રાણ વિદાય થઈ ગયા. ત્યારે સ્વામીજી ૫૯ વર્ષના હતા. ભારતભરમાં થોડી જ વારમાં દિવાળીના દીવા ઝગમગવાની તૈયારીમાં હતા ત્યારે ભારતનો આ એક મહાન દીપક હોલવાઈ ગયો હતો.

**પં. ગુરુદત્ત**

જે દીપકથી હજારોને નવો પ્રકાશ મળ્યો હતો તે દીપકે હોલવાતાં પણ એક નાસ્તિકના જીવનમાં પ્રકાશ પાથરી દીધો. એ હતા પં. ગુરુદત્ત. તેમને ઈશ્વર ઉપર શ્રદ્ધા ન હતી. આ યુવાન કૉલેજિયન છેક લાહોરથી સ્વામીજીનાં દર્શન કરવા આવ્યો હતો. અને સ્તબ્ધ થઈને સ્વામીજીના પ્રાણોત્સર્ગને જોઈ રહ્યો હતો. તે એટલો બધો પ્રભાવિત થયો કે તે જીવનભર ઈશ્વરવાદી થઈ ગયો. સ્વામીજીનું મૃત્યુ પણ પ્રકાશ પાથરતું ગયું.

બીજા દિવસે તા. ૩૧-૧૦-૧૮૮૩ના રોજ અંત્યેષ્ટિની તૈયારી થઈ. એક ભવ્ય પાલખીમાં સ્વામીજીના નશ્વર દેહને ગોઠવીને બધે ફેરવીને છેક દક્ષિણમાં મલૂસર નામના સ્મશાનમાં પાલખી પહોંચી ગઈ. ભવ્ય ચિતામાં પાર્થિવ દેહ ગોઠવીને શિષ્ય આત્માનંદજીએ અગ્નિસંસ્કાર કર્યો. જોતજોતામાં દેહ અગ્નિમાં રાખ થઈ ગયો. ત્યારે સાંજના છ વાગી ચૂક્યા હતા. સૂર્યાસ્ત થઈ રહ્યો હતો અને એક સૂર્ય આથમી ચૂક્યો હતો. આ કુદરતી વ્યવસ્થા છે. ઉદિત થવું અને પછી ચમકવું અને છેવટમાં આથમી જવું.

૧૨-૧-૧૧

❐ ❐ ❐